ભાટીયા ભાટીયા ભાટીયા
તદ્દન નવો સ્ટોક આવી ગયેલ છે
ઘરચોળા બાંધણી
કોજીવરના પટોળા
ભાટીયા ક્રિએશન
સરલાખાજીરાજ રોડ, રાજકોટ
Mo. 82382 00086



સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર વદ- ૧ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૪-૪-૨૦૨૪ – બુધવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૦૮ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT



હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૪૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર


## EVM-VVPATના મતોનું ૧૦૦% ક્રોસ વેરીફીકેશન મુદ્દે ચુકાદો અનામત રાખતી સુપ્રિમ : હાલ ચૂંટણી પ્રક્રિયામાં દરમ્યાનગીરીનો ઈન્કાર

### ચૂંટણી પંચે રજૂ કરેલા જવાબથી સુપ્રિમ સંતુષ્ટ : અલગ બંધારણીય ઓથોરીટી ચૂંટણી સંભાળી રહી છે તેમાં અમે દખલ કરી શકીએ નહીં : લોકસભા ચૂંટણી બાદ વધુ વિચારણા શકય

નવી દિલ્હી, તા. ૨૪

દેશમાં ચૂંટણીમાં મતદાન હેતુસર ઉપયોગમાં લેવાતા ઇવીએમ અને વીવીપીએટીના મતોનું ક્રોસ વેરીફીકિશન કરવા અંગેની અરજી પર સુપ્રિમ કોર્ટે ચુકાદો મુલત્વી રાખ્યો છે અને દેશમાં ચુંટણી પ્રક્રિયા ચાલુ થઇ ગઇ હોવાથી તેમાં કોઇ દરમ્યાનગીરી કરવાનો ઇન્કાર કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે એક બંધારણીય ઓથોરીટી દ્વારા ચૂંટણીઓ સંબંધી કામગીરી થઇ ગઇ છે તેમાં હાલ દખલ કરી શકીએ નહીં. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાની ખંડપીઠે ઇવીએમમાં જે મતો પડે છે અને તેના આધારે વોટર વેરીફીકિબલ પેપર ઓડીટ




ટ્રેઇલ (વીવીપીએટી)માં જે કાપલી નીકળી છે તે બંનેની ૧૦૦ ટકા ક્રોસ કાઉન્ટીંગની માંગણી પરની એક રીટ દરમ્યાન એક તબકકે ચૂંટણી પંચને આ સંબંધીત ચાર પ્રશ્નો પૂછયા હતા અને બોપર સુધીમાં જવાબ આપવા માટે જણાવ્યું હતું અને ચૂંટણી પંચના જવાબ આવ્ય બાદ સુપ્રિમ કોર્ટે અરજદારના ધારાસભ્ય શાંતિભૂષણને પૂછયુ હતું કે જે રીતે પાંચ ટકા કેસમાં આ પ્રકારનું ક્રોસ વેરીફિકશન થાય છે તેમાં કોઇ તફાવત જાણવા મળ્યો છે. અત્યાર સુધીમાં કોઇ તફાવત નોંધાયો નથી તેથી હાલના તબક્કે વધુ કોઇ વિચારણાની જરૂર નથી અમે ચૂંટણી પર અંકુશ ધરાવતા નથી તે અન્ય બંધારણીય સંસ્થા તેમાં તેની કામગીરી કરે છે અને જયારે અમે એવું કહીએ કે વીવીપીએટી ફરજીયાત હોવા જોઇએ બીજી વખત તેના ૧ ટકાને બદલે ૫ ટકા વેરીફીકિશન થવું જોઇએ. પછી દર વખતે તેમાં આદેશ આપી શકીએ નહીં. બીજી તરફ ચૂંટણી પંચે પણ સુપ્રિમ કોર્ટને જણાવ્યું હતું કે મતદાન માટે ઉપયોગ લેવાતા સેન્ટ્રલ યુનિટ, ઇવીએમ અને વીવીપીએટી એ તમામ પોતાના માઇક્રો કંટ્રોલર ધરાવે છે અને તેની અંદર જ છે જે ફીઝીકલી રીતે તેમાં કોઇ ચેડા કરી શકે નહીં.






## સૌથી અમીર 'ધનકુબેર' ઉમેદવાર ! ટીડીપીના ચંદ્રશેખર પાસે રૂા.૫૭૮૫ કરોડની સંપત્તિ



નવી દિલ્હી : લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે નોમિનેશન ચાલી રહ્યું છે. કેટલાક એવા ઉમેદવારો પણ ચૂંટણીમાં આગળ આવી રહ્યા છે, જેમની સંપત્તિ કરોડોમાં નહીં પણ અબજોમાં છે. અત્યાર સુધી જે પણ ઉમેદવારોએ એફિડેવિટ દાખલ કરી છે તેમાં તેલુગુ દેશમ પાર્ટી (TDP)ના ડો.પેમ્માસાની ચંદ્રશેખર સૌથી અમીર છે. એફિડેવિટ અનુસાર તેમની કુલ સંપત્તિ ૫,૭૮૫ કરોડ રૂપિયા છે. એટલે કે આ ચૂંટણીમાં તેઓ અત્યાર સુધીના સૌથી અમીર ઉમેદવાર છે.

ચંદ્રશેખર NRI ડોક્ટર છે. TDP એ તેમને ગુંટુરથી ઉમેદવાર બનાવ્યા છે. આંધ્રપ્રદેશની તમામ લોકસભા સીટો પર ચોથા તબક્કામાં ૧૩ મેના રોજ મતદાન થવાનું છે. ડો. ચંદ્રશેખર પાસે કુલ ૨,૩૧૬ કરોડ રૂપિયાની જંગમ સંપત્તિ છે. આમાં ફિક્સ્ડ ડિપોઝિટ, ટર્મ ડિપોઝિટ અને અન્ય રોકાણોનો સમાવેશ થાય છે. જ્યારે તેમની પત્ની કોનેરૂ શ્રીરત્ના પાસે કુલ ૨,૨૮૯ કરોડ રૂપિયાની જંગમ સંપત્તિ છે. બંનેની માલિકીની કુલ સ્થાવર મિલકત (અનુસંધાન છઠ્ઠા પાને)

## ગાઝામાં ઈઝરાયેલી સેનાની બર્બરતા: ૨૦૦ લોકોને મારી સામુહિક કબર બનાવી

### અમેરિકા પણ ચોંકયું: મોટાભાગના હાથ-પગ બંધાયેલા-શરીર પર કપડા ન હતા



તેલઅવીવ: ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધના ૨૦૦ દિવસ બાદ ગાઝા શહેરમાં ઈઝરાયેલના દળોએ જે કત્લેઆમ ચલાવી છે તેમાં અહીની યુનિસખાન હોસ્પીટલમાં એક સાથે ૨૦૦ લાશો મળતા સંયુક્ત રાષ્ટ્રસંઘ અને અમેરિકા બન્ને ભડકી ગયા છે. ઈઝરાયેલે અહી યુદ્ધમાં માર્યા ગયેલા નિર્દોષ લોકોની સામુહિક કબર જેવી સ્થિતિ બનાવી હતી અને તેમાં અનેકના હાથ બંધાયેલા હતા અને અનેકના શરીર પર કપડા પણ ન હતા.

ઈઝરાયેલ ગાઝા ક્ષેત્રમાં સેંકડો નિર્દોષ લોકોની કત્લ કરીને હીટલર સ્ટાઈલથી સામુહિક કબરો બનાવી તેમાં તમામને દાટી દીધા છે. જો કે ઈઝરાયેલે આ આરોપને પાયાવિહોણા બનાવ્યા હતા અને કહ્યું કે ગાઝા વર્ચસ્વના ક્ષેત્રમાં પેલેસ્ટાઈન દળોએજ આ પ્રકારની સામુહિક કબર માટે વ્યવસ્થા કરી હતી.

આ હોસ્પીટલ લાંબા સમય સુધી પેલેસ્ટાઈનના કબ્જામાં હતી અને તેઓએ તેને સૈન્ય અડ્ડો બનાવી દીધો હતો.






## દિલ્હીમાં એકાએક હવામાન પલ્ટો: આંધી-વરસાદ: ૧૫ ફલાઈટ ડાઈવર્ટ

નવી દિલ્હી તા.૨૪

દેશના અર્ધોઅર્ધ ભાગે આકરી ગરમી-હીટવેવ જેવી હાલત ભોગવી રહ્યા છે ત્યારે પાટનગર દિલ્હીમાં આંધી-વરસાદ સાથે એકાએક હવામાનપલ્ટો



સર્જાયો હતો. વાતાવરણ એટલી હદે બદલાયુ હતું કે દિલ્હીના ૧૫ વિમાનો ડાઈવર્ટ કરવામાં આવ્યા હતા.

પાટનગરના અનેક ભાગોમાં એકાએક વાતાવરણ બદલાઈ ગયુ હતું તેજ પવન સાથેની આંધી સાથે વરસાદ ખાબકતા રસ્તા પર પાણી રેલાવા લાગ્યા હતા.

(અનુસંધાન છઠ્ઠા પાને)






## યુક્રેન-ઈઝરાયેલ માટે ૯૫ અબજ ડોલરના પેકેજની અમેરિકી સંસદની મંજૂરી



વોશિંગ્ટન (અમેરિકા) તા.૨૪

અમેરિકાના ડેમોક્રેટીક અને રિપબ્લીક નેતાઓએ જણાવ્યું હતું કે તેમણે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુતિન અને અન્ય વિદેશી વિરોધીઓએ ચેતવણી આપી છે કે અમેરિકા યુક્રેનનું સમર્થન ચાલુ રાખશે. નવેમ્બરમાં ચુંટણી થવા સુધીમાં યુક્રેનને સહાયતા પૅકેજની મંજૂરી આપવામાં આવી શકે છે.

અનેક મહિનાઓના ઈંતઝાર બાદ અમેરિકી સંસદના ઉચ્ચ સદન સેનેટમાં


(અનુસંધાન છઠ્ઠા પાને)


શરીરનાં કોઈપણ ભાગના
દુ:ખાવા દવા વગર મટાડો
૩ થી ૬ દિવસમાં
H.G.M બોન સેટીંગ સેન્ટર
Rajkot, M. 90 8181 0190
MANISH ADS







DR. YAGNIK ROAD, OPP IMPERIAL PALACE, RAJKOT
(0281-2460576/7990963701/7990984209)
For franchise inquiry, please call on 9158635000 or please send email on franchisee@tbzoriginal.com



# ક્લાઈમેટ ચેન્જ, ગ્લોબલ વોર્મિંગ અને હવે હવામાં ‘ઓક્સિજનનું પ્રમાણ ઘટવાની ઘટના’!




**આપણે વાતાવરણની હવાના ઘટકોનું વિશ્લેષણ કરીએ તો આપણને ખ્યાલ આવશે કે હવા એ ઘણા બધા વાયુઓ અને ઘટકોનું મિશ્રણ છે. હવાનાં આ મિશ્રણમાં નાઈટ્રોજન, ઓક્સિજન, કાર્બન ડાયોક્સાઈડ સહિતના અન્ય વાયુઓ અને ધૂળનાં રજકણો પણ સામેલ હોય છે. હવામાં સૌથી વધુ નાઈટ્રોજન વાયુ લગભગ ૭૮ ટકા જેટલો હોય છે અને ત્યાર બાદ સૌથી વધુ પ્રમાણ ઓક્સિજન વાયુ ધરાવે છે. આપણો પ્રાણવાયુ ઓક્સિજન હવામાં લગભગ ૨૧ ટકા જેટલો છે.**




**વનસ્પતિઓ પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા વાતાવરણમાં ઓક્સિજન મુક્ત કરે છે. આ સાથે જ વનસ્પતિઓ વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ પણ જાળવી રાખે છે અને તેને વધતો અટકાવે છે. જેથી પૃથ્વીનું તાપમાન પણ જળવાઈ રહે છે. જો વાતાવરણમાં રહેલા ઓક્સિજનના પ્રમાણમાં કદાચ ૨ કે ૩ ટકાનો ઘટાડો થયો તો પણ તે મનુષ્યો સહિત તમામ સજીવો માટે જીવન મરણનો પ્રશ્ન ઊભો થઈ જશે અને તેમાં કોઈ શંકાને સ્થાન નહીં હોય!**

તમે ફક્ત કલ્પના કરો કે, જો પૃથ્વી પરના વાતાવરણમાં રહેલા ઓક્સિજનનું પ્રમાણ ઘટી જાય તો? ઓક્સિજનનું પ્રમાણ ઘટવાથી શું મનુષ્યો અને અન્ય સજીવો શ્વાસ લઈ શકશે? શું વનસ્પતિ પ્રકાશસંશ્લેષણ કરી શકશે? શું વાતાવરણમાં કાર્બનનું પ્રમાણ વધવા લાગશે? આવી અનેક સંભાવનાઓ સર્જાય. આપણે સૌ જાણીએ જ છીએ કે, ઓક્સિજન વાયુ સજીવો માટે પ્રાણવાયુ છે. બધા જ સજીવો, એ પછી મનુષ્ય હોય, પ્રાણી કે જીવજંતુ કે પછી વનસ્પતિ પોતાના શ્વાસમાં ઓક્સિજન વાયુ જ લે છે.

આપણે વાતાવરણની હવાના ઘટકોનું વિશ્લેષણ કરીએ તો આપણને ખ્યાલ આવશે કે હવા એ ઘણા બધા વાયુઓ અને ઘટકોનું મિશ્રણ છે. હવાનાં આ મિશ્રણમાં નાઇટ્રોજન, ઓક્સિજન, કાર્બનડાયોક્સાઇડ સહિતના અન્ય વાયુઓ અને ધૂળનાં રજકણો પણ સામેલ હોય છે. હવામાં સૌથી વધુ નાઇટ્રોજન વાયુ લગભગ ૭૮ ટકા જેટલો હોય છે અને ત્યાર બાદ સૌથી વધુ પ્રમાણ ઓક્સિજન વાયુ ધરાવે છે. આપણો પ્રાણવાયુ ઓક્સિજન હવામાં લગભગ ૨૧ ટકા જેટલો છે. હવામાં વાયુઓનું પ્રમાણ કેટલું છે એ જાણીને કદાચ તમને એવો પ્રશ્ન થતો હશે કે પૃથ્વી પર માનવ વસ્તી ખૂબ જ વધારે છે આ ઉપરાંત અનેક અન્ય સજીવો પણ છે, તેમ છતાંય ઓક્સિજનનું પ્રમાણ જ કેમ ફક્ત ૨૧ ટકા જ છે? જો ઓક્સિજનનું પ્રમાણ આટલું ઓછું છે તો પણ કેમ સામાન્ય સ્થિતિમાં સજીવોને શ્વાસ લેવામાં તકલીફ નથી પડતી? આનો જવાબ એ છે કે આપણે સજીવો જેટલો ઓક્સિજન હવામાંથી વાપરી છીએ એટલો જ ઓક્સિજન વાતાવરણમાં વનસ્પતિની પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા દ્વારા પરત ફરે છે. આથી વાતાવરણમાં ઓક્સિજનનું પ્રમાણ ૨૧ ટકા યોગ્ય રીતે જળવાઈ રહે છે.

હવે જ્યારે આપણે હવામાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જાય તો શું થાય? તેવી કલ્પના કરી રહ્યા છીએ ત્યારે પહેલા એ જાણવું જરૂરી બની જાય છે કે, એવું તો શું થાય કે હવામાં ઓક્સિજનના પ્રમાણમાં વધારો ઘટાડો થાય. આપણે સૌ નાનપણથી જ ગ્લોબલ વોર્મિંગ વિષે સાંભળતા આવ્યા છીએ અને સાથે જ એ પણ જાણીએ છીએ કે વૃક્ષો ગ્લોબલ વોર્મિંગને ઘટાડવામાં મદદ કરે છે. જી હા, વાતાવરણમાં જો કદાચ ઓક્સિજનના પ્રમાણમાં ઘટાડો થાય તો તેની પાછળ ગ્લોબલ વોર્મિંગ જવાબદાર હશે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આ સિવાય ઓક્સિજનના પ્રમાણમાં ઘટાડો થવાના બીજા એક કારણ તરીકે વૃક્ષછેદન પણ જવાબદાર બનશે. વિકાસની આંધળી દોડમાં મનુષ્યે પોતાનો સ્વાર્થ સાધવા માટે વૃક્ષોનું નિકંદન કાઢ્યું છે. વૃક્ષો પ્રકાશસંશ્લેષણની ક્રિયામાં કાર્બનડાયોક્સાઈડ વાયુનો ઉપયોગ કરીને પોતાનો ખોરાક બનાવે છે અને વાતાવરણમાં ઓક્સિજન વાયુ અને પાણીની બાષ્પ મુક્ત કરે છે. અને જો વૃક્ષો જ નહીં હોય અથવા તો તેમની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો હશે તો, પ્રકાશસંશ્લેષણની ક્રિયા નહીં થાય અને તેનાથી ઓક્સિજનનું પ્રમાણ ઘટવા લાગશે. જ્યારે બીજી બાજુ વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ વધવાથી પૃથ્વીના તાપમાનમાં પણ સતત વધારો થશે. આમ વૃક્ષો જ એક એવું મેકેનિઝમ છે કે જે વાતાવરણમાં ઓક્સિજન અને કાર્બનડાયોક્સાઇડના યોગ્ય પ્રમાણની સાથે સાથે પૃથ્વીનું તાપમાન જાળવવામાં પણ મદદ કરે છે.

લાઈવ WIRE — પરખ ભટ્ટ — bhattparakh@yahoo.com

જો વાતાવરણમાં ઓક્સિજનના પ્રમાણમાં સહેજ પણ ઘટાડો થયો તો તેની અસર સૌથી પહેલા ઊંચાઈવાળા સ્થળો પર એટલે કે હિલ્સ-સ્ટેશનો પર થશે. આપણે સૌ જાણીએ જ છીએ કે, પૃથ્વીની જમીન સપાટીથી આપણે જેમ જેમ ઊંચે જઈએ તેમ તેમ હવામાં ઓક્સિજનનું પ્રમાણ ઘટવા લાગે છે. કારણ કે વાતાવરણના ઉપરના સ્તરમાં ઓક્સિજનનું સ્તર ખૂબ જ પાતળું હોય છે. આ સ્થિતિને આપણે હવા પાતળી થઈ જાય છે તે સેન્સમાં ઓળખીએ છીએ. આથી ઊંચાઈવાળ સ્થળોએ પહેલેથી ઓક્સિજનનું દબાણ ઓછું હોય અને આમાં જો સમગ્ર પૃથ્વી પરની હવામાન ઓક્સિજનના પ્રમાણમાં ઘટાડો થાય તો સ્વાભાવિક છે કે ઊંચાઈવાળા સ્થળોએ શ્વાસ લેવામાં પડતી તકલીફમાં અનેક ગણો વધારો થઈ જશે. જો આવું થયું તો, મનુષ્યોની સાથે સાથે પહાડો પરના નિવાસનતંત્રને પણ તેની ખૂબ જ માઠી અસર પડશે.

ધારો કે દરિયાની સપાટીએ ઓક્સિજન વાયુનું પ્રમાણ ઘટીને ૧૮ કે ૧૯ ટકા થઇ ગયું છે. હવે આપણને એમ થાય કે ૨૧ ટકામાંથી ૨-૩ ટકા ઘટીને ૧૮ કે ૧૯ ટકા ઓક્સિજનનું પ્રમાણ થયું તો એમાં તો કંઇ બહુ વધારે મુશ્કેલી ન પડવી જોઇએ. પરંતુ જો દરિયાની સપાટીએ ૧૮-૧૯ ટકા હોય તો પહાડો પર ઓક્સિજનનું પ્રમાણ લગભગ ૧૫ ટકા જેવું જ થઇ જાય અને જો ઓક્સિજનનું પ્રમાણ આટલું બધું ડ્રોપઆઉટ થાય તો જેને હાર્ટનો, ફેફસાનો, બ્લડનો એવી કોઈ પણ શારીરિક તકલીફ હશે તો એ લોકોને સૌથી પહેલાં અસર થશે અને આને કારણે તેમનું મૃત્યુ થવાની પણ શક્યતા રહેલી છે. ત્યારબાદ ધીમે-ધીમે આ ઓક્સિજન લેવલમાં ઘટાડો હાઇટ પરનાં સ્થળો સિવયે ઓછી ઊંચાઈ ધરાવતા સ્થળોએ પણ અનુભવાવા લાગશે જેથી બધા જ લોકોએ પોતાનો જીવ બચાવવા ગ્લોવ્સ, માસ્ક અને ઓક્સિજનનાં સિલિન્ડર પોતાની પાસે રાખવા પ્રયત્ન કરશે.

જીવ બચાવવા બધા જ લોકો પોતાની માણસાઇ ભુલીને બસ પોતાનો જ સ્વાર્થ સાધવામાં મચી પડશે. ઓક્સિજન ન મળવાને લીધે લાશોની લાઇનો લાગી જશે. સ્વજનો ગુમાવનાર આક્રંદ કરશે અને જીવતા રહેલા લોકો પોતાનો જીવ બચાવવા આમથી તેમ દોડધામ કરશે. પૃથ્વી પર ભયંકર અફરાતફરીનો માહોલ સર્જાશે અને બસ ઓક્સિજનના સિલિન્ડર વિના જીવવું અશક્ય થઇ જશે અને જાન બચાવી ભાગવું પણ ક્યાં? કેમ કે ધીમે-ધીમે પછી બધી જ જગ્યાએ ઓક્સિજનનું લેવલ ઓછું થઇ જશે અને પછી ધરતી પર સજીવોનું અસ્તિત્વ જ મટી જવાની પરિસ્થિતિ આવી જશે. કારણ કે આપની પાસે એટલી ક્ષમતા નહીં હોય કે આપણે ફેક્ટરીમાં એટલા વિપુલ પ્રમાણમાં ઓક્સિજનનું ઉત્પાદન કરી શકી કે જેનાથી પૃથ્વી પરના એક એક વ્યકિતને ઓક્સીજન સિલિન્ડર આપી શકાય. અને જો કદાચ બધાને એક એક સિલિન્ડર આપીઓ પણ દીધો તેમ છતાં ફકત એક ઓક્સિજનનો સિલિન્ડર કેટલો ચાલશે? ઘણી હૃદયદ્રાવક પરિસ્થિતિનાં સર્જનની આ કલ્પના ઘણી બિહામણી લાગી ને?

જો આપણે વૃક્ષોને આ જ રીતે કાપતા રહીશું, પ્રદૂષણ આ જ રીતે વધારતા રહીશું તો આવનારા દાયકામાં આપણે ગ્લોબલ વોર્મિંગની એ ચરમસીમાએ પહોંચી જઈશું અને જે દ્રશ્યો આપણે કલ્પનામાં જોયાં એ દ્રશ્યો ખરેખર જોવા મળે એ માટે વધુ રાહ જોવી નહીં પડે. આ બિહામણી કલ્પના સાચી ન ઠરે એ માટે આપણે બધા કટીબદ્ધ થઇ વૃક્ષો કપાતા અટકાવીએ, પ્રદૂષણ ઘટાડીએ અને આપણા પ્રાણવાયુ ઓક્સિજનનું પ્રમાણ કદી પણ વાતાવરણમાંથી ઓછું ન થવા દઇએ.

**જો વાતાવરણમાં ઓક્સિજનના પ્રમાણમાં સહેજ પણ ઘટાડો થયો તો તેની અસર સૌથી પહેલા ઊંચાઈવાળા સ્થળો પર એટલે કે હિલ્સ-સ્ટેશનો પર થશે. આપણે સૌ જાણીએ જ છીએ કે, પૃથ્વીની જમીન સપાટીથી આપણે જેમ જેમ ઊંચે જઈએ તેમ તેમ હવામાં ઓક્સિજનનું પ્રમાણ ઘટવા લાગે છે. કારણ કે વાતાવરણના ઉપરના સ્તરમાં ઓક્સિજનનું સ્તર ખૂબ જ પાતળું હોય છે.**

## પૃથ્વીને ફરિ યાદ કરી, ફરિયાદોનું કરીએ નિવારણ

મૂલ્યોની મહેક — ■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

૨૨ એપ્રિલના દિવસને ‘વિશ્વ પૃથ્વી દિવસ’ તરીકે સર્વએ જુદી જુદી રીતે પૃથ્વી બચાવવાના ઉપાયો દ્વારા ઉજવ્યો. આપણે એ જાણીએ છીએ કે સજીવ જીવન માત્ર પૃથ્વી પર જ શક્ય છે. પરંતુ એ જ પૃથ્વી વર્તમાન સમયે ખતરામાં છે. આથી જ પૃથ્વીએ કરી છેફરિયાદ જે આપણે આજે બે દિવસ બાદ પણ તેમને ફરી યાદ કરી, સાંભળીએ અને નિવારણ કરીએ. પૃથ્વીને સૌથી વધુ નુકશાન તો મનુષ્યએ જ પહોચાડ્યુ છે. આથી પૃથ્વીની ફરિયાદ મનુષ્યોને લઈને છેકે-મને બચાવો, તો તમે બચી જશો. નહી તો ...

આજે પાંચેય પ્રકૃતિના તત્વો સહિત પૂરી ઈકો-સિસ્ટમ પર્યાવરણ, વાતાવરણ, જનજીવન, પ્રાણીજગત સહિત ડિસ્ટર્બ થયેલ છે. મનુષ્યની બેજવાબદાર અને લોભી વૃતિએ જ આવી રીતે પૃથ્વીનું નુકશાન કરેલું છે. પ્રકૃતિ સહિત બધુ દૂષિત થયેલ છે જયારે કે છેક ૧૯૭૦થી આ રીતે જાગૃતિ અર્થે ‘વર્લ્ડ અર્થ ડે’ ના રૂપે મનાવાય છે. પરંતુ હજુ સ્વ-અસ્તિત્વ ટકાવી રાખવાની જનજાગૃતિ એવી જણાતી નથી.

વાસ્તવમાં પ્રકૃતિ, પર્યાવરણ, વાતાવરણ સાથે પશુ-પક્ષી-જીવજંતુ, ઝાડ-ફળ-ફૂલ એમ સમગ્ર પૃથ્વી પરની પ્રાકૃતિક સંપદા પર જેનો મુખ્ય પ્રભાવ પડે છે, તે છે- બુધ્ધિજીવી એવા મનુષ્ય-પ્રાણીની સંકલ્પશક્તિ. આથી સમગ્ર મનુષ્યજાતિની એ જવાબદારી અને કર્તવ્ય બને છે કે આપણા વિચારોમાં શુધ્ધિ લાવીએ. આજે સૌએ એ માટે આપસી હરિફાઈ અને બોર્ડરના વિસ્તારની મનોવૃતિઓને ટાળવી જોઈએ. અલ્પકાળના સુખ માટે ઝડપી પ્રાપ્તિ અર્થે પણ વૃક્ષો ન કાપવા, વધુ ખેત ઉત્પાદન માટે થઈને દવા અને કૃત્રિમ રસાયણોનો પ્રયોગ સદંતર બંધ કરી ઓર્ગેનિક ખાતરો વાપરવા, પ્લાસ્ટિક અને તેના જેવા અન્ય પદાર્થોનો વધુ ઉપયોગ ટાળી અનેક સજીવોના અસ્તિત્વ પરથી ખતરો ટાળવો તેઓને પણ જીવવાનો અધિકાર છે તે ન ભૂલીએ, વીજળી-પાણીની બચત કરીએ, ધરતીમાં ઉંડા બોરવેલને બદલે કુવા-વાવ -તળાવો બનાવીએ, અણુ-પરમાણુ અને બોમ્બ્સ મિશાઈલના ઉત્પાદનને બંધ કરીએ કે જેના પરિક્ષણથી પૂરી પર્યાવરણિય પધ્ધતિ ડિસ્ટર્બ થાય છે તે ન થાય. આવા જેવા અનેક કુદરતી પ્રક્રિયાથી વિરોધી કાર્યો કરી આપણે આપણી ભવિષ્યની લાં..બી સુખાકારીનો નાશ કરેલ છે. તેને બચાવવા માટે આજથી જ, અત્યારથી જ સ્વયંની ચેતનાને જાગૃત કરીએ અને સમગ્ર પૃથ્વીને બચાવી લેવાના ઝડપી એકશન પ્લાન પર દરેક વ્યક્તિગત રીતે પણ ધ્યાન આપીએ, તે જરૂરી છે. સરકાર દ્વારા લેવાતા પગલાંઓ અને તેમના માટે બનેલા નિયમોનું સંપૂર્ણ પાલન કરીએ. એ રીતે પ્રભુની સુંદર રચના પૃથ્વીને બચાવવા, તેને આજે ફરી યાદ કરી પોતાના યોગદાનને મજબુતાઈ આપીએ. તે માટે આપણે પ્રતિજ્ઞા લઈશું. પ્રકૃતિપતિ પરમાત્માની સમ્મુખ આપણે સંકલ્પ કરીશું કે-

- રોજ વારંવાર પ્રકૃતિના દરેક તત્વો અને ઉપયોગમાં લેતા સંસાધનોનો ધન્યવાદ કરીશું.
- વૃક્ષ વાવીશું અને પૂરા જતન દ્વારા વૃક્ષને ઉછેરીશું, બચાવીશું.
- ભોજન(અન્ન) અને પાણીને બચાવીશું.
- શાશ્વત યોગિક ખેતી દ્વારા પર્યાવરણની રક્ષા કરીશું.
- પશુ પંખીઓની સુરક્ષાનો પ્રબંધ કરીશું.
- પ્લાસ્ટિક અને વીજળીનો ઓછામાં ઓછો ઉપયોગ કરીશું.
- સંકલ્પો(વિચારો)ની અને પ્રાપ્ત પ્રાકૃતિક સંશાધનોની બચત કરીશું. ‘નો વેસ્ટ બજેટ’ને અમલમાં લાવીશું.
- વેસ્ટ ને બેસ્ટ બનાવી, ભારતને સ્વચ્છઅને સ્વર્ણિમ રામરાજય બનાવીશું.

## રામ મંદિરના બાકીના પ્રોજેક્ટનું નિર્માણકાર્ય ઝડપી કરાયુઃ ૪૦૦૦ કારીગરો કામ કરે છે

અયોધ્યા :

રામ મંદિર નિર્માણની ગતિ વધારી દેવામાં આવી છે. મંદિર સહિત અન્ય અનેક પ્રોજેક્ટ પર એક સાથે કામ ચાલી રહ્યું છે. ૧૬૧ ફૂટ ઊંચા રામ મંદિરનું નિર્માણ કાર્ય ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. તેને ધ્યાનમાં રાખીને મજૂરોની સંખ્યા ૩૫૦૦ થી વધારીને ચાર હજાર કરવામાં આવી છે. રામ મંદિરના બીજા માળ અને શિખરના નિર્માણની ગતિ વધારી દેવામાં આવી છે.



રામ મંદિરની સાથે સંકુલમાં રેમ્પાર્ટ, રિટેનિંગ વોલ, સપ્ત મંડપમ અને શેષાવતાર મંદિરનું કામ પણ ચાલી રહ્યું છે. આ તમામ કામો આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ કરવાના છે, તેથી નિયત સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવા માટે મજૂરોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. રામ મંદિરના પહેલા માળે રામદરબારની સ્થાપના કરવામાં આવનાર છે. કહેવામાં આવી રહ્યું છે કે રામ દરબારની મૂર્તિ માત્ર અરૂણ યોગીરાજ જ બનાવી શકે છે. રામ મંદિરમાં સ્થાપિત બાલકરામની મૂર્તિને યોગીરાજે પોતે આકાર આપ્યો છે. રામદરબારની સ્થાપના સંદર્ભે ટ્રસ્ટની એક ટીમ એપ્રિલના પ્રથમ સપ્તાહમાં ચેન્નાઈની મુલાકાતે આવી હતી. IIT ચેન્નાઈના નિષ્ણાતો સાથે રામદરબારની સ્થાપના પર ચર્ચા થઈ છે.

### શેષાવતાર મંદિરનું ૯૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે

જોકે રામ મંદિરના ટ્રસ્ટી અનિલ મિશ્રા કહે છે કે હજુ એ સ્પષ્ટ નથી થયું કે અરૂણ યોગીરાજ રામ દરબારની મૂર્તિ બનાવશે કે નહીં. અત્યારે પત્થરોની પસંદગી કરવામાં આવી રહી છે. શેષાવતાર મંદિરનું નિર્માણ ૯૦ ટકા પૂર્ણ થયું છે. મંદિરનું શિખર બનાવવામાં આવી રહ્યું છે અને એક મહિનામાં તૈયાર થઈ જશે. મંદિર એક માળનું હશે. ડો.અનિલે કહ્યું કે સાત પેવેલિયનના નિર્માણની ગતિ ઝડપી કરવામાં આવી છે. અહીં ભગવાન રામના સાત સમકાલીન પાત્રોના મંદિરો બનાવવામાં આવનાર છે, જેની ડિઝાઇન આ મહિને ફાઇનલ કરવામાં આવશે.

## સુવિચાર

**કિંમત જોયા વગર વસ્તુ ખરીદવી હોય તો ઘડિયાળ જોયા વગર કામ કરવું પડે**



## આજનું ચિંતન

### ગુરૂકુલ : સ્વાવલંબી જીવનનું સદાવ્રત

**શાસ્ત્રીજીએ તો છોકરા ભણાવવાની નિશાળ ખોલી છે. એક સમય હતો જયારે સત્સંગ સમુદાયમાં ઠેર ઠેર વાકય ગવાતું તે ગોખાવાતું. લાગઠ સત્સંગી એક જ સલાહ આપે કે, શાસ્ત્રીજી તમે સદાવ્રત ખોલો. રામાનંદ સ્વામી અને સહજાનંદ સ્વામી પણ સદાવ્રત ચલાવતા. અવાર-નવાર કાને અથડાતી આ વાતો શાંત ચિત્તે સાંભળીને સ્વામીશ્રી કહેતા : ભાઈ ! ગુરૂકુળમાં નજીવા લવાજમમાં રહેવું, ભણવું અને જમવું એ મારૂ સદાવ્રત જ છે. તેમ છતાં મારૂ માનવું છે કે, સદાવ્રતમાં અન્ન આપવું સારૂ છે. પરંતુ તેના કરતા સદાવ્રતમાં જાવું ન પડે, કોઈ પાસે હાથ લંબાવવો ન પડે એવા શિક્ષિત અને સ્વાવલંબી વ્યકિતઓનાં નિર્માણ કરવા તે વધુ સારૂ છે. માણસ પોતાના પગ ઉપર ઉભો થાય ત્યારે જ સમાજ એવં રાષ્ટ્ર ઉન્નત અને મહાન બને છે.**

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ચૈત્ર વદ-૧, તા.૨૫/૪/૨૪, ગુરૂવાર

સૂર્યોદય : ૬-૨૧, સૂર્યાસ્ત : ૭-૦૮, જૈન નવકારશી : ૭.૦૯
રાશિ : તુલા (ર.ત.), ૨૧.૪૪ વૃશ્ચિક (ન.ય.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-મેષ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-તુલા


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** તમારો મિત્રો સાથેનો વહેવાર ખુબ જ સારો રહેશે, સફળતા માટે થોડી ધીરજ કેળવજો, પ્રવાસ થાય.
**વૃષભ :** નોકરીમાં પ્રમોશન સાથે બદલીના ચાન્સ રહે, કર્જ ન કરવું, આધ્યાત્મિક વિચારોને પ્રબળ બનાવવા.
**મિથુન :** સંબંધો જાળવવા વધુ પ્રયત્નો કરવા પડે, વ્યવસાયમાં વધુ મહેનતે સફળતા મેળવશો, મનગમતી વ્યકિતની મુલાકાત થાય.
**કર્ક :** આવકની સાથે ખર્ચ પણ રહેવાનો, ઈચ્છાઓ પૂર્ણ થતી જોઈ શકાય, વડીલોપાર્જીત મિલ્કતથી લાભ રહેશે.
**સિંહ :** બિનજરૂરી ખર્ચ ઉપર કાપ મુકવો પડે, નાણાકીય સંઘર્ષ રહે, બીજાને મદદ કરવાની ઈચ્છા ફળવાની, વિદેશથી લાભ.
**કન્યા :** જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહેશે, નવું આયોજન કરવામાં ઉતાવળ ન કરવી, રોજિંદા કાર્યોને વળગી રહેજો.
**તુલા :** આપનું સ્વાભિમાન જળવાય રહે, તેટલો પ્રયત્નો કરવાની જરૂર રહે, નોકરી ધંધામાં સતત જોડાયેલા રહેવાની જરૂર રહે.
**વૃશ્ચિક :** મહત્વની કાર્યવાહી બાબત કોઈ ઉપર બહુ ભરોસો ન કરવો, અંગત ધ્યાન દેવું જરૂરી રહે.
**ધન :** વધુ પડતા અસંતોષને લઈને મનમાં ઉદવેગ રહેવાનો છે, જેથી થોડો સંતોષ કેળવવો જરૂરી રહે.
**મકર :** આર્ટ સંગીતમાં વિશેષ રૂચી રહે, તમારા અંદરની શકિતઓનો યોગ્ય ઉપયોગ લાભ આપી શકે છે.
**કુંભ :** જીવનમાં નાના નાના બદલાવ જરૂરી રહે, વાણી ઉપર કાબુ રાખવો, મુસાફરીથી લાભ રહે.
**મીન :** આપને મનમાં એક ભય કારણ વગરનો રહે છે, તમારે મેડીટેશન યોગ કરવાની સલાહ છે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. માધુરી દીક્ષિતને મળેલું ફિલ્મી ટેગ (૬)
૪. ઘર, મકાન (૩)
૫. એક કઠોળ (૨)
૬. વાંદરા જેવા તોફાન (૫)
૮. શોક...., જાહેર ... (૨)
૧૦. ત્રણ વત્તા ત્રણ વત્તા ત્રણ (૨)
૧૧. પાગલપણું (૪)
૧૩. હઠ (૨)
૧૫. ...કાર, ...નીત, અભિ ... (૨)
૧૬. ...ચક્ર, ...ખંડ, મહા... (૨)
૧૭. ઇયર (૩)
૧૯. જડભરત (૩)
૨૦. ગેસ્ટ (૪)
૨૨. આડી ચાવી નં. ૫ મુજબ (૨)
૨૩. તેની ... (હેસિયત) મારી સામે લડવાની નથી (૩)
૨૪. ખેતરમાં ઉભેલો ‘પાક’ (૨)
૨૫. છુટ્ટી(૨)
૨૬. લાકડું વહેરવાનું સાધન (૪)
૨૭. ઇન્સાન, માણસ (૩)

### ઉભી ચાવી

૧. સુનિલ શેટ્ટીની એક ફિલ્મ (૪)
૨. શ્રીમંત (૪)
૩. ગામડાનો અબુધ (૩)
૪. ફાયર (૨)
૫. ન ઉકેલાય તેવી ગૂંચ (૪)
૭. નવી જિંદગી (૫)
૮. જુના જમાનાના સંગીતકાર (૮)
૯. સૌરાષ્ટ્રનું એક નગર (૪)
૧૨. હેલન-ઉંધુ લખો (૩)
૧૪. ભાવ, કિંમત (૨)
૧૬. કામ ન કરવાની વૃતિવાળો (૪)
૧૮. સમજાવવું (૫)
૨૧. પપ્પાની સાળી (૨)
૨૩. ફિલ્મ : ... મિટેંગે (૨)
૨૬ કવિતાનો સર્જક (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સિ | દ | સ | ર | | ઉં | | | ખો | ટ |
| ક | રા | ર | | | ઝા | ર | ખં | ડ | |
| સ | ર | પ | દ | ડ | | | ડ | લ | |
| ર | | | ક્ષિ | | | હ | | ધા | પ |
| | બ્રા | હ્મ | ણ | | અ | જ | રા | મ | ર |
| | ઝી | | | દા | દા | | વ | | સે |
| જ | લ | ત | રં | ગ | | મા | જી | | વો |
| ડ | | ક | મ | | મ | | પ | લ | |
| | જ | | ખા | જ | લી | | ટે | ક | રી |
| બા | ળ | પ | ણ | | ન | ક | લ | | ત |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

# ‘જય ભવાની’નાં જય ઘોષ સાથે આશાપુરા મંદિરેથી ધર્મરથને પ્રસ્થાન

**તા.૨૪થી ૩૦ સુધી તાલુકા મથક સહિતનાં ગામડે-ગામડે ધર્મરથનું પરિભ્રમણઃ ઠેર-ઠેર સ્થળે સ્વાગત-સંમેલનનું આયોજનઃ ભાજપના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાને હરાવવા સર્વે સમાજને સાથે રાખીઃ હવે યુધ્ધ એ જ કલ્યાણનાં નારા સાથે અસ્મિતાની લડાઇનો બીજો તબક્કો શરૂ**

**આશાપુરા મંદિરે સવારે ક્ષત્રિય સમાજનાં ભાઈ-બહેનોની વિશાળ ઉપસ્થિતિમાં રથનું પૂજન-અર્ચન; શહેરી-ગ્રામ્ય વિસ્તારોમાં રથ ફરશેઃ જે સ્થળે રાત્રી રોકાણ ત્યાં સંમેલનઃ નારી શકિતનું અપમાન માફીને પાત્ર નહીંઃ ભાજપના ઉમેદવારોને હરાવવા સમગ્ર ક્ષત્રિય સમાજ મેદાનમાં..**





તસ્વીરઃ પંકજ શીશાંગીયા





રાજકોટ તા.૨૪

રાજકોટ જિલ્લા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ એક જાહેર મંચ પરથી ક્ષત્રિય સમાજની લાગણી દુભાય તેવી ટીપ્પણી કર્યાના પગલે સમગ્ર ક્ષત્રિય સમાજમાં રોષની આંધી ઉઠતા ઉમેદવાર રૂપાલાએ ક્ષત્રિય સમાજની માફી માંગી હતી તેમ છતા ક્ષત્રિય સમાજે લોકસભાની બેઠક પરથી પરસોતમ રૂપાલાને હટાવવા પ્રચંડ માંગણી ઉઠાવી છતાં માંગ નહીં સંતોષાતા ક્ષત્રિય સમાજે પાર્ટ-૧ ‘ઓપરેશન રૂપાલા’ની લડત ચલાવ્યા બાદ પાર્ટ-૨માં ધર્મ યુધ્ધ-કર્મ યુધ્ધની લડત સાથે ધર્મરથ થકી અસ્મિતાની લડાઈને આગળ ધપાવી છે આજે આશાપુરા મંદિરેથી જય ભવાની-જય રજપૂતાનાનાં નાદ સાથે ધર્મરથને પ્રસ્થાન કરાવ્યું હતું. આ ધર્મરથ રાજકોટ શહેર સહિત જિલ્લાભરના તાલુકા- ગામડે ગામડે ફરી ભાજપ ઉમેદવાર પરસોતમ રૂપાલાને કારમી હાર અપાવવા સર્વે સમાજને આહવાન કરશે.

રાજકોટના આશાપુર મંદિરે આજે સજજડ પોલીસ બંદોબસ્ત સાથે સંકલન સમિતિનાં પી.ટી. જાડેજા સહિતના આગેવાનો ભાઈઓ-બહેનોએ ‘ક્ષત્રિય અસ્મિતા આંદોલન’ ધર્મરથનું પૂજન-અર્ચન કર્યા બાદ વિધિવત રીતે રથને પ્રસ્થાન કરાવ્યું હતું.

સમગ્ર રાજયમાં ભાજપના ઉમેદવારો વિરૂધ્ધ મતદાન કરવાની નેમ સાથે પાર્ટ-૨માં હવે ધર્મયુધ્ધ-કર્મયુધ્ધની લડાઈ શરૂ થઈ છે. રાજયમાં ક્ષત્રિય સમાજનાં કુલ ૭ રથોનું પરિભ્રમણ થશે વિખ્યાત અંબાજી મંદિર, કચ્છ માતાના મઢ, ગુજરાતમાં બહુચરાજી, રાજકોટના આશાપુરા મંદિર સહિત ૭ સ્થળેથી ૭ ધર્મરથ યાત્રાનો આજથી પ્રારંભ થયો છે. જેમાં રાજકોટ આશાપુરા મંદિરેથી ધર્મરથનું પ્રસ્થાન કરવામાં આવ્યું છે.

આ ધર્મરથ રાજકોટ શહેર બાદ કુવાડવા, ખેરવા, વાંકાનેર, મોરબી સહિતના સ્થળોએ ફરશે જેમાં તમામ તાલુકા ગામડાઓનો સમાવેશ થાય છે. તાલુકા મથકોએ રથ યાત્રા દરમિયાન સંમેલન યોજી સર્વે સમાજનું સમર્થન મેળવાશે. ગામડે-ગામડે ધર્મ રથનું સ્વાગત કરાશે.

ધર્મરથ યાત્રામાં ક્ષત્રિય સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં જોડાશે. સાથે રાજકોટ સંસદીય મત ક્ષેત્રમાં લડાઈ હવે ધર્મયુદધમાં ફેરવાશે. કાયદાની મર્યાદામાં રહી ભાજપના ઉમેદવારોને હરાવવા ક્ષત્રિય સમાજે પ્રણ લીધા છે તેને ઉજાગર કરાશે. સમાજની બહેન-દીકરીઓ વિશેની ટીપ્પણી ક્ષત્રિય હવે સાંખી લેવા તૈયાર નથી. ક્ષત્રિય સમાજની સ્વાભિમાન-અસ્મિતાની લડાઈમાં સર્વે સમાજનું સ્વયંભૂ સમર્તન મળી રહ્યું છે.

રાજકોટ આશાપુરા મંદિરમાં આજે સવારે જય ભવાની, જય રજપૂતાના, ક્ષત્રિય એકતા ઝીંદાબાદ, વંદે માતરમ્‌ના જય ઘોષ સાથે ધર્મ રથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ધર્મરથ તાલુકા અને ગામે-ગામે ફરી વળશે.

કાયદાના ઉલ્લંઘન કર્યા વિના શાંતિથી ભાજપ વિરૂધ્ધ મતદાન માચે ધર્મ યુધ્ધ છેડવામાં આવ્યું છે. આજના દિવસે ઠેર-ઠેર સ્થળે ધર્મરથ યાત્રાને સ્વયંભૂ સમર્થન સાંપડયું હતું.

### રાજકોટ અને વડોદરામાં સૌથી મોટો ઘટાડો

# રીયલ એસ્ટેટમાં સ્લોડાઉન; નવા પ્રોજેકટ ૭.૭ ટકા ઘટ્યા

**૨૦૨૩-૨૪માં ‘ગુજરેરા’માં ૧૭૨૧ પ્રોજેક્ટનું રજીસ્ટ્રેશનઃ એફોર્ડેબલ સ્કીમને સૌથી મોટો ફટકો**

**જમીનમાં ભાવવધારો, ઉંચા વ્યાજદર, કોવિડકાળ પછીના પ્રોજેક્ટમાં વણવેચાયેલો સ્ટોક, બિલ્ડરોના ઘટતા માર્જીન, શેરબજાર-સોનાની રેકોર્ડબ્રેક તેજીથી ઇન્વેસ્ટરોનો ઘટેલો રસ સહિતના અનેકવિધ કારણો જવાબદાર**

નવી દિલ્હી, તા.૨૪

કોરોના કાળ વખતથી ખૂબ ઝડપે વધવા સાથે આકાશી ઉંચાઇને આંબી રહેલા ગુજરાતના રીયલ એસ્ટેટ ક્ષેત્રને બ્રેક લાગી છે. ગુજરાતની જેમ ગુજરાતનું પ્રોપર્ટી માર્કેટ પણ ‘વાઇબ્રન્ટ’ની ગણના પામવા લાગ્યું હતું પરંતુ ૨૦૨૩-૨૪ના નાણાંકીય વર્ષમાં નવા પ્રોજેક્ટ લોન્ચીંગ ધીમા પડી ગયા અને સ્લોડાઉનની હાલત સર્જાઇ હોવાના સંકેત છે.

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (ગુજરેરા) સમક્ષ ૨૦૨૩-૨૪માં ૧૭૨૧ નવા પ્રોજેકટનું રજીસ્ટ્રેશન થયું હતું જે સંખ્યા આગલા વર્ષમાં ૧૮૬૬ હતી અને તેની સરખામણીએ ૭.૭ ટકા ઓછા પ્રોજેકટ મુકાયા હતા. રેસીડેન્સીયલ, કોમર્શીયલ, જમીન પ્લોટીંગ સ્કીમ સહિત તમામ કેટેગરીમાં સમાન હાલત હતી એટલું જ નહીં, અમદાવાદ, રાજકોટ, વડોદરા જેવા મોટા પ્રોપર્ટી માર્કેટમાં એક સમાન ટ્રેન્ડ જોવા મળ્યો હતો.

‘ગુજરેરા’ના રીપોર્ટ પ્રમાણે રાજકોટ તથા વડોદરામાં નવા પ્રોજેક્ટ લોન્ચમાં સૌથી મોટો ઘટાડો હતો. રેસીડેન્સીયલ તથા રેસીડેન્સીયલ કમ-કોમર્શીયલ કેટેગરીમાં બહુ ઓછા પ્રોજેક્ટ લોન્ચ થયા હતાં.

ગુજરેરાના એક સીનીયર અધિકારીએ કહ્યું કે કોરોનાકાળ બાદ શ્રેણીબધ્ધ મોટી સંખ્યામાં નવા પ્રોજેક્ટ લોન્ચ થયા હતા અને તેમાં ઘણાખરા હજુ બાંધકામના તબકકે છે. નાણાંભીડને કારણે અનેક બિલ્ડરો વારાફરતી એક-એક પ્રોજેકટ જ હાથ પર લઇ રહ્યા છે અને આ જ કારણોસર નવા પ્રોજેકટમાં ‘સ્લોડાઉન’ની સ્થિતિ સર્જાઇ છે. આ સિવાય છેલ્લા વર્ષોમાં જમીનના ભાવ ખૂબ વધી ગયા છે અને નવા પ્રોજેકટમાં તેની પણ અસર છે. કારણ કે ઉંચાભાવની જમીન ખરીદીને પ્રોજેકટ મુકવામાં યોગ્ય માર્જીન રહેતું નથી.

બિલ્ડરોના કહેવા પ્રમાણે અમદાવાદ હોય કે રાજકોટ અથવા તો ગુજરાતના કોઇપણ શહેરો હોય, પ્રોપર્ટીના ભાવમાં દર વર્ષે સરેરાશ ૮ થી ૧૦ ટકાનો વધારો થઇ રહ્યો છે. જયારે જમીનના ભાવમાં સરેરાશ ૨૦ ટકાનો વધારો છે. આ ઉપરાંત બાંધકામ તથા શ્રમિકો પાછળનો ખર્ચ પણ વધ્યો છે. તેની સામે તૈયાર પ્રોપર્ટીમાં તેટલા પ્રમાણમાં ભાવવધારો નથી પરિણામે બિલ્ડરોના નફા માર્જીન ઘડ્યા છે અને નવા પ્રોજેકટ મુકવામાં સાવધાની રાખવા લાગ્યા છે.

રીયલ એસ્ટેટ ક્ષેત્રના સૂત્રોએ કહ્યું કે ચાલુ પ્રોજેક્ટ પૂર્ણ થતા ન હોવાનું પણ એક મહત્વનું કારણ છે. સરકાર વધુ એફએસઆઇ જેવા પ્રોત્સાહન આપે છે. ગગનચૂંબી રેસીડેન્સીયલ-કોમર્શીયલ પ્રોજેક્ટની સંખ્યા વધી રહી છે. પરિણામે નિશ્ચિત જગ્યામાં વધુ સંખ્યામાં આવાસ કે ઓફિસોનું નિર્માણ થઇ જાય છે.

ક્રેડાઇ ગુજરાતના પ્રમુખ દિપક પટેલે કહ્યું કે રીટેઇલ ડીમાંડમાં ઘટાડો જોવા મળી રહ્યો છે પરંતુ ઓફિસ-કોમર્શીયલમાં નવેસરથી ડીમાંડનો સળવળાટ છે. નવા પ્રોજેકટને લાગેવળગે છે ત્યાં સુધી ટેકનીકલ સમસ્યાઓને કારણે ગુજરેરામાં અનેક અરજીઓ પેન્ડીંગ છે અને તૂર્તમાં તેનું રજીસ્ટ્રેશન થશે. એફએસઆઇ વધુ મળતી હોવાના કારણોસર મોટા પ્રોજેકટમાં આવાસ કે ઓફિસની સંખ્યા વધી જાય છે. એટલે અગાઉના વર્ષો કરતાં સપ્લાય ઓછી હોવાનું માની શકાય તેમ નથી.


રીયલ એસ્ટેટ સલાહકારના કહેવા પ્રમાણે હાલ માત્ર ‘વાસ્તવિક ગ્રાહકો’ના જોરે પ્રોપર્ટી માર્કેટ ચાલી રહ્યું છે. કોરોના કાળ બાદ ઇન્વેસ્ટરોએ ફરી પ્રવેશ કર્યો હતો પરંતુ હવે શેરબજાર તથા સોનામાં રેકોર્ડબ્રેક તેજીથી વધુ રીટર્ન મળવા લાગ્યું હોવાથી તે તરફ ખેંચાયો છે. આ સંજોગોમાં રીયલ એસ્ટેટ ક્ષેત્રે લીકવીડીટીની સમસ્યા થઇ રહી છે. અગાઉ કરતાં વિવિધ કારણોથી પ્રોજેક્ટ ખર્ચ પણ વધી ગયા છે.

રાજકોટ બિલ્ડર એસોસીએશનના પ્રમુખ પરેશ ગજેરાએ કહ્યું કે નવરાત્રી પછીથી નવા પ્રોજેક્ટના લોન્ચમાં ગતિ ધીમી પડી ગઇ છે. રેસીડેન્સીયલ તથા કોમર્શીયલ એમ બન્ને કેટેગરીમાં સમાન હાલત છે. એફોર્ડેબલ તથા પ્રીમીયમ કેટેગરીના પ્રોજેકટ છે પરંતુ ૬૦ લાખથી ૧ કરોડના મીડસાઇઝડ પ્રોજેકટમાં ડીમાંડ ઓછી થઇ ગઇ હોવાથી સ્લોડાઉનની સ્થિતિ છે. કોમર્શીયલ ક્ષેત્રમાં ‘ઓવર સપ્લાય’ની હાલત છે. કોવિડકાળ બાદ ડીમાંડ કરતાં સપ્લાય વધી ગઇ છે. વણ વેચાયેલો માલ વધુ છે એટલે બિલ્ડરો નવા પ્રોજેકટમાં તકેદારી રાખી રહ્યા છે.




## રી-ડેવલપમેન્ટનો વધતો ટ્રેન્ડ એક કારણ

બિલ્ડરોના કહેવા પ્રમાણે નવા પ્રોજેક્ટ ઘટવા છતાં રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ ડીલમાં મોટો વધારો છે અને તેની અસર નવા પ્રોજેક્ટમાં છે. અમદાવાદ જેવા શહેરમાં જુની સોસાયટીના રીડેવલપમેન્ટનો ટ્રેન્ડ વધુ છે. અગાઉ નવા આવાસ લેવામાં જ રસ દાખવતા લોકો હવે જુની સોસાયટીમાં પણ ખરીદી કરી રહ્યા છે.





## એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેકટ ઘટ્યા

ગુજરાતના રીયલ એસ્ટેટ ક્ષેત્રે સૌથી મોટો ઘટાડો એફોર્ડેબલ હાઉસીંગ કેટેગરીમાં છે. ગુજરેરાનો રીપોર્ટ એવું સૂચવે છે કે ૨૦૨૩-૨૪માં માત્ર ૪૪૩ એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેકટ લોન્ચ થયા હતા જે સંખ્યા આગલા વર્ષે ૫૭૮ની છે. અમદાવાદમાં આ સંખ્યા ૨૦૧થી ઘટીને ૧૪૯ની રહી છે. ક્રેડાઇ અમદાવાદના પ્રમુખ ચિત્રક શાહે કહ્યું કે અનેક પ્રોજેકટમાં બાંધકામ ચાલુ છે જે પૂર્ણ થયા બાદ નવા પ્રોજેક્ટ લોન્ચ થશે. આ ઉપરાંત સમૃદ્ધિ વધતી હોવાથી લોકો એફોર્ડેબલને બદલે મીડ સેગમેન્ટમાં ડીમાંડ વધી છે અને તે પણ એક મોટું કારણ છે. આ ઉપરાંત એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેક્ટના પ્રોત્સાહન બંધ થઇ ગયા હોવાના કારણે પણ સંખ્યા ઓછી થઇ છે.

## પ્રોપર્ટી માર્કેટનું ભવિષ્ય ઉજજવળ જ છે



રીયલ એસ્ટેટ ક્ષેત્રના નિષ્ણાંતોએ એવો દાવો છે કે સંખ્યાબંધ નવા પ્રોજેકટોની રજીસ્ટ્રેશન અરજી થઇ જ ગઇ છે અને મંજુરીના તબકકે છે ત્યારે આવતા તહેવારોની રીઝનમાં તે લોન્ચ થઇ શકે છે. ગુજરાતનો માળખાકીય વિકાસ પુરપાટ છે. રોજગારી સહિતના ક્ષેત્રે સ્થિતિ સારી છે એટલે અત્યારે ઘટેલી ડીમાંડ કામચલાઉ છે. આવતા મહિનાઓમાં ડીમાંડ વધી શકે છે. ફુગ્ગાવાનો દર નીચો આવી રહ્યો હોવાના કારણોસર આવતા સમયમાં વ્યાજદર ઘટશે અને તેમાંથી પ્રોપર્ટી માર્કેટ વધુ ઉંચાઇને આંબે તે સ્પષ્ટ છે.

Learn From Basic Drawing to Coloring & Shading...
Different Art course like Calligraphy, Pen And Dot Mandala, Warli Art, Doodling, Zentangle, Pencil Shading, Charcoal, Potraits, Lippan Art, Water Colors, Canvas Painting with Acrylic Colors, Special Fabric painting course and much more




We Also Conduct Short Art Course For 5 days and 10 Days
Multiple Art & Craft Activities in Morning Session
Age Group - 6yrs onwards, Monday to Friday,
Class Time, Morning 10.30am onwards, Evening - 5pm onwards
For more details
Visit Studio At Jai hind palace, opp Inox R world cinema, B.S marg, Rajkot 360001
theartstudio20 99248 10275, 8140320370

# સુર્યા ઓઈલ મીલના કવિતા ચૌહાણ હત્યા કેસમાં આરોપી ધીરજ સોલંકીને આજીવન કેદ

## વર્ષ ૨૦૧૯માં વાંકાનેર-મોરબી હાઈ-વે પરની ઓઈલ મીલમાં ચકચારી ઘટના બનેલીઃ ફરિયાદી પક્ષના સિનિયર ધારાશાસ્ત્રી લલિતસિંહ શાહી, અને સરકારી વકીલ સંજય દવેની દલીલો મોરબી સેશન્સ કોર્ટે માન્ય રાખી

રાજકોટ, તા.૨૪

સુર્યા ઓઈલ મીલના કવિતા ચૌહાણ હત્યા કેસમાં આરોપી ધીરજ જીવા સોલંકીને આજીવન કેદની સજા થઈ છે. વર્ષ ૨૦૧૯માં વાંકાનેર-મોરબી હાઈ-વે પરની ઓઈલ મીલમાં ચકચારી ઘટના બનેલી હતી. ફરિયાદી પક્ષના સિનિયર ધારાશાસ્ત્રી લલિતસિંહ શાહી, અને સરકારી વકીલ સંજય દવેની દલીલો મોરબી સેશન્સ કોર્ટે માન્ય રાખી ચુકાદો આપ્યો છે.

કેસની વિગત મુજબ, વઘાસીયા ગામની સીમમાં સુર્યા ઓઈલ એન્ડ એગ્રો ઈન્ડસ્ટ્રીઝમાં કવિતાબેન કેતનભાઈ ચૌહાણ (મૃતક) તથા આરોપી ધીરજ બંને સાથે નોકરી કરતા હતા. દરમિયાન બંને વચ્ચે પ્રેમ સંબંધો બંધાયા હતા. જોકે, આરોપી પરિણીત હતો. આ સંબંધ જાહેર થવાથી પોતાનું લગ્નજીવન બગડશે અને સમાજમાં બદનામી થશે. તેવું વિચારી કવિતાને સબંધો મુકી કહ્યું હતું. જોકે કવિતા સબંધ છોડવા તૈયાર નહોતી. જેથી છુટકારો મેળવવા માટે તા.૭/૨/૨૦૧૯ ના રોજ પૂર્વ નિર્ધારીત રીતે પોતે છુપાવેલ કુહાડી રસોડામાં રાખી સહકર્મચારીઓને કામના બહાને ઓફીસ બહાર મોકલી કવિતાને રસોડામાં બોલાવી. બોલાચાલી કરી ઝપાઝપી કરી ફ્રીઝ પર રાખેલ કુહાડી કવિતાના ગળાના ભાગે, માથામાં ઈજાઓ કરી મૃત્યુ નિપજાવેલ હતું. મૃતકના પિતાએ વાંકાનેર સિટી પોલીસ સ્ટેશનમાં આરોપી ધીરજ સોલંકી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. તપાસનીશ પોલીસ અધિકારી દ્વારા આરોપીની ધરપકડ કરી તેઓ વિરૂધ્ધ ગુન્હાને સાંકળતો પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલ હતું.

કેસ ચાલતા સરકાર પક્ષે કુલ - ૧૮ સાહેદોને તપાસવામાં આવેલ. ૪૨ જેટલા દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખવામાં આવેલ. સરકારી વકીલ તથા મુળ ફરીયાદીના વકીલે એવી રજૂઆત કરવામાં કરેલી કે, ફરીયાદ પક્ષે કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે. સાહેદો નેચરલ વીટનેશ છે. સાહેદોથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળેલ છે. આરોપી પાસેથી કબ્જે થયેલ મોબાઈલ ફોનમાં મરણજનારના સ્થળ ઉપરના ફોટોગ્રાફસ મળી આવેલ છે. જે ફોટોગ્રાફસમાં આરોપીના પગ દેખાય આવે છે. આરોપી દ્વારા મરણજનારને નિર્દય રીતે મારી નાખી તેના ફોટોગ્રાફસ પોતાના મોબાઈલમાં પાડી સેવ કરેલ છે. તેના ઉપરથી આરોપીની મનોવૃતીનો ખ્યાલ આવી શકે તેમ છે,. આરોપી તરફે એવી રજુઆત કરવામાં આવેલ હતી. બંને પક્ષોની લેખીત તથા મૌખીક રજુઆતો, વિવિધ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ મોરબીના સેશન્સ જજ વી. એ. બુધ્ધએ આરોપી ધીરજ સોલંકીને તકસીરવાન ઠેરવી આજીવન કેદ તથા રૂ. બે લાખનો દંડ કરતો હુકમ કર્યો છે. દંડની રકમ મૃતકના કાયદેસરના વારસોને વળતર પેટે આપવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં સરકાર પક્ષે એ.પી.પી. સંજયભાઈ સી. દવે તથા મુળ ફરીયાદી વતી રાજકોટના એડવોકેટ લલિતસિંહ જે. શાહી, ભુવનેશ એલ. શાહી, કૃણાલ એલ. શાહી, ચંન્દ્રકાંત એમ. દક્ષીણી, યોગેશ બારોટ, સુરેશ આર. ફળદુ, મનીષ આર. ગુરૂંગ, નિશાંત એમ. જોષી તથા મોરબીના એડવોકેટ જીતેન અગેચાણીયા તથા જીતુ સોલંકી રોકાયેલ હતા.

# સેલ્ફ કાર ભાડે લઈ જઈ પડાવી લેવાનું કૌભાંડ મસમોટુંઃ વધુ ૧.૬૯ કરોડની ૨૦ કાર વેંચી નંખ્યાનો ધડાકો

## કોઠારીયાના કાનજી ઉર્ફે આકાશ અને જામનગરના બિલાલની બેલડીએ વાહનોના ધંધાર્થીઓને વિશ્વાસમાં લઈ કાર મેળવી વેંચી નાંખતા 'તાઃ ગઈકાલે ૨૮ કાર પડાવી લીધાની ફરીયાદ નોંધાયા બાદ વધુ બે ગુના બેલડી સામે દાખલ થયાંઃ બંને શખ્સોને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી લીધા બાદ વધુ છેતરપીંડીના બનાવોના ભેદ ખોલવા સઘન પૂછપરછ

રાજકોટ. તા.૨૪

રાજકોટમાંથી સેલ્ફ કાર ભાડે લઈ જઈ પડાવી લેવાના કૌભાંડનો પર્દાફાશ થયાં બાદ એક બાદ એક ફરિયાદી સામે આવી રહ્યા છે અને કરોડોનું મસમોટું કૌભાંડ બહાર આવી રહ્યું છે. ક્રાઇમ બ્રાન્ચની ટીમે કોઠારીયાના કાનજી ઉર્ફે આકાશ અને જામનગરના બિલાલ શાહમદારને મોરબી પંથકમાંથી દબોચી લઈ કરોડો રૂપિયાની મોંઘીદાટ કાર કબ્જે કરી કરી છે. જ્યારે બી. ડિવિઝન પોલીસ મથકમાં વાહનના ધંધાર્થી અને તેના મિત્ર વર્તુળ સાથે બેલડીએ ૨૬ કાર લઈ જઈ રૂ.૧.૮૧ કરોડની છેતરપીંડીની આચર્યાની ફરિયાદ દાખલ થયાં બાદ ગાંધીગ્રામ પોલીસ મથકમાં રૂ.૫૬ લાખની સાત કાર અને તાલુકા પોલીસ મથકમાં રૂ.૧.૧૩ કરોડની ૧૩ કાર ની બેલડીએ છેતરપીંડી કર્યાની ફરીયાદ નોંધાઈ હતી. ક્રાઇમ બ્રાન્ચે આરોપીની સઘન પૂછપરછ યથાવત રાખી છે.

બનાવ અંગે ૮૦ ફૂટ રોડ પર લક્ષ્મણ ટાઉનશીપમાં રહેતાં ઋષિલ હર્ષદભાઈ ઉનડકટે ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે અકી ગોગન પટેલ (રહે. કોઠારીયા ગામ પાસે, ખોડલધામ સોસાયટી ગેઇટ નં.૨, કોઠારીયા રોડ) અને બિલાલ હસનશા શાહમદાર (રહે. જામનગર) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો ધંધો કરે છે અને તેના પરિચયમ આવેલા આરોપી કાનજીએ તેના પરિચિત બિલાલને કાર ભાડે અપાવવાનું કહીં શરૂઆતમાં સમયસર ભાડું ચૂકવી બાદમાં તેમની

સ્વીફ્ટ કાર રૂ. ૬ લાખ, તેમજ તેમના મિત્રો અમીતભાઈ વાઘેલાની કીયા સેલટોસ કાર રૂ.૧૦ લાખ, ચંદ્રજીતસિંહ પૃથ્વીસિંહ જાડેજાની થાર કાર રૂ. ૯ લાખ, અમીતભાઇ વાઘેલાની થાર કાર રૂ. ૧૦ લાખ, ભરતભાઇ પ્રભાતભાઇ ડાંગરની સ્વીફ્ટ કાર રૂ.૬ લાખ, તેમના ઓળખીતાઓની વર્ના કાર રૂ.૧૦ લાખ અને બલેનો કાર રૂ. ૫ લાખ મળી કુલ રૂ.૫૬ લાખ ની ૭ કાર પરત ન આપી છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી.

જ્યારે આજીડેમ ચોકડી પાસે સત્યમ પાર્ક શેરી નં.૧ માં રહેતાં મનોજભાઇ શૈલેષભાઇ મુંધવા (ઉ.વ.૨૬) એ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ચા ની હોટલ ચલાવે છે. સાથે સાથે તેઓ ભાગીદારીમાં મવડી ચોકડી, ખોડીયાર હોટલ પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, પર વાહન સેલ્ફ ભાડે આપવાનો ધંધો પણ કરે છે.

તેમની પાસેથી આરોપી કાનજી ઉર્ફે આકાશે બિલાલ શાહમદારને ભાડે કાર આપવાનું કહી પ્રથમ સમયસર ભાડા ચૂકવી બાદમાં તેમની અને તેના ભાગીદાર વિજયસિંહ મોહનસિંહ વાઘેલાની સ્કોર્પિયો કાર રૂ.૧૨ લાખ, સ્વીફ્ટ કાર- ૪ રૂ.૨૭ લાખ, અર્ટીકા કાર રૂ. ૮ લાખ, તેમજ અન્ય ધવલભાઇ મુકેશભાઇ સરધારાની ક્રેટા કાર રૂ.૧૧ લાખ, થાર કાર રૂ.૧૨ લાખ, બલેનો કાર રૂ.૬ લાખ, વર્ના કાર રૂ.૮ લાખ તેમજ ભૌતિકભાઇ દિલીપભાઇ ટોળીયા અને તેમના મિત્ર કિશનભાઈ બાળાની સ્વીફ્ટ કાર રૂ.૬ લાખ, જયભાઇ બોરીચાની થાર કાર રૂ.૧૨ લાખ અને ખોડુભાઇ વજુભાઇ માલાની થાર કાર રૂ.૧૧ લાખ મળી કુલ રૂ.૧.૧૩ કરોડની ૧૩ કાર પરત ન આપી છેતરપીંડી આચરી હતી. બનાવ અંગે ક્રાઇમ બ્રાન્ચ પીઆઇ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ એમ.જે.હુણ અને ટીમે બે દિવસ પહેલાં જ મોરબી વિસ્તારમાંથી કરોડોની કિંમતની ૫૦ થી વધું કાર સાથે કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે અક્કી ગોગન પટેલ અને જામનગરના બિલાલ શાહમદારને પકડી લીધાં હતાં. હજું પણ કાર પડાવી છેતરપીંડી આચર્યનો આંકડો વધવાની શક્યતા છે. ક્રાઇમ બ્રાન્ચે આરોપીની સઘન પૂછતાછ યથાવત રાખી છે.

# મારામારીના ગુનામાં હાથી અરડુને બે વર્ષની સજા ફટકારતી રાજુલા કોર્ટ

## રાજુલા તાલુકાના માંડણ ગામે રહેતા ફરિયાદી ભુપતભાઈ હડીયાના ખેતરમાં આરોપીએ ઢોર ચરાવી પાકમાં નુકસાન કરતા મારામારી થઈ હતી

રાજકોટ તા.૨૪


દિવ્યેશ ગાંધી સરકારી વકીલ

સને ૨૦૧૩માં ભુપતભાઈ મંગળભાઈ હડીયા (રહે.માંડણ, તા.રાજુલા) પોતાના ખેતરમાં આટો મારવા ગયેલા ત્યારે આરોપી હાથીભાઈ આલાભાઈ અરડું (રહે.નાના મછુન્દ્રા, તા.રાજુલા)ના ખેતરમાં માલ ઢોર ચરાવતા હોય અને જેનાથી પાકને નુકશાન થતુ હોય જેથી તેમને માલઢોર ચરાવવાની ના પાડતા તેને સારૂ નહી લાગતા કુહાડી વડે ભુપતભાઈને માર મારેલો જે અંગેની ફરિયાદ બાદ પોલીસે કોર્ટમાં ચાર્જશીટ કરેલ હતું. કેસ ચાલતા ફરિયાદી તેમજ નજરે જોનાર સાહેદો અને પંચોની જુબાની તેમજ ડોકટર અને તપાસ કરનાર અધિકારીની જુબાની તથા વિવિધ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરીને આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોય રાજુલાના એડી. ચીફ. મેજી.એ સરકારી વકીલ દિવ્યેશ ગાંધીની દલીલો ધ્યાને લઈ આઈપીસી કલમ ૩૨૪ મુજબ બે વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૫૦૦૦નો દંડ આઈપીસી કલમ ૩૨૩ મુજબ એક વર્ષની સાદી કેદની સજા અથવા રૂા.૧૦૦૦નો દંડ એમ કુલ ૨ વર્ષની સજા અને રૂા.૬૦૦૦નો દંડ કરતા અસામાજીક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ દિવ્યેશ બી. ગાંધી રોકાયેલ હતા.

# વ્રજવાટીકા સોસાયટીમાં પત્તા ટીંચતા ચાર બાજીગરો ઝડપાયા

## શાપર પીએસઆઈ આર. કે. ગોહિલની બાતમી, ૩૬ હજારની રોકડ કબ્જે કરાઈ

(મિલન મહેતા દ્વારા)

શાપર, તા.૨૪

શાપર વેરાવળ પોલીસે વ્રજવાટીકા સોસાયટીમાંથી પત્તા ટિંચતા ચાર બાજીગરો પકડી પાડ્યાં હતાં. પોલીસે જુગારધારોનો ગુનો નોંધી ૩૬ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બનાવની વિગત મુજબ શાપર વેરાવળ પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન પીએસઆઈ આર.કે.ગોહિલને મળેલ બાતમીના આધારે દરોડો પાડી વ્રજવાટીકા સોસાયટીમાં જાહેરમાં પત્તા ટિંચતા શૈલેષભાઇ દીલીપભાઈ આદ્રોજા (રહે.શાપર વ્રજવાટીકા શેરી નં-૨ તા.કોટડા સાંગાણી), કેતનભાઇ પ્રભાસભાઇ સોડીયા (રહે.રાજકોટ અંબીકા ટાઉનશીપ અક્ષર પ્રાઇમ સી.૫૦૧), પરેશભાઇ પોપટભાઇ વેકરીયા (રહે.રાજકોટ ૧૫૦ ફુટ રીંગ રોડ ફોર્ચુન હોટલ પાછળ સહજાનંદ નગર), ગંભીરસિંહ ગોવુભા સોલંકી (રહે.રાજકોટ નહેરૂનગર ૮૦ ફુટ રોડ પુરૂષાર્થ સોસાયટી શેરી નં-૫) ને દબોચી લઈ મુદ્દામાલ રૂ.૩૬,૬૪૦ કબ્જે કર્યા હતાં.

આ કામગીરી શાપર પીએસઆઈ આર.કે.ગોહિલ, જી.બી.જાડેજા, હેડ.કોન્સટેબલ તુષારસિંહ જાડેજા, પ્રલાદસિંહ રાઠોડ, મહેન્દ્રભાઈ ધાધલ ,ઉપેન્દ્રસિંહ ગોહિલ, મયુરસિંહ જાડેજા, ખીમજીભાઈ હુણ, કોન્સ્ટેબલ લગધીરસિંહ જાડેજા, અલ્પેશભાઈ ડામસીયા દ્વારા કરવામાં આવી હતી.

જૂની અદાવતમાં બે જૂથ ફરી ભડકયા, પોલીસના હાથ ટૂંકા પડ્યા

# ભોમેશ્વરમાં કુખ્યાત આરીફ કયડા આણી ટોળકીએ મહિલાના ઘરમાં સોડા બોટલના ઘા કર્યા

## અગાઉ થયેલ ફરિયાદમાં સમાધાન કરાવવાનું કહીં રસીદાબેન જુણેજાના મકાનમાં મોડી રાતે ટોળકીએ તોડફોડ કરી ધમકી આપીઃ ગાંધીગ્રામ પોલીસની આરોપીને પકડવા દોડધામ

રાજકોટ. તા.૨૪

જૂની અદાવતમાં બે જૂથ ફરી ભડકયા હોય અને સામસામે બઘડાતી બોલી હતી અને પોલીસના હાથ ટૂંકા પડ્યા હોય તેમ મુક પ્રેક્ષક બની હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું હતું. ભોમેશ્વરમાં કુખ્યાત આરીફ કયડા આણી ટોળકીએ મહિલાના ઘરમાં સોડા બોટલના ઘા કરી તોડફોડ કરી ધમકી આપતાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે ભોમેશ્વર પ્લોટ શેરી નં.૧૨ માં ખોડિયાર ડેરી સામે રહેતાં રસીદાબેન મુનાફભાઇ જુણેજા (ઉ.વ.૪૯) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે આરીફ ઓસમાણ કયડા, રઘુ અને બે અજાણ્યાં શખ્સોના નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે આઈપીસી ૫૦૪, ૫૦૬(૨),૪૨૭,૩૩૬ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ પતિ મુનાફ અને પુત્ર મોસીન (ઉ.વ.૨૯), સમીર (ઉ.વ.૨૭) સાથે રહે છે. તેમના દિયર વાસીમભાઇ જુણેજાએ ચારેક મહિના પહેલાં આરીફ કયડા અને મોસીન કયડા વિરુધ્ધ અગાઉ પ્ર.નગર પોલીસ સ્ટેસનમાં મારામારી અંગેની ફરીયાદ કરેલ હતી. જે કેસ હાલ કોર્ટમાં ચાલુ છે. જે કેસમાં સમાધાન કરવા આરીફ કયડા અવાર નવાર કહેતો હોય પરંતુ તેણીના દિયરે સમાધાન કરેલ ન હતું. જેથી આ મામલે તે કેસમાં વચ્ચે રહી સમાધાન કરાવવા કહેલ હતું. પરંતુ તેણીના દિયરે સમાધાન કરવાની ના પાડેલ હતી.

ગઇ તા.૨૨/૦૪/૨૦૨૪ ના રાત્રીના દશેક વાગ્યાની આસપાસ આરીફ કયડાએ પરાબજારમાં જલારામ ભેળવાળા સાથે મારામારી કરેલ હોવાના સમાચાર તેણીના દિયર વાસીમભાઇ જુણેજાને મળતા તેઓ બન્ને પતિ-પત્નીને ડર લાગેલ કે, આ આરીફ કયડા તેઓના ઘરે પણ આવી ઝઘડો કરશે તેવા ભયથી દંપતી તેણીના ઘરે આવેલ હતા અને તેણીના ઘરે કોઈ પુરુષ હાજર ન હતા. બાદમાં તેઓ અને તેમની પુત્રવધુ પોતા પોતાના રૂમમાં સુઇ ગયેલ હતા. બાદમાં મોડી રાતે દોઢ વાગ્યાની આસપાસ તેણી ઉપરના રૂમમાં સૂતી હતી તે રૂમની બાલ્કનીનો કાચ તુટવાનો અવાજ આવતા તુરંત બારીમાંથી નીચે જોતા આરીફ કયડા અને તેની સાથેના ત્રણ શખ્સો નીચે ઉભેલ હતાં. આરીફ કયડાના હાથમાં ખાલી કાચની સોડાની બોટલ હતી અને તે મોટે મોટેથી ગાળો બોલતો હતો અને કહેતો હતો કે, વાસીમભાઇ જુણેજાએ અમારી ઉપર જે પોલીસ ફરીયાદ કરેલ છે જે કેસમાં તમે સમાધાન કરાવી દ્યો નહીતર કોઇને જીવતા નહી રહેવા દઇ તેમ કહી ચારેય શખ્સો બે બાઇકમાં નાસી છૂટ્યા હતાં.

બાદમાં તેઓની ઘરે લગાડેલ સી.સી.ટી.વી કેમેરા જોતા ત્રણ અજાણ્યા શખ્સોમાંથી તેણીના દિયરની બાજુમાં રહેતો રઘુ હોવાનું જોવા મળ્યું હતું. તેમજ આરીફ કાચની સોડા બોટલના ચારેક છુટા ઘા ઘરની ઉપરના રૂમની બાલ્કનીમાં કરતો હોવાનું જોવા મળ્યું હતું. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એન.વી.હરિયાણી અને ટીમે આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

### બે જૂથની લડાઈમાં જલારામ ભેળવાળા પણ ભોગ બન્યાઃ લુખ્ખાગીરીથી વેપારીનો હાથ ભાંગ્યો

રાજકોટ. તા.૨૪

ગઈકાલે પરા બઝારમાં કુખ્યાત શખ્સો આરીફ, આશીફ અને ઘોઘો પોતાની અંગત અદાવતનો બદલો લેવા નીકળ્યા તેમાં નિર્દોષ વેપારીને માર પડતાં તેનો હાથ ભાગી ગયો હતો. ૪૦ વર્ષથી જલારામ ભેળ હાઉસ નામની દુકાન ધરાવતાં વિમલ નાનાલાલ ભગદેવની દુકાને ઘસી જઈ આરોપીઓએ દુકાન બંધ કરવાનું કહી તોડફોડ કરી હુમલો કરતા વેપારીનો હાથ ભાંગી ગયો હતો. બનાવ અંગે એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધાયો હતો.

### વળતો પ્રહારઃ જુણેજા બંધુઓએ આરીફ કયડાના મકાનમાં તોડફોડ કરી રોકડ અને દાગીના ચોરી ગયાં

પ્ર. નગર પોલીસે આઠ શખ્સો સામે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી

રાજકોટ. તા.૨૪

ભોમેશ્વર પ્લોટમાં આરીફ કયડા અને આણી ટોળકીએ મકાનમાં કરેલ તોડફોડ બાદ બદલો લેવા જુણેજા બંધુઓએ આરીફ કયડાના મકાનમાં તોડફોડ કરી રોકડ અને દાગીના ચોરી ગયાંની ફરીયાદ પ્ર. નગર પોલીસ મથકે નોંધાઈ હતી.

બનાવ અંગે જામનગર રોડ પર સ્લમ ક્વાર્ટરની સામે રહેતા મેરુનબેન ઓસમાણ કયડા (ઉ.વ.૬૦) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે સમીર મુનાફ જુણેજા તેના ભાઈ મોહસિન, રમીઝ વસીમ જુણેજા, આબીદ જુણેજા, શાહરૂખ જુણેજા અને તેની સાથેના આઠેક અજાણ્યા શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓની સાથે તેમના પુત્ર આરીફ અને આસીફ પણ રહે છે. આરોપીઓએ ગઈકાલે રાત્રે કાચની બોટલોના છૂટા ઘા કરી ઘરમાં ઘૂસી તોડફોડ કરી આરીફના મકાનમાં સ્થિત કબાટમાં રાખેલા રૂ.૧૭હજાર અને સોનાનો ચેઈન મળી કુલ રૂ.૩૭ હજારની મતા ચોરી કરી નાસી છૂટ્યા હતાં. બનાવ અંગે પ્ર. નગર પોલીસે ગુનો નોંધી નાસી છૂટેલા શખ્સોની શોધખોળ હાથ ધરી હતી.

# અવસાન નોંધ

**રાજકોટઃ** રાજકોટ નિવાસી લવજીભાઈ વશરામભાઈ દૂધાત્રા (ઉ.૭૫) તે મહેશભાઈ લવજીભાઈ દુધાત્રાના પિતાશ્રીનું તા.૨૨ને સોમવારના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૨૫ ગુરૂવાર સવારે ૮થી ૯-૩૦ સત્યજીત સોપાન સોસાયટી હોલ, કસ્તુરી એવયરીની સામે, જીવરાજ પાર્ક, મવડી, અંબીકા ટાઉનશીપ, રાજકોટ રાખેલ છે.

**ઉપલેટાઃ** સ્વ. રતીલાલ ધનજી વોરાના પુત્ર, સ્વ. માણેકલાલ ભાણજી ફોફરિયાના જમાઈ, સ્વ. હીરાબેનના પતિ ધીરૂભાઈ તે રાજેશ, જસમીના, બીનાલી, રીંકુના પિતાશ્રી તથા સ્વ. લાભકુવરબેન, કાંતાબેન, ચંદનબેન, કલાબેન, સ્વ. સુધાબેન, ધનલતાબેન, પુનમચંદભાઈના ભાઈ તથા રૂપાબેનના સસરા તા.૨૦ના રોજ અરીહંત શરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ગુરૂવાર તા.૨૫ના રોજ સવારે ૯-૩૦ કલાકે ઉપલેટા મુકામે રાખેલ છે.

**સાવરકુંડલાઃ** સાવરકુંડલા નિવાસી ગૌ.વા. રંજનબેન કૃષ્ણકાંતભાઈ ઠકરાર (ઉ.૭૫) તે કૃષ્ણકાંતભાઈ ઠકરારના પત્ની તથા હીનાબેન, જીજ્ઞાબેન, વિરાજબેન, મિતભાઈના માતુશ્રી તથા ગૌ.વા. મનસુખલાલ તથા ગૌ.વા. મહેશકુમાર છોટાલાલ સચદેવ (વીરડીવાળા)ના બહેન તા.૨૨ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું ઉઠમણું તથા પીયરપક્ષની સાદડી (સંયુકત) તા.૨૫ને ગુરૂવારના સાંજના ૪થી ૬ લોહાણા વિદ્યાર્થી ભવન, મહુવા રોડ, સાવરકુંડલા રાખેલ છે.

**રાજકોટઃ** મોટી ખીલોરી વાળા હાલ રાજકોટ નિવાસી દશા સોરઠીયા વણીક અનસુયાબેન ચૂનિલાલ શેઠ તા.૨૨ને સોમવારે શ્રીજી ચરણ પામેલ છે. તે રાજેન્દ્ર શેઠ, ઉમેશભાઈ શેઠના માતુશ્રી, ગુલાબભાઈ શેઠ, પ્રવિણભાઈ શેઠ, વિનોદભાઈ શેઠ, ઈન્દુબેન માણીયાર, નરેશભાઈ શેઠના બહેન થાય. ટેલીફોનીક બેસણું તા.૨૫ ગુરૂવારે સાંજે ૪થી ૬ રાખેલ છે. રાજેન્દ્રભાઈ શેઠ મો. ૯૯૨૪૩ ૨૬૬૧૩, ઉમેશભાઈ શેઠ મો. ૮૪૦૧૬ ૦૨૨૪૪.

**રાજકોટઃ** અરડોઈ હાલ રાજકોટ નિવાસી સ્વ. મનુભાઈ ઠાકરશીભાઈ ધામેલીયા (ઉ.૭૭) તે જીવણભાઈ, સ્વ. રમેશભાઈ ઠાકરશીભાઈ ધામેલીયાના ભાઈ તેમજ જીજ્ઞેશભાઈના પિતાશ્રીનું તા.૨૨ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૫ ગુરૂવારના રોજ સાંજે ૪-૩૦થી ૬ કલાકે ભવનાથ મહાદેવ મંદિર, શિવમ પાર્ક, રૈયા ચોકડી, અમૃતા હોસ્પિટલ વાળી શેરી, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** નિરૂબેન શશીકાંત વાલાણી (સુદાનવાળા) (ઉ.૮૪) તે જીતેશભાઈ તથા મોહીનીબેન રાજુભાઈ ભટ્ટના માતુશ્રી અને પુજા, જેનીના દાદીનું તા.૨૨ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૫ને ગુરૂવારે ૧૦-૩૦ કલાકે સરદારનગર ઉપાશ્રય, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મુળી હાલ રાજકોટ નિવાસી ચંદ્રસિંહ (દેવેન્દ્રસિંહ) ભોજુભા પરમાર (ઉ.૫૬) તે યશરાજસિંહ તથા વિશ્વરાજસિંહના પિતાશ્રી તેમજ નરેન્દ્રસિંહ, પ્રવિણસિંહ, હરિચંદ્રસિંહ, સ્વ. ધનશ્યામસિંહ, ભરતસિંહ, પરાક્રમસિંહ, દશરથસિંહના નાનાભાઈનું તા.૨૩ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૨૫ને ગુરૂવાર સાંજે ૪-૩૦થી ૬-૩૦ ૨/૧૪ લક્ષ્મીવાડી, રાજકોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલાઃ** મસરાણી ખુશાલી (જુલી) રાકેશભાઈ (ઉ.૧૮) સાવરકુંડલા તે અતુલભાઈ ચંદુલાલ મસરાણીના પૌત્રી, રાકેશભાઈના પુત્રી તેમજ અભિષેકભાઈ અને રાજદીપભાઈના ભત્રીજીનું તા.૨૩ના અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૫ને ગુરૂવારના સાંજે ૪-૩૦થી ૬ કાશી વિશ્વનાથ મંદિર, આનંદ આશ્રમ સામે, શિવાજીનગર, સાવરકુંડલા ખાતે રાખેલ છે. રાકેશભાઈ ૯૨૬૫૮ ૩૭૦૪૫, અતુલભાઈ ૯૮૭૯૬ ૪૬૩૦૭.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી સ્વ. લક્ષ્મીદાસ હરખચંદ લાખાણીના પુત્ર ભુપેન્દ્ર લક્ષ્મીદાસ લાકાણી (ઉ.૭૦) તે કાશ્મીરાબેનના પતિ, ચિ. નિરાલીના પિતાની, મેઘ બીપીનભાઈ પટેલના સસરા, અરવિંદભાઈ, લલીતભાઈ, વિનોદભાઈ, સુમનબેન સાંગાણી, આરતીબેનના દેર તથા નીશાબેનના જેઠ, જયોત્સનાબેન, ડોલીબેન શેઠના ભાઈ, આદીત્ય, મીલોની, ચૈતન્ય, મયુરીબેન દોશી તથા હેતલના કાકા, તા.૨૨ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૨૫ ગુરૂવારના સવારે ૧૦થી ૧૧ નાગર બોર્ડીંગ, હાડકેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં, વિરાણી હાઈસ્કુલ સામે, ટાગોર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

વાંકાનેરઃ વાંકાનેર નિવાસી સોની સ્વ. જમનાદાસ વીરચંદ પારેખના પુત્ર નરેન્દ્રભાઈ (ઉ.વર્ષ ૭૦) તે ગં.સ્વ. મીનાબેનના પતિ તથા રમેશભાઈ તથા હસમુખભાઈના મોટાભાઈ તથા અજયભાઈ અને અર્ચનાના પિતાશ્રી તથા હિરેનભાઈ, મિતેષભાઈ તથા શ્યામભાઈના ભાઈજી તથા વેદાંત અને વિહાનના દાદા તેમજ અમદાવાદ નિવાસી શામજીભાઈ રાણપરાના જમાઈ તા.૨૨ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદ્દગતનું બેસણું (બન્ને પક્ષનું) તા.૨૫ને ગુરૂવારના રોજ સવારે ૧૦થી ૧૨ ઔદિચ્ય બ્રહ્મ સમાજની વાડી, રામચોક, વાંકાનેર ખાતે રાખેલ છે. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે).

**રાજકોટઃ** રાજય પુરોહિત બ્રાહ્મણ જ્ઞાતિ રાજકોટના ગં.સ્વ. ગંગાબેન કેશવલાલ ભટ્ટ (ઉ.૯૫) તે સ્વ. કેશવલાલ મગનલાલ ભટ્ટના પત્ની, દિલીપભાઈ ભટ્ટ, મુકેશભાઈ ભટ્ટ (યુકે) ભાવનાબેન અશોકકુમાર જોશી (નવી મુંબઈ) ઈલાબેન નારાયણકુમાર જોશી (રાજકોટ)ના માતુશ્રીનું તા.૨૨ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું ઉઠમણું તા.૨૫ને ગુરૂવારના રોજ સાંજે ૫-૩૦થી ૬ કલાકે વાંકાનેર સોસાયટી કોમ્યુનિટી હોલ, વાંકાનેર સોસાયટી શેરી નં.૧, જામનગર રોડ, રાજકોટ રાખેલ છે.

**રાજકોટઃ** ગુ.મ.ક. દરજી જ્ઞાતિના સ્વ. નયનાબેન બકુલભાઈ ચૌહાણ તે સ્વ. બકુલભાઈ મોતીલાલ ચૌહાણ લાઠીવાળાના ધર્મપત્ની (ઉંમર વર્ષ ૬૪) તા.૨૩ મંગળવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે કિશોરભાઈ મનસુખભાઈ તથા ભરતભાઈના ભાભી તથા ભવિનભાઈ તથા કલ્પેશભાઈ તથા જયોતિબેન પરમાર તથા હર્ષાબેન ચાવડાના માતુશ્રી થાય. તેમનું બેસણું તા.૨૫ને ગુરૂવારના રોજ સમય સાંજે ૫થી ૬ સાંગણવા ચોક ખાતે રાખેલ છે. મો.ભવિનભાઈ ૯૬૮૭૩ ૧૫૦૯૫, કલ્પેશભાઈ ૯૭૧૨૭ ૩૯૯૩૫.

## દુઃખદ અવસાન - બેસણું



**સ્વ. ચંદ્રસિંહ (દેવેન્દ્રસિંહ) ભોજુભા પરમાર**

સ્વ.તા. ૨૩-૦૪-૨૦૨૪ મંગળવાર ચૈત્ર સુદ-પુનમ

દિલગીરી સાથ જણાવવાનું કે ચંદ્રસિંહ (દેવેન્દ્રસિંહ) ભોજુભા પરમાર (મુળી) તા. ૨૩-૦૪-૨૦૨૪ ને મંગળવાર ના રોજ અવસાન પામેલ છે. ભગવાન માંડવરાયજી દાદા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**બેસણું** : તા. ૨૫-૦૪-૨૦૨૪ ને ગુરૂવાર સાંજે ૪-૩૦ થી ૬-૩૦ રાખેલ છે.
સ્થળ : ૨/૧૪, લક્ષ્મીવાડી, રાજકોટ

નરેન્દ્રસિંહ છનુભા પરમાર (ભાઇ)
પ્રવિણસિંહ સુરૂભા પરમાર (ભાઇ)
હરિચંદ્રસિંહ સુરૂભા પરમાર (ભાઇ)
સ્વ. ધનશ્યામસિંહ છનુભા પરમાર (ભાઇ)
ભરતસિંહ જોરૂભા પરમાર (ભાઇ)
પરાક્રમસિંહ જોરૂભા પરમાર (ભાઇ)
દશરથસિંહ છનુભા પરમાર (ભાઇ)
ગજેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ પરમાર (ભત્રીજા)
યુવરાજસિંહ પ્રવિણસિંહ પરમાર (ભત્રીજા)
મયુરસિંહ નરેન્દ્રસિંહ પરમાર (ભત્રીજા)
દિપકસિંહ પ્રવિણસિંહ પરમાર (ભત્રીજા)
ધર્મેન્દ્રસિંહ ધનશ્યામસિંહ પરમાર (ભત્રીજા)
હિમરાજસિંહ હરીચંદ્રસિંહ પરમાર (ભત્રીજા)
વિરેન્દ્રસિંહ દશરથસિંહ પરમાર (ભત્રીજા)
કુલદિપસિંહ ધનશ્યામસિંહ પરમાર (ભત્રીજા)
શકિતસિંહ દશરથસિંહ પરમાર (ભત્રીજા)
મહાવિરસિંહ પરાક્રમસિંહ પરમાર (ભત્રીજા)
અજયસિંહ ભરતસિંહ પરમાર (ભત્રીજા)
યોગેન્દ્રસિંહ પરાક્રમસિંહ પરમાર (ભત્રીજા)
યશરાજસિંહ દેવેન્દ્રસિંહ પરમાર (પુત્ર)
વિશ્વરાજસિંહ દેવેન્દ્રસિંહ પરમાર (પુત્ર)
આદિત્યસિંહ દિપકસિંહ પરમાર (પૌત્ર)
રણવીરસિંહ ગજેન્દ્રસિંહ પરમાર (પૌત્ર)
લક્ષ્યરાજસિંહ મયુરસિંહ પરમાર (પૌત્ર)
જયવીરસિંહ મહાવીરસિંહ પરમાર (પૌત્ર)
વિરાદિત્યસિંહ ધર્મેન્દ્રસિંહ પરમાર (પૌત્ર)
પરીક્ષિતસિંહ હિમરાજસિંહ પરમાર (પૌત્ર)

**તથા પરમાર પરિવારના જય માતાજી**

SHASHI-98255 55845

## દુઃખદ અવસાન / બેસણું-ધોરાજી



**સ્વ.ધોરીબેન ધરમશીભાઈ રાદડીયા**
સ્વ.તા.૨૪/૪/૨૪, ધોરાજી
'ચક્ષુદાતા'

અમારા પરમ પૂજ્ય માતુશ્રી ધોરીબેન ધરમશીભાઈ રાદડીયા ઉ.વ.૯૦ નું દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેના દિવ્ય આત્માને શાંતિ આપે જ પ્રાર્થના.

સદ્દગતનું બેસણું: તા.૨૫/૪/૨૪ને ગુરૂવારે
સમય : સાંજે ૪ થી ૬ કોમ્યુનિટિ હોલ, મોતીનગર, દાતારવાડી રોડ, ધોરાજી ખાતે રાખેલ છે.

લી.
વિઠ્ઠલભાઈ ધરમશીભાઈ રાદડીયા (મો.૯૯૭૯૭ ૯૪૨૨૬)
વિનુભાઈ ધરમશીભાઈ રાદડીયા • વિશાલભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા
વિપુલભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા • રાજ વિનુભાઈ રાદડીયા
રાજ મોટર જેતપુર રોડ, ધોરાજી

**તથા પરિવારના જય શ્રીકૃષ્ણ**

## ॥ અરિહંત શરણ ॥



**સ્વ. હરીશભાઈ રમણીકલાલ કોઠારી (ઉં.વ. ૮૩)**
**સ્વ. તા. ૨૩-૦૪-૨૦૨૪ મંગળવાર**

સ્વ. રમણીકલાલ જગજીવનભાઈ કોઠારીના જયેષ્ઠ પુત્ર તેમજ ગં. સ્વ. જયોત્સનાબેનના પતિદેવ તેમજ સ્વ. પ્રભાતભાઇ, શ્રી પ્રદીપભાઇ, શ્રી પરાગભાઇ, સ્વ. બકુલાબેન, અ. સૌ. પ્રતિભાબેન, ગં. સ્વ. રમોલાબેનના મોટાભાઇ, તે સુકેતુભાઇ, ચિ. વૈશાલીબેનના પિતાશ્રી, બીરેનભાઇ તથા તેજલબેનના સસરા તેમજ દિશા-પ્રશમના દાદા, સાહિલ-નીલના નાના તે સ્વ. ચંદુભાઇ પોપટલાલ મહેતાના જમાઇ અરિહંત શરણ પામેલ છે.

**સદ્દગતનું ઉઠમણું**

**તા. ૨૫-૪-૨૦૨૪, ગુરૂવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે તથા પ્રાર્થના સભા સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ કલાકે**

પારસ કોમ્યૂનિટિ હોલ, નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**કોઠારી પરિવારના જય જીનેન્દ્ર**

**લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે**

Drishty-24

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# બે વ્યાજખોરોએ બજરંગ પાર્કના યુવકના પરિવારના એકાઉન્ટ પડાવી દુબઈથી ટ્રાન્જેક્શન કરાવ્યાં

સલૂન ચલાવતાં અમિત હીરાણીએ માતાપિતાના દાડો કરવા માટે લીધેલ રૂ.૬૦ હજાર વ્યાજ સહિત ચૂકવી દીધા છતાં ૫ લાખની પઠાણી ઉઘરાણી કરી ધમકી આપી

કંટાળેલા યુવાને ગઈકાલે પોલીસ કમિશ્નર કચેરીએ ફિનાઇલ પી-લીધું 'તું: બી. ડિવિઝન પોલીસે અંકિત અને રાજન પટેલ વિરૂદ્ધ મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૨૪

બજરંગ પાર્કના યુવકે તેના માતાપિતાના દાળા માટે લીધેલ રૂ.૬૦ હજાર વ્યાજ સહિત ચૂકવી દિધા છતાં બે વ્યાજખોરોએ ૫ લાખની પઠાણી ઉઘરાણી કરી ધમકી આપી પરિવારના એકાઉન્ટ પડાવી દુબઈથી ટ્રાન્જેક્શન કરાવ્યાં હતાં. અંતે કંટાળેલા યુવાને ગઈકાલે પોલીસ કમિશ્નર કચેરીએ ફિનાઇલ પી-લીધું હતું. બનાવ અંગે બી. ડિવિઝન પોલીસે અંકિત અને રાજન પટેલ વિરૂદ્ધ મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે મોરબી રોડ પર બજરંગ પાર્ક શેરી નં.૪ માં રહેતાં અમીતભાઇ કાંતિલાલ હિરાણી (ઉ.વ.૩૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અંકિત મનુ પટેલ અને રાજન મનુ પટેલનું નામ આપતાં બી.ડિવિઝન પોલીસે મનીલેન્ડ એકટની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતુ કે, તેઓ પત્નિ અને બે પુત્ર સાથે રહે છે. દોઢ વર્ષ પહેલા તેમના માતાનું અવસાન થતાં તેમની પાછળની શેરીમાં રહેતા અંકિત પટેલ જે વ્યાજે રૂપીયા આપતાં હોય તેની પાસેથી તેમની માતાનો દાડો કરવા માટે રૂ.૨૦ હજાર ૧૦ ટકા વ્યાજે લીધેલ હતા. બાદમાં રૂપિયા તેઓએ તેના પિતા હસ્તક અંકિતને પરત કરી દીધેલ હતાં. આશરે પાંચેક મહિના બાદ તેમના પિતાનું પણ અવસાન થતાં તેમના દાડા માટે મારે રૂપિયાની જરૂરીયાત પડતા અંકિત પાસેથી રૂ. ૪૦ હજાર ૧૦ ટકા વ્યાજે રૂપિયા લીધેલ હતા. સાતેક મહિના અંકિતને રોકડામાં વ્યાજ ચુકવેલ અને ત્યારબાદ વ્યાજ સહીતનાં તમામ રૂપિયા તેમને ચુકવી આપેલ હતાં.

છતાં પણ અંકિતે કહેલ કે, તારે હજુ રૂ.૧.૫૦ લાખ ચુકવવાના થાય છે અને જો તારે આ રકમ ન ચુકવી હોય તો અમારે બેડી યાર્ડમાં ઘંઉનો ટાર્ગેટ પુરો કરવાનો છે જેથી તારા તથા તારા સગા વ્હાલાનાં બેંક એકાઉન્ટ આઠથી દસ દિવસ માટે ખોલાવી દે તેવું કહેતાં તેઓ તેની પત્નિ સુજાતા, સસરા-સાસુ સાથે માર્કેટીંગ યાર્ડ બેડી ગયેલા અને ત્યાં એક ચેમ્બરમાં બીજા માળે ઓફીસમાં બોલાવેલ અને બધાના આધારકાર્ડ,પાનકાર્ડ સાથે લાઇવ ફોટો પાડી બેંકમાં એક એક લાખવાળા સેવિંગ એકાઉન્ટ ખોલાવેલ હતાં. ત્યાંજ ઇન્ડુસલેન્ડ બેંકની વેલકમ કીટ આપેલ હતી. બધા પાસેની ચેકબુકમાંથી પાંચ પાંચ કોરા ચેકમાં સહી કરાવેલ અને તે ચેક લઇ લીધેલ હતાં. તેમજ પર્સનલ બેંકનો એક-એક ચેક માંગેલ હતો. જેથી તેઓએ અને તેના સસરાએ ચેક આપેલ હતાં.

બાદમાં તેઓના ખાતામાં એક-એક લાખ રૂપિયા નાખવા માટે રાજન પટેલે તેના ભાઈ અંકિતને જણાવેલ હતું. જે બાદ ગૌતમભાઈ ડાયાભાઇ કારસીયાએ ચારેયના ખાતામાં એક-એક લાખ રૂપિયા નાખવા માટેની વાત કરેલ હતી. દોઢેક મહીના બાદ ગૌતમભાઈ ઘરે આવેલ અને કહેલ કે, તમારા ચારેયના ખાતા ચાલેલ નથી અને ચારેયની ચેક બુક, એ.ટી.એમ, ક્રેડીટ કાર્ડ તથા પાસબુક પરત આપી ગયેલ અને ત્રણેક દિવસ બાદ રાજન પટેલે શરીમાં બોલાવેલ અને ત્યાં અંકિતભાઈ અને ગૌતમ હાજર હતા અને કહેલ કે, તમારા ખોલાવેલ બેંક એકાઉન્ટ ચાલેલ નથી. તમારે બીજા એકાઉન્ટ ખોલાવવા પડશે જેથી તેઓ પત્ની સાથે હું લીમડા ચોક ખાતે ગયેલ અને ત્યાં ચારેયના દસ-દસ હજારનાં સેવિંગ એકાઉન્ટ ખોલાવેલ હતા. બાદમાં દંપતીને રૂ.૫ હજાર વાપરવા માટે આપેલ હતા. પંદર-વિસ દિવસ બાદ તેમને ખાતું પરત આપવાનું કહેતાં આરોપીઓ ગોળ ગોળ વાતો કહેલ અને આ દરમ્યાન તેઓએ ખાતામાથી અલગ-અલગ જગ્યાએથી રૂપિયા ઉપાડેલ અને તેણીના પત્નિના ખાતામાંથી દુબઇથી રૂપિયા ઉપાડેલ હતાં અને ચેક પરત આપેલ નહીં અને કહેલ કે, તારે વ્યાજ દેવુ છે કે અમે તમારા ચેક બાઉન્સ કરાવીએ જેથી આરોપીને કહેલ કે, મારી પાસે હાલ રૂપિયાની સગવડ થાય તેમ નથી તેવી વાત કરતા તેઓએ કહેલ કે, તારે ગમે તેમ કરી અમારા રૂપિયા તો પરત આપવા જ પડશે અને જો તારાથી રૂપિયાની સગવડ થઇ શકે તેમ ન હોય તો મને દુબઇથી ટ્રાન્જેક્શન કરવા દે તેવી વાત કરતા તેને ના પાડતા અંકિતે કહેલ કે, તારે દોઢ લાખના પાંચ છ લાખ રૂપિયા ગમે તેમ કરીને લઇને જ રહીશુ તેમ વાત કરેલ હતી. બાદમાં તેઓએ આઠેય એકાઉન્ટના સ્ટેટમેન્ટ કઢાવતા જાણવા મળેલ કે, દરેક ખાતામાં આશરે ૧૬ થી ૨૦ લાખના ટ્રાન્જેક્શન થયેલ છે.

બાદમાં આરોપી બંધુ પાસેથી લીધેલા ૧૦ ટકા વ્યાજે રૂ.૨૦ હજાર તેમજ રૂ.૪૦ હજારનું સાતેક મહિના વ્યાજ ચુકવેલ બાદ મુદલ પણ ચુકવી આપેલ છતા વધું પાંચેક લાખ રૂપિયાની માંગણી કરી ગઈકાલે તેઓની મોરબી રોડ પર આવેલ એ. કે.સલૂન નામની દુકાન પર બંને શખ્સો આવી કહેલ કે, અમારા રૂ.પાંચેક લાખ આપી દેજે નહીં તો જાન થી મારી નાખીશું તેવી ધમકી આપી હતી. જેથી તેનું લાગી આવતાં તેઓએ પોલીસ કમીશ્નર કચેરીએ ફીનાઇલ પી લીધેલ હતું. બાદમાં તેઓને સારવારમાં ખસેડવામાં આવેલ હતાં.

## ક્રાઈમ બ્રાન્ચમાં અરજી આપી પણ કાર્યવાહી ન થઈ: યુવકની પત્નીનો આક્ષેપ

રાજકોટ. તા.૨૪

મોરબી રોડ પર બજરંગ પાર્કમાં રહેતાં અમિત હિરાણીએ વ્યાજખોરના ત્રાસથી કંટાળી આપઘાતનો પ્રયાસ કરતાં તેની પત્નીએ આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, આરોપીઓ વિરૂદ્ધ તેના પતિએ ઘણાં સમય પહેલાં ક્રાઇમ બ્રાન્ચમાં અરજી પણ આપી હતી. જે મામલે તેઓએ કોઈ કાર્યવાહી ન કરતાં અંતે આ પગલું ભરવાનો વારો આવ્યો છે.

# શાસ્ત્રીનગરના ગીરવંતભાઈ ડોડીયાએ ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી

## પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો હતો: જેનું લાગી આવતાં આ પગલું ભર્યાનું તારણ

રાજકોટ, તા.૨૪

શહેરમાં શાસ્ત્રીનગરમાં રહેતાં ગીરવંતભાઈ ડોડીયાએ ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું હતું. પતિ-પત્ની વચ્ચે કોઈ કારણોસર ઝઘડો થયેલ. જેનું લાગી આવતાં આ પગલુ ભર્યાનું તારણ પોલીસે જણાવ્યું હતું.

બનાવની વિગત અનુસાર ગીરવંતભાઈ હીરાભાઈ ડોડીયા (ઉ.વ.૪૦ રહે- રામાપીર ચોકડી પાસે શાસ્ત્રીનગર) નામનાં યુવકે ઉંદર મારવાની દવા પી જીવન ટુંકાવ્યું હતું. આ અંગે પોલીસે જણાવ્યું કે, મૃતકની તેની પત્ની સાથે ઝગડા થતા હતા. બાદ પતિ- પત્ની અલગ રહેતાં હતાં. મૃતક હાલ એકલવાયું જીવન જીવતા હતા. પતિ- પત્ની વચ્ચે કોઈ કારણોસર ઝઘડો થયેલ જેનું લાગી આવતાં યુવકે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી.

# ખાંભા હત્યા કેસઃ યુવાનનું વાડીની ઓરડીમાં ખૂન થયું, લાશ ઢસડીને રોડ પર નાખી દીધેલી

અજાણ્યા મૃતકના વાલી વારસ શોધવા લોધિકા પોલીસ, રાજકોટ રૂરલ એલસીબી, એસઓજીની દોડધામ : મૃતક અંગે કોઈને માહિતી હોય તો જાણ કરવા અનુરોધ

બનાવની તપાસ આઇપીએસ આયુષ જૈનને સોંપવામાં આવી, હિતેશ કોરાટની વાડીની ઓરડીમાં ઘટના બન્યાનું અનુમાન : ભાગમાં અહીં ખેતી કરતા જગદીશભાઈ સખીયાની ફરિયાદ પરથી ગુનો નોંધાયો

રાજકોટ, તા.૨૪

ખાંભા હત્યા કેસમાં અજાણ્યા યુવાનનું વાડીની ઓરડીમાં ખૂન થયું હતું અને લાશ ઢસડીને રોડ પર નાખી દીધેલી હોવાનું તપાસમાં ખુલ્યું છે. અજાણ્યા મૃતકના વાલી વારસ શોધવા લોધિકા પોલીસ, રાજકોટ રૂરલ એલસીબી, એસઓજીની ટીમોએ દોડધામ શરૂ કરી છે. મૃતક અંગે કોઈને માહિતી હોય તો જાણ કરવા અનુરોધ કરાયો છે. હિતેશ કોરાટની વાડીની ઓરડીમાં ઘટના બન્યાનું અનુમાન છે. અહીં ભાગમાં ખેતી કરતા જગદીશભાઈ સખીયાની ફરિયાદ પરથી ગુનો નોંધાયો છે. બનાવની તપાસ આઇપીએસ આયુષ જૈનને સોંપવામાં આવી છે. ફરિયાદી જગદીશભાઈ લવાભાઈ ખીયા (ઉ.વ.૫૫)એ જણાવ્યું કે, લોધિકા તાલુકાના ખાંભા ગામની સીમમાં મારે ૩૦ વિઘા જમીન છે. સાથે ત્યાં નજીકમાં આવેલ હીતેષભાઈ ધીરુભાઇ કોરાટની ૧૦ વિઘા જમીન પાઘડીએ વાવવા રાખી છે. જે બંને ખેતરમાં બહારના મજુરો દ્વારા ખેતીકામ કરી મારૂ તથા પરિવારનું ગુજરાન ચલાવું છું. તા.૨૨/૪/૨૦૨૪ ના રોજ હું સવારના વાવડી ગામે સપ્તાહમાં ગયેલ હતો. બપોર બાદ મારા મામાના દીકરાના લગ્ન પ્રસંગે રાજકોટ ગયેલ હતો. ત્યા પ્રસંગ પુરો થઇ જતા હું રાત્રીના નવેક વાગ્યાના વખતે પાછો ખાંભા ગામે ઘરે આવતો રહેલ હતો. ઘરે આરામ કરતો હતો ત્યારે રાત્રીના ૧૧ વાગ્યાના સમયે અમારા ગામના જયદીપસિંહ વનરાજસિંહ જાડેજાનો ફોન આવેલ અને વાત કરેલ કે તમે ખાંભેશ્વર ઇન્ડસ્ટ્રીઝ પાસે આવેલ હિતેષભાઈ ધીરુભાઈ કોરાટની જમીન વાવવા માટે રાખેલ છે, ત્યાં સીમેન્ટ રોડ પર તમારી વાડીના મકાનમાંથી ઢસડીને બહાર સિમેન્ટ રોડ ઉપર કોઈ અજાણ્યા પુરુષની લાશ લોહીલુહાણ હાલતમાં પડેલ છે.

હું તુરંત જ ત્યા વાડીએ જતા, ગામના સરપંચ હિતેશભાઈ જેઠાભાઈ સાગઠીયા તથા જયદીપસિંહ હાજર હતા. તેઓએ વાત કરેલ કે, આપણા ગામના રાજેન્દ્રસિંહ અર્જુનસિંહ જાડેજા કે જેઓ અહીંથી નીકળેલ ત્યારે આ લાશ અહીં પડી હોવાનું જોતા રાજેન્દ્રસિંહે સરપંચને જાણ કરેલ હતી. મેં જોયું તો કોઈ આશરે ૩૨ વર્ષની ઉંમરનો અજાણ્યો પુરુષ લોહીલુહાણ હાલતમાં સીમેન્ટ રોડ પર પડેલ હતો. સરપંચે લોધિકા પોલીસ સ્ટેશને જાણ કરેલ હતી. થોડી વારે પોલીસ સ્ટાફ આવી જતા, લાઇટના અંજવાળે જોતા આ લાશ મેં વાવવા રાખેલ વાડીના મકાનની પુર્વે તરફ આવેલ સીમેન્ટ રોડ ઉપર પડેલ હતી. લાશને જોતા ગળાના ભાગે તથા કપાળના ભાગે તથા પેટના ભાગે કોઇ અજાણ્યા શખ્સે તીક્ષ્ણ હથીયાર વડે ગંભીર ઈજાઓ કરેલ હતી. લાશ મેં વાવવા રાખેલ વાડીના મકાનની બે ઓરડીઓ પૈકી જમણી બાજુની ઓરડીમાં માર મારી ત્યાંથી ઢસડી આ સિમેન્ટ રોડ પર નાખી દીધેલ હતી. જેથી આ લાશ પડેલ હોય ત્યાંથી ઓરડી સુધી જોતા લાશ ઢસડેલના નિશાનો જોવામાં આવેલ. જેથી મરણજનાર અજાણ્યો પુરૂષ ઉ.વ. આશરે ૩૨ વર્ષ વાળાને કોઇ અજાણ્યા શખ્સે ગળાના ભાગે તથા કપાળના ભાગે તથા પેટના ભાગે તથા પેટના ડાબી બાજુના ભાગે કોઈપણ તીક્ષ્ણ હથીયાર વડે કોઇ કારણોસર ગંભીર ઇજા કરી મોત નીપજાવી વાડીના મકાનથી બહાર સિમેન્ટ રોડ સુધી ઢસડી નાખી દીધેલ હતી. જેથી આ અજાણ્યા આરોપી તથા તપાસમાં ખુલે તેની સામે ધોરણસર થવા મેં ફરીયાદ કરી હતી. બનાવના પગલે પ્રોબેશનમાં રહેલ આઇપીએસ અધિકારી આયુષ જૈન અને લોધિકા પોલીસના પીએસઆઇ કે.વી. પરમાર દોડી ગયા હતા. આ તરફ રાજકોટ રૂરલ એલસીબી, એસઓજી વગેરે ટીમોએ પણ મૃતકની ઓળખ કરવા અને આરોપીને શોધી કાઢવા તપાસ હાથ ધરી છે.



## મૃતકના કપાળમાં 'રામ' ત્રોફાવેલ છે

લોધિકા પોલીસ મથકે આઇપીસી કલમ ૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુનો નોંધાયો છે. જેમ મરણજનાર અજાણ્યો પુરૂષ (ઉ.વ.આશરે ૩૨) ખાંભેશ્વર ઇન્ડસ્ટ્રીઝના સિમેન્ટ રસ્તે હીતેશભાઇ ધીરુભાઇ કોરાટની વાડી સામે રોડ પર ઇજાથી લોહી લુહાણ હાલતમાં મળી આવેલ છે. જે મૃતકે શરીરે આછા ગુલાબી કલરનો શર્ટ તથા નીચે કાળા કલરનું અંગ્રેજીમાં નાઈક લખેલ નાઇટ ટ્રેક પેન્ટ પેહેરેલ છે. આ અજાણ્યા પુરૂષના માથા પર કપાળના ભાગે ગુજરાતીમાં રામ તથા જમણા હાથમાં બાજુ ઉપર ટેટુ તેમજ તેની નીચે હિન્દીમાં નરશીમા ત્રોફાવેલ છે. જેને ગળાના ભાગે તથા કપાળના ભાગે પેટના ભાગે તથા પેટના ડાબી બાજુના ભાગે કોઇપણ તીક્ષ્ણ હથીયાર વડે ઇજા કરી મોત નીપજાવેલ છે. અજાણ્યા પુરૂષની ઉમર આશરે ૩૨ વર્ષની છે. ઉપરોક્ત ફોટા વાળા મૃતકના કોઇ વાલી વારસ મળી આવેલ ન હોય, જે લાશના કોઇ વાલી વારસ મળી આવે તો અથવા તેના વિશે કોઈ પણ પ્રકારની માહિતી હોય તો તે વ્યક્તિ પોલીસ સ્ટેશન ના મો.નં.૬૩૫૯૬૨૫૭૨૦ અથવા ટેલીફોન નં.૦૨૮૨૭૨૪૪૨૨૬ઉપર સંપર્ક કરે.

## હત્યાના તાર શાપર પહોંચ્યા, મૃતક ઉત્તરપ્રદેશનો હોવાનું અનુમાન : શકમંદને દબોચી લેવાયો

લોધિકાના ખાંભામાં બનાવ બનતા જિલ્લા પોલીસ વડા નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડે મૃતકની ઓળખ કરવા અને આરોપીને ઝડપથી પકડી હત્યાનો ભેદ ઉકેલવા સૂચના આપી હોય, રાજકોટ રૂરલ એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એચ. સી. ગોહિલ તેની ટીમ સાથે તપાસમાં હતા. સૂત્રોએ જણાવ્યા મુજબ, ક્રાઈમ બ્રાંચને સફળતા મળી છે. હત્યાના તાર શાપર પહોંચ્યા છે. શકમંદને દબોચી લેવાયો છે. બીજાની શોધખોળ થઈ રહી છે. આ તરફ મૃતક ઉત્તરપ્રદેશનો હોવાનું અનુમાન છે. તેની ખાતરી કરવા ઉત્તરપ્રદેશ પોલીસનો સંપર્ક કરાયો છે. એલસીબી સાંજ સુધીમાં ગુનાનો ભેદ ઉકેલી નાખે તેવી શકયતા છે.



મૃતકનું ફાઈલ ફોટો, ઘટના સ્થળે પડેલ નિષ્પ્રાણદેહ, કાગળ કાર્યવાહી કરતી પોલીસ, એકત્ર થયેલા લોકો નજરે પડે છે.

## ૨૦૧૮-૧૯માં લોકરક્ષક તરીકે ભરતી થઈ હતી

મૃતક ભાર્ગવને પ્રથમથી જ પોલીસ ફોર્સમાં જોડાઈ દેશ -સમાજની સેવા કરવાનો ભારે શોખ હતો. મહેનત કરી પોલીસમાં ભરતી પણ થયો. વર્ષ ૨૦૧૮-૧૯માં લોકરક્ષક તરીકે ભરતી થઈ હતી. જે ઓછી રાજકોટ જિલ્લાના જેતપુરમાં ફરજ બજાવી હતી. જે પછી દોઢ વર્ષ પહેલાં જ એસપી કચેરી રાજકોટની રીડર શાખામાં બદલી થઈ હતી. અહીં તે માધાપર ચોકડી ખાતે પોતાના માસા સાથે રહેતો હતો.

## આપઘાત

(છેલ્લા પાનાનું ચાલું)

આપઘાતના બનાવો બની રહ્યા છે ત્યારે, રૂરલ પોલીસની રીડર બ્રાંચમાં ફરજ બજાવી રહેલા પોલીસ કર્મી ભાર્ગવ કમલેશભાઈ બોરીસાગર (ઉ.વ. ૨૩) (રહે.માધાપર ચોકડી)એ આ પગલું ભરતા પોલીસ બેડાંમાં ગમગીની છવાઈ ગઈ હતી. ભાર્ગવ રાજકોટ શહેર પોલીસમાં એલસીબી ઝોન ૨ પીએસઆઇ બી.વી. બોરીસાગરનો ભત્રીજો હોય, પીએસઆઇ બી.વી. બોરીસાગર પણ ઘટના સ્થળે દોડી ગયા હતા. અત્રે પોલીસ હેડ ક્વાર્ટરના અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ પરિવારના સભ્યો પણ બનાવથી સ્તબ્ધ થઈ ગયા હતા.

આ હેડ ક્વાર્ટર તાલુકા પોલીસ મથકની હદમાં આવતો હોય, તાલુકા પોલીસનો સ્ટાફ પણ દોડી ગયો હતો. ૧૦૮ને જાણ કરાતા સ્થળ પર જ ભાર્ગવને મૃત જાહેર કરાયો છે. તાલુકા પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડી પૂછપરછ કરતા ભાર્ગવ અહીં શા માટે આવ્યો હતો એ જાણકારી મળી નથી. આપઘાતનું કારણ પણ જાણવા મળેલ નથી. જેથી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. મૃતક એક ભાઈ, એક બેનમાં મોટો હતો. તેના લગ્ન એક વર્ષ પહેલા જ થયા હતા. તેનું મૂળ ગામ જેતપુર છે. તેણે જેતપુરમાં પણ ફરજ બજાવી છે. તેમના પિતા કમલેશભાઈ જેતપુરમાં સારંગના પુલે મહાદેવ ઘૂઘરા નામે વેપાર કરે છે. બહેને એકનો એક ભાઈ અને નવોઢાએ સેથાનું સિંદૂર ગુમાવતા પરિવારમાં ભારે કલ્પાંત છવાયો છે.

## અવસાન નોંધ

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ.લલિતાબેન જગજીવનભાઈ ચૌહાણ (ઉ.વ.૯૦) જ્ઞાતિ ધોબી, સ્વ.હરીશભાઈ ચૌહાણ, પ્રફુલાબેન વાઘેલાના માતૃશ્રી અને ગં.સ્વ.હંશાબેન હરીશભાઈ ચૌહાણના સાસુ હાર્દિકભાઈ તથા કેવલભાઈ ચૌહાણના દાદી તથા ધવલ વાઘેલાના નાનીનું સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાથના સભા બેસણું તા.૨૫ના રોજ સાંજે ૫ થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાને ૨૫ ન્યુ જાગનાથ, ૩ શકિત કોલોની લલિતા નિવાસ રાજકોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા:** મસરાણી ખુશાલી (જુલી) રાકેશભાઈ (ઉ.વ.૧૮) સાવરકુંડલા તે અતુલભાઈ ચંદુલાલ મસરાણીના પૌત્રી, રાકેશભાઈના પુત્રી તેમજ અભિષેકભાઈ અને રાજદીપભાઈના ભત્રીજીનું તા.૨૩/૪/૨૪ ના દુ:ખદ અવસાન થયેલ છે. સદ્દગત નું બેસણું તા.૨૭/૪/૨૪ ને શનિવાર સાંજે ૪:૩૦ થી ૬:૦૦ કાશી વિશ્વનાથ મંદિર, આનંદ આશ્રમ સામે, શિવાજીનગર, સાવરકુંડલા ખાતે રાખેલ છે. રાકેશભાઈ - ૯૨૬૫૮૩૭૦૪૫,અતુલભાઈ - ૯૮૭૯૬૪૬૩૦૭

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ.જગદીશભાઈ કાંતીભાઈ ભટ્ટી તે હિમાંશુ જગદીશભાઈ ભટ્ટીના પિતાશ્રી તથા પ્રવિણાબેન હિમાંશુભાઈ ભટ્ટીના સસરા તથા જલ્પાબેન નીતીન કુમાર સોલંકીના પિતાશ્રી તથા નીતીનકુમાર નરેશભાઈ સોલંકીના સસરા તથા અરૂણાબેન હસમુખભાઈ ચૌહાણ, કુસુમબેન બળવંતભાઈ અમરેલીયા સરલાબેન રાજેશભાઈ વાઘેલા, ઉષાબેન ગીરીશભાઈ ચૌહાણના મોટાભાઈ તથા ધ્રુવી, અક્ષિત, રિદ્ધિ, કુલદીપના દાદા તા.૨૩ના રોજ રામચરણ પામેલ છે.ઉઠમણું તા.૨૫ ગુરૂવારે સાંજે ૪ થી ૬ વાગ્યે રાધેકૃષ્ણ મંદિર, લાખના બંગલા પાસે, ગાંધીગ્રામ, રાજકોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા:** વાંઝા દરજી ઘનશ્યામભાઈ ગોવિંદભાઈ ભદ્રેશ્વરા (ઉ.વર્ષ.૫૦) તા.૨૪ બુધવાર ના રોજ અવસાન થયેલ છે.તે સ્વ. ગોવિંદભાઈ જીણાભાઈ ભદ્રેશ્વરા ના પુત્ર, અને પ્રફુલભાઈ,સ્વ. મનોજભાઈ, કિશોરભાઈ, વિજયભાઈના ભાઈનું બેસણું તા.૨૫/૪ ગુરૂવારના સાંજના ૪ થી ૬, શ્રી વાંઝા જ્ઞાતિ વાડી, ઉપરનો વિભાગ, પોસ્ટ ઓફિસ રોડ, નાવલી પોલીસ ચોકી સામે, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# ભારતનગરમાં પાંચ કલાક બંધ રહેલ મકાનમાંથી રૂા.૭૫ હજારના મુદ્દામાલની ચોરી

## થોરાળા પોલીસે ગુનો નોંધી ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી તસ્કરને સકંજામાં લીધો

રાજકોટ. તા.૨૪

ભારતનગરમાં પાંચ કલાક બંધ રહેલ મકાનમાંથી રૂ.૭૫ હજારના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો નાસી છૂટતાં થોરાળા પોલીસે ગુનો નોંધી ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી તસ્કરને સકંજામાં લઈ પૂછતાછ હાથ ધરી હતી.

બનાવ અંગે ભારતનગર સોસાયટી શેરી નં.૪ માં રહેતાં હીનાબેન ઉત્તમભાઈ પટેલ (ઉ.વ ૩૫) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ૨૫ વર્ષથી તેના પતિ અને બે સંતાનો સાથે રહે છે. તેઓ માંડાડુંગરમાં આવેલ એન્ટીક મેટલમાં મજુરીકામ કરે છે. કારખાનાનો સમય સવારના સાડા આઠથી સાંજના પાંચ વાગ્યા સુધીનો હોય છે. તેણીના બંને પુત્રો અભ્યાસ કરે છે. ગઇ તા.૧૫/૦૪/૨૦૨૪ ના તેઓ કારખાને ગયેલ હતી અને બપોરના જમવા ઘરે આવેલ અને બાદમાં તેના બંને પુત્રો સ્કુલે જતા રહેલ અને તે પણ બપોરના ઘરે તાળુ મારી માંડાડુંગર કારખાનામાં કામે જતી રહેલ હતી. તેણી પોતાનો મોબાઈલ ઘરે ચાર્જીંગમાં મુકી કામે ગયેલ હતી.

સાંજના કામેથી ઘરે આવતા ઘરનું તાળુ તુટેલ હતુ અને દરવાજો અર્ધ ખુલ્લો હતો. જેથી ઘરમાં જોતા ચાર્જીંગમાં રહેલ મોબાઇલ જોવામાં આવેલ નહી તેમજ મારા ઘરમાં રહેલ કબાટનુ તાળુ ટુટેલ હતું. તેમાં રહેલ રોકડા રૂ. ૬૦ હજાર કબાટના ખાનામાં રાખેલ ચાંદીના સાકળાની જોડ રૂ.૫ હજાર તે કબાટમાં જોવામાં આવેલ નહી, જેથી ઘરમાં તસ્કરોએ ત્રાટકી રૂ.૭૫ હજારનો મુદ્દામાલ ચોરી કરી નાસી છૂટ્યાની ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરિયાદ પરથી થોરાળા પોલીસ મથકના પીએસઆઈ જે.એમ.પરમાર અને ટીમે સીસીટીવી ફુટેજના આધારે ગણતરીની કલાકોમાં એક તસ્કરને સકાંજામાં લઈ પૂછતાછ હાથ ધરી હતી.

## ગ્લોબલ વોર્મિંગ

(પહેલા પાનાનું ચાલું)

વરસાદ તથા પુરથી ૮૬૨ અને હીટવેવથી ૧૬૬ લોકોના મોત થયા હતા.

વૈશ્વિક હવામાન સંગઠનના એશિયન કલાયમેટ ૨૦૨૩ના આ રિપોર્ટમાં એમ કહેવાયુ છે કે એશિયામાં પુર અને વાવાઝોડાથી જાનમાલને સૌથી મોટુ નુકશાન થયુ હતું જયારે હીટવેવને કારણે લોકોનુ આરોગ્ય ગંભીર રીતે પ્રભાવિત થયુ છે. ૨૦૨૩માં સપાટીનું તાપમાન ઈતિહાસમાં બીજા નંબરનું સૌથી વધુ હતું. ૧૯૬૧-૧૯૯૦ની સરેરાશ કરતા ૧.૮૭ ડીગ્રી તથા ૧૯૯૧-૨૦૨૦ની સરેરાશ કરતા ૦.૯૧ ડીગ્રી વધુ રહ્યું હતું.

રિપોર્ટમાં એમ કહેવાયુ છે કે એશિયાના અનેક દેશોમાં ૨૦૨૩નુ તાપમાન અત્યાર સુધીના ઈતિહાસનું સૌથી ઉંચુ રહ્યું હતું અને તેને કારણે પુર, વાવાઝોડા, હીટવેવ તથા દુષ્કાળ જેવા શ્રેણીબદ્ધ ઘટનાક્રમો સર્જાયા હતા.

## ફલાઈટ

(પહેલા પાનાનું ચાલું)

તાપમાન પણ સીને ઉતરી ગયુ હતું અને પારો ૩૬.૮ ડીગ્રી નોંધાયો હતો.

મોસમના મારને પગલે વિમાની સેવાને તીવ્ર અસર થઈ હતી. ૧૫ ફલાઈટ ડાઈવર્ટ કરવામાં આવી હતી તેમાંથી ૯ ને જયપુર, બે ને અમૃતસર, બે ને લખનૌ તથા એક-એક ફલાઈટ મુંબઈ તથા ચંદીગઢમાં મોકલવામાં આવી હતી.

એરલાઈનન્સ કંપનીઓને ફલાઈટના શિડયુલ ચકાસીને જ એરપોર્ટ પર આવવા પ્રવાસીઓને સંદેશા મોકલવા પડયા હતા. હવામાન વિભાગ દ્વારા દિલ્હીમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. જો કે, કાલથી તાપમાન ફરી વધવા લાગવાનું જણાવવામાં આવ્યુ છે. દિલ્હીમાં આ પુર્વે ૧૩મી એપ્રિલે વાતાવરણ પલ્ટો થયો હતો અને ૨૨ ફલાઈટ ડાઈવર્ટ કરવામાં આવી હતી.

આંધી-વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને વાતાવરણ ખુશનુમા બન્યુ હતું.

## હિટવેવ

(છેલ્લા પાનાનું ચાલું)

જિલ્લામાં ગરમીથી સંવેદનશીલ વિસ્તારોની યાદી બનાવાશે તેમજ ગરમીની ઋતુ દરમ્યાન મૃત્યુના તમામ કારણો અને હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓ પર આ ટાસ્ક ફોર્સ દેખરેખ રાખવામાં આવશે. હિટવેવ એકશન પ્લાન અંગે સૂચના માર્ગદર્શન આ કમીટી દ્વારા વખતોવખત આપવામાં આવશે. આ ઉપરાંત જિલ્લામાં આવેલ જાહેર સ્થળો, પ્રવાસન સ્થળો, બસ સ્ટેન્ડ સહિતના વિસ્તારોમાં પીવાના પાણી, જરૂરી મેડીસીન, ફુલ રેસ્ટીંગ શેડની વ્યવસ્થા સહિતની બાબતો આ ટાસ્ક ફોર્સ દ્વારા ચકાસવામાં આવશે. તેમજ મનરેગા સાઇટ, બાંધકામ સાઇટ પર મજુરી કામમાં રોકાયેલા તમામ કામદારો માટે આરામના શેડસ, પીવાનું સ્વચ્છ પાણી પુરૂ પાડવા તેમજ દાતાઓને, મનરેગાના કામદારોને છાશ, લીંબુ પાણીનું વિતરણ કરવા પ્રોત્સાહિત કરાશે. તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગ્રામ પંચાયતોમાં હિટવેવ સંબંધીત પ્રીપેડનેસ અંગે ખાતરી કરાશે. પુન:વર્સન કેન્દ્રો અને તેના માટે જરૂરી સામગ્રીની વ્યવસ્થા, ગ્રામ્ય સ્તરે છાયો અને ઠંડી છતના મહત્વ અંગે જાગૃતતા કેળવાશે. જયારે ગ્રામ્ય વિસ્તારોમાં પણ બાષ્પીભવન દ્વારા પર્યાવરણને ઠંડુ કરવા માટે તળાવોનું બાંધકામ, કૃત્રિમ તળાવો જેવી વૈકલ્પિક આજીવિકા પ્રવૃતિ માટે પ્રોત્સાહિત કરાશે. લોકોને ગરમી અને આકરા તાપથી બચાવવા માટે ના પગલા, પીવાના પાણીની ઉપલબ્ધતા સહિતની બાબતો અંગે આ ટાસ્ક ફોર્સ કામગીરી કરશે.

## બીમારી

(છેલ્લા પાનાનું ચાલું)

સારવાર શરૂ હતી. આજે વહેલી સવારે બાળક પોતાના ઘરે બેભાન થઈ જતાં બાળકે સારવારમાં દમ તોડયો હતો.

મળતી વિગતો મુજબ જંગલેશ્વર શેરી નં-૧૭ માં રહેતો છ વર્ષીય મોઈનુદ્દીન મોહસીન શેખનું બીમારી સબબ મોત થતાં તેઓનાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. આ અંગે મૃતકના પિતાએ જણાવ્યું કે મોઈનુદ્દીને જન્મ વખતે કમળો થયો હતો. કુપોષિત હતો અને કબજિયાતની દવા શરુ હતી.બાળક ત્રણેક દિવસથી બિમાર હોય જેથી સિવિલ હોસ્પિટલમાં સારવાર શરૂ હતી. ગઈ કાલ રાત્રે બાળકની તબિયત નાદુરસ્ત થતાં સિવિલ હોસ્પિટલમાંથી દવા લીધી હતી. બાદ આજે વહેલી સવારે બાળક બેભાન થઈ જતાં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. તેઓ બે ભાઈ અને બે બહેનમાં સૌથી નાનાં હતાં. બનાવ અંગે મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો છે.

## યુક્રેન

(પહેલા પાનાનું ચાલું)

યુક્રેન ઈઝરાયેલી સહાયતા સંબંધી પેકેજને મંજુરી મળી ગઈ છે. અમેરિકાના ઉચ્ચ સદને મંગળવારે ૭૯ ધારાસભ્યોએ આ ખરડાના પક્ષમાં વોટ આપ્યો હતો, જયારે ૧૮ ધારાસભ્યો તેની વિરૂધ્ધ હતા. આ પેકેજ અંતર્ગત યુક્રેન ઈઝરાયેલને ૯૫ અબજ ડોલરના પેકેજને મંજુરી મળી છે આ પેકેજમાં સૌથી મોટો ભાગ ૬૧ અબજ ડોલરની સહાયતા યુક્રેનને મળશે જયારે ૨૬ અબજ ડોલર ઈઝરાયેલ અને દુનિયાભરના સંઘર્ષના ક્ષેત્રોના નાગરિકોને માનવીય સહાયતા અને ત્રીજો ભાગ ૮.૧૨ અબજ ચીનનો મુકાબલો કરવા માટે રાખવામાં આવ્યો છે.

## ધનકુબેર

(પહેલા પાનાનું ચાલું)

૧૦૭ કરોડ રૂપિયાની આસપાસ છે.

રિપોર્ટ અનુસાર, TDP ઉમેદવાર ચંદ્રશેખરે વર્ષ ૨૦૦૫માં અમેરિકાના ગિઝિંગર મેડિકલ સેન્ટરમાંથી ઈન્ટરનલ મેડિસિનમાં MD કર્યું હતું. આ પહેલા તેણે ૧૯૯૯માં આંધ્રપ્રદેશની NTR યુનિવર્સિટીમાંથી MBBS કર્યું હતું. ચંદ્રશેખર અને તેમની પત્ની પણ દુનિયાભરના ઘણા બિઝનેસ સાથે જોડાયેલા છે. લગભગ ૧૦૧ કંપનીઓના શેરની માલિકી ધરાવે છે. આ બંને પર કુલ ૧,૧૩૮ કરોડ રૂપિયાનું દેવું પણ છે.

# ગુજરાતી મચ્છુ કઠીયા જ્ઞાતિના પ્રમુખ સેક્રેટરી સામે રૂા.૫ કરોડનો માનહાની દાવો

## મુખ્યદાતા વિમલભાઈ ચાવડાને નીચા દેખાડવા તેમના વિરૂદ્ધની પત્રિકા જ્ઞાતિના અન્ય લોકોને પોસ્ટથી મોકલાઈ હતી

રાજકોટ,તા.૨૪

સમાજના આગેવાને ધર્માધિકારીની ભૂમિકા નિભાવવાના બદલે લાગતા વળગતાઓને આગળ કરી મુખ્ય દાતાઓને નીચા દેખાડવા પ્રયત્ન કરાતા ગુજરાતી મચ્છુ કઠીયા જ્ઞાતિના પ્રમુખ, સેક્રેટરી સામે મુખ્ય દાતાએ ૫ કરોડનો માનહાનીનો દાવો કરતા ખળભળાટ મચી ગયો છે.આ અંગે વિમલભાઈ ચાવડા દ્વારા જ્ઞાતીના આગેવાનો વિરૂદ્ધ રાજકોટ શહેર પોલીસ રૂબરૂ આઈ.પી.સી.કલમ ૪૦૬, ૪૨૦ મુજબ વિશ્વાસઘાત અને છેતરપીંડી અંગેની ફોજદારી ફરીયાદ નોંધવા ફરિયાદ કરાઈ છે. શ્રી ગુજરાતી મચ્છુ કઠીયા જ્ઞાતિ રાજકોટ સહયોગ વાડી ૧૫/૬ ભકિતનગર સોસાયટી ધર્મજીવનદાસજી માર્ગ, ઢેબર રોડ, રાજકોટના ટ્રસ્ટી પ્રમુખ સહિતના હોદ્દેદારો તરીકે કાર્યરત આગેવાનો દ્વારા જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોમાં તેમજ નાણાકીય વહિવટમાં મનસ્વી રીતે ચલાવતા હોવા અંગે જ્ઞાતિના સભ્ય અને અગ્રણી દાતા વિમલભાઈ દિલીપભાઈ ચાવડાએ સણસણતો આક્ષેપ કર્યો છે. તેમણે આ મામલે સમાજના હોદેદારોનું ધ્યાન દોર્યું હતું. તેમજ આ મામલે લીટીગેશન થયા હતાં. ત્યારે જ્ઞાતિના હોદેદારો દ્વારા કોર્ટમાં જે પ્રકારનું અંડરટેઈકીંગ આપવામાં આવ્યું હતું. એ મુજબનું પાલન થયું નથી.આથી જ્ઞાતિના જાગૃત સભાસદ, સભ્ય દરજ્જે વિમલભાઈ ચાવડાએ ધ્યાન દોરી અંડરટેઈકીંગ મુજબનું પાલન કરવા વિનંતી કરી હતી. પરંતુ અમુક હોદેદારોએ પોતાની રીતે મનઘડંત વાણી, વર્તન, વ્યવહાર, કરતા જ્ઞાતિના જવાબદાર હોદેદાર તથા સભ્ય ધર્મેન્દ્રભાઈ પરમાર(સભ્ય) અને ભરતભાઈ દુદકીયા (પ્રોજેકટ ચેરમેન) વિરૂદ્ધ રાજકોટ સિવિલ કોર્ટમાં વિજ્ઞાનપન થવા કાયમી મનાઈ હુકમ મેળવવાનો દાવો દાખલ કર્યો હતો. આ દાવા અંગેની નોટિસ સમન્સ જ્ઞાતિના જવાબદાર હોદેદારો અને સભ્યોને બજી જતાં તેઓએ અંડરટેઈકીંગ મુજબ વર્તવાના બદલે સમગ્ર સમાજમાં બદનામી થાય તેવા પ્રયત્નો કર્યા હતા વિમલભાઈએ જ્ઞાતિના પ્રમુખ પરેશભાઈ ચાવડા અને સેક્રેટરી ગૌરવભાઈ ચાવડા વિરૂદ્ધ રૂપિયા પાંચ કરોડનો માનહાનીનો દાવો દાખલ કરેલ છે.વિમલભાઈ ચાવડાએ જ્ઞાતિના હોદેદારો, આગેવાનો વિરૂદ્ધ વિશેષમાં કરેલા આક્ષેપ મુજબ કાર્યક્રમ સામે મૌખિક વિરોધ કરાતા દાવામાં જણાવેલા આરોપીઓ દ્વારા તેઓને બદનામ કરવા તેમના વિરૂદ્ધ લખાણવાળી પત્રિકા પ્રસિદ્ધ કરાવી હતી. બદનામ કરવાના ઈરાદે આવી પત્રિકાઓ જ્ઞાતિના અન્ય સભ્યોને પોસ્ટ મારફત મોકલી સમાજમાં નીચા દેખાડવાનું હિન કાર્ય કર્યાનો આક્ષેપ પણ કર્યો છે. આ કેસમાં વિમલભાઈ ચાવડા વતી એડવોકેટ તરીકે ભગીરથસિંહ ડોડીયા તથા દીવાની દાવામાં પરેશ મારૂ રોકાયેલ છે.

# લોન ચુકવવા આપેલો ચેક રિટર્ન થતા રામેશ્વરીબેનને એક વર્ષની કેદ

## રામેશ્વરીબેન સોલંકીએ મંડળીમાંથી રૂા.પાંચ લાખની લોન લીધી હતી

રાજકોટ તા.૨૪

શહેરના જામનગર રોડ ઉપર આવેલ વાલ્મીકીવાડીના રહેવાસી રામેશ્વરીબેન ગૌરાંગભાઈ સોલંકીએ શ્રી શિવસાગર ક્રેડિટ કો-ઓ. સોસાયટી લી.માંથી રૂા.૫ લાખની લોન લીધી હતી. જે ચુકવવા રૂા.૫,૬૭,૨૯૨નો ચેક આપેલ. આ ચેક ખાતામાં અપુરતા નાણાને કારણે પરત ફરેલ. રામેશ્વરીબેન સોલંકીએ આપેલ ચેક રીટર્ન થતા બેંકે એડવોકેટ નિલેશ જી. પટેલ મારફત ચેક રીટર્ન થયા અંગેની અને ચેકવાળી રકમ ચુકવી આપવા અંગેની નોટીસ આપેલ. નોટીસ આપવા છતાં રકમ બેન્કમાં ભરપાઈ કરેલ નહીં.

મંડળીના ઓફીસર કિર્તીભાઈ લક્ષ્મીદાસ પટેલએ રાજકોટના મહે.ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ સમક્ષ ફોજદારી ફરીયાદ દાખલ કરેલ.

ફરીયાદ ચાલી જતા સોસાયટી તરફથી રજુ કરવામાં આવેલ પુરાવા તથા ફરીયાદીના એડવોકેટ નિલેશ જી. પટેલની દલીલો તથા ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ. વિવિધ ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે રામેશ્વરીબેન સોલંકીને એક વર્ષની સજાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં મંડળી વતી એડવોકેટ નિલેશ જી. પટેલ, નિકુંજબેન સાકરીયા એડવોકેટ તેમજ સહાયક રેખાબેન ઓડેદરા, રીધ્ધીબેન પીલોજપરા, દિપાલીબેન નકુમ રોકાયેલ હતા.

# મોરબીથી રાજકોટમાં બહેનનાં ઘરે જતા બે સગાભાઈનાં નેકનામ પાસે કાર પલ્ટી જતા મોત

(જીજ્ઞેશ ભટ્ટ દ્વારા) મોરબી,તા.૨૪

મોરબીના વીસીપરા વિસ્તારમાં રહેતા બે સગા ભાઈ તેના મિત્રોની સાથે કાર લઈને રાજકોટમાં રહેતા તેના બહેનના ઘરે જઈ રહ્યા હતા ત્યારે ટંકારા તાલુકાના નેકનામથી પડધરી તરફ જવાના રોડ ઉપર તેઓની કાર ગોળાઈમાં પલ્ટી મારી ગઈ હતી જેથી કરીને કારમાં બેઠેલા ચાર પૈકીનાં બે સગા ભાઈના મોત નિપજ્યાં હતા અને બે મિત્રોને ઇજા થયેલ હોવાથી તેને સારવાર માટે ખસેડાયા હતા અને હાલમાં ઇજા પામેલા યુવાનની ફરિયાદ લઈને પોલીસે મૃતક યુવાનની સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી કરેલ છે

બનાવની મળતી માહિતી મુજબ મૂળ ભાવનગર ૩૧૨ ગુજરાત હાઉસીંગ બોર્ડ નારી રોડ કુંભારવાડાના રહેવાસી અને હાલમાં મોરબી વિશીપરા વિસ્તારમાં આવેલ દશામાના ચોક પાસે સોહેબભાઇ હૈદરભાઇ જેડા જાતે મિયાણા (૩૪) અને તેનો ભાઈ અલ્તાફભાઈ હૈદરભાઈ જેડા મોરબીથી રાજકોટ રહેતા તેમના બહેનના ઘરે જઈ રહ્યા હતા અને પરા પીપળીયા પાસે આવેલ દરગાહે તેઓને જવું હતું જેથી તેઓ નેકનામ પડધરી રોડ ઉપરથી ગયા હતા ત્યારે રસ્તામાં નેકનામ ગામેથી પડધરી તરફ જવાના રસ્તા ઉપરથી સ્વિફ્ટ ગાડી નંબર જીજે ૩ એનએફ ૬૬૪૨ પસાર થઈ રહી હતી ત્યારે સોહેબભાઇ હૈદરભાઇ જેડાએ ગાડીના સ્ટેરિંગ ઉપરથી કાબૂ ગુમાવ્યો હતો જેથી કરીને કાર રોડની સાઈડમાં નીચે પલ્ટી મારી ગઈ હતી અને અકસ્માત થયો હતો જે બનાવમાં આરોપી સોહેબભાઇ અને તેના ભાઈ અલ્તાફભાઈનું મોત નીપજયું હતુ જો કે, સાહિલભાઈ ઈલિયાસભાઈ કટીયા તથા સંજય અવચરભાઈ ઝીંઝુવાડીયા જાતે કોળી (૨૧)ને ઈજા થઈ હતી જેથી તેને હોસ્પિટલે સારવાર માટે લઈ ગયા હતા અને હાલમાં ટંકારા તાલુકા પોલીસે સંજય અવચરભાઈ ઝીંઝુવાડીયાની ફરિયાદ લઈને મૃતક સોહેબભાઇ હૈદરભાઇ જેડા સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી કરેલ છે

## અન્ય બે મિત્રોને ઈજા થતા સારવારમાં ખસેડાયા

## રાજયની ૨૫ લોકસભા બેઠક પર આજથી ૧૨ દિવસ જાહેર પ્રચારનો માહોલ

# હવે પ્રચારનો રંગ જામશે: મોદી-અમીત શાહ-પ્રિયંકા ગાંધીની રેલી-રોડ શો



### વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૧-૨ના બે દિવસ ગુજરાતમાં પ્રચાર કરશે: તા.૨ના સૌરાષ્ટ્રમાં જુનાગઢ અને સુરેન્દ્રનગરમાં રેલીની તૈયારી: અમીત શાહ કાલે ઉપરાંત તા.૨૭ ગુજરાતમાં: જામકંડોરણામાં શનિવારે મનસુખ માંડવીયાના સમર્થનમાં જબરી સભાનું આયોજન: ત્રણ બેઠકોને આવરી લેશે

### પ્રિયંકા ગાંધી તા.૨૭ના ધરમપુરમાં: વલસાડ બેઠક લડી રહેલા કોંગ્રેસના યુવા ઉમેદવાર અનંત પટેલના ટેકામાં સભા: 'આપ'માં કેજરીવાલની ગેરહાજરીમાં ભગવંત માન સ્ટાર પ્રચારક: પ્રથમ રાઉન્ડમાં ભાવનગર-ભરૂચમાં પ્રચાર કર્યા બાદ હજું એક પ્રવાસ શકય

રાજકોટ: લોકસભા ચુંટણીના ત્રીજા તબકકાના તા.૭ મે ના રોજ યોજાનારા મતદાન માટે ગુજરાતમાં ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થતા જ હવે પ્રચારનો રંગ જામશે અને રાજયમાં આ ચુંટણીમાં ભાજપ વિરુદ્ધ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના મુકાબલામાં જે રીતે ક્ષત્રિય સમાજે મોરચો માંડયો છે તેથી સૌરાષ્ટ્ર ઉપરાંત ગુજરાતની અનેક બેઠકો પર પણ રસપ્રદ સમીકરણો બનશે તે સાથે રાજયની પાંચ ધારાસભા બેઠકો પર પણ કોંગ્રેસમાંથી કેસરીયા કરનાર પુર્વ ધારાસભ્યો હવે 'કમળ' ના નિશાન પર ચુંટણી લડી રહ્યા છે અને તેમાં પણ જે રીતે ભાજપમાં ભરતીમેળા સહિતના મુદે અસંતોષ છે તે ફેકટર કેટલું અસર કરે છે તે જોવું મહત્વનું બની જશે. પ્રારંભમાં બે બેઠકોના ઉમેદવાર બદલવા પડયા અને અનેક બેઠકો પર જાહેર થયેલા ઉમેદવારો સામે સ્થાનિક વિરોધ થયો તે બાદ પક્ષમાં આંતરિક રીતે ઘણું ગ્રાઉન્ડ કવર કરી લીધુ છે. જો કે ક્ષત્રિય સમાજના આંદોલનમાં કેટલું ડેમેજ થશે અને કેટલું કંટ્રોલ થઈ શકશે તે અંગે હજું ખુદ ભાજપ જ દ્વીધામાં છે તે વચ્ચે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે તેમના હોમ સેટ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે અને ભાજપના અન્ય સ્ટાર પ્રચારકો પણ હવે ગુજરાતમાં ચુંટણીસભામાં ગજવશે તો બીજી તરફ કોંગ્રેસ પક્ષનો મુખ્યત્વે તેના ઉમેદવારોના જોરે જ ચુંટણી લડે છે અને ચાર-પાંચ બેઠકો પર સ્થાનિક લોકપ્રિયતાના કારણે ભાજપ સામે પડકાર સર્જી રહ્યા છે તેમાં તેઓને રાજય કે કેન્દ્રીય મોવડી કક્ષાનો સપોર્ટ પણ નહીવત છે અને કોંગ્રેસના સ્ટાર પ્રચારક સોનિયા-રાહુલ ગુજરાતમાં ચુંટણી પ્રચારમાં આવશે કે કેમ તે પણ પ્રશ્ન છે પરંતુ પ્રિયંકા ગાંધી તા.૨૭ના રોજ ગુજરાત અને દીવ-દમણ-દાદરાનગર હવેલી પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે. તા.૨૭ના તેઓ વલસાડ બેઠક પર ચુંટણી લડી રહેલા કોંગ્રેસના મજબૂત ગણાતા ઉમેદવાર અનંત પટેલ માટે ધરમપુર ખાતે એક જબરી સભાને સંબોધન કરશે અને આ માટે તૈયારીઓ થઈ રહી છે. આ ઉપરાંત પ્રિયંકાના અન્ય કાર્યક્રમો પણ ગોઠવવાની તૈયારી છે. બીજી તરફ બે બેઠક લડી રહેલા આમ આદમી પાર્ટીને તેના એકમાત્ર સ્ટાર પ્રચારક અરવિંદ કેજરીવાલની ખોટ પડશે જેઓ હાલ જેલમાં છે. જો કે પંજાબના મુખ્યમંત્રી શ્રી ભગવંત માન ભાવનગર અને ભરૂચમાં પક્ષના ઉમેદવાર માટે રોડ-શો રેલી સભા કરી ગયા અને તે રીતે જુવાળ સર્જવા પ્રયત્ન કર્યા છે અને છતા પણ 'આપ' એ પણ મોટાભાગે તેના ઉમેદવારની તાકાત પર જ ચુંટણી લડે છે.

### મોદી-શાહ આવે છે

દિલ્હી અને ગાંધીનગર બન્ને સતાના કેન્દ્રો પરથી ભરપુર મદદ સાથે રાજયભરના ભાજપના ઉમેદવારો ચુંટણી લડી રહ્યા છે અને હવે છેલ્લા ૧૨ દિવસના પ્રચારમાં (તા.૫ના સાંજથી પડઘમ શાંત થશે) વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૧ અને ૨ મે ના રોજ ગુજરાતમાં પ્રચારમાં આવી રહ્યા છે અને બાદમાં તેઓ તા.૭ના મતદાન માટે અમદાવાદ આવશે તે પણ ભાજપ માટે એક મહત્વનો પ્રચાર બની જશે.

શ્રી મોદી ગુજરાતના સ્થાપના દિને જ આવી રહ્યા છે અને તા.૧-૨ મેના પ્રવાસમાં સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાં છ રેલીઓને સંબોધન કરશે તથા વડોદરા જયાં ભાજપને ઉમેદવાર બદલવા પડયા હતા તે મહાનગરની સંસદીય બેઠક પર રોડ શો કરશે. વડાપ્રધાન મોદી ૨૦૧૪માં વડોદરાની બેઠક પરથી તેમની પ્રથમ લોકસભા ચૂંટણી લડયા હતા અને આ મહાનગર સાથે તેમનો જબરો લગાવ છે. તા.૧ મેના રોજ મોદી બનાસકાંઠા, આણંદમાં પણ સભાઓને સંબોધીત કરશે. આ બેઠકો પર ઉમેદવાર સામે અસંતોષ ઉપરાંત કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો મજબૂત છે તેથી વડાપ્રધાને તે ક્ષેત્રમાં વધુ ધ્યાન આપવાનું નકકી કર્યુ છે. તા.૨ના રોજ વડાપ્રધાન સૌરાષ્ટ્રમાં જુનાગઢ અને સુરેન્દ્રનગરમાં સભાને સંબોધે તેવો કાર્યક્રમ તૈયાર થઈ રહ્યો છે. આ ઉપરાંત ભરૂચ અને સાબરકાંઠામાં પણ તેઓ સભાને સંબોધશે. આમ બે દિવસ તેઓ ગુજરાતમાં ભાજપનો પ્રચાર કરશે. બાદમાં તેઓ તા.૭ના રોજ સીધા મતદાન કરવા જ ગુજરાત આવે તેવા સંકેત છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આવતીકાલે તા.૨૫ના ગુજરાત આવી રહ્યા છે અને તા.૨૭ના રોજ સૌરાષ્ટ્રમાં કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવીયા જે પોરબંદર લોકસભા બેઠક લડી રહ્યા છે તેમને માટે પ્રચારમાં જામકંડોરણામાં જબરી સભાને સંબોધશે. આ વિસ્તારમાં ખેડુત મતદારો વધુ છે અને પોરબંદર ઉપરાંત જામકંડોરણા અને રાજકોટ લોકસભા બેઠક પર ત્યાં પ્રચારની અસર થશે. ઉપરાંત તેઓ ઉ.ગુજરાતમાં બારડોલીમાં સભા સંબોધશે. ભાજપે જયાં ક્ષત્રિય આંદોલનની અસર છે અને જયાં ઉમેદવાર બદલવા પડયા અને આંતરિક અસંતોષ છે તે મતવિસ્તારોમાં વધુ ધ્યાન આપવાનો નિર્ણય લીધો છે. જો કે રાજયની સુરત બેઠક બિનહરીફ જીત્યા પુર્વે અનેક બેઠક પર ભાજપે નાના-મોટા ઈશ્યુઓ જેમાં પક્ષમાં આંતરિક અસંતોષ મુખ્યત્વે હતો તેને લગભગ કવર કરી લીધો છે પણ હજું ક્ષત્રિય આંદોલન અંગે પક્ષ કોઈ આખરી વ્યુહ બનાવી શકયો નથી.

# કોંગ્રેસ તમારી સંપત્તિ છીનવી લેશે, તમારૂ મંગળસૂત્ર પણ સુરક્ષિત નહિ રહે : અલીગઢ રેલીમાં પીએમ મોદીએ કર્યા કોંગ્રેસ પર પ્રહાર



લખનઉ : કોંગ્રેસ દેશની સંપત્તિ મુસ્લિમોમાં વહેંચી દેશે તેવી તેમની કથિત ટિપ્પણીથી ઉદભવેલા વિવાદ. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું કે કોંગ્રેસ હવે 'મંગલસૂત્ર' સહિત લોકોની પાસેનું સોનું છીનવી લેવા માંગે છે અને અન્ય મિલકતોનું પણ વિતરણ કરો.

અલીગઢ ખાતે ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ કોંગ્રેસને 'રામ-વિરોધી' તરીકે પણ ગણાવ્યું હતું અને કહ્યું હતું કે મોટી જૂની પાર્ટી વિચારે છે કે દેશને ''લૂંટ'' કરવાનો તેનો ''જન્મસિદ્ધ અધિકાર'' છે.

અલીગઢ ખાતે ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ કોંગ્રેસને 'રામ-વિરોધી' તરીકે પણ ગણાવ્યું હતું અને કહ્યું હતું કે મોટી જૂની પાર્ટી વિચારે છે કે દેશને ''લૂંટ'' કરવાનો તેનો ''જન્મસિદ્ધ અધિકાર'' છે.

''કોંગ્રેસ કે શહેઝાદે (રાહુલ ગાંધી) કા કહેના હૈ કી અગર ઉનકી સરકાર આયી તો લોગોં કી સંપત્તી કી જાંચ કરેંગે... અબ ઉનકી નજર હમાર માતા બેહનો કી સંપત્તી ચિન્ને પર હૈ... ઉનકી નજર આપકે મંગલસૂત્ર પર હૈ , કોંગ્રેસના રાજકુમાર કહે છે કે જો તેમની પાર્ટી સરકાર બનાવશે તો તે લોકોની સંપત્તિની તપાસ શરૂ કરશે... હવે તેઓ અમારી માતાઓ અને બહેનોની મિલકતો છીનવી લેવા માંગે છે... હવે તેઓ તમારા મંગળસૂત્રો પર નજર રાખે છે.'' વડા પ્રધાને જણાવ્યું હતું.

''તેઓ (કોંગ્રેસ) કોણે કમાણી કરી છે અને કેટલી કમાણી કરી છે તે જાણવા માટે સર્વે કરવા માંગે છે ... જો તમારી પાસે બે ઘર છે તો તેઓ એક લેશે,'' તેમણે ઉમેર્યું.

મોદીએ એમ પણ કહ્યું કે કોંગ્રેસ 'માઓવાદ'ના પ્રભાવમાં છે. ''આ વિચારધારાએ ઘણા દેશોને બરબાદ કર્યા છે અને હવે કોંગ્રેસ આ વિચારધારાને દેશમાં લાગુ કરવા માંગે છે,''તેમણે ઉમેર્યું.

વડા પ્રધાને કહ્યું હતું કે કોંગ્રેસ વિચારે છે કે દેશને ''લૂંટવુ''તેનો ''જન્મસિદ્ધ અધિકાર'' છે. ''તેઓએ (કોંગ્રેસ) ગરીબોને કંઈ આપ્યું નથી અને તેમના પરિવારો માટે માત્ર સંપત્તિ એકઠી કરી છે,'' તેમણે કહ્યું.

મોદીએ ઉમેર્યું હતું કે કોંગ્રેસે રામ મંદિર અભિષેક સમારોહ માટેના આમંત્રણને નકારી કાઢ્યું હતું

'રાધે-રાધે' (ભગવાન કૃષ્ણની પત્ની) ના નારા સાથે તેમના ભાષણની શરૂઆત કરનારા મોદીએ એમ પણ કહ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં જે સંરક્ષણ કોરિડોર બનાવવામાં આવ્યો હતો તે કોંગ્રેસ સરકારના શાસનમાં ક્યારેય બનાવવામાં આવ્યો ન હોત કારણ કે તેના હેઠળ જે સંરક્ષણ કરાર કરવામાં આવ્યા હતા તે શાસન ભ્રષ્ટાચારમાં ડૂબી ગયા.

દેખીતી રીતે મતવિસ્તારમાં મોટા મુસ્લિમ મતદારો પર નજર રાખીને, મોદીએ ટ્રિપલ તલાકને નાબૂદ કરવાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે નવા કાયદાથી મુસ્લિમ મહિલાઓને ઘણો ફાયદો થયો છે. મોદીએ લોકોને મોટી સંખ્યામાં મતદાન કરવાની અપીલ પણ કરી હતી.

### દેશની આઝાદી બાદ ૫૫ વર્ષ કોંગ્રેસ શાસનમાં હતું, શું ક્યારેય કોઈનું સોનું - મંગળસૂત્ર લેવાયું છે ?

# યુદ્ધ વખતે ઈન્દિરાજીએ દેશને સોનું આપ્યું હતું, મારી માતાનું મંગળસૂત્ર આ દેશ માટે કુરબાન થયું છે : પ્રિયંકાનો મોદી પર પલટવાર

નવી દિલ્હી :

કોંગ્રેસ વતી પ્રિયંકા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર વળતો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે કેવા પ્રકારની વાતોથી ગેરમાર્ગે દોરવામાં આવી રહી છે. છેલ્લા બે દિવસથી એવું કહેવામાં આવે છે કે કોંગ્રેસ પાર્ટી તમારું મંગળસૂત્ર અને સોનું છીનવી લેવા માંગે છે. ચૂંટણી રેલીમાં પ્રિયંકાએ કહ્યું કે આ દેશ ૭૦ વર્ષથી આઝાદ છે. ૫૫ વર્ષથી કોંગ્રેસની સરકાર છે, તમારી પાસેથી કોઈએ સોનું છીનવ્યું? શું તમારું મંગળસૂત્ર છીનવી લેવામાં આવ્યું હતું? પીએમ મોદીને જવાબ આપતાં પ્રિયંકાએ કહ્યું કે તેની માતાનું મંગળસૂત્ર આ દેશ માટે બલિદાન આપ્યું છે. જો મોદીજીને મંગલસૂત્રનું મહત્વ સમજાયું હોત તો તેમણે આવી અનૈતિક વાતો ન કરી હોત. ભાજપ પર પ્રહાર કરતા





પ્રિયંકાએ કહ્યું કે, ઈન્દિરા ગાંધીએ યુદ્ધ દરમિયાન પોતાનું સોનું દેશને આપ્યું હતું. જો લોકસભાની ચૂંટણીની ચર્ચા હોય તો એ જાણવું જરૂરી છે કે એવું શું થયું કે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને પોતાનું સોનું દેશને આપવું પડ્યું.

તે સમયે ઈન્દિરા ગાંધી વડાપ્રધાન ન હતા. પંડિત નેહરુ વડાપ્રધાન હતા. ચીને ૧૯૬૨માં યુદ્ધ શરૂ કર્યું હતું. દેશ સંકટમાં હતો. આવી સ્થિતિમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધીના લોકો મદદ માટે આગળ આવ્યા. તે સમયે, ફિલ્મ સ્ટાર એમજી રામચંદ્રને નેશનલ ડિફેન્સ ફંડમાં ૭૫,૦૦૦ રૂપિયાનું દાન આપ્યું હતું. લોકોમાં દેશભક્તિની લાગણી પ્રબળ હતી.

**ઈન્દિરાએ ૩૩૬ ગ્રામ સોનું આપ્યું હતું**

ચીનીઓને પાઠ ભણાવવા માટે સ્વયંસેવકોની સેનામાં જોડાવા માટેની સ્પર્ધા હતી. મહિલાઓએ રાઈફલ વાપરવાની તાલીમ પણ લીધી હતી. બોલિવૂડ પણ પાછળ નથી. અભિનેતા દિલીપ કુમાર, રાજ કપૂર અને મીના કુમારીએ પણ ૫૦,૦૦૦ રૂપિયાનું દાન આપ્યું હતું. પછી ઈન્દિરા ગાંધીએ મહિલાઓના પૈસા દાનમાં આપવાનું શરૂ કર્યું. તે વર્ષે ૨ નવેમ્બરે અખબારોમાં અહેવાલ પ્રકાશિત થયો હતો. ઈન્દિરાએ નેશનલ ડિફેન્સ ફંડમાં ૩૩૬ ગ્રામ સોનું આપ્યું હતું. તે સમયની એક તસવીર પણ ખૂબ ચર્ચામાં આવી હતી જેમાં ઈન્દિરા પોતાના ઘરેણાં જમા કરતી જોવા મળે છે. ટેબલ પર સાંકળો અને બંગડીઓ દેખાય છે.

# 'મનોદયમ' એપ: આપનો અવાજ સાંભળીને કહી દેશે કે આપ ડિપ્રેશનમાં, ટેન્શનમાં છો

### મેડટેક સેન્ટર ઓફ એકિસલેન્સે એઆઈ એપ વિકસીત કરી છે: ડિપ્રેશનના ૮૦ ટકા, ચિંતાના ૭૬ ટકા નમુના અવાજમાં ખરા પુરવાર થયા



લખનૌ તા.૨૪

હવે આર્ટિફિશીકલ ઈન્ટેલીજન્સ-એઆઈ આધારિત એપ ૨૦ સેકન્ડમાં અવાજ સાંભળીને બતાવી દેશે કે આપ ડિપ્રેસન કે ચિંતામાં છો કે નહીં. પીજીઆઈ સ્થિત મેડટેક સેન્ટર ઓફ એકિસલેન્સમાં વિકસીત આ એપનું નામ મનોદયમ છે.

૧૫ વર્ષથી વધુ વયના છાત્ર-છાત્રાઓ બહુરાષ્ટ્રીય કંપનીઓમાં કામ કરનારા યુવાન અને ૮૦ વર્ષ સુધીના બુઝુર્ગોના ચાર હજાર નમુનાનું આઈઆઈટી કાનપુરની લેબમાં પરિક્ષણ કરવામાં આવ્યુ હતું. તેમાં એમ્સ દિલ્હીના મનોચીકીત્સકની મદદ પણ લેવાઈ હતી. એઆઈના માધ્યમથી તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. કુલ નમુનામાંથી ૮૦ ટકાના પરિણામ ચોકકસ મળ્યા છે.

આ એપ પીજીઆઈ સ્થિત મેડટેક સેન્ટર ઓફ એકિસલેન્સના સ્ટાર્ટઅપ મનોદયમના એમડી એન્જીનીયર સંજય ભારદ્વાજે બનાવી છે. આ એપ પર ૧૫થી૨૦ સેકન્ડની અવાજમાં નમુના પરથી ડિપ્રેસન અને ચિતાના સ્તરનો પતો મળી જશે. હાલ મનોચીકીત્સક બાળકો અને મોટેરાઓ પાસેથી ખાસ પ્રકારના સવાલ-જવાબથી તેમના હાવ-ભાવ અને ગતિવિધિઓની જાણકારી મેળવીને તેમાં ડિપ્રેસનની માહિતી મેળવે છે પણ હવે આ એપની મદદથી આમ કરવું ખૂબ જ સરળ થઈ જશે. સંજય ભારદ્વાજે જણાવ્યું હતું કે એપનું લોન્ચીંગ મુખ્યમંત્રી યોગી આદીત્યનાથ પાસે કરાવવાની તૈયારી છે. એપનો ઉપયોગ પાયલોટ પ્રોજેકટ તરીકે સામાન્ય બાળકો અને મોટેરાઓ માટે કરવાનું સૂચન કરશું. ડિપ્રેસનના ૮૦ ટકા અને ચિંતાના ૭૬ ટકા નમૂના ખરા: સંજય ભારદ્વાજે જણાવ્યું હતું કે અવાજના નમુનાના વિશ્લેષણમાં ડિપ્રેસનના ૮૦ ટકા અને ચિંતાના ૭૬ ટકા નમુના સચ્ચાઈ બહાર આવી હતી. મેડટેક સેન્ટર ઓફ એકિસલેન્સ સીઓઈના ચીફ ઓપરેટીંગ ઓફિસર શ્યામકુમારે જણાવ્યું હતું કે સેન્ટરમાં ઉપચાર અને રોગોની ઓળખના ઉપયોગી ઉપકરણ અને ડિવાઈસ બનાવવામાં આવી રહ્યા છે તેમાં ડિપ્રેસન અને ચિંતાની વિગતો મેળવતી એપ સામેલ છે.

# મેકિસકોની બોર્ડર પર ડંકી વેથી ઘુસણખોરી કરાવતા માફિયા ડોન્કર્સ વચ્ચે ગેંગવોર: આઠના મોત

### મેકિસકોના ચિવાવ સિટી પાસે આઠના મૃતદેહો મળી આવ્યા:ડોન્કર્સ ગેંગ બોર્ડર ક્રોસ કરાવવા ૨૦ હજાર ડોલર લેતી હોય છે

અમદાવાદ,તા.૨૪

મેક્સિકો કેટલો ખતરનાક દેશ છે તેનો અનુભવ ઈલીગલી અમેરિકા ગયેલા ઘણા ગુજરાતીઓને થયો હશે. આખી દુનિયા જાણે છે કે મેક્સિકોમાં ડ્રગ્સ સિવાય બીજો સૌથી મોટો બેનંબરી ધંધો અલગ-અલગ દેશોમાંથી આવતા લોકોને ઈલીગલી બોર્ડર ક્રોસ કરીને અમેરિકામાં ઘૂસાડવાનો છે અને આ ધંધા પર અમુક માફિયા ગેંગ્સનું જબરજસ્ત વર્ચસ્વ છે. જોકે, મેક્સિકોની માફિયા ગેંગ્સ વચ્ચે પણ ઘણીવાર ગેંગવોર થતું રહે છે અને તેનો અંજામ ખૂબ જ ભયાનક આવતો હોય છે.

આવી જ એક ઘટનામાં માઈગ્રન્ટ્સના સ્મગલિંગના ધંધા પર પોતાનું વર્ચસ્વ જમાવવાની લડાઈમાં આઠ ડોન્કર્સના મોત થયા છે. મેક્સિકન મીડિયાના રિપોર્ટ અનુસાર ચિવાવ સિટીમાં થયેલી ગેંગવોરમાં મોતને ભેટેલા આઠેય ડોન્કર્સની બોડી અમેરિકાની બોર્ડર તરફ જતાં એક હાઈવે પરથી મળી આવી હતી. મેક્સિકોમાં ઈમિગ્રન્ટ્સનું સ્મગ્લિંગ કરતી મોટાભાગની કાર્ટેલ્સ ડ્રગ્સના ધંધામાં પણ સંડોવાયેલા હોય છે. તેમાંય સિનાલોઆ કાર્ટેલ અને લા લિનિયા સાથે સંકળાયેલી ગેંગ્સ વચ્ચે સૌથી વધુ અથડામણ ચિવાવામાં જ થાય છે.

રવિવારે ચિવાવા સિટીથી ૨૦ કિલોમીટર દૂર આવેલા ચિવાવા-જુઆરેઝ હાઈવે પર આઠ લોકોની બોડી હોવાના મેસેજ



મળતાં પોલીસને આ ઘટનાની જાણ થઈ હતી, જેની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે તમામ મૃતકો માઈગ્રન્ટ્સના સ્મગ્લિંગનું કામ કરતી ગેંગ સાથે જોડાયેલા હતા. આ તમામ લોકોની કોઈપણ ફફડી જાય તેવી ભયાનક રીતે હત્યા કરવામાં આવી હતી, તેમના શરીર પર ઈજાના સંખ્યાબંધ ઘા હતા અને તેમની બોડીને નિર્વસ્ત્ર કરીને હાઈવે પર ફેંકી દેવાઈ હતી.

આ હત્યાકાંડ પાછળ સોનોરા સ્ટેટની કુખ્યાત સિનાલોઆ કાર્ટેલનો હાથ હોવાની પોલીસને શંકા છે. પોલીસને આઠ ડોન્કર્સની બોડી જે જગ્યાએથી મળી તેનાથી થોડે દૂર એક સળગાવી દેવાયેલી વાન પણ મળી આવી હતી. પોલીસનો દાવો છે કે આ જ વાનમાં તમામ મૃતકોને લાવવામાં આવ્યા હતા. મેક્સિકન બોર્ડર સ્ટેટ ચિવાવાની બોર્ડર ન્યૂ મેક્સિકો તેમજ ટેક્સાસને સ્પર્શે છે, જે લોકો એરિઝોના બોર્ડર ક્રોસ કરે છે તેમને પણ ચિવાવાથી સોનોરા લઈ જવામાં આવતા હોય છે.

મેક્સિકોમાં માઈગ્રન્ટ્સને બોર્ડર ક્રોસ કરાવવાના બેનંબરી ધંધાનું ટર્નઓવર અબજો ડોલરમાં થાય છે. લેટિન અમેરિકન દેશમાંથી મેક્સિકોમાં પ્રવેશેલા કે પછી સીધા ફ્લાઈટમાં ન્યૂ મેક્સિકો લેન્ડ થયેલા એક પેસેન્જરને બોર્ડર ક્રોસ કરાવવાના ડોન્કર્સ ૧૦-૨૦ હજાર ડોલર લેતા હોય છે. જોકે, ડોન્કર્સ સિવાય માઈગ્રન્ટ્સને મેક્સિકોમાં ડગલેને પગલે ઉઘરાણા કરતા લોકલ માફિયા, પોલીસ તેમજ આર્મીને પણ સારી એવી રકમ ચૂકવવી પડે છે, અને જો કોઈ તેમને પૈસા આપવાની ના પાડે તો તેમને ન માત્ર ટોર્ચર કરવામાં આવે છે પરંતુ તે સિવાય પણ તેમની સાથે કલ્પના ના થઈ શકે તેવા કૃત્યો કરાય છે.

# સાવધાન : શું કોઈએ HRA કલેમ માટે તમારા PANનો દુરૂપયોગ કર્યો છે?

જો કોઈ અન્ય વ્યકિતએ હાઉસ રેન્ટ એલાઉન્સ (HRA)નો લાભ મેળવવા માટે તમારા પાન કાર્ડનો ઉપયોગ કર્યો છે, તો આ તમારી સમસ્યાઓમાં વધારો કરી શકે છે. આ ચિંતા ત્યાં સુધી રહે છે જ્યાં સુધી ખોટો PAN આપનાર વ્યક્તિ તેનું આવકવેરા રિટર્ન સુધારે નહીં. જો કે, નિષ્ણાતોના મતે, જો તમારી સાથે છેતરપિંડી થઈ છે તો તમારે સાબિત કરવું પડશે કે તમારા PANનો દુરુપયોગ થયો છે.

ગયા મહિને, એક અહેવાલમાં જણાવાયું હતું કે આવકવેરા વિભાગને ખોટા પાન ઉપયોગના લગભગ ૮,૦૦૦ થી ૧૦,૦૦૦ કેસ મળ્યા હતા. જો કે, વિભાગે સ્પષ્ટ કર્યું છે કે તે જૂના કેસ ફરીથી ખોલશે નહીં. જો ટેક્સ વિભાગ શંકાસ્પદ છે, તો તેઓ તમને નોટિસ મોકલી શકે છે અથવા ભાડા વિશે પૂછપરછ કરી શકે છે.

### વિભાગ શું કહે છે?

વિભાગનું કહેવું છે કે ગભરાવાની જરૂર નથી. વિભાગ જાણે છે કે PANનો દુરૂપયોગ થાય છે. તમારે ફક્ત જવાબ આપવામાં સહકાર આપવાનો છે. તમારે કેટલાક દસ્તાવેજો બતાવવાની જરૂર પડી શકે છે, જેમ કે બેંક સ્ટેટમેન્ટ (ભાડું મળ્યું નથી) અને એફિડેવિટ (તમે મકાનમાલિક નથી). આવકવેરા વિભાગે કહ્યું કે તેણે એ બાબત પર ભાર આપ્યો છે કે ઈ-વેરિફિકેશન ફક્ત નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે જ કરવામાં આવશે. માહિતીની મેળ ખાતી ન હોવાના કિસ્સાઓને ચેતવણી આપવા માટે આ કરવામાં આવ્યું હતું, જેથી અન્ય કેસોને અસર ન થાય.

### કયા દસ્તાવેજો બતાવવાની જરૂર છે?

જે વ્યક્તિનાં PAN દુરૂપયોગ થયો છે, તેણે કેટલાક વધારાના દસ્તાવેજો આપવા પડશે. HRA મેળવનાર વ્યક્તિઓ દ્વારા જેમના PANનો દુરુપયોગ કરવામાં આવ્યો હોય તેવા વ્યક્તિઓનું મૂલ્યાંકન, જો HRA મેળવવાની ઇચ્છા ધરાવતી વ્યક્તિ દ્વારા PAN ની ખોટી વિગતોના આધારે આકારણી ફરીથી ખોલવામાં આવે તો પણ, PAN ધારક બેંક સ્ટેટમેન્ટ પરથી સાબિત કરી શકે છે કે તેને ભાડું નથી મળી રહ્યું. તે ત્યાં જ તેની સામે આકારણી રદ કરવાની માંગ કરી શકે છે. દસ્તાવેજોનો ઉપયોગ એ સ્થાપિત કરવા માટે કરી શકાય છે કે PANનો ખોટી રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે. તે એક સોગંદનામું આપી શકે છે જેમાં તેને બતાવવાનું છે કે વિવાદિત મિલકત તેની માલિકીની નથી.

### જો તમને નોટિસ મળે તો શું કરવું?



જો કે ડિપાર્ટમેન્ટે સ્પષ્ટતા કરી છે કે કોઈ ખાસ વિશેષ અભિયાન નથી, પરંતુ જેમના PANનો દુરુપયોગ કરવામાં આવ્યો છે તેમને હજુ પણ નોટિસ મળી શકે છે અથવા જો આવા મકાનમાલિકો દ્વારા એકત્રિત કરવામાં આવેલા નમૂનામાં જોવા મળે છે કર સત્તાવાળાઓ. વિભાગ PANના દુરૂપયોગના મુદ્દાથી વાકેફ છે, પરંતુ ભાડાની આવક મકાનમાલિકોના હાથમાં જાય છે તેની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી નથી. જો કે, અસુવિધા ટાળવા માટે કરદાતાઓએ સહકાર આપવો જોઈએ અને આવી સૂચનાઓનો યોગ્ય અને સમયસર જવાબ આપવો જોઈએ.

# અમેરિકામાં ભણતા બે ભારતીય છાત્રોના કાર અકસ્માતમાં કમકમાટીભર્યા મોત

### બે કાર સામસામે ટકરાઈ: બંન્ને કારના ચાલકો ઘાયલ: બંન્નેના મૃતદેહો ભારત લાવવા કાર્યવાહી શરૂ



અમદાવાદ,તા.૨૪

સ્ટૂડન્ટ વિઝા પર અમેરિકા ગયેલા બે ભારતીય યુવકોના એક રોડ એક્સિડન્ટમાં કમકમાટીભર્યા મોત થયા છે. આ બંને સ્ટૂડન્ટ્સ તેલંગાણાના હતા અને તેઓ એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીમાં ભણતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર આ સ્ટૂડન્ટ્સની ઓળખ ગૌતમ કુમાર પારસી અને મુક્કા નિવેશ તરીકે કરવામાં આવી છે જે બંનેની ઉંમર માંડ ૧૯ વર્ષ હતી. શનિવારે સાંજે તેઓ પોતાના અન્ય એક મિત્ર સાથે કારમાં સવાર હતા, જેની ટક્કર અન્ય એક કાર સાથે થતાં ગૌતમ અને નિવેશના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે તેમની કાર ચલાવી રહેલા તેમજ જે કાર સાથે તેમનો અકસ્માત થયો હતો તેના ડ્રાઈવરને ઈજાઓ પહોંચી હતી.

કોલેજના સેકન્ડ યરમાં ભણતા નિવેશ અને ગૌતમ પોતાના દોસ્તો સાથે વીકેન્ડ ટ્રીપ પર ગયા હતા, જ્યાંથી પાછા આવતા તેમને આ અકસ્માત નડ્યો હતો. અમેરિકન મીડિયાના રિપોર્ટ્સ અનુસાર શનિવારે સાંજે સવા છ વાગ્યે પ્યૂરિયા પોલીસને કેસ્ટલ હોટ સ્પ્રિંગ્સ રોડ પર અકસ્માત થયો હોવાનો મેસેજ મળ્યો હતો. જોકે, પોલીસ તેમજ મેડિકલ ટીમ ઘટનાસ્થળ પર પહોંચી ત્યાં સુધીમાં નિવેશ અને ગૌતમના શ્વાસ બંધ થઈ ચૂક્યા હતા. આ અકસ્માત ઓવર સ્પિડિંગ કે પછી ડ્રાઈવરની બેદરકારીને કારણે થયો હતો કે કેમ તે અંગે પોલીસે હજુ સુધી કોઈ માહિતી જાહેર નથી કરી

ગૌતમ અને નિવેશ એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીમાં કમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરતા હતા, ગૌતમે આ યુનિવર્સિટીમાં ૨૦૨૨માં એડમિશન લીધું હતું જ્યારે નિવેશ ૨૦૨૩માં અમેરિકા ગયો હતો. અકસ્માતમાં મોતને ભેટેલો ગૌતમ આવતા મહિને જ ઈન્ડિયા આવવાનો હતો અને તેણે પોતાની ટિકિટ્સ પણ બુક કરાવી લીધી હતી. જવાનજોધ દીકરાના અમેરિકામાં મોત થતાં આ બંને યુવકોના પરિવારજનો પણ આઘાતમાં સરી પડ્યા છે.

ગૌતમ તેલંગાણાના જનગાંવ જિલ્લાનો વતની હતો અને તેના પિતા ગોલ્ડના બિઝનેસ સાથે સંકળાયેલા છે, જ્યારે નિવેશ કરીમનગરના હુઝુરાબાદનો વતની હતો અને તેના માતા-પિતા બંને ડોક્ટર્સ છે. સૂત્રોનું માનીએ તો બંને મૃતકોના અંતિમ સંસ્કાર તેમના વતનમાં કરવામાં આવશે, અને તેમની બોડીને ઈન્ડિયા લાવવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવાઈ છે.

# ઈન્ટરનેટ વગર પણ WhatsApp પર મોકલી શકાશે ફોટા અને ફાઈલ

### WABetaInfo નામની એક વેબસાઈટે જણાવ્યું છે કે WhatsApp આ ફીચર પર કામ કરી રહ્યું છે જેથી તમે ઈન્ટરનેટ વગર પણ કોઈને પણ ફાઈલ મોકલી શકો



ન્યુ દિલ્હી : વોટ્સએપ એક નવું ફીચર લાવવાનું છે જેના દ્વારા તમે ઈન્ટરનેટ વગર પણ ફાઈલ શેર કરી શકશો. લીક થયેલી માહિતી અનુસાર, આ મેસેજિંગ એપ ટૂંક સમયમાં એવી ટેક્નોલોજી લાવવા જઈ રહી છે જેના દ્વારા તમે ઈન્ટરનેટ વગર પણ ફોટા, વીડિયો, ગીતો અને દસ્તાવેજો મોકલી શકશો. WABetaInfo નામની એક વેબસાઈટે જણાવ્યું છે કે WhatsApp આ ફીચર પર કામ કરી રહ્યું છે જેથી તમે ઈન્ટરનેટ વગર પણ કોઈને પણ ફાઈલ મોકલી શકો. આ ફાઈલો એન્ક્રિપ્ટેડ પણ હશે, એટલે કે કોઈ તેને જોઈ કે બદલી શકશે નહીં.

ઈન્ટરનેટ વિના WhatsApp પર ફાઈલ શેરિંગ ફીચર કેવી રીતે કામ કરશે તે અંગે કેટલીક માહિતી લીક થઈ છે. કેટલાક સ્ક્રીનશોટ સામે આવ્યા છે જે દર્શાવે છે કે આ સુવિધા માટે WhatsApp ને તમારા ફોનમાંથી કઈ પરવાનગીની જરૂર છે. એક મહત્વપૂર્ણ પરવાનગી એ નજીકના ફોનને શોધવાની છે કે જેના પર આ સુવિધા કામ કરે છે. આ Android ની સામાન્ય પરવાનગી છે જે બ્લૂટૂથ દ્વારા નજીકના ફોન શોધવા અને તેમની સાથે ફાઈલો શેર કરવામાં મદદ કરે છે. પરંતુ જો તમે ન ઈચ્છતા હો, તો તમે આ પરવાનગી બંધ પણ કરી શકો છો.

### પરવાનગીની જરૂર પડશે

ઈન્ટરનેટ વિના WhatsApp પર ફાઈલો શેર કરવા માટે, કેટલીક પરવાનગીની જરૂર પડશે. સૌથી પહેલા એ જણાવો કે આસપાસના કયા ફોન આ ફીચરને સપોર્ટ કરે છે. બ્લૂટૂથ દ્વારા નજીકના ફોન શોધવા માટેની આ સામાન્ય પરવાનગી છે, જેને તમે ઇચ્છો તો બંધ કરી શકો છો. બીજી પરવાનગી તમારા ફોનની ફાઈલો અને ફોટો ગેલેરીને એક્સેસ કરવાની હશે જેથી કરીને તમે જે ફાઈલ શેર કરવા માંગો છો તે WhatsApp શોધી શકે. ત્રીજી પરમિશન લોકેશનની હશે જેથી જાણી શકાય કે બીજો ફોન કનેક્ટ કરવા માટે પૂરતો નજીક છે કે નહીં. આ પરવાનગી જરૂરી છે પરંતુ ચિંતા કરવાની જરૂર નથી કારણ કે WhatsApp ફોન નંબર છુપાવીને અને ફાઈલોને એન્ક્રિપ્ટ કરીને શેરિંગને સુરક્ષિત બનાવશે.

### ShareIT જેવું કામ કરશે

આ નવી સુવિધા કેટલીક જૂની એપ્સ જેવી કે ShareIT જેવી કામ કરશે. આ એપ્સ ઇન્ટરનેટ વિના બે ફોન વચ્ચે ફાઈલ શેર કરતી હતી. લોકો અવારનવાર વોટ્સએપ પર ફોટો, વીડિયો અને ડોક્યુમેન્ટ્સ શેર કરે છે, તેથી આ નવું ફીચર તેમના માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

### હાલમાં ટ્રાયલ તબક્કામાં છે


વોટ્સએપ પર ઈન્ટરનેટ વગર ફાઈલ શેર કરવાનું આ ફીચર હજુ ટેસ્ટિંગ તબક્કામાં છે, એટલે કે સામાન્ય લોકો માટે તે હજુ શરૂ થયું નથી. પરંતુ તે ટૂંક સમયમાં આવી રહ્યું છે. આ નવી પદ્ધતિ ફાઈલ શેરિંગને સરળ અને સુરક્ષિત બનાવશે.

# અંતરિક્ષમાં પરમાણુ શસ્ત્રોની હોડ મામલે યુનોમાં આજે અમેરિકા-રશિયા ટકરાશે

### રશિયા એન્ટી સેટેલાઈટ પરમાણુ શસ્ત્ર બનાવતું હોવાનો અમેરિકાનો આરોપ

ન્યુયોર્ક (અમેરિકા) તા.૨૪

આજે સંયુકત રાષ્ટ્રમાં અંતરિક્ષમાં પરમાણુ હથિયાર મુદ્દે રશિયા અને અમેરિકા વચ્ચે ટકરાવ થઈ શકે છે. અંતરિક્ષમાં પરમાણુ હથિયાર સહિતના હથિયારોને લઈને સંયુકત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં મતદાન થશે. જો કે બાહરી અંતરિક્ષમાં હથિયારોની હોડને રોકવા માટે દેશોને સહમતીનો અમેરિકાએ પ્રસ્તાવ તૈયાર કર્યો છે.



ઉલ્લેખનીય છે કે કેટલાક સમય પહેલા અમેરિકાએ રશિયા પર આરોપ લગાવ્યો હતો કે તે એન્ટી સેટેલાઈટ પરમાણુ હથિયાર વિકસીત કરી રહ્યું છે, જો કે રશિયાના રક્ષામંત્રીએ અમેરિકાના આ આરોપને ફગાવી દીધો હતો.

બીજી બાજુ કેટલાક રાજનીતિજ્ઞોનું માનીએ તો બાહરી અંતરિક્ષમાં હથિયારોની હોડને રોકવા દેશોની સહમતીનો અમેરિકાનો પ્રસ્તાવ રશિયા રોકી શકે છે. જયારે અમેરિકાએ પણ આ પગલુ મોસ્કો પર અંતરિક્ષમાં એન્ટી સેટેલાઈટ પરમાણુ હથિયાર વિકસીત કરવાનો આરોપ લગાવ્યા બાદ જ ઉઠાવ્યું.

ખરેખર તો સંયુકત રાષ્ટ્રમાં શુક્રવારે અમેરિકી રાજદૂત લિંડા થોમસ ગ્રીન ફિલ્ડ અને જાપાનના સંયુકત રાષ્ટ્ર રાજદૂત યામાજાકી કાજુયુકીએ નિવેદન આપ્યું હતું કે તેઓ ૬ સપ્તાહથી પ્રસ્તાવ પર સુરક્ષા પરિષદના સભ્યો સાથે વાતચીત કરી રહ્યા છે.

### હવામાન વિભાગે ચૂંટણી કેન્દ્રીત તથા રેલવે પ્રવાસીઓ માટે 'વિશેષ' બુલેટીન શરૂ કર્યુ

# મે માસના બે સપ્તાહમાં સર્વોચ્ચ તાપમાન હશેઃ હીટવેવ જ નહિં 'હીટ-સ્ટ્રેસ' પણ વધશે

## આકરા તાપ વખતે જ ૪થા અને ૫ માં તબકકાના મતદાનઃ ગુજરાતના ત્રીજા તબકકા વખતે પણ 'સુર્યકોપ'ની આશંકા

નવી દિલ્હી તા.૨૪

દેશના મોટાભાગનાં ક્ષેત્રોમાં આકરા તાપમાન વચ્ચે આવતા દિવસોમાં તથા ખાસ કરીને મે મહિનાનાં બે અઠવાડીયામાં ગરમી પરાકાષ્ઠાએ પહોંચવા સાથે હીટવેવની હાલત સર્જાવાની શકયતા હવામાન વિભાગે દર્શાવી છે. આ સમય ગાળામાં લોકસભાનાં ૪થા અને ૫ માં તબકકાનું મતદાન થવાનું છે અને તેમાં અસર થઈ શકવાની આશંકા છે.

હવામાન વિભાગે રેલવે તથા લોકસભાની ચૂંટણી આધારીત હીટવેવ સંબંધી વિશેષ આગાહી આપવાનું જાહેર કર્યું છે.

એપ્રિલથી જુનમાં ઘણો આકરો-બળબળતો તાપ પડવાની આગાહી સાથેની ચેતવણી હવામાન વિભાગે અગાઉ જ આપી છે. આ સંજોગોમાં વિભાગ દ્વારા ઉનાળામાં વેકેશન પ્રવાસે જતા રેલવે પ્રવાસીઓ તથા લોકસભા ચૂંટણી મતદાનને ધ્યાને રાખીને ખાસ હીટવેવ આગાહીની શરૂઆત કરવામાં આવી છે. છેલ્લા ત્રણ અઠવાડીયા દરમ્યાન ગુજરાત, ઓડીશા, મહારાષ્ટ્ર બિહાર, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન જેવા રાજયો હીટવેવમાં સપડાયા જ હતા.

લોકસભા ચૂંટણીમાં હજુ મતદાનના છ તબકકા બાકી છે. ૨૬ એપ્રિલ, ૭ મે, ૧૩ મે, ૨૦ મે, ૨૫ મે તથા ૧ જુનના રોજ મતદાન થવાના છે.મતદાનના દિવસનાં તાપમાન વિશે વાકેફ રહી શકશે અને જરૂરીયાત માનવીનાં આરોગ્યને સીધી અસર કરતા રાત્રીનાં તાપમાન, પવનની ગતિ તથા તાપમાનનાં આંકડા પણ આપશે.

ભારતમાં મે મહિનાના બીજા અને ત્રીજા અઠવાડીયામાં તાપમાન સર્વોચ્ચ સ્તરે પહોંચશે. હીટવેવ જેવી સ્થિતિ રહેશે. આ સમયગાળામાં ૪થા અને ૫માં તબકકાનું મતદાન થવાનું છે. ઓડીશા, આંધ્રપ્રદેશ, તેલંગાણા જેવા રાજયો આકરી ગરમીના જોખમી ઝોનમાં છે.ગુજરાતમાં ૭ મેએ મતદાન છે ત્યારે પણ પારો ઉંચો જ રહી શકે છે.

તાપમાનનો પારો નોર્મલ કરતાં ૪.૫ ડીગ્રી વધુ તાપ અથવા ૪૫ ડીગ્રીને વટાવે તો હવામાન વિભાગ હીટવેવની સ્થિતિ જાહેર કરે છે. સામાન્ય રીતે હીટવેવ ૨ થી ૭ દિવસ ચાલતા હોય છે. પરંતુ ૨૦૨૪ અસામાન્ય રહે તેમ હોવાથી હીટવેવનો ગાળો વધુ દિવસો રહેવાની ભીતિ છે.



# જોખમી એલઈડી લાઈટ ધરાવતા વાહનો સામે રાજકોટ RTO તંત્રની ઝુંબેશ શરૂ

### ૯ વાહન ધારકો દંડાયા : ઓવર સ્પીડનાં પણ ૧૫૯ કેસો કરાયા : રૂા.૩ લાખથી વધુનાં દંડની વસુલાત

રાજકોટ, તા. ૨૪

તાજેતરમાં જ રાજયના વાહન વ્યવહાર કમિશ્નર દ્વારા હાઇવે તથા રાજમાર્ગો ઉપર દોડતા ફોર વ્હીલર સહિતના વાહનોમાં જોખમી એલઇડી લાઇટ લગાવી ફરતા વાહન ધારકો સામે કડક પગલા લેવા અને દંડાત્મક કાર્યવાહી કરવા માટે રાજકોટ સહિત રાજયના દરેક આરટીઓ અધિકારીઓને ખાસ પરિપત્ર પાઠવ્યો છે. આ પરિપત્ર અનુસંધાને જુદા જુદા જિલ્લાઓમાં આરટીઓ તંત્રની ટીમો દ્વારા હાઇવે તથા રાજમાર્ગો ઉપર કડક ચેકીંગ ઝુંબેશ શરૂ કરી દેવામાં આવેલ છે.

આ ઝુંબેશ અંતર્ગત રાજકોટ આરટીઓ અધિકારીઓ દ્વારા પણ રાજકોટ જિલ્લામાં એલઇડી લાઇટો લગાવી ફરતા વાહન ધારકો સામે કડક પગલાની ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે અને આ ઝુંબેશના ભાગરૂપે આરટીઓ તંત્ર દ્વારા જુદા જુદા વાહન ધારકો કે જેઓએ એલઇડી લાઇટો લગાવી હોય તેઓની સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની આરટીઓ તંત્રના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ તાજેતરમાં રાજકોટ શહેર અને જિલ્લામાં કરવામાં આવેલા ચેકીંગ દરમ્યાન આરટીઓ તંત્રએ એલઇડી લાઇટ લગાવેલા ૯ વાહનધારકોને ઝડપી લીધા હતા અને તેઓની સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.

વધુમાં આરટીઓ તંત્રના સુત્રોમાંથી મળતી વિગતો મુજબ આરટીઓ કચેરીઓની ટીમો દ્વારા છેલ્લા એક સપ્તાહ દરમ્યાન હાથ ધરવામાં આવેલી ચેકીંગ ડ્રાઇવ અંતર્ગત એલઇડી ઉપરાંત ઓવર સ્પીડ વાહનો અંગે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. આરટીઓ તંત્ર દ્વારા હાઇવે ઉપર કરવામાં આવેલા ચેકીંગ દરમ્યાન ઓવર સ્પીડના ૧૫૯ કેસો છેલ્લા એક સપ્તાહ દરમ્યાન કરવામાં આવેલા હતા અને ઓવર સ્પીડ તથા એલઇડી લાઇટ અંગેની કાર્યવાહી અંતર્ગત કુલ રૂા. ૩.૦૯ લાખનો દંડ વસુલવામાં આવેલ હતો.

# વૈશાલીનગરમાં તબીબના બંધ મકાનમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ

### માલસામાન વેરવિખેર કર્યો પણ મતા હાથ ન લાગીઃ ગાંધીગ્રામ પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી



રાજકોટ. તા.૨૪

વૈશાલીનગરમાં તબીબના બંધ મકાનમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ સામે આવતાં ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી હતી.

બનાવ અંગે રૈયારોડ પર વૈશાલીનગર શેરી નં.૫ માં રહેતાં નિરવભાઈ નિતિનભાઈ લખતરીયા (ઉ.વ.૩૪) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ નિર્મળા કોન્વેન્ટ રોડ નિર્મળા સ્કુલની બાજુમાં આકાશગંગા એપાર્ટમેન્ટમાં હોમિયોપેથીક ડોકટર તરીકે પોતાનુ કલીનીક ચલાવે છે. તેઓ પત્ની અને પુત્રી સાથે રહે છે. તેમનો પત્ની અને પુત્રી સુરેન્દ્રનગર લગ્નમા તા.૧૬/૦૪/૨૦૨૪ ના ગયેલ હતાં. તેઓ ગઈ તા.૧૭/૦૪/૨૦૨૪ ના થાનગઢ ખાતે તેમના માતા-પિતાના ઘરે ગયેલ હતાં. બાદમાં તા.૨૦/૦૪/૨૦૨૪ ના સાંજના સમયે ઘરે પરત આવેલ હતાં. બાદમાં તેઓ કલીનીક પરથી ઘરે આવેલ અને પરત થાનગઢ ખાતે ગયેલા હતાં. બાદમાં તા.૨૨ ના તેમની પત્નીનો ફોન આવેલ અને વાત કરેલ કે, આપણા ઘરના તાળા તુટેલ છે અને આપણા ઘરે કામ કરતા બહેન ફોનથી જાણ કરેલ જેથી તેઓ રાજકોટ આવેલ બાદ અને ઘરે જોયેલ તો તેમના ઘરની બારિનો કાચ તથા લોખંડના સળીયા તોડેલ હતા અને ઘરમાં ઘરનો સર સામાન અસ્ત - વ્યસ્ત જોવામા આવેલ હતો. ઘરમા તપાસ કરતા કોઈ વસ્તુ ચોરાયેલ ન હતી. જેથી અજાણ્યાં શખ્સોએ તેઓના ઘરમાં પ્રવેશી ચોરીનો પ્રયાસ કરેલ હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી પીઆઈ બી. ટી. અકબરી અને ટીમે સીસીટીવી ફૂટેજ, ડોગ સ્કવોડ, ફિંગર પ્રિન્ટના આધારે તપાસ હાથ ધરી હતી.

# રાજકોટની ૧૪૧ સોસાયટીઓમાં ૧૦૦ ટકા મતદાન માટે મ્યુ. કોર્પો.નાં અધિકારીઓને જવાબદારી

### અધિકારીઓ સોસાયટીમાં રૂબરૂ જઈ મતદાન જાગૃતિ ઝુંબેશ કરશે

રાજકોટ, તા. ૨૪

લોકસભાની ચૂંટણી નજીક આવી ગઇ છે ત્યારે આ ચૂંટણીમાં ખાસ કરીને લોકો વધુને વધુ મતદાન કરે તે માટે ચૂંટણી પંચ દ્વારા સંબંધીત અધિકારીઓને ખાસ સૂચના આપવામાં આવી છે અને આ સૂચના અનુસંધાને સરકારી અધિકારીઓ દ્વારા વિવિધ સ્થળોએ લોકો વધુને વધુ મતદાન કરે તે માટે જાગૃતિ ઝુંબેશ ચલાવી રહ્યા છે. ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ રાજકોટ શહેરની જુદી જુદી સોસાયટીઓમાં લોકો વધુને વધુ મતદાન કરે તે માટે ૧૪૧ જેટલા એએસઆઇ, એન્જીનીયર તથા વોર્ડ ઓફિસર કક્ષાના અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે.

આ અધિકારીઓને રાજકોટ શહેરની જુદી જુદી સોસાયટીઓમાં ૧૦૦ ટકા મતદાન થાય તે માટેની વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. આ અધિકારીઓ દ્વારા તેમને સોંપવામાં આવેલી સોસાયટીમાં રૂબરૂ જઇ અને સોસાયટીના પ્રમુખ સાથે બેઠક કરી સોસાયટીના તમામ લોકો ૧૦૦ ટકા મતદાન કરે તે માટેની સહમતી લેવામાં આવી રહી છે. રાજકોટ શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલી આ સોસાયટીઓમાં કોર્પોરેશનના અધિકારીઓ રૂબરૂ જઇ રહ્યા છે અને સોસાયટીના રહેવાસીઓને ૧૦૦ ટકા મતદાન કરવા માટે સમજાવી અને સોસાયટીના આગેવાનો સાથે સંપૂર્ણ મતદાન માટેના લેખિતમાં એમઓયુ પણ કરવામાં આવી રહ્યા છે.




# વધુ ૧૦૮ લોકો પાસેથી સાડાચાર કીલો પ્રતિ બંધીત પ્લાસ્ટિક જપ્ત કરતુ મ્યુ.કોર્પો

### ગંદકી કરતા લોકો પાસેથી રૂા.૨૬ હજારનો દંડ વસુલાયો

રાજકોટ,તા.૨૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૨૩/૦૪/૨૦૨૪ના રોજ ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૨૩/૦૪/૨૦૨૪ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૦૮ આસામીઓ પાસેથી ૪.૫૨ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૬૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૬ આસામીઓ પાસેથી ૧.૪૨ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૦૮૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૯ આસામીઓ પાસેથી ૨.૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૯૨૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ હતો.ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૦.૭ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૫૯૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ હતો.

# રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવારો પાસેથી ખર્ચના હિસાબો લેતા ખર્ચ નિરીક્ષક

### કલેકટર કચેરી ખાતે ખર્ચ અંગેની પ્રથમ બેઠક મળી

રાજકોટ, તા. ૨૪

રાજકોટ લોકસભા બેઠક ઉપર ભાજપ-કોંગ્રેસ સહિત ૯ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાનાર છે. લોકસભાની આ ચૂંટણીમાં આ વખતે ઉમેદવારો માટે ખર્ચની મર્યાદા રૂા. ૯૫ લાખ નિયત કરવામાં આવી છે. ત્યારે આજે જિલ્લા કલેકટર કચેરી ખાતે ખર્ચ નિરીક્ષક નવનાથ નવ્હાણે દ્વારા ઉમેદવારોના ખર્ચ અંગેની પ્રથમ મીટીંગ યોજવામાં આવી હતી.

જેમાં ખર્ચ નિરીક્ષક નવનાથ નવ્હાણે દ્વારા રાજકોટ લોકસભા બેઠકના ભાજપ-કોંગ્રેસ સહિતના ૯ ઉમેદવારો પાસેથી ખર્ચના હિસાબો લેવામાં આવેલ હતા. અહીં એ ઉલ્લેખનીય છે કે ઉમેદવારો ઉમેદારીપત્રો ભરે ત્યારથી તેમના ખર્ચનું આંકન શરૂ થાય છે. ચૂંટણી પંચ દ્વારા ઉમેદવારો માટે ખર્ચની જે મર્યાદા નિયત કરવામાં આવી છે તે મુજબ જ ઉમેદવારોએ તેમનો ચૂંટણી ખર્ચ કરવાનો રહે છે.

જેમાં આજે પ્રથમ બેઠક જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજવામાં આવી હતી. જેમાં રાજકોટ લોકસભા બેઠકના ૯ ઉમેદવારો અને તેમના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી અત્યાર સુધીના ખર્ચના હિસાબો રજૂ કર્યા હતા. ઉમેદવારોના ખર્ચની બીજી બેઠક તા.૨૯મીએ યોજાશે. ત્યારબાદ ત્રીજી બેઠક આગામી તા. ૪ મેના યોજાશે. જેમાં પણ ઉમેદવારોએ તેમના ખર્ચના હિસાબોના આંકડા રજૂ કરવા પડશે.

# જાહેરમાં પાન-ફાકી થુંકતા વધુ ૮ વ્યકિતઓને દંડ ફટકારાયો

રાજકોટ,તા.૨૪

રાજકોટ શહેરમાં સફાઇ અંગે જાગૃતિ આવે અને શહેરને પ્લાસ્ટીક મુકત કરવા, સફાઈ અંગેની ફરિયાદોનાં ઝડપી નિવારણ તેમજ લોકો માં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા ન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા લોકોને તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા, જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓને તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને સીસીટીવી કેમેરાના માધ્યમ દ્વારા ઝડપી લઇ દંડ વસુલાતની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત ગત તા.૨૩ના રોજ ૦૮ વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા દંડ કરવામાં આવેલ હતો.



કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૧૧૨૫ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ ૪૮૩ સફાઈ કામદારોની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવેલ છે, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની સફાઈ બાબતની ૦૮ ફરિયાદો સીસીટીવી કન્ટ્રોલ રૂમ દ્વારા ફરિયાદી બની કરવામાં આવેલ હતી.આ ફરિયાદોનું ફોલોઅપ જે તે વિસ્તારના સેનીટરી ઇન્સ્પેકટર પાસેથી મેળવી ૨૪ કલાકમાં ફરિયાદનુ નિવારણ કરવામાં આવેલ હતું.

# મહાનગરપાલિકામાં ૨૦ દિવસમાં ૯૨ હજારથી વધુ કરદાતાઓએ રૂા. ૫૫ કરોડનો વેરો જમા કરાવ્યો

### વળતર યોજના અંતર્ગત આર.એમ.સી.એ રૂા.૬.૨૦ કરોડનું ડિસ્કાઉન્ટ આપ્યું

રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી વર્ષ ૨૦૨૪-૨૫નો મિલ્કત વેરો તથા પાણી વેરાની ભરપાઇ માટે વળતર ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત દૈનિક અસંખ્ય કરદાતાઓ વેરો જમા કરાવી રહ્યા છે. ત્યારે છેલ્લા ૨૦ દિવસ દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકામાં અસંખ્ય કરદાતાઓએ કરોડો રૂપિયાનો વેરો જમા કરાવ્યો છે.

આ અંગેની મહાનગરપાલિકાના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ ગત તા. ૮-૪થી ૨૪-૪ સુધીમાં મહાનગરપાલિકામાં ૯૨૩૧૮ કરદાતાઓએ ૫૫.૭૭ કરોડના વેરાની ભરપાઇ કરી છે તથા મહાનગરપાલિકા દ્વારા વળતર યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૬.૨૦ કરોડનું ડિસ્કાઉન્ટ આપવામાં આવેલ છે. વધુમાં મહાનગરપાલીકાના સુત્રોમાંથી મળતી વિગતો મુજબ તા.૨૪ના આજરોજ બપોર સુધીમાં મહાનગરપાલિકામાં ૯૨૩૧૮ કરદાતાઓ દ્વારા રૂા. ૫૫.૭૭ કરોડનો વેરો જમા કરાવ્યો છે જેમાં ઓફલાઇન (કેશ-ચેક) ૨૬૯૦૬ કરદાતાઓએ રૂા. ૧૮.૨૮ કરોડ અને ઓનલાઇનના ૬૫૪૧૨ કરદાતાઓએ રૂા. ૩૭.૪૯ કરોડના વેરાની ભરપાઇ કરી છે.

### 'મારો મત નવા ભારતના નિર્માણને મત' સ્લોગન સાથે

# શુક્રવારથી ભાજપ લીગલ સેલની બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટઃ પ્રથમવાર મહિલાઓએ ભાગ લીધો

### વિરાણી સ્કુલના ગ્રાઉન્ડમાં આયોજન ૧૬ પુરૂષ અને ૨ મહિલા ટીમોઃ રવિવારે ફાઇનલ-સેમીફાઇનલ રમાશે




'સાંજ સમાચાર'ની મુલાકાતે આવેલ ભાજપ લીગલ સેલના ધારાશાસ્ત્રીઓ.

રાજકોટ તા.૨૪

લોકસભાની ચૂંટણીનું મહાપર્વ આવી રહ્યું છે ત્યારે યુવા, મહીલા મતદારોમાં જાગૃતી આવે અને મતદારો પોતાના મતાધિકારનો વધુમાં વધુ ઉપયોગ કરે અને મારો મત ભારતના નિર્માણ ને મત એવા હેતુ સૌ જંગી મતદાન કરે અને લોકશાહીના આ પર્વની ઉજવણી કરે તેવા હેતુથી શહેર ભાજપ લીગલ સેલના માર્ગદર્શન હેઠળ ભાજપ યુવા લીગલ સેલ સહાયક ટીમ દ્વારા યુવા એડવોકેટો માટે નવીનતમ બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટનું પ્રથમ વાર આયોજન કરવામાં આવી રહેલ છે. આ ઉપરાંત પ્રથમ વખત બે મહિલા ટીમો પણ ભાગ લઈ રહી છે.

આગામી તા.૨૬/૪/૨૪ થી તારીખ ૨૮/૪/૨૪ દરમ્યાન સાંજના વિરાણી હાઈસ્કુલના ગ્રાઉન્ડમાં યોજાનાર આ બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટ રમાવાની છે જેમાં કુલ ૧૬ ટીમોએ ભાગ લીધો છે. તેમાં ૫-૫ મેચ ૨ દિવસ માટે રમાશે તેમજ રવિવારે સેમીફાઈનલ તથા ફાઈનલ મેચ રમાશે.ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવના હસ્તે થયેલ ડ્રો મુજબ વિવિધ ટીમો વચ્ચે મેચ રમાડવામાં આવશે. જેમાં વિજેતા ટીમોને શીલ્ડ તેમજ ઈનામો આપવામાં આવશે. પ્રોફેશનલ એમ્પાયર મેચનું અમ્પાયરીંગ કરશે.આ નવીનતમ બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં જોડાવવા, નીહાળવા માટે ટીમને પ્રોત્સાહન આપવા તેમજ પ્રેરક બળ પુરુ પાડવા માટે રાજકોટના વકીલો મોટી સંખ્યામાં હાજર રહે તે માટે રાજકોટ ભાજપ લીગલ સેલના કન્વીનર પીયુષભાઈ શાહ, સહકન્વીનર કમલેશભાઈ ડોડીયા તથા સમગ્ર કોર કમીટી દ્વારા અપીલ સહ નિમંત્રણ પાઠવેલ છે. ટુર્નામેન્ટ અંગે માહિતી પુરી પાડવા આજરોજ પ્રેસની મુલાકાતે રાકેશભાઈ ગોસ્વામી, ધર્મેશભાઈ સખીયા, રક્ષીતભાઈ કલોલા, ભાજપ યુવા લીગલ સહાયક સેલના કન્વીનર અભિષેક શુકલ, સહકન્વીનર સાગર હપાણી, પાર્થરાજસિંહ ઝાલા, નીશાંત જોષી, કીશન રાજાણી, રવી ધ્રુવ હીમાલય મીઠાણી, હીત અવલાણી, મીત સોમૈયા, આનંદ રાધનપુરા, જીતેશ રાઠોડ, ભૂમિકા પટેલ, હેમલ ગોહેલ, ચેતન ચોવટીયા, પ્રતીક વ્યાસ, રીતીન મેંદપરા, કેવલ પુરોહીત, રવી લાલ, કરણ ગઢવી, રાહુલ મકવાણા, ભાર્ગવ બોડા, મીલન મેનોરા, પ્રદીપ પરમાર, અજયસિંહ ચુડાસમા, પ્રશાંત રૂપારેલીયા, હુશેન હેરંજા, અલય ખખ્ખર, મૌલીક જોષી, સ્મીત પારેખ, ભાર્ગવ પંડયા, ચાંદની પુજારા, ભાજપ લીગલ સેલ મીડીયા ઈન્ચાર્જ પારસભાઈ શેઠ રવિરાજસિંહ રાઠોડ, મનન ભીમાણી, નીરવ રામાણી, ઈશાન ભટ્ટ, રૂષી જોશી, પુનમ પટેલ, ધર્મિષ્ઠાબા ઝાલા વગેરેએ હાજર લઈ વિગતો આપી હતી.

# શહેરમાં આઠ મહિલા સહિત ૧૬ જુગારીઓ ઝડપાયા

### બી ડિવિઝન અને માલવીયાનગર પોલીસની કામગીરી

### મોરબી જકાતનાકા પાસેથી પત્તા ટિંચતા બાજીગરો ઝબ્બેઃ ચંદ્રેશનગરમાંથી જુગાર રમતી આઠ મહિલા ઝડપાઈ

રાજકોટ, તા.૨૪

શહેરમાંથી આઠ મહિલા સહિત સોળ જુગારીઓ પોલીસે પકડી પાડયા હતા. બી ડિવિઝન પોલીસે મોરબી જકતનાકા પાસેથી પત્તા ટિંચતા આઠ બાજીગરો જયારે માલવિયાનગર પોલીસે ચંદ્રેશનગરમાંથી જુગાર રમતી આઠ મહિલાને પકડી પાડી હતી.મળતી વિગતો અનુસાર બી ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સટેબલ કે. એન. જાડેજા, કોન્સટેબલ પંકજભાઈ માળી, જગદીશભાઈ વાંક, ભાનુશંકર ધાંધલા, વિશ્વજીતસિંહ ઝાલા, જયદિપસિંહ બોરાણા પેટ્રોલીંગ હતા. દરમિયાન બાતમી મળી હતી કે, મોરબી જકાતનાકા પાસે વલ્લભભાઈના ભંગારના ડેલા પાસે દર્શન સ્ટીલ ટ્રેડર્સની દિવાલ પાસે જાહેરમાં જુગાર રમે છે. જે બાતમીના આધારે તે સ્થળે દરોડો પાડી ગણેશભાઈ તરશીભાઈ સોજીત્રા (ઉ.વ.-૪૩ રહે-કુવાડવા રોડ જય ગુરૂદેવ પાર્ક શેરી નં.૦૯ ), ગીરીશભાઈ રવજીભાઈ કણક (ઉ.વ.-૪૫ રહે- જય જવાન જય કિશાન શેરી નં.૦૪ મોરબી રોડ રાજકોટ), બાબુભાઈ ખોડાભાઈ સાવલીયા (ઉ.વ.-૬૩ રહે- શીવ આસ્થા સોસાયટી શેરી નં.૧ રાધામીરા સોસાયટીની બાજુમાં મોરબી રોડ), રમેશભાઈ સવજીભાઈ ઠુમર (ઉ.વ-૫૭ રહે- મારૂતિ નગર શેરી નં.૦૧ કુવાડવા રોડ રાજકોટ), જયેશભાઈ શામજીભાઈ મુંગરા (ઉ.વ-૪૪ રહે- ગવળીદળ ગામ), સુરેશભાઈ પ્રાગજીભાઇ રૈયાણી (ઉ.વ-૪૮ રહે-ગુરૂદેવ પાર્ક શેરી નં.૭ મોરબી રોડ રાજકોટ), રમેશભાઈ ગંગાદાસભાઈ પીપળીયા (ઉ.વ-૬૨ રહે- ઈન્દ્રપ્રસ્થ સોસાયટી શેરી નં.૪ મોરબી રોડ રાજકોટ), જગદીશભાઈ ઉકાભાઈ શિયાળ (ઉ.વ.૪૯ રહે-આણંદપર (નવાગામ) સોસાયટી વિસ્તાર શેરી નં.૦૧) ને દબોચી લિધા હતાં. પોલીસે રોકડ રૂ.૪૨,૧૦૦ કબ્જે કરી જુગાર ધારાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વધુ એક દરોડાની વિગત મુજબ માલવિયા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન હેડ કોન્સટેબલ અજયભાઈ વિકમા તથા કોન્સટેબલ મથુરદાન ગઢવી, ભાવેશભાઈ ગઢવી, ગાયત્રીબા પ્રવિણસિંહ, નિલમબેન ભગવતીપ્રસાદને બાતમી મળી હતી કે ચંદ્રેશનગર શેરી નં.૧ ચાંમુડા કૃપા મકાન સામે આવેલ મકાનમાં રહેતા હંશાબેન નિતીનભાઈ કંસારા પોતાના કબ્જા ભોગવટા વાળા રહેણાક મકાનમાં બહારથી મહીલાઓ બોલાવી પોતાના ઘરમાં જુગાર રમાડે છે. બાતમીના આધારે તે સ્થળે દરોડો પાડી મકાન માલીક હંસાબેન નિતીનભાઈ કંસારા (ઉવ.૫૦રહે. ચંદ્રેશનગર શેરી નં.૧ ચાંમુડા કૃપા મકાન સામે ચંદ્રેશનગર મેઇન રોડ રાજકોટ), તથા ચંદ્રીકાબેન કુરજીભાઇ વાલજીભાઇ ધોકીયા (ઉ.વ. ૫૦ રહે. માયાણીનગર શેરી નં. ૨ ''શિવાલ મકાન ખીજડાવાળો મેઇન રોડ રાજકોટ), ચંપાબેન અશોકભાઈ વાલજીભાઈ ધોકીયા (ઉ.વ.૪૫ રહે. માયાણીનગર શેરી નં.૨ ''''શિવાલ'' મકાન ખીજડાવાળો મેઇન રોડ રાજકોટ), દિવાળીબેન હસુભાઈ અરજણભાઈ ચીત્રોડા (ઉ.વ. ૫૫ રહે. માટેલ સોસાયટી શેરી નં.૪ ''ચાંમુડા કૃપા મકાન મવડી ચોકડી પાસે ),લતાબેન હસમુખભાઈ સુખલાલભાઈ રાઠોડ (ઉ.વ.૩૮ રહે. ચંદ્રેશનગર શેરી નં.૮ મોમાઈ કૃપા મકાન સામે ચંદ્રેશનગર મેઇન રોડ રાજકોટ), શાંતાબેન ડાયાભાઈ ભરડવા (ઉ.વ.૫૨ રહે. માયાણીનગર શેરી નં.૩), વર્ષાબેન પ્રવીણભાઈ ચૌહાણ (ઉ.વ. ૩૭ રહે. ચંદ્રેશનગર શેરી નં.૮ મવડી ફાયર બ્રીગેડ મેઇન રોડ રાજકોટ), લલીતાબેન ભરતભાઈ ગોવીંદભાઈ ભલસોડ (ઉ.વ. ૪૬ રહે. પ્રજાપતિ સોસાયટી શેરી નં. ૧ ખોડલ હોટલ વાળો ૪૦ ફૂટ રોડ રાજકોટ) ને પકડી પાડી હતી. પોલીસે રોકડ રૂા. ૧૨,૨૬૦ કબ્જે કર્યા હતાં.

# આજીડેમ પાસે હિટ એન્ડ રન : ક્રિકેટ મેચ જોઈ બે બાઈકમાં આવતા ચાર મિત્રોને ફંગોળી કાર ચાલક ફરાર

રાજકોટ, તા.૨૪

કાર ચાલકે બે બાઈકને ઠોકરે ચડાવતાં ઘવાયેલ ચારેય મિત્રોને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ચારેય મિત્રો ક્રિકેટ જોઈ ઘરે જતાં હતાં દરમિયાન મુરલીધર વે બ્રિજ પાસે અકસ્માત સર્જાયો હતો.બનાવની વિગત અનુસાર ગઈકાલ રાત્રીના રાજકોટના ચારેય મિત્ર ગ્રીનલેન્ડ પાસે ક્રિકેટ જોવા ગયા હતા. જ્યાંથી પરત ફરતી વેળાએ કાર ચાલકે અડફેટે લેતાં ચારેય મિત્રોને તુરંત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયદીપ જેન્તીભાઈ સતાસવા (ઉ.વ.૨૯ રહે- કોઠારિયા ગામ), ખુશાલ મનસુખભાઈ લક્કડ (ઉ.વ.૨૦ રહે- બાલાજી પાર્ક), જેન્તી જીતેન્દ્રભાઈ જૈસડિયા (ઉ.વ.૧૮ રહે- બાલાજી પાર્ક), જસ્મીન સભાયા (ઉ.વ.૩૦ રહે- શિવદ્રષ્ટિ પાર્ક, વાવડી) ચારેય મિત્ર બે બાઈક લઈ ગઈ કાલે ક્રિકેટ જોવા ગ્રીનલેન્ડ ગયાં હતા. ત્યાંથી પરત ફરતી વેળાએ આજીડેમ ચોકડીથી હુડકો વચ્ચે મુરલીધર વે બ્રિજ પાસે અજાણી કાર ચાલકે બંને બાઈકને અડફેટે લેતાં ચારેય મિત્રો ઘવાયા હતા. બાદ તુરંત ચારેયને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાંથી જસ્મીન સભાયાને આસ્થા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. ચાર મિત્રો પૈકી જસ્મીન સભાયા સારવારમાં છે, જ્યારે જયદીપ સતાસવા, ખુશાલ લકકડ, જેન્તી જૈસડીયાને રજા આપી દેવાઈ છે. પોલીસે કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.








### ક્ષત્રિયો હવે આકરા પાણીએ; ભાજપ સાથે 'વ્યવહાર જ બંધ' જેવો ઘાટ

# સુરેન્દ્રનગર ભાજપનું મધ્યસ્થ કાર્યાલય ક્ષત્રિય સમાજે ખાલી કરાવ્યું: રાતોરાત સ્થળાંતર

**કોઈપણ ચૂંટણીનાં નિર્ણાયક પ્રચાર ગાળામાં મધ્યસ્થ કાર્યાલય બદલાયાનો કદાચ પ્રથમ બનાવ**

**ઉમેદવાર-ભાજપના પ્રચાર હોર્ડીંગ્સ, મેનેજમેન્ટ કન્ટ્રોલ રૂમની માળખાકીય સવલત વગેરે હટાવીને નવા કાર્યાલયમાં ખસેડાયા**

સુરેન્દ્રનગર તા.૨૪

રાજકોટની લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિવાદાસ્પદ વિધાનો સામેનું ક્ષત્રિય સમાજનું આંદોલન વધુ આક્રમક બનવા લાગ્યુ છે. ક્ષત્રિય સમાજે સુરેન્દ્રનગરમાં ભાજપનું મધ્યસ્થ કાર્યાલય ખાલી કરાવતાં રાજકીય સોંપો પડી ગયો છે. ભાજપનું મધ્યસ્થ કાર્યાલય ક્ષત્રિય સમાજની જગ્યામાં ખોલવામાં આવ્યું હતું. રૂપાલા સામેનાં આંદોલનને ભાગરૂપે સમાજના યુવાનોએ તે ખાલી કરવાનું અલ્ટીમેટમ આપતા ભાજપ દ્વારા રાતોરાત તે ખાલી કરી દેવામાં આવ્યું હતું.આ સ્થળની નજીકની ખાનગી શાળામાં મધ્યસ્થ કાર્યાલય ખોલવામાં આવ્યુ હતું. ભાજપના ઉમેદવાર ચંદુભાઈ શિહોરા તથા ભાજપનાં પ્રચારના હોર્ડીંગ્સ-બેનર ઉપરાંત પ્રચાર વ્યવસ્થા માટેના કન્ટ્રોલ રૂમની માળખાકીય સુવિધા પણ ખસેડી લેવામાં આવી હતી.

પરસોતમ રૂપાલાની ઉમેદવારી ભાજપે રદ નથી કરી ત્યારે ટિકિટ પણ ભરત ખેંચવામાં નથી આવી ત્યારે પરસોતમ રૂપાલા ના વાણી વિલાસ મુદ્દે ક્ષત્રિય સમાજ લાલઘુમ છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં લોકસભાની બેઠક ઉપર પણ તેની અસર ભાજપપર પડી છે ખાસ કરીને સુરેન્દ્રનગરના ધાંગધ્રા રોડ ઉપર બનાવવામાં આવેલું ભાજપનું કાર્યાલય ખાલી કરવામાં આવ્યું છે ક્ષત્રિય સમાજની જગ્યામાં આ કાર્યાલય ઊભું કરવામાં આવ્યું હતું તે સમયે વિરોધ ન હતો ત્યારે કોઈપણ પ્રકારના વાણી વિલાસ નો મુદ્દો પણ ન હતો તે સમયે આ કાર્યાલય ખોલવામાં આવ્યું હતું.

જે સ્થળે ભાજપનું મધ્યસ્થ કાર્યાલય બનાવવામાં આવ્યું હોય તે જગ્યા ક્ષત્રિય સમાજની હોવાના કારણે હાલની પરિસ્થિતિ મુજબ આ કાર્યાલય ખાલી કરવામાં આવ્યું છે કારણ કે ભાજપ દ્વારા પરસોત્તમ રૂપાલાની ટિકિટ પણ રદ નથી કરવામાં આવી અને તે પોતે પણ ચૂંટણી લડી રહ્યા છે અને પરસોત્તમ રૂપાલા ના વાણી વિલાસ સામે હવે સમગ્ર ભારતમાં વિવાદ વકર્યો છે ત્યારે સુરેન્દ્રનગર ક્ષત્રિય સમાજની જગ્યામાં ભાજપનું જે મધ્યસ્થ કાર્યાલય બનાવવામાં આવ્યું હતું તે ખાલી કરવામાં આવ્યું છે.

જો કે ક્ષત્રિય સમાજના યુવકો દ્વારા આ કાર્યાલય ખાલી કરાવવા મુદ્દે અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું ભાજપને અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું ત્યારબાદ આજે ભાજપ દ્વારા આ કાર્યાલય ખાલી કરી અને બાજુમાં આવેલી ખાનગી શાળામાં આ કાર્યાલય ખસેડવામાં આવ્યું છે પરસોતમ રૂપાલા ના વાણી વિલાસ મુદ્દે સુરેન્દ્રનગર જિલ્લામાં અલગ અલગ કાર્યક્રમો ક્ષત્રિય સમાજ આપી રહ્યું છે ત્યારે હવે ભાજપનું મુખ્ય કાર્યાલય પણ ખાલી કરાવવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું હતું.

પરસોતમ રૂપાલા ના વાણી વિલાસના પગલે સુરેન્દ્રનગર જીલ્લા ભાજપની ચિંતામાં એક તરફ વધારો થતો છે અમુક ગામોમાં કાર્યક્રમમાં બદલવા પડી રહ્યા છે તો અમુક ગામોમાં હજુ સુધી ભાજપના આગેવાનો પ્રચાર માટે પણ ન જઈ શક્યા હોય તેવા પ્રકારના કિસ્સાઓ સામે આવ્યા છે જોકે ગૃહ મંત્રી હર્ષકુમાર સંઘવીએ બંધ બરણે ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે બેઠક કરી અને તેમજ કંટ્રોલનો પ્રયાસ કર્યો હતો પરંતુ આ પ્રયાસ પર હવે નિષ્ફળનીવડ્યો છે કારણ કે વિવાદ છે તે વધુ વખત તો જઈ રહ્યો છે હવે તો આજે કાર્યાલય પણ ખાલી કરાવવામાં આવ્યું છે અને ભાજપે ખાલી પણ કરી દીધું છે..

# ભોમેશ્વર મંદિરવાળો માર્ગ બંધ થતા સાંઢીયા પુલ રોડ પર ટ્રાફિક જામ

**સવારે અને સાંજે ટ્રાફિક જામનાં દ્રશ્યોઃ ટ્રાફિક પોલીસ કે વાર્ડન નહીં મુકાતા વાહનોની કતારો સાથે હોર્નનાં કર્કશ અવાજોથી ધ્વની પ્રદુષણઃ સાંઢીયા પુલ પાર કરવામાં જબરી અંધાધુંધી**




રાજકોટ તા.૨૪

મહાનગરના સાંઢીયા પુલને ફોર માર્ગીય બનાવવાની કામગીરી અંતર્ગત હાલમાં પુલની સાઈડમાં સર્વિસ રોડનું ખોદકામ અને ડામર કામ શરૂ થતા પુલ ઉપર ટ્રાફિકમાં વધારો થતાં છાસવારે ટ્રાફિક જામથી વાહન ચાલકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. આ સ્થળે પોલીસનો બંદોબસ્ત ગોઠવવા જીવદયા પ્રેમી અને આરટીઆઈ એકટીવીસ્ટ અલ્તાફભાઈ ઈસ્માઈલભાઈ ચીચોદરાએ પોલીસ કમિશ્નરને લેખીત રજૂઆત કરી છે.

લેખીત રજૂઆતમાં અલ્તાફભાઈના જણાવ્યા અનુસાર ભોમેશ્વર મંદિર પાસે ડામર રોડનું કામકાજ ચાલતું હોય જેથી ત્યાંથી અવરજવર કરતો ટ્રાફીકનું ભારણ સાંઢીયા પુલ ઉપર વધી જવા પામેલ છે. સાંઢીયા પુલમાં સતત અવરજવર રહેતી હોવાના કારણે વાહનોના અથડામણના કિસ્સાઓ રોજેરોજ બની રહ્યા છે અને આવા અથડામણના કિસ્સાઓમાં ઘણી વખત ઝઘડાનું સ્વરૂપ બનવા પામે છે. જેના કારણે બંને બાજુ સાંઢીયા પુલ ઉપર ટ્રાફીક જામ થઈ જાય છે અને વાહનચાલકોને ખુબજ મુશ્કેલી વેઠવી પડે છે.

સાંઢીયા પુલની શરૂઆતથી અંત સુધી જે વિસ્તાર આવેલો છે. તે વિસ્તારમાં પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા ન હોય જેના કારણે ઘણી અવ્યવસ્થા સર્જાતી જોવા મળે છે જે વિસ્તારમાંથી રાહદારીઓને ચાલવું ખુબજ મુશ્કેલ રૂપ થઈ ગયેલ છે તેમજ અવરજવર માટે જગ્યા સાંકળી હોવાને કારણે આવતા જતા વાહનોને પણ ખુબજ મુશ્કેલીઓ ઉભી થાય છે અને આવા સમયે આ પુલ ઉપર કોઈ વાહન બંધ થાય કે વાહનો અથડાઈ તેવા સંજોગોમાં તે જગ્યાએ ટ્રાફીક જામ થવાને કારણે અવરજવર કરતા વાહનો અટકી જવાને કારણે વાહનોની કતારો લાંબી જોવા મળે છે પરંતુ આ વિસ્તારમાં ટ્રાફીક વ્યવસ્થા માટે કોઈ પોલીસની નોકરી મુકવામાં આવેલ ન હોય જેથી ટ્રાફીક પોલીસ-વોર્ડનની તાકીદે વ્યવસ્થા કરવી જરૂરી છે આ બાબતે ઘટતી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી છે.

### નિલેષ કુંભાણી ચુંટણી લડયા વગર ગોવામાં 'થાક' ઉતારે છે

# નીતીન પટેલને 'સત્ય' સમજાઈ ગયું: હવે કોચ બનશે, કોમેન્ટેટર કે પછી સિલેકટર?!?

**હાર્દિકને હેલીકોપ્ટર નહી મળ્યાનો અફસોસ થતો હશેઃ પણ ભાજપે લક્ષ્મણ રેખા બાંધી છે**

**ક્રાઉડ ફંડીંગની કમાલઃ ચુંટણી ભંડોળ મળશે અને ડિપોઝીટ પણ બચી જશે**




રાજકોટઃ ગુજરાતમાં લોકસભાની હવે ૨૫ બેઠકો પર ચુંટણી માટે પ્રચારની ગાડી હવે ટોપગીયરમાં પડશે. તેઓએ પુર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે સ્વીકારી લીધું છે કે તેઓ માટે રાજકીય નિવૃતિ નિશ્ચિત છે. હજુ હમણા સુધી મહેસાણા લોકસભા બેઠક લડવા માટે દાવેદારી નોંધાવનાર નિતીન પટેલને ભાજપ મોવડીમંડળે દાદ આપી નહી તો અનેક પ્રકારે વિવાદી વિધાનો કરવા જાણીતા નિતીન પટેલ હવે સીધી ભાષા બોલવા લાગ્યા છે તે માટે હાલમાં એક મુલાકાતમાં ક્રિકેટનું ઉદાહરણ આપતા કહ્યું કે સીનીયર ક્રિકેટરો નિવૃત થાય પછી તેઓ કોચીંગ કે કોમેન્ટ્રી બોકસમાં બેસી જાય છે અને કેટલાક સિલેકટર બની જાય છે અને રાજકીય નેતાઓએ પણ તેમાંથી પ્રેરણા લેવી જોઈએ. જો કે તેમાં કોણ બનશે કોમેન્ટેટર કે પછી સિલેકટર એ ફોડ પાડયો ન હતો.

**હાર્દિક માટે 'લક્ષ્મણ રેખા'**

પાટીદાર અનામત આંદોલનના નેતામાંથી હવે ભાજપના ધારાસભ્ય બની ગયેલા હાર્દિક પટેલને એક અફસોસ જરૂર રહી જશે કે તેઓ કોંગ્રેસમાં હતા તો સ્ટાર પ્રચારક હતા અને હેલીકોપ્ટરમાં બેસી પ્રચાર માટે ઉડાઉડ કરી કતા હતા પણ ભાજપે આ ચુંટણીમાં હાર્દિક માટે કોઈ ખાસ ભૂમિકા નિશ્ચિત કરી નથી. તેઓને તેમના મતક્ષેત્રમાં ભાજપ લીડ નિકળે તે જોવા જણાવ્યું છે. હાલમાં જ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે પણ તાકીદ કરી હતી કે જે ચુંટાયેલા પ્રતિનિધિ જો તેમના બુથમાં પણ લીડ કાઢી શકે નહી તેને ફરી ટિકીટ મળશે નહી અને તેથી હાર્દિકે હવે હેલીકોપ્ટરના સ્વપ્ના છોડી તેમના મતક્ષેત્રમાં ભાજપને જબરી લીડ મળે તે ચિંતા કરી છે જેથી ભાજપને ૨૦૧૭માં ટિકીટ કાપવાનું બહાનું મળી રહે નહી.

**નિલેષ કુંભાણી ગોવામાં**

ચુંટણી લોકસભા બેઠક આ સ્ક્રીપ્ટ મુજબ પોતાની ઉમેદવારી રદ થાય તે નિશ્ચિત કરીને આ લોકસભા બેઠક ભાજપને ભેટ આપી છે અને તેમાં હવે ચુંટણી લડયા વગર પણ 'થાક' ઉતારવા સહકુટુંબ ગોવા પહોંચી ગયા છે. માનવામાં આવે છે કે તમો ભાજપમાં કયારે જોડાવું તે માટે કમલમના કોલની રાહ જુએ છે અને ત્યારબાદ જે કંઈ સમજુતી થઈ હશે તે મુજબ ભાજપમાં સ્થાન મેળવશે.

**ક્રાઉડ ફંડીંગઃ ડિપોઝીટ બચી જવાની ગેરેન્ટી**

ગુજરાતમાં કોંગ્રેસના ઉમેદવારોને દાદ દેવી પડે કે દિલ્હી તો શું ગાંધીનગરથી પણ કોઈ સપોર્ટ વગર તેઓ પોતાના બળ પર ચુંટણી લડે છે અને તેમાં હવે નાણાં માટે ક્રાઉડ ફંડીંગનો માર્ગ લીધો છે. જેમાં ગેનીબેન ઠાકોર અને લલિત વસોયા એ સારી રકમ મેળવી છે અને એ પણ ગણીત મુકાય છે કે ફેડનું ફંડ અને ડિપોઝીટ બચવાની ગેરેન્ટી! પુછો કઈ રીતે તો જવાબ છે જેઓએ ક્રાઉડ ફંડીંગમાં ઉમેદવારને નાણા આપ્યા છે કે આપણે તેમાં પણ આપશે તેઓ પોતાના જ પૈસા પાણીમાં જાય નહી તે જોવા માંગે છે. જો કે આ મતોથી તેમની વિજયની શકયતા નહીવત છે પણ ડિપોઝીટ તો બચી જ જશે તે ગેરેન્ટી છે.

### તા.૩૦ સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ જવાની ધારણા

# રાહુલ અમેઠીથી, પ્રિયંકા રાયબરેલીથી ચુંટણી લડશે તેવા સંકેત વચ્ચે અમેઠીમાં રોબર્ટ વાડ્રાના પોષ્ટર લાગ્યા

**અમેઠી કી જનતા કરે પ્રહારઃ રોબર્ટ વાડ્રા : અબકી બારના પોષ્ટર કોંગ્રેસ કાર્યાલય પાસે જ લાગતા જબરો સસ્પેન્સ**




નવી દિલ્હીઃ લોકસભા ચૂંટણીમાં ઉતરપ્રદેશની બે બેઠક હોટ ટોપીક છે અને કોંગ્રેસ પક્ષ રાયબરેલી-અમેઠીમાં કોને ઉમેદવાર બનાવે છે તેના પર નજર છે. અમેઠીમાં ભાજપે સ્મૃતિ ઈરાની ફરી વખત આ બેઠક લડવા પડકાર ફેકયો છે અને સૂત્રોના જણાવ્યા મુજબ રાહુલ અને પ્રિયંકા ગાંધી અમેઠી અને રાયબરેલીથી ચુંટણી લડશે. આ બેઠકો પર તા.૩ મે સુધીમાં ઉમેદવારી નોંધાવાની છે અને તા.૨૦ મે ના પાંચમા તબકકાનું મતદાન છે. સૂત્રોના જણાવ્યા મુજબ રાહુલ ગાંધીના અમેઠીના આવાસનું રીનોવેશન ચાલુ થયુ છે અને તા.૩૦ સુધીમાં બન્ને નેતાઓ અમેઠી-રાયબરેલીમાં ઉમેદવારી નોંધાવશે અને અમેઠીમાં કોંગ્રેસ કાર્યાલય બહાર રોબર્ટ વાડ્રાના પોષ્ટર લાગતા અમેઠીમાં પણ જબરી ચર્ચા શરૂ થઈ છે. અમેઠીના પોષ્ટરમાં અમેઠીની જનતા કરે પુકાર રોબર્ટ વાડ્રા અબ કી બાર અને હવે શું રોબર્ટ વાડ્રા આ બેઠક લડવા આવશે તે પ્રશ્ન છે. રોબર્ટ વાડ્રાએ અગાઉ જ પોતે લોકસભા ચુંટણી લડવા માંગે છે તેવું જણાવ્યું હતું.

તેઓ અગાઉ મુરાદાબાદની બેઠક પર તે લડવા માંગતા હતા પણ હવે તે બેઠક પર સપા લડી રહી છે તે વચ્ચે અમેઠીમાં વાડ્રાના પોષ્ટર લાગતા તે આ ચુંટણી લડવા જઈ રહ્યા છે તેવો પ્રશ્ન પુછાવા લાગ્યા છે. અમેઠીમાં ગોરીગંજ પાસે કોંગ્રેસના કાર્યાલયમાં આ પ્રકારના પોષ્ટર લાગ્યા છે. હવે રોબર્ટ વાડ્રા અમેઠી લડશે કે રાહુલ ગાંધી તે પણ પ્રશ્ન સર્જાયા છે. રોબર્ટ વાડ્રાએ અગાઉ જ કહ્યું હતું કે સ્મૃતિ ઈરાનીને ચુંટીને ભુલ થઈ છે તેવું હવે આ મતક્ષેત્રની જનતા માને છે.

અને હું તેને આ ભુલ સુધારવાની તક આપવા માંગુ છું અને અમેઠીમાંથી અનેક ફોન આવે છે કે તમો આ બેઠક પર ચુંટણી લડો પણ અંતિમ નિર્ણય પક્ષ લેશે. બીજી તરફ રાયબરેલી જે બેઠક પર સોનિયા ગાંધી હવે લડતા નથી ત્યાં પ્રિયંકા ગાંધી ઉમેદવારી કરીને આ બેઠક પર ગાંધી કુટુંબનું વર્ચસ્વ જાળવી રાખશે તેવા સંકેત છે.

# રાજકોટ શહેર-જિલ્લામાં દારૂ, રોકડ અને સોના-ચાંદીના દાગીના સહિતના જપ્ત કરાયેલ મુદ્દામાલનો આંકડો ૫.૭૦ કરોડને આંબ્યો

**ચૂંટણી પંચ દ્વારા આચારસંહિતાના કડક અમલીકરણ માટે ધડાધડ લેવાતા પગલા**

રાજકોટ, તા. ૨૪

રાજકોટ શહેર જિલ્લામાં ચૂંટણી આચારસંહિતાનું જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચુસ્તપણે અમલીકરણ થાય તે માટે પગલા લેવામાં આવી રહ્યા છે જે અંતર્ગત લોકસભાની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થયા બાદ અત્યાર સુધીમાં દારૂ, રોકડ, સોના-ચાંદીના દાગીના સહિતના જપ્ત કરાયેલ મુદ્દામાલનો આંકડો ૫.૭૦ કરોડને આંબી જવા પામેલ છે.

આ અંગે કલેકટર કચેરીના સુત્રોના જણાવ્યા મુજબ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં ૮,૬૮૬ લીટર દેશી દારૂ પકડવામાં આવેલ છે જેની કિંમત ૧,૭૩,૩૨૦ થવા જાય છે. જયારે ૨૪.૪૪ લાખનો વિદેશી દારૂના જથ્થાને ઝડપી લેવામાં આવેલ છે.

જયારે રાજકોટ શહેરમાંથી ૧.૫૬ લાખની ૭૮૦૫ લીટર દેશી દારૂ તેમજ ૧૯,૭૬,૦૦૦નો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેરમાંથી અગાઉ ૩૨ લાખની રોકડ સાથે ઈન્કમ ટેકસ વિભાગ દ્વારા એક વેપારીને ઝડપી લેવામાં આવેલ હતા. અત્યાર સુધીમાં જિલ્લામાંથી ધોરાજીમાં ૨.૧૧ લાખ, ગોંડલમાં ૪૧.૩૯ લાખ, જસદણમાં ૫.૧૦ લાખ, જેતપુરમાં ૩૩.૬૨ લાખ, રાજકોટ પૂર્વમાં ૮૫.૧૦ લાખ, દક્ષિણમાં ૬.૫૧ લાખ અને રાજકોટ પશ્ચિમમાંથી ૩.૨૨ કરોડનો મુદ્દામાલ ચૂંટણી પંચ દ્વારા જપ્ત કરવામાં આવેલ છે.

# માર્કેટિંગ યાર્ડના વેપારી સાથે ૧૭ લાખની છેતરપીંડી આચરનાર કનુ પટેલ ઝડપાયો

**છ વર્ષથી ફરાર મૂળ પાટણના શખ્સને ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચી લીધો**



રાજકોટ.તા.૨૪

માર્કેટિંગ યાર્ડના વેપારી સાથે ૧૭ લાખની છેતરપીંડી આચરનાર છ વર્ષથી ફરાર મૂળ પાટણના કનુ પટેલને ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શહેરમાં શરીર સબંધી તેમજ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા માટે અને અનડીટેકટ ગુનાઓ ડિટેકટ કરી આગામી લોકસભા ચૂંટણી અન્વયે નાસતા ફરતા આરોપીને પકડી પાડવા પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની સૂચનાના પગલે ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ ડી.સી. સાકરીયા અને ટિમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એએસઆઈ રણજીતસિંહ પઢીયાર, પો.હેડ.કોન્સ.હરદેવસિંહ રાઠોડ, સંજયભાઈ દાફડા, વિજયરાજસિંહ જાડેજાને ખાનગી રાહે હકીકત મળી હતી કે, કુવાડવા પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૮ માં જીરા અને ચણાની રૂ.૧૭.૬૬ લાખની ખરીદી કરી માલ બરોબર વેંચી નાંખી પૈસા ન ચૂકવી છેતરપીંડી કરનાર કનુ ડાયાભાઈ પટેલ (ઉ.વ.૫૪,રહે-મોરબી પીપળી રોડ, કારખાનામા)ને ઝડપી પાડી કુવાડવા પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દારૂનાં ગુનામાં છેલ્લા છ માસથી નાસતો ફરતો વિજયગીરીને ક્રાઈમ બ્રાંચે દબોચ્યો

રાજકોટ,તા.૨૪

રાજકોટ શહેરના કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના દારૂના ગુનામાં છેલ્લા છ માસથી નાસતા ફરતા આરોપીને શહેર ક્રાઈમ બ્રાંચે દબોચી અટકાયત કરી છે. શહેર ક્રાઈમ બ્રાંચના પો.સબ.ઈન્સ ડી.સી. સાકરીયા, એ.એસ.આઈ. રણજીતસિંહ પઢારીયા પો.હેડ કોન્સ હરદેવસિંહ રાઠોડ, સંજયભાઈ દાફડાએ પેટ્રોલીંગ દરમિયાન સિવિલ હોસ્પિટલ ચોક પાસેથી દારૂના ગુનામાં છ માસથી નાસતા ફરતા વિજયગીરી જગદીશ ગીરી ગોસાઈ રે.માખેલ. તા.રાપર, જિ.કચ્છને ઝડપી લઈ અટકાયત કરી હતી. ઝડપાયેલ વિજયગીરી ગોસાઈ કુવાડવા રોડ પો.સ્ટે.ના ગુનામાં ફરાર હોય તેને કુવાડવા પોલીસને હવાલે કરવા તજવીજ હાથ ધરી છે.

# મારા માતાએ દેશ માટે મંગળસૂત્રનું બલીદાન આપ્યુ છેઃ મોદીને પ્રિયંકા ગાંધીનો જવાબ

**કોંગ્રેસે ૫૫ વર્ષ શાસન કર્યુ એક પણ મહિલાનું મંગળસૂત્ર છીનવાયુ છે? સીધો પ્રશ્ન**



નવી દિલ્હીઃ કોંગ્રેસના ચુંટણી ઢંઢેરામાં આર્થિક સર્વે મારફત સંપતિનું સમાન વિતરણની ગેરેન્ટી આપવામાં આવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સહિતના ભાજપના નેતાઓ હવે એવો પ્રચાર કરી રહ્યા છે અને કોંગ્રેસ પક્ષ હવે તમારૂ મંગળસૂત્ર પણ લઈ લેશે તેવું જાહેર સભામાં મોદી મતદારોને કહી રહ્યા છે તેઓએ પ્રિયંકા ગાંધીને વળતો આકરો જવાબ આપતા કહ્યું કે મારા માતાએ દેશ માટે મંગળસૂત્રનું પણ બલીદાન આપ્યુ છે. સ્વ. વડાપ્રધાન રાજીવ ગાંધીની જે રીતે શ્રીલંકન તમિલ ટાઈગરના હાથે હત્યા થઈ તે સંદર્ભમાં પ્રિયંકાએ પણ આકરો ટોણો માર્યો હતો. પ્રિયંકાએ પૂછ્યું કે દેશમાં શું ચાલી રહ્યું છે. બે દિવસ પુર્વે એવું કહેવાયુ કે કોંગ્રેસ તમારૂ મંગળસૂત્ર છીનવી લેશે. આ દેશ ૭૫ વર્ષથી આઝાદ થયો છે. કોંગ્રેસ પક્ષે ૫૫ વર્ષ શાસન કર્યુ છે. શું કોંગ્રેસ પક્ષે એક પણ મહિલાનું મંગળસૂત્ર છીનવ્યુ છે. પ્રિયંકાએ ત્યાંથી જ અહી અટકતા કહ્યું કે જયારે દેશ યુદ્ધમાં હતો તો મારા દાદી ઈન્દીરા ગાંધીએ તેમનું સૌનુ દેશ માટે અર્પણ કરી દીધુ હતું અને મારા માતાનું મંગળસૂત્ર આ દેશ માટે કુરબાન થયુ છે.

# માંડાડુંગરમાં વીજ કરંટથી ૧૨ વર્ષનો બાળક દાઝી ગયો

**મિત્ર સાથે ધાબા પર રમતો હતો ત્યારે વીજ પોલની સર્વિસ લાઈન અડકી જતા બનાવ બન્યો, દિપક જાદવ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ**



રાજકોટ, તા.૨૪

માંડાડુંગર વિસ્તારમાં વીજ કરંટથી ૧૨ વર્ષનો બાળક દાઝી ગયો હતો. મિત્ર સાથે ધાબા પર રમતો હતો ત્યારે વીજ પોલની સર્વિસ લાઈન અડકી જતા બનાવ બન્યો હતો. તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો છે.

સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં દાખલ દિપક મહેશભાઈ જાદવ (ઉ.વ.૧૨, રહે. પીઠડાઈ સોસા. શેરી નં.૧, માંડાડુંગર) આજે સવારે દસેક વાગ્યા આસપાસ તેના મિત્રના ઘરે મેળી પર હતો ત્યારે ત્યાં રમતા રમતા વીજ વાયરને અડકી જતા તેને કરંટ લાગ્યો હતો. તે દાઝી જતા દેકારો થતા લોકો દોડી આવ્યા હતા. ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. પરિવારજનોએ કહ્યું કે, દિપક છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરે છે. આજે તેનું સામાજિક વિજ્ઞાનનું પેપર હતું. જેથી મિત્રને બોલાવવા તેના ઘરે ગયો હતો. પણ ત્યાં મિત્ર જોડે પકડાપટ્ટી રમવા લાગતા વીજ થાંભલાના વાયરને અડી ગયો હતો. દિપક ૩ ભાઈમાં મોટો છે. તેના પિતા મજૂરી કરે છે. હાલ દિપક સારવાર હેઠળ છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૩૫-૨૫૮૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૮૫-૨૫૩૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૧૫-૧૭૪૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૬૫-૧૬૯૫ |
| પામોલીયન તેલ | ૧૫૩૦-૧૫૩૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૬૦-૧૫૮૦ |
| મકાઇ તેલ | ૧૫૪૦-૧૫૬૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૯૦-૧૭૩૦ |
| કોપરેલ | ૨૩૦૦-૨૩૨૦ |
| દિવેલ | ૨૦૨૦-૨૦૪૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૭૪૪૦૦(+૪૫૦) |

| ચાંદી |
|---|
| ૮૩૨૦૦(+૧૦૦૦) |



# પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીનો પંજાબમાં વાયુવેગે ચૂંટણી પ્રવાસ : સંગઠન બેઠકોમાં ભાગ લીધો

પંજાબના પ્રભારી તરીકે નિયુકત થયેલા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ છેલ્લા બે દિવસમાં અમૃતસર, ચંદીગઢ સહિતની ૭ લોકસભા બેઠકોમાં સંગઠનાત્મક તૈયારીઓની સમીક્ષા કરવા લોકસભા ચૂંટણીની કોર કમીટીના પદાધિકારીઓ, જિલ્લા પ્રમુખ, મેનેજમેન્ટ કમીટી, ઇન્ચાર્જ તથા સંયોજન પદાધિકારીઓ સાથે દરેક જિલ્લામાં બેઠકો યોજી હતી અને તેઓએ ચૂંટણીમાં બુથ લેવલની તૈયારી સુધીની સમીક્ષા કરી હતી તથા માર્ગદર્શન પણ આપ્યું હતું. પંજાબમાં ભાજપ માટે શ્રેષ્ઠ તક ઉભી કરવા રૂપાણી છેલ્લા બે દિવસથી આ રાજયોનો પ્રવાસ કરી રહ્યા છે.



# માધવપુરમાં હનુમાન જયંતિ ઉજવાઈ

માધવપુર (ઘેડ) ગામે વેપારીઓ અને દાદાના ભકતજનો દ્વારા અન્નકોટ ધરવામાં આવેલ વિપુલભાઈ બુધ્ધદેવ તરફથી બટુક ભોજન રાખવામાં આવેલ. રામધુનની રમઝટ જામી હતી. **(તસ્વીરઃ કેશુભાઈ માવદીયા-માધવપુર/ઘેડ)**



# ટાઈનીસ્ટાર્સ માય પ્રી-સ્કૂલમાં વાર્ષિકોત્સવ ઉજવાયો

ટાઈનીસ્ટાર્સ માય પ્રી-સ્કૂલમાં વાર્ષિકોત્સવ ઉજવાયો હતો જેમાં હોંશભેર બહોળી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો નાના નાના બાળકોએ અદ્ભૂત કલા રજુ કરી હતી. નિલકંઠ સિનેમા સામે આવેલ ટાઈની સ્ટારર્સ માય પ્રી-સ્કૂલમાં અનેક એક્ટીવીટી કરાવામાં આવે છે. તેમજ આગામી દિવસોમાં સમર કેમ્પ શરૂ થશે

# સાળંગપુર ધામમાં હનુમાન જયંતીના અવસરે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિ : અન્નકુટની આરતી ઉતારી



સાળંગપુર, તા. ૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુપ્રસિદ્ધ તીર્થક્ષેત્ર શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર સાળંગપુર ધામ ખાતે આયોજિત હનુમાન જયંતી ઉત્સવમાં ભક્તિ ભાવપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.

પ્રતિ વર્ષ હનુમાન જયંતીના પાવન અવસરે સાળંગપુર ધામમાં થતા અનેકવિધ ધાર્મિક આયોજન અન્વયે આ વર્ષે સમૂહ મારૂતિ યજ્ઞ સાથે હનુમાનજી મહારાજને ધરાવાયેલા મહાઅન્નકૂટની આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ મહાઅન્નકૂટની આરતીમાં સહભાગી થયા હતા. તેમણે શ્રદ્ધાપૂર્વક હનુમાનજી મહારાજની આરતી કરી હતી અને સૌ લોકોના સુખ, શાંતિ, સમૃદ્ધિની મંગલ પ્રાર્થના પણ આ હનુમાન જયંતિ અવસરે કરી હતી. કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના સંતો, અગ્રણીઓ અને શ્રદ્ધાળુઓ હનુમાન જયંતીના આ ઉત્સવમાં ઉમંગભેર જોડાયા હતા.

# રાજકોટ ચેમ્બર દ્વારા કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે "વિકસીત ભારત ૨૦૪૭" અંગે સંવાદ કાર્યક્રમનું આયોજન

રાજકોટ:તા ૨૪

દેશના વિકાસમાં મહત્વનો સિંહફાળો આપનાર તેમજ રેલ્વેના જુના ડબ્બા થી લઈને બુલેટ ટ્રેન સુધીની સફરના સાક્ષી બનનાર તેવા કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવજી રાજકોટના આંગણે પધારી રહ્યા છે. ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રેલ્વેમંત્રી સાથે "વિકસીત ભારત ૨૦૪૭" અંગે સંવાદ કાર્યક્રમનું તા.૨૬-૦૪-૨૦૨૪ ના રોજ સવારે ૯:૦૦ કલાકે પ્રમુખ સ્વામી ઓડિટોરીયમ હોલ, રૈયા રોડ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે.

રેલ્વેમંત્રી રાજકોટ પધારી રહયા હોય ત્યારે તમામ વેપાર-ઉદ્યોગકારોફ ને હાજર રહેવા જણાવ્યું છે. આ સંવાદ કાર્યક્રમમાં રસ ધરાવનારે રજીસ્ટ્રેશન ફરજીયાત કરવાનું રહેશે. જે માટે આપેલ લીન્ક https://forms.gle/9G4an3Fs4VpiMrEg8 અથવા મો. ૭૩૮૩૧૨૭૪૦૦ પર રજીસ્ટ્રેશન કરાવાનું રહેશે.

## બોમ્બે હાઈકોર્ટના સીમાચિન્હરૂપ ચુકાદાથી

# સમસ્ત દાઉદી બોહરા સમાજમાં ખુશીની લહેર



રાજકોટ,તા.૨૪

દાઉદી બોહરા સમુદાય તેમના લોર્ડશિપ, બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ જી.એસ. પટેલ દ્વારા આ સીમાચિહ્નરૂપ ચુકાદો પસાર કરવાથી ખૂબ જ ખુશ છે, જે સમુદાય માટે એક ઐતિહાસિક અને નિર્ણાયક ક્ષણ છે. ચુકાદામાં, જે પુરાવાઓને ધ્યાનપૂર્વક ધ્યાનમાં લીધા પછી અને બંને પક્ષો દ્વારા આગળ વધેલી વિસ્તૃત દલીલોને ધ્યાનમાં લીધા પછી, નિર્ણાયક રીતે એવું માનવામાં આવ્યું છે કે ૫૨મા અલ-દાઈ અલ-મુતલક પરમ પવિત્ર સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીને તેમના પુત્ર, પવિત્ર સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનને તેમના અનુગામી અને દાઉદી બોહરા સમુદાયના ૫૩મા અલ-દાઈ અલ-મુતલક તરીકે નિયુક્ત કર્યા હતા.

સૈયદના સૈફુદ્દીનની નિમણૂકને બદલે કમનસીબ પડકાર અને તેના પર આધારિત વિવિધ જૂઠાણાંનો નિષ્કર્ષમાં નિષ્કર્ષમાં નિકાલ કરવામાં આવ્યો છે અને ખુઝેમા કુત્બુદ્દીન, મૂળ વાદી અને તેમના પુત્ર તાહેર કુત્બુદ્દીન, વર્તમાન વાદી, ના દાવાઓને વ્યાપકપણે નકારી કાઢવામાં આવ્યા છે, ચુકાદાએ દાઉદી બોહરા ધર્મના તથ્યો અને ધાર્મિક સિદ્ધાંતોના વાદીઓ દ્વારા કરાયેલા ખોટા અર્થઘટન અને ભ્રામક ચિત્રણનો નિશ્ચિતપણે સામનો કર્યો છે અને તેને ફગાવી દીધો છે.

સમાજે હંમેશા ભારતીય ન્યાયતંત્રમાં વિશ્વાસ અને વિશ્વાસ રાખ્યો છે, જેણે સૈયદના અને દાઉદી બોહરા સમુદાયની વર્ષો જૂની માન્યતાઓ, રીતરિવાજો, પ્રથાઓ અને સિદ્ધાંતોને વારંવાર સમર્થન આપ્યું છે.

આ અવસરને તેમના પ્રભત્વ,બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ ગૌતમ પટેલનો આભાર માનવા માંગીએ છીએ કે તેમણે આ જટિલ મામલાની ધીરજપૂર્વક સુનાવણી અને નિર્ણય લેવામાં છેલ્લા દસ વર્ષમાં જેટલો સમય આપ્યો તેટલો સમય ફાળવ્યો. અમે વરિષ્ઠ કાઉન્સેલ મિસ્ટર ઈકબાલ ચાગલાની આગેવાની હેઠળ વરિષ્ઠ કાઉન્સેલ મિસ્ટર ફ્રેડન ડી વિટ્રે, સિનિયર કાઉન્સેલ જનક દ્વારકાદાસ, સિનિયર કાઉન્સેલ પંકજ સાવંત, સિનિયર કાઉન્સેલ અને હવે તેમના લોર્ડશિપ મિસ્ટર જસ્ટિસ ફિરદોશ પૂનીવાલા સહિત અમારા તમામ કાઉન્સિલનો અને સલાહકારો સુશ્રી આઝમીન ઈરાની, અમ્મર એ ફૈઝુલ્લાભોય, શાહેન પ્રધાન, જેહાન મહેતા અને ચિરાગ કામદાર નો પણ આભાર માનીએ છીએ.

તમામ સોલિસિટર્સ અને એડવોકેટ્સનો આભાર વ્યક્ત કરેલ છે. જેનું નેતૃત્વ સ્વર્ગસ્થ મિસ્ટર ઇબ્રાહિમ એકે ફૈઝુલ્લાભોય સાથે કરે છે, જેમાં વરિષ્ઠ પાર્ટનર મિસ્ટર અબીઝર ઇબ્રાહિમ ફૈઝુલ્લાભોય, મિસ્ટર મુર્તઝા કાચવાલા, પાર્ટનર અને શ્રીમતી જૈશા સિનિયર સબાવલા, અર્ગસ પાર્ટનર્સ અને અન્ય કાયદાકીય પેઢીઓના અન્ય વકીલો સાથે સહયોગી નો સમાવેશ થાય છે, જેમણે સમયાંતરે આ બાબતે હાજરી આપી છે.

અંતે, પરમ પવિત્ર સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન વતી આ મામલામાં પુરાવા આપનારા તમામ સાક્ષીઓનો પણ આભાર માનવા માંગીએ છીએ, જેમના પુરાવાએ અનુકૂળ ચુકાદો મેળવવાનો આધાર બનાવ્યો હતો, તેમ શેખ યુસુફભાઈ જોહર કાર્ડસવાળાએ જણાવ્યું હતું.

# આલાપ ગ્રીન સિટીનાં રહીશોએ મતદાનનાં શપથ લીધા



રાજકોટ,તા.૨૪

જિલ્લા કલેકટર જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી, નોડલ ઓફિસર સ્વપ્નિલ ખેરની ઉપસ્થિતિમાં રૈયારોડ આલાપ ગ્રીન સિટીનાં રહીશોએ મતદાન માટેના શપથ લીધા હતાં.

વોર્ડ ઓફિસર મહેશભાઈ મુલીયાણા, મામલતદાર એમ.ડી.શુકલ, દિલીપભાઈ પટેલ, વિષ્ણુભાઈ, નિરંજન, ગિરીશભાઈ ભેસદડીયા વિ.ઉપસ્થિત રહ્યા હતાં. રહીશોએ ૧૦૦ ટકા મતદાનની બાહેધરી આપી હતી.

# ૧૨ જ્યોતિર્લીંગના દર્શને નીકળેલા નિતિનભાઈ બુમિયાને શુભેચ્છા પાઠવતા રાજકોટ ડેરી મર્ચન્ટ એસો.ના પ્રતિનિધિઓ



રાજકોટ,તા.૨૩

વડોદરાના ૭૦ વર્ષીય લંડન સ્થિત એનઆરઆઈ નિતિનભાઈ બુમિયા દ્વારા દેશના ૧૨ જયોતિર્લીંગ દર્શનનો મોટર સાઈકલ મારફતે પ્રવાસ આરંભ કર્યો છે. ત્યારે તેઓને રાજકોટ ખાતે રાજકોટ ડેરી મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખશ વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખ પોપટભાઈ શીંગાળા, સંગઠન મંત્રી સમિરભાઈ દોમડીયા, ફાઉન્ડર મેમ્બર ભિખાભાઈ પેઢડીયા, લીડીંગ મેમ્બર નાગજીભાઈ આટકોટીયા દ્વારા ફુલહાર પહેરાવી તથા મિઠાઈ દ્વારા મો મીઠું કરાવી હાર્દિક સ્વાગત કરીને યાત્રા ખુબ સફળ બની રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૪૦૦ પાર મિશનની સફળતા માટે તેમણે આ સંકલ્પ લીધેલ છે. મોટરસાઈકલ ઉપરનો આ પ્રવાસ આશરે ૪૫ દિવસમાં પુરો કરશે. જેમાં ૧૨૦૦૦ કિલોમિટરનો પ્રવાસ થશે અને ૧૬ રાજયોના ૨૪૮ જીલ્લાઓ અને ૫૨ થી વધુ શહેરોની સફર તેઓ કરશે તેમજ પ્રતિદિન ૩૫૦ કિ.મી.નું ડ્રાઈવીંગ કરશે.

# હાડકાનાં અને સાંધાના દર્દની નિઃશુલ્ક સારવાર

વા - સાંધાનો દુઃખાવો, મચકોડાઈ જવું, હાડકાની ભાંગતૂટ, નસની નબળાઈ વગેરેની નિઃશુલ્ક સારવાર તેમજ માર્ગદર્શન તા.૨૫/૪ થી તા. ૨૦/૫ સુધી સવારે ૭ થી ૯ સુધી કોપર આર્કેડ બીલ્ડીંગ, મવડી મેઈન રોડ, વિશ્વેશ્વર મંદિર સામે, રાજકોટ ખાતે આપવામાં આવશે.

# સાળંગપુર ખાતે હનુમાન જયંતી મહામહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી : હજારો ભકતો ઉમટયા

સાળંગપુર, તા. ૨૪

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદથી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તથા શ્રી વડતાલધામ ટેમ્પલ બોર્ડ એવં સંપ્રદાયના મૂર્ધન્ય સંતો દ્વારા તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી ગુરૂ પુરાણી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)ના માર્ગદર્શનથી શ્રી હનુમાન જયંતી મહોત્સવ એવં ભજન સંધ્યા, દાદાને અન્નકૂટ, પુષ્પવર્ષા વિગેરે અનેકવિધ કાર્યક્રમ ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

હનુમાન જયંતી નિમિત્તે ૨૧ થી ૨૩ એપ્રિલ ૨૦૨૪ દરમિયાન ભવ્ય હનુમાન જન્મોત્સવનંશ આયોજન કરાયું હતું. પહેલીવાર સાળંગપુર હનુમાનજી મંદિર પરિસરમાં ૫૪ ફૂટ ઊંચી કિંગ ઓફ સાળંગપુરની મૂર્તિ પર ૫ હજાર કિલો પુષ્પની વર્ષા કરવામાં આવી હતી તેમજ ત્રણ દિવસ દરમિયાન મારૂતિ યજ્ઞ, બર્થ ડે સેલિબ્રેશન, મહાઅન્નક્ષેત્ર, ૫,૦૦૦ કિલો પુષ્પનો અભિષેક, રાજોપચાર પૂજા-મહાઆરતી સહિતના કાર્યક્રમ સાથે ઉજવણી થઈ હતી.

ત્રણ દિવસના હનુમાન જન્મોત્સવ અંતર્ગત લાખો ભક્તો માટે દર્શન, પાર્કિંગ વ્યવસ્થા પીવાના પાણીની અને સરબત તેમજ ૨૦૦૦થી વધારે સ્વયંસેવકો દ્વારા ખડેપગે મહામહોત્સવ પ્લાનિંગ કરવામાં આવ્યું હતું સમગ્ર મહોત્સવનું શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું હતું.

હનુમાન જયંતીના દિવસે સુવર્ણના વાઘા તેમજ ગુલાબના ફૂલોનો દિવ્ય શણગારની સાથોસાથ ૫ હજાર કિલો હજારીગલના ફૂલથી સમગ્ર મંદિર શણગારવામાં આવ્યા હતા આ ફૂલના શણગારમાં ૧૫ સંતો-પાર્ષદો અને ૧૦૦ જેટલા હરિભક્તો આ સેવામાં જોડાશે. તો ૨૫૦ કિલોની કેક બનાવવામાં આવી હતી.

## "મધર્સ ડે" નિમિતે સંગીત ખુરશી સહિત વિવિધ રમતગમત સ્પર્ધાનું આયોજન

સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટ સંચાલિત ગુલાબચંદ તલકચંદ શેઠ પુસ્તકાલય દ્વારા "મધર્સ ડે " નિમિતે તા. ૧૦-૫-૨૦૨૪ ને શુક્રવારના સાંજે ૪ વાગ્યે માત્ર બહેનો તથા ૫ થી ૧૫ વર્ષ સુધીના બાળકો માટે સંગીત ખુરશી તથા વિવિધ રમતગમત સ્પર્ધાનું આયોજન કરેલ છે. તેમજ વાનગી માં "ફરસાણ" અને "ઠંડાપીણા" ની સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા તા. ૬-૫-૨૦૨૪ સુધીમાં સરદાર સ્મારક ટ્રસ્ટ, 'સરદાર ભવન', કિશાનપરા ચોક, રેષકોર્ષ રોડ, રાજકોટ ખાતે સવારે ૯ થી ૧ સાંજે ૩ થી ૭ ના સમયમાં રૂબરૂ આવી રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે. આ સાથે "મધર્સ ડે " નિમિતે ટોક શો નું આયોજન પણ કરવામાં આવેલ છે.

# કોઠારીયા નાકા મિત્ર મંડળ ટ્રસ્ટ અને મનસુખલાલ જીવરાજ શાહ દ્વારા વિનામુલ્યે છાસ વિતરણનો શુભારંભ



આ કોઠારીયા નાકા મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા જરૂરીયાતમંદ પરિવારોના લોકો માટે નિઃશુલ્ક છાસ કેન્દ્ર ચલાવવામાં આવે છે. આ વર્ષે વિના મુલ્યે છાસ કેન્દ્રનો શુભ પ્રારંભ મહાવીર જયંતીના શુભ દિવસે ચીમનભાઈ શુકલ લોક કલ્યાણ ચે.ટે.ટ્ર. ના ટ્રસ્ટી કશ્યપભાઈ શુકલ, વિનુભાઈ પારેખ, સોની જ્ઞાતિના અગ્રણ્ય, ગીરીશભાઈ પરસાણા, દિપકભાઈ શાહ, અનિલભાઈ શાહ, મિતભાઈ શાહ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીના મુખ્ય મહેમાનપદે કરવામાં આવ્યો હતો.

## પૂ. ધીરજમુનિ મ.ના અનુગ્રહથી

# જલગામમાં ઉપાશ્રય નિર્માણમાં ૬૫ લાખનું દાન જાહેર કરાતા ઉમંગ છવાયા



રાજકોટ, તા. ૨૪

દશાશ્રી સંઘ કાઠિયાવાડી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સંઘ-જલગામ (મહારાષ્ટ્ર) ખાતે પૂ. શ્રી ધીરગુરૂદેવના અનુગ્રહથી શ્રીમતી માલિનીબેન કિશોરભાઇ સંઘવી-સંભવનાથ ઉપાશ્રયનુ નવનિર્માણ ચાલુ છે. જેમાં શ્રીમતી કંચનબેન ચતુરદાસ જેચંદભાઇ ગાંધી(થાનગઢવાળા)ના વીલ મુજબ તાજેતરમાં પ્રવેશદ્વાર, વિવિધલક્ષી હોલ, આયંબીલ હોલમાં આશરે ૬૫ લાખનું દાન જાહેર કરાતા ઉમંગ છવાયો છે.

## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા

# 'ર૬'મો નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પનું આયોજનઃ આવતીકાલથી ફોર્મ વિતરણ શરૂ

### ૩ મે થી શરૂ થનાર કેમ્પમાં ૪ થી ૧૬ વર્ષના બાળકોને અપાશે ઘનિષ્ઠ તાલીમઃ બેંકની રાજકોટની તમામ શાખામાંથી ફોર્મ વિતરણ અને પરતની સુવિધા

રાજકોટ, તા.૨૪

દરેક માતા-પિતાની ચિંતાને દૂર કરવા અને દફતર, પુસ્તકો, નોટબુકો, વિડીયો ગેમ, મોબાઈલને છોડી, રમત ક્ષેત્રે કારકિર્દી ઘડવાની સુવર્ણ તક આપવા માટે, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા '૨૬'માં નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં ભાગ લેવા માટેનું પ્રવેશ ફોર્મ વિતરણ અને સંપુર્ણ વિગત ભરીને પરત આપવા માટે આવતીકાલે તા. ૨૫ થી ૩૦ એપ્રિલ સવારે ૧૦ થી ૨ અને ૩ થી ૫ દરમ્યાન બેંકની રાજકોટની તમામ શાખાઓમાં સુવિધા છે. ક્રિકેટ કોચીંગ આગામી તા. ૩ મે ને શુક્રવારથી સવારે ૬:૩૦ થી ૮ સુધી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કેમ્પનો પ્રારંભ થશે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીમાં આ કેમ્પ દરમ્યાન ૩૮,૭૬૩ ભાવિ ક્રિકેટરોએ તાલીમ મેળવી છે. આ કેમ્પમાં ૪ થી ૧૬ વર્ષના બાળકો (બોયઝ એન્ડ ગર્લ્સ)ને તાલીમ આપવામાં આવશે.

કેમ્પના આયોજન માટે જીમ્મીભાઈ દક્ષીણી (કાર્યકારી ચેરમેન), દિપકભાઈ મકવાણા (ડિરેક્ટર અને પ્રોજેક્ટ ચેરમેન), હંસરાજભાઈ ગજેરા, અશોકભાઈ ગાંધી, શૈલેષભાઈ ઠાકર, નલિનભાઈ વસા, જયોતીન્દ્રભાઈ મહેતા, કલ્પકભાઈ મણીઆર, ટપુભાઈ લીંબાસીયા, ડાયાભાઈ ડેલાવાળા, અર્જુનભાઈ શિંગાળા, ચંદ્રેશભાઈ ધોળકીયા, કીર્તિદાબેન જાદવ, માધવભાઈ દવે, દિનેશભાઈ પાઠક, રાજશ્રીબેન જાની, દીપકભાઈ બકરાણીયા, કાર્તિકેયભાઈ પારેખ, મંગેશજી જોશી, શૈલેષભાઈ મકવાણા, હરેશભાઈ ઠક્કર, હસમુખભાઈ હિંડોચા, હર્ષિતભાઈ કાવર, વિનોદ કુમાર શર્મા સહિતનાઓએ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી છે.


# પૂ.પારસમુનિ મ.નો વિહાર કાર્યક્રમ

રાજકોટ તા.૨૪

ગોંડલ સંપ્રદાયના મહામંત્ર પ્રભાવક પૂ. જગદીશમુનિ મ.ના સુશિષ્ય સદ્ગુરૂદેવ પૂ.શ્રી પારસમુનિ મ.ના વિહાર કાર્યક્રમ અનુસાર આવતીકાલ તા.૨૫મીના ગુરૂવારે અજયભાઈ મહેતાના નિવાસસ્થાન (બાલાજી હોલ પાછળ) સાંજે પ્રદીપભાઈ માલવીયા, તા.૨૬ના શુક્રવારે અશોકભાઈ કોઠારી, ક્રિષ્ટલ મોલની પાછળ, તા.૨૭મીના જૈન સંકલ્પ ટ્રસ્ટ સંચાલીત દિવ્ય સાધનાલય, વીતરાગ સોસાયટીની સામે, નાણાવટી ચોક પાસે, ગાંધીગ્રામ ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતે પધારશે. વિશેષ વિગતો માટે અજયભાઈ ભીમાણી (મો. ૯૩૭૪૧ ૦૦૧૫૯), મયુરભાઈ શાહ (૯૪૨૮૨ ૦૦૦૭૫) અથવા નીતિનભાઈ મહેતા (૯૨૨૭૨ ૧૨૦૪૫)નો સંપર્ક કરવો.

# ૫ વર્ષના બાળકમાં મગજથી મણકા સુધી ફેલાયેલ કેન્સરની ગાંઠની સફળ સારવાર કરતી રાજકોટ કેન્સર સોસાયટી

### બ્લડ કેન્સર બાદ મગજનું કેન્સર બાળકોમાં સૌથી વધુ જોવા મળતું કેન્સર છેઃ ડો.નિશાંત માધાણી



રાજકોટ, તા.૨૪

રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ) માં એક ૫ વર્ષના બાળકની સફળ સારવાર કરવામાં આવી હતી. કેન્સર સોસાયટી ખાતે પાંચ વર્ષનું બાળક કે જેને મેડયુલોબ્લાસ્ટોમાં ની સારવાર અર્થે લાવવામાં આવેલ હતું. જેની સારવાર હોસ્પિટલના નિષ્ણાંત રેડીયેશન ઓન્કોલોજીસ્ટ (શેકના નિષ્ણાંત તબીબ) ડો.નિશાંત માધાણીની દેખરેખ હેઠળ શરૂ કરવામાં આવી. આ બાળકનું આઠ મહિના પહેલા મગજના કેન્સરનું ઓપરેશન થયું હતું અને આઠ મહિના બાદ ડિસેમ્બરમાં ફરીથી ગાંઠ ઊભી થઈ જે મણકામાં પણ ફેલાઈ ગયેલ હતી.

ડો.નિશાંત માધાણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, બાળકના મગજમાં ફરી ઉભી થયેલ ગાંઠમાંથી ઘણી ગાંઠો મણકામાં પણ ફેલાઈ ગયેલ હતી. તેથી તે ઓપરેશન થઈ શકે તેવી સ્થિતી ન હતી. તેથી બાળકને શેક તથા ડોઝ આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મગજનો આખો ભાગ તથા આખી કરોડરજજુમાં શેક આપવામાં આવે છે. શેકની આ પદ્ધતિમાં એક સેશન ૩૦ થી ૪૦ મિનિટ ચાલે છે. જે દરમિયાન બાળક હલન ચલન કર્યા વગર સુતુ રહે તેના માટે ઘેનનું ઈજેક્શન આપી સતત દેખરેખ હેઠળ રાખવામાં આવે છે. આ બાળકના આવા કુલ ૩૦ શેક આપવામાં આવેલ છે. ત્યારબાદ ૬ મહિના એડજુવન્ટ કિમોથેરાપી આપવામાં આવે છે.

## ફિઝિયોથેરાપીના નિઃશુલ્ક નિદાન- સારવાર કેમ્પનું આયોજન

જંકશન પ્લોટ ખાતે મનહરલાલજી મહારાજ સ્થાપિત સેવાસંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટ-ગીતા મંદિરમાં તબીબી સહાય અંતર્ગત રવિવાર તા.૨૮ એપ્રિલના રોજ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ સુધી નિઃશુલ્ક ફિઝિયોથેરાપી નિદાન-સારવાર કેમ્પનું આયોજન કરેલ છે. જેમાં જાણીતા ફિઝિયોથેરાપિસ્ટ ડો.દેવકી મહેતા તથા ડો.ભાર્ગવ કાનાબાર સેવા આપશે.આ કેમ્પમાં સંધિવા, કમરનો દુખાવો, સાયેટિકા, હાથ-પગના સાંધાનો દુખાવો, મણકાના દર્દો, ખભા અને કરોડરજ્જૂની નસનું દબાવવું,ગોઠણનો દુખાવો,વગેરે દર્દોનું નિદાન કરીને અદ્યતન સાધનો દ્વારા તેમજ યોગ્ય ફિઝિયોથેરાપી કસરત દ્વારા નિઃશુલ્ક સારવાર આપવામાં આવશે.

## ચકલીના માળાનું વિતરણ કરાશે

બજરંગ ગ્રુપ રાજકોટ સીટી દ્વારા દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ પંચમુખી હનુમાનજીના મંદિર પાસે, ગરેડીયા કુવા રોડ, રાજકોટ ખાતે નિઃશુલ્ક કબુતર, ચકલીના લાકડાના, માટીના માળા, પંચધાન્ય મિશ્રિત ચણ, ફીડર નું વિતરણ કરવામાં આવશે.આ ઉપરાંત, દર રવિવારે સાંજે ૪- થી.-૭ દરમ્યાન રાધેશ્યામ કોમ્પ્લેક્ષ, ગ્રાઉન્ડ ફલોર, ગરેડીયા કુવા રોડ ખાતે નિઃશુલ્ક લોહાણા સમાજ વેવિશાળ કેન્દ્ર કાર્યરત છે.

## મુંબઈમાં ૬૩૦ વર્ષ બાદ પ્રથમવાર સહસ્ત્રાવધાનની અદ્દભૂત-અલૌકિક ઈવેન્ટઃ ઈતિહાસ રચાશે

# ૧લી મેના ગણિવર્ય શ્રી અજીતચંદ્રસાગરજી મ.નો સહસ્ત્રાવધાન પ્રયોગઃ કુશાગ્ર બુધ્ધિનો પરિચય

### પૂ.અજીતચંદ્રસાગરજી મહારાજે ૨૦૦૮, ૨૦૧૪માં અવધાન પ્રયોગ કર્યા છે, ગીનેશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા માન્યતા અપાઈ છેઃ તેમને ડોકટરેટની પદવી એનાયત કરાઈ છે

રાજકોટ તા.૨૪

આગામી તા.૧લીના બુધવારે મુંબઈમાં આચાર્ય ભગવંત પૂ.શ્રી નયચંદ્રસાગરસૂરિજી મહારાજના કૃપાપાત્ર શિષ્ય ગણિવર્ય પૂ.શ્રી અજીતચંદ્રસાગરજી મહારાજ સહસ્ત્રાવધાન (૧૦૦૦ પ્રશ્નો યાદ રાખીને તેના જવાબો આપવા)નો પ્રયોગ વરલી (મુંબઈ)માં સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમ, એનએસસીઆઈ ઈન્ડોર સ્ટેડિયમ (નેશનલ સ્પોર્ટસ કલબ ઓફ ઈન્ડિયા) ખાતે કરવાના છે.

ગણિવર્ય પૂ.શ્રી અજિતચંદ્રસાગરજી મહારાજે આ અગાઉ ૨૦૦૮માં ટાઉન હોલ મુંબઈ ખાતે શત (૧૦૦) અવધાન, તથા મુંબઈના સન્મુખાનંદ હોલમાં ૨૦૦ અવધાનનો પ્રયોગ કર્યો હતો. ૨૦૧૪માં ૫૦૦ અવધાન કર્યા હતા. આવી અનોખી સિધ્ધિ હાંસલ કર્યા પછી હવે ૧૦૦૦ (સહસ્ત્રાવધાન) અવધાન કરીને મહાસિધ્ધિ પ્રાપ્ત કરશે.

લગભગ ૬૩૦ વર્ષ પહેલા સહસ્ત્રાવધાન કરવામાં આવેલ તેમ જૈનોના ઈતિહાસમાં જણાવાયું છે. આમ ૬૩૦ વર્ષ બાદ મુંબઈમાં સહસ્ત્રાવધાનનો પ્રયોગ થઈ જવા રહ્યો છે.

ગણિવર્ય પૂ.શ્રી અજીતચંદ્રસાગરજી મહારાજ આ.ભ.પૂ.શ્રી નયચંદ્રસાગરસૂરિજી મ.ના શિષ્યરત્ન છે. તેમણે યુનિવર્સિટી ઓફ એઝટેક મેકિસકો દ્વારા ડોકટરેટની પદવી એનાયત કરવામાં આવી છે. તેમને સૌથી ઝડપી વકતા તરીકે ગિનેશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા પણ માન્યતા આપવામાં આવી છે.

પૂજય આ.ભ.શ્રી નયચંદ્રસાગરસૂરિજી મહારાજે અત્યાર સુધીમાં ૮ શિષ્યોને પ્રશિક્ષિત કર્યા છે. અને આ દિશામાં આગળ વધી રહ્યા છે.




ગણિવર્ય પૂ.શ્રી અજીતચંદ્રસાગરજી મહારાજ દ્રઢપણે માને છે કે આ ક્ષમતાનો વિકાસ સરસ્વતી સાધના, ગહન તપસ્યા, આગળ શાસ્ત્રો વગેરેને એક સમર્થ ગુરૂના માર્ગદર્શન હેઠળ યાદ રાખવાનું પરિણામ છે.

ગુરૂ ભગવંત તથા ગણિવર્ય પૂ.અજીતચંદ્રસાગરજી મહારાજે ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને 'સરસ્વતી સાધના' શીખવી છે. આ મિશનને આગળ ધપાવવા માટે સરસ્વતી સાધના રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી છે. ડિઝીટલ માધ્યમો દ્વારા આગામી દસ વર્ષમાં ૧૦ લાખ વિદ્યાર્થીઓને આ સરસ્વતી સાધના કરાવવાનું લક્ષ્ય છે. તેનાથી લાખો વિદ્યાર્થીઓ જ્ઞાન મેળવી શકશે. વિના પ્રયાસે તેમના આઈ કયુમાં વધારો થશે તથા તેમનું બૌધ્ધિક અને નૈતિક માળખુ મજબુત થશે.

**અવધાન**

મનુષ્ય સામાન્ય રીતે પોતાની મગજ શકિતનો લગભગ ૫થી ૧૦ ટકાનો ઉપયોગ કરે છે જેમણે વધુ ઉપયોગ કર્યો છે. તેઓને સુપરમેન તરીકે ઓળખવામાં આવ્યો છે અને માનવ સમાજ પર ઉંડી છાપ છોડી છે.

સહસ્ત્ર એટલે હજાર અને અવધાન એટલે રેન્ડમ શબ્દો, વાકયો, ઓબજેકટસ, ગાણિતિક કોયડાઓ, સ્પર્શ ઉત્તેજના, ચિત્રો, વિદેશી ભાષાના શબ્દો, શ્લોક વગેરે સાંભળવાની, જોવાની, અનુભૂતિ કરવાની ક્ષમતા. આ બધુ રેન્ડમ પ્રેક્ષકો દ્વારા ક્રમશઃ બોલવામાં/બતાવવામાં આવે છે અને પછી પહેલાથી છેલ્લા, છેલ્લાથી પહેલા અથવા રેન્ડમમાં જણાવાય છે.

ઈવેન્ટ માટે ઉચ્ચતર સ્તરની એકાગ્રતા જરૂરી હોવાથી તા.૧લીના બુધવારે મુંબઈમાં યોજાયેલા સહસ્ત્રાવધાન કાર્યક્રમમાં ઓડિટોરીયમ ના દરવાજા સવારે ૮-૩૦ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. કાર્યક્રમ હિન્દીમાં રહેશે. વધુ વિગતો માટે મો.નં. +૯૧ ૬૨૬૨૬ ૭૬૭૫૦નો સંપર્ક કરવો.

# મુંબઈમાં રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિમ.ની નિશ્રામાં મહાતપોત્સવ તથા દીક્ષામહોત્સવનો પ્રારંભ

### વસ્તુઓનો ત્યાગ માત્ર નહી પણ લાગણી ઓની પરિત્યાગ તે સંયમ માર્ગઃ પૂ.નમ્રમુનિ મ.





રાજકોટ,તા.૨૪

સ્થાનકવાસી જૈન સમાજના સેંકડો વર્ષમાં એક સુદીર્ઘ ઈતિહાસ બની જનારા મહાતપોત્સવ અને દીક્ષા મહોત્સવ નું શ્રી વિલે -પાર્લે વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘના ઉપક્રમેકરવામાં આવેલા પાંચ દિવસીય આયોજનનો મંગલમય પ્રારંભ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે વિલેપાર્લે સ્થિતરિતંભરા વિશ્વ વિદ્યાલયના ગ્રાઉંડ ખાતે હજારો ભાવિકોના હૃદયના ઉછળતા ભાવ, અહોભાવ અને ભકિતભાવ સાથે કરવામાં આવ્યો હતો.

આ મંગલ શુભારંભ અવસરેપરમ ગુરુદેવના બ્રહ્મનાદે મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના ગુંજારવ સાથે આ મહોત્સવનો શંખનાદ કરવામાં આવ્યો હતો.કોઈના કહેવા માત્રથી નહીં પરંતુ હૈયાના, અંતરના અવાજ સાથે થતી હોય છે તપશ્ચર્યા અને લેવાતી હોય છે દીક્ષા! ત્યારે દીક્ષા તે માત્ર વસ્તુઓનો ત્યાગ નથી હોતો પરંતુ મોહ, લાગણી કે સંવેદનાનો પરિત્યાગ તે દીક્ષાનું જીવન હોય છે. જેમના ખોળામાં રમ્યા હોઈએ, જેમની છત્રછાયામાં ઉછર્યા હોઈએ એવા માતા-પિતાની સામે પણ જિંદગીભર ન જોવાની પ્રતિજ્ઞા તે સંયમ હોય છે. જે દિવસે દિલમાં લાગણીઓ પર વિજય પમાય છે તે દિવસે ભાલ પર સંયમનો વિજય તિલક લાગતો હોય છે. જે મોહ છોડી શકે તે પ્રભુના માર્ગ પર આવી શકે છે. માત્ર મારો આત્મા કાન્ત તેવા એકાંતનું જીવન તે સંયમ જીવન હોય છે. કોઈનો સાથ કાયમ નથી અને જે કાયમ નથી તે કદી મારું ન હોય,કોઈપણ સાથ શાશ્વત નથી તેવા આ સંસારની વાસ્તવિકતાને સમજીને બધું જ છૂટી જાય તે સંયમ હોય છે. પરમ ગુરુદેવના શ્રીમુખેથી પ્રગટ થયેલા આવા કલ્યાણકારી વચનોએ ઉપસ્થિત સહુને અહોભાવિત કરી દીધાં હતાં.

વિશેષમાં આ અવસરે પિંજરનાઅદભુત પ્રયોગદ્વારા ઉપસ્થિત ભાવિકોને સંસારની વાસ્તવિકતાની અનુભૂતિ કરાવવામાં આવતા સહુ એ સંસારની અસારતા અને સંયમની મહત્વતાનો અનન્ય અનુભવ કરીને સત્યની પ્રતિતી કરી હતી.

આ અવસરે મુંબઈભરના ૫૦થી વધુ મહિલા મંડળના બહેનો દ્વારા નોન સ્ટોપ ગીતોની સાંજી સ્તવના કરીને મહાતપસ્વી મહાસતીજીની ભકિતભીની અનુમોદના કરવામાં આવતાં સર્વત્ર જયકરવર્તાયો હતો.એ સાથે જ, સર્વ દ્વારા લીલા વસ્ત્ર પર કંકુ વર્ણ સ્વસ્તિક વિધિનું માંગલ્ય કરીને દીક્ષા મહોત્સવના શુકનવંતા વધામણા કરવામાં આવતાં હર્ષ હર્ષ છવાયો હતો.

તપ ધર્મ અને સંયમ ધર્મની અનુમોદના સ્વરૂપ આ મહોત્સવના આવતીકાલ ૨૫વિં એપ્રિલ,૨૦૨૪ દ્વિતીય દિવસમાં મહાતપસ્વીને ગુરુ ભગવંતના શ્રી મુખેથી ૧૦૦૮મી આયંબિલ તપના પ્રત્યાખ્યાનની ક્ષણોના સાક્ષીદાર બનવા આ અવસરે પધારી ધન્ય બનવા દરેક ધર્મપ્રેમી ભાવિકોને શ્રી સંઘ તરફથી ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

# 'જય શ્રીરામ'ના ગગનભેદી નારા સાથે બડા બજરંગ દાદાની નગરચર્ચાઃ શ્રધ્ધા-ભકિતના દર્શન
















રાજકોટ,તા.૨૪

બડા બજરંગ ફાઉન્ડેશન દ્વારા સતત ૧૬માં વર્ષે હનુમાન જન્મોત્સવની રથયાત્રા ગઈકાલે નીકળી હતી. રથયાત્રામાં ૧૦૦ થી વધારે સંસ્થાઓ સામેલ થઈ હતી. યાત્રામાં ૬૦ થી વધારે આકર્ષક અને નયન રમ્ય ફલોટેસ સામેલ કરાયા હતાં. સર્વ પ્રથમ ૫૧ ફુટનો ભગવો ધ્વજ લઈને ભકતો ચાલ્યા હતો. બડા બજરંગ દાદાની મૂર્તિ રજવાડી રથને રસ્સા વડે ભકતો દ્વારા ખેંચવામાં આવી હતી.

આ પ્રસંગે ૧૫૧ કિલોનો મનીનદાનો પ્રસાદ રથયાત્રાના રૂટમાં વિતરણ કરવામાં આવ્યો હતો.દાદાના રથની ઉપર ટોપ દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી હતી. આ રથયાત્રામાં ધાર્મિક ઉપરાંત સામાજીક સંદેશ આપતા ફલોટસ જોડાયા હતા. બજરંગીઓ દ્વારા રથયાત્રાના રૂટ પર અખાડાના હાલ જેવા કરતાઓ કરી શકિતનું પ્રદર્શન કરેલ હતું. ઠેર ઠેર જુદી જુદી સંસ્થાઓ દ્વારા રંગોળી, પુષ્પોની વર્ષા તેમજ ફટાકડા ફોડીને સ્વાગત કરવામાં આવેલ હતું. યાત્રાના સમગ્ર રૂટ પર સરબત છાશનું વિતરણ કરવામાં આવેલ.રામનાથ પરાથી રથયાત્રાનો પ્રારંભ થયો હતો. અને વિવિધ માર્ગો પરથી પસાર થઈને ભુપેન્દ્ર રોડ બાલાજી હનુમાનજી મંદિરે સંપન્ન થઈ હતી. ડી.જે.ના સંગે બજરંગીઓએ નૃત્ય કર્યા હતાં. જયશ્રીરામનો નારો સમગ્ર રૂટપર ગુંજતો રહ્યા હતો.ઉપરોકત તસ્વીરો બડાબજરંગ દાદાની શોભાયાત્રાની છે

**(તસ્વીરઃ દેવેન અમરેલીયા)**

## ભવાનીનગરમાં સ્વચ્છતા વિષે બહેનોને માર્ગદર્શન અપાયું



રાજકોટ,તા.૨૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત સ્વચ્છતા માટે કાર્યરત મહિલાઓની ભાગીદારી અને લીડરશીપને મજબુત બનાવવા માટે વોર્ડ નં.૧૨ માં ભવાનીનગર ખાતે ગત તા.૨૩નાં રોજ માર્ગદર્શક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મીટીંગમાં સ્વ-સહાય જૂથની મહિલાઓનું નેતૃત્વ મજબુત બને અને જૂથ થકી તેમના વિસ્તાર શેરી ફળિયા અને મહોલ્લામાં વસવાટ કરતા લોકો સ્વચ્છતા પ્રત્યે સભાન બને તે માટે જૂથને સક્રિય યોગદાન આપવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. જેમાં બહેનોને સૂકા અને ભીના કચરાના વર્ગીકરણ અંગે માર્ગદર્શન, ૩આર (રીડ્યુઝ, રીયુઝ અને રીસાઈકલ) તથા કીચન વેસ્ટના હોમ કોમ્પોસ્ટીંગ અંગેની માહિતીપણ આપવામાં આવેલ હતી. તથા જૂથની બહેનોને વેસ્ટ ચીજ વસ્તુઓ માંથી ઘરસુશોભન તથા ઉપયોગી ચીજ-વસ્તુઓ બનાવી વેસ્ટ વસ્તુઓનો સદઉપયોગ કેવી રીતે કરી શકાય તેની પણ માહિતી પણ આપેલ હતી.

### મતદારોને જાગૃત કરવા ઈન્ડીયન મેડિકલ એસોસિએશનના પ્રયાસ

# 'મતદાન કરવું એ મૂળભૂત ફરજ અને અધિકાર છે' નો સંદેશો આપતા ખાસ સ્ટેમ્પ બનાવાયા

### પ્રિસ્કીપ્શનમાં સિક્કા મારી તબીબો લોકોને મતદાન માટે કરાશે પ્રોત્સાહિત

રાજકોટ તા. ૨૪

ભારતમાં હાલ લોકશાહીનું મહાપર્વ ચૂંટણીની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે એલોપેથીક તબીબોના વિશ્વના સૌથી મોટા સંગદન ઈન્ડીયન મેડિકલ એસોસિએશન દ્વારા મતદારોને જાગૃત કરવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

જે અંતર્ગત દરેક તબીબી દર્દીને પ્રિસ્ક્રીપ્શન આપશે. જેમાં મતદાન જાગૃતિને લગતા સિક્કા મારી મતદાન કરવા સમજ મળશે. એમ ઈન્ડીયન મેડિકલ એસોસિએશન-રાજકોટના પ્રમુખ અને જાણીતા ન્યુરોસર્જન ડો. કાંત જોખાણી અને સેક્રેટરી ડો. અમિષ મહેતાએ જણાવ્યું છે. ઈન્ડીયન મેડિયલ એસોસિએશન રાષ્ટ્રીય કક્ષાએ આ પ્રકારે જાગૃત્તિના કાર્યક્રમો સતત કરવામાં આવે છે. જેમાં ભાગરૂપે રાજકોટ સહિત ગુજરાતમાં પણ લોક જાગૃતિના કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. લોકશાહીમાં દરેક મતદાન મતદાન કરી પોતાની ફરજ બજાવે એ જરૂરી છે એટલે ઈન્ડીયન મેડિકલ એસોસિએશનના નેજા હેઠળ મતદાન જાગૃત્તિ ઝુંબેશ શરૂ કરી છે.




Dr. Kant Jogani - Presient Dr. Amish Mehta-Secretory

સંસ્થા દ્વારા 'મતદાન કરવું એ મૂળભૂત ફરજ અને અધિકાર છે' એવો મેસેજ આપતા ખાસ સ્ટેમ્પ બનાવવામાં આવ્યા છે અને દરેક તબીબો પોતાના દર્દીને પ્રિસ્કીપ્શન આપે એમા આ સ્ટેમ્પ મારીને મતદાન માટે સમજાવશે.

ઈન્ડીયન મેડિકલ એસોસિએશન-ગુજરાતના પ્રમુખ ડો. ભરત કાકડીયા, ઉપપ્રમુખ ડો. ભાવેશ સચદે, રાષ્ટ્રીય અગ્રણી ડો. અતુલ પંડયા, ડો. હિરેન કોઠારી, ડો. યજ્ઞેશ પોપટ, ડો. એમ. કે. કોરવાડીયા, કો. વસંત કાસુન્દ્રા સહિત તબીબી અગ્રણીઓ દ્વારા લોકોને ૧૦૦ ટકા મતદાન કરવા અપીલ કરવામાં આવી છે.

## દાંત અને જડબાના નિષ્ણાતની રાહતદરે સેવા

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્રીકૃષ્ણ ચિકિત્સાલય, કનક રોડ, એસ.ટી. બસ સ્ટેશન પાછળ દાંતના રોગોના નિષ્ણાંત સર્જન ડો. બ્રિજેશ સોની અને વત્સલ રૂપારેલ સોમવારથી શનિવારે સાંજે ૪થી ૫ સેવા આપશે.

## શનિવારે બાળકો માટે વાર્તા, અભિનય ગીતો તથા પપેટ શોનું આયોજન

રાજકોટ,તા.૨૪

નવદુર્ગા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તથા બાલભવન રાજકોટના સંયુકત ઉપક્રમે આગામી તા. ૨૭ ને શનિવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૩૦ દરમ્યાન બાળકો માટે બાળગીતો, વાર્તા તથા પપેટ શોનું આયોજન કરવામાં આવ્યું છે. બાલભવન રાજકોટના માનદ મંત્રી મનસુખભાઈ જોશી તથા ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદીના સહયોગ સાથે નવદુર્ગા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના માયાબેન ચુડાસમા, અવનીકાબેન ગોસ્વામી, સ્વાતિબેન સવસેતા, મીનાક્ષીબેન ટીટીયા, પુષ્પાબેન ગુંસાઈ સહિતના કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ભરૂચ, વડોદરા રેલવે સ્ટેશનો ઉપર જનરલ, સેકન્ડ કલાસના પ્રવાસીઓ માટે સસ્તા દરે ભોજન સેવા

### પોષણક્ષમ ખોરાક રૂા.૨૦ અને ૫૦ રૂપિયામાં નાસ્તો પણ ઉપલબ્ધ

રાજકોટ:તા ૨૪

ભારતીય રેલ્વેએ ઈન્ડિયન રેલ્વે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) ના સહયોગથી મુસાફરોને, ખાસ કરીને બિનઆરક્ષિત કોચમાં, પોષણક્ષમ ભાવે આરોગ્યપ્રદ ખોરાક અને નાસ્તો આપીને સેવા આપવા માટે એક નવી પહેલ શરૂ કરી છે. ઉનાળાના મહિનાઓમાં મુસાફરોની સંખ્યામાં વધારાને ધ્યાનમાં રાખીને આ પહેલ કરવામાં આવી છે.

પશ્ચિમ રેલ્વેએ પણ મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ, ભરૂચ, વડોદરા અને ચિત્તૌરગઢ સ્ટેશનો પર ઓછી કિંમતે/પરવડે તેવી ભોજનની સુવિધા શરૂ કરી છે. પોસાય તેવા ખોરાક અને પાણીની ઉપલબ્ધતા માટે ધીમે ધીમે વિસ્તૃત સેવા કાઉન્ટરોની જોગવાઈ કરવામાં આવશે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુર દ્વારા જારી કરવામાં આવી છે. ઓછા ખર્ચે/સસ્તા ભોજન માટેના કાઉન્ટરો પ્લેટફોર્મ પર જનરલ સેકન્ડ (GS) વર્ગના કોચના સ્થાન સાથે સંરેખિત કરવામાં આવી રહ્યા છે.

આ પહેલ બે પ્રકારના ભોજન પ્રદાન કરે છે.પોષણક્ષમ ખોરાક કિંમત રૂ. ૨૦/-માં ઉપલબ્ધ થશે.

આ ભોજન સફરમાં પ્રવાસીઓ માટે સંતોષકારક અને આર્થિક વિકલ્પ પૂરો પાડે છે. હળવો નાસ્તો કરવા માંગતા લોકો માટે ૫૦/- રૂપિયામાં નાસ્તો પણ ઉપલબ્ધ છે.




ગયા વર્ષે લગભગ ૫૧ સ્ટેશનો પર આ સેવાનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતુ. તે સફળતાના આધારે, રેલ્વેએ પ્રોગ્રામને નોંધપાત્ર રીતે વિસ્તૃત કર્યો છે, જેમાં હવે કાઉન્ટર્સ ૧૦૦ થી વધુ સ્ટેશનો અને કુલ ૧૫૦ જેટલા કાઉન્ટર્સ પર કાર્યરત છે. આ પ્રોગ્રામ મુસાફરોને ખાસ કરીને સામાન્ય વર્ગના કોચમાં મુસાફરી કરતા લોકોને નોંધપાત્ર લાભ પૂરો પાડે છે.

# મહાનગર પાલિકા દ્વારા ગુરૂવારે 'વિશ્વ મેલેરિયા' દિવસ ઉજવાશે

### ઝોન વાઈઝ પ્રદર્શન, રંગોળી, રેલી, પોરાભક્ષક માછલીનું વિતરણ સહિતનાં કાર્યક્રમો યોજાશે

રાજકોટ,તા.૨૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી તા.૨૫નાં રોજ વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી થનાર છે. આ ઉજવણી અંતર્ગત ઝોન વાઈઝ જાહેર પ્રદર્શન રંગોળી, રેલી, પત્રિકા વાઈઝ પોરાભક્ષક માછલીઓનું પણ વિતરણ કરવામાં આવશે. તા.૨૫એપ્રિલના રોજ ઝોનવાઇઝજાહેર પ્રદર્શન તથા પોરાભક્ષક માછલી વિતરણ (સવારે ૯ થી ૧૨ કલાકે) ઈસ્ટ ઝોનમાં બાલક હનુમાન મંદિર પાસે તથા પેડક રોડ, વેસ્ટ ઝોનમાં રૈયા ચોકડી, મોમાઇહોટલની પાસે, સેન્ટ્રલ ઝોન માં આંબલીયા હનુમાન મંદિર પાસે, જંકશન પ્લોટ ખાતે જાહેર પ્રદર્શન તથાવિનામુલ્યેપોરાભક્ષક માછલી વિતરણ રાખેલ છે.

સરકારી પોલીટેકનીક એન્ડ કોલેજ - ભાવનગર રોડ, જે. જે. કુંડલીયા કોલેજ




- લિમડા ચોક કેન્દ્રીય વિદ્યાલય-કાલાવડ રોડ તથા ભવાની ઈન્ડસ્ટ્રીઝ -પી.ટી.સી. કોલેજ પાસે, પ્રશાંત કાસ્ટીંગઈન્ડસ્ટ્રીઝ-મવડીમેઇન રોડ, ગોકુલ ઈન્ડસ્ટ્રીઝ - વાવડી ગોંડલ રોડ, રાજકોટ ડેરી -દુધસાગર રોડ, પી.જી.વી.સી.એલ. કચેરી - નાના મોવા, લક્ષ્મીનગર ખાતે આરોગ્ય શિક્ષણનાં કાર્યક્રમો યોજાશે તથા 'શ્રી'હાઇટસ એપાર્ટમેન્ટ, જુનો મોરબી રોડ, નિલગ્રીન એવન્યુ, સંજયવાટીકા નિલસીટી, સેલેનિયમ સીટી માધાપર પોસ્ટ ઓફિસ સામે પરરાત્રીસભાનું આયોજન કરી સોસાયટીના લોકોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવશે. ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાના ૨૩ આરોગ્ય કેન્દ્રપર રંગોળી, પત્રીકા વિતરણના માધ્યમથી ઓપીડીમાં આવતા દર્દી તથા તેના સગા સબંધિઓને આરોગ્ય શિક્ષણ આપવામાં આવશે તથા આરોગ્ય કેન્દ્રથી આસપાસના વિસ્તારમાં એએનએમ/આશાબહેનો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવશે.

## યુવા ધારાશાસ્ત્રી અશ્વિન પાડલિયાનો જન્મદિવસ



રાજકોટના યુવા ધારાશાસ્ત્રી અશ્વિન ડી.પાડલિયાનો આજે જન્મદિવસ છે. તેઓ રાજકોટ ખાતે વર્ષ ૨૦૦૭થી એડવોકેટ તરીકે મદદનીશ સરકારી વકીલ રક્ષિત વી.કલોલા સાથે વકીલાતની શરૂઆત કરેલી. જીવનરૂપી સફરમાં ૪૦ વર્ષમાં પ્રવેશેલ છે. તેઓ ક્રીમીનલ, સીવીલ, કલેઈમ કેસો તથા કન્ઝયુમર ફોરમમાં તથા રાજકોટ ડીસ્ટ્રીકટ એન્ડ રેશન્સ કોર્ટમાં ખુબ જ મહત્વના અને ચકચારી કેસોમાં સારી એવી કામગીરી કરેલી છે. ખાસ કરીને પોતાના વાળંદ સમાજના કોઈ પણ કાર્યો કે જાહેર પ્રસંગોમાં હંમેશા અગ્રેસર રહેતા યુવા ધારાશાસ્ત્રી તરીકે ખુબ જ ટુંકા સમયની વકીલાતમાં પોતાની આગવી છાપ ઉભી કરેલી છે. તેમના જન્મદિવસે મો.નં.૯૯૦૪૦ ૨૧૫૨૨ ઉપર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

### લોકસભાની ૨૫ બેઠકો માટે ૨૬૬ અને વિધાનસભાની ૫ બેઠકોની પેટા ચૂંટણીમાં ૨૪ ઉમેદવારો મેદાનમાં

# રાજ્યમાં ૪.૯૭ કરોડ મતદારો મતદાન કરી શકશે: ઈ-એપીકની પ્રિન્ટ પણ પુરાવા તરીકે માન્ય

**૧૮ થી ૧૯ વર્ષની વયના ૧૨.૨૦ લાખ મતદારો પ્રથમ વખત મતદાન કરશે**

**૨૨,૭૦૦થી વધુ મતદારોની હોમવોટીંગ માટે અરજી**

**રવિવારે તમામ મતદાન બુથો પર મતદાર યાદી સાથે BLO ઉપસ્થિત રહેશે**

**તા.૫મેના પોલીંગ સ્ટાફ માટે ત્રીજા રેન્ડમાઈઝેશનની કામગીરી**

ગાંધીનગર,તા.૨૪

લોકસભાની સામાન્ય ચૂંટણી તેમજ વિધાનસભાની પેટા ચૂંટણી માટે ગુજરાતમાં ૭ મેના રોજ મતદાન યોજવા માટે તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની વિગતો આપતા મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે ૧૫ માર્ચ ૨૦૨૪ સુધીમાં અરજી કરનાર તમામ નાગરિકોને EPIC કાર્ડનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. જો EPIC કાર્ડ ન હોય તો e-EPIC ની પ્રિન્ટને પણ ઓળખના પુરાવા તરીકે માન્ય ગણવામાં આવશે. બુથ લેવલ ઓફિસર દ્વારા વોટર ઈન્ફોર્મેશન સ્લીપ લોકોના ઘરે પહોંચાડવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. ૨૭ એપ્રિલના રોજ અમદાવાદ ખાતે બીજો સ્ટેટ લેવલ પોસ્ટલ બેલેટ એક્સચેન્જ ફેર યોજાશે. ચૂંટણી પંચ દ્વારા નિમવામાં આવેલા જનરલ ઓબ્ઝર્વરની હાજરીમાં ૨૭ એપ્રિલ સુધીમાં ઊટખનું બીજું રેન્ડમાઇઝેશન, જ્યારે ૫ મે ૨૦૨૪ ના રોજ પોલિંગ સ્ટાફના ત્રીજા રેન્ડમાઇઝેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.

લોકસભાની સામાન્ય ચૂંટણી તેમજ વિધાનસભાની પેટા ચૂંટણી માટે પાત્ર એવા તમામ નાગરિકો પોતાનું નામ મતદાર યાદીમાં નોંધાવી લે તે માટે સઘન મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, જેના ભાગરૂપે જાન્યુઆરી-૨૦૨૪માં પ્રસિદ્ધ થયેલી મતદાર યાદીની સાપેક્ષે કુલ ૩ લાખ કરતાં વધુ મતદારો નોંધાયા છે. તા.૨૨ એપ્રિલના રોજ પ્રસિદ્ધ થયેલી હરિફ ઉમેદવારોની યાદી પ્રમાણે લોકસભાની ચૂંટણી માટે કુલ ૨૬૬ ઉમેદવારો તેમજ વિધાનસભા પેટાચૂંટણી માટે કુલ ૨૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. સુરત લોકસભા બેઠક પર માત્ર ભાજપના ૧ ઉમેદવાર વધતાં તે ઉમેદવારને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની ૦૫ બેઠકોની પેટાચૂંટણી માટે મતદાન તા.૦૭ મે,ના રોજ યોજાનાર છે. જેમાં રાજ્યના ૪,૯૭,૬૮,૬૭૭ મતદારો મતદાન કરી શકશે. આખરી મતદાર યાદીમાં ૧૮ થી ૧૯ વર્ષની ધરાવતા ૧૨,૨૦,૪૩૮ મતદારો પ્રથમ વખત મતદાન કરી શકશે.

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા હાથ ધરવામાં આવેલા મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા-૨૦૨૪ અંતર્ગત તા.૦૫ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી મતદાર યાદી મુજબ રાજ્યમાં કુલ ૪,૯૪,૪૯,૪૬૯ મતદારો નોંધાયેલા હતા. ત્યાર બાદ તા.૦૯ એપ્રિલ, ૨૦૨૪ સુધી મતદાર તરીકે નોંધણી માટે મળેલી અરજીઓ પૈકી ૩,૧૯,૨૦૯ મતદારોનો પુરવણી મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આખરી મતદાર યાદી મુજબ રાજ્યમાં ૨,૫૬,૧૬,૫૪૦ પુરૂષ, ૨,૪૧,૫૦,૬૦૩ સ્ત્રી અને ત્રીજી જાતિના ૧,૫૩૪ મળી કુલ ૪,૯૭,૬૮,૬૭૭ મતદારોનો સમાવેશ થાય છે.

રાજ્યમાં યોજાનાર ચૂંટણીમાં યુવાઓ મોટા પ્રમાણમાં મતદાનમાં ભાગ લેશે. આ વર્ષે ગુજરાતમાં ૧૮થી ૨૯ વય જૂથનાં કુલ ૧,૧૬,૦૬,૧૮૮ યુવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ૮૫ વર્ષથી વધુ વય ધરાવતાં વરિષ્ઠ મતદારોની કુલ સંખ્યા ૪,૧૯,૫૮૪ છે. રાજ્યમાં ૧૦,૦૩૬ મતદારો શતાયુ એટલે કે ૧૦૦ વર્ષ કે તેનાથી વધુ વયના છે. ૩,૭૫,૬૭૩ મતદારોને દિવ્યાંગ મતદાર તરીકે ચિન્હિત કરવામાં આવ્યા છે. રાજ્યમાં મતદાતાની સંખ્યાના આધારે સૌથી મોટી લોકસભા બેઠક નવસારી છે; જેમાં ૨૨,૨૩,૫૫૦ મતદારો છે, જ્યારે ભરૂચ લોકસભા બેઠકમાં સૌથી ઓછા ૧૭,૨૩,૩૫૩ મતદારો છે.

રાજ્યમાં કુલ ૨૭,૫૫૫ સેવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. સાથે જ વિદેશમાં વસતા ભારતીય મતદારો પણ ગુજરાતમાં પોતાના રહેઠાણના વિસ્તાર સંબંધિત મતદાન મથક ખાતે મત આપી શકે છે. અંતિમ મતદાર યાદીમાં વિદેશમાં વસતા ૯૦૦ મતદારો નોંધાયા છે.

મતદાન માટે ગત તા.૧૫ માર્ચ, ૨૦૨૪ સુધી અરજી કરનાર નાગરિકોને મતદાર ફોટો ઓળખકાર્ડ (EPIC) નું વિતરણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. ત્યારબાદ અરજી કરનાર નાગરિકોને EPIC કાર્ડ ઝડપથી પહોંચાડી દેવામાં આવશે. જો કે EPIC કાર્ડ ન મળ્યું હોય પણ મતદાર નોંધણીની અરજી સાથે મોબાઈલ નંબર આપેલ હોય તો e-EPIC ડાઉનલોડ કરી શકાય છે અને e-EPICની પ્રિન્ટને ઓળખના પુરાવા તરીકે માન્ય ગણવામાં આવશે.

લોકસભા સામાન્ય ચૂંટણી માટે કુલ ૪૩૩ ઉમેદવારોએ નામાંકનપત્રો ભર્યા હતાં. તા.૨૦ એપ્રિલના રોજ ચકાસણી દરમ્યાન કુલ નામાંકનપત્રો પૈકી કુલ ૧૦૫ નામાંકનપત્રો રદ્દ કરવામાં આવ્યા હતા. ઉમેદવારી પરત ખેંચવાની આખરી તા. ૨૨ એપ્રિલ સુધીમાં કુલ ૬૨ ઉમેદવારો દ્વારા ઉમેદવારી પરત ખેંચવામાં આવી હતી. આમ, હવે લોકસભા સામાન્ય ચૂંટણી, ૨૦૨૪ માં હરીફ ઉમેદવારની કુલ સંખ્યા ૨૬૬ થઈ છે. જે પૈકી ૨૪૭ પુરુષ ઉમેદવારો, ૧૯ સ્ત્રી ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. ઉક્ત પૈકી ૨૪-સુરત લોકસભા મતવિભાગના ઉમેદવાર બિન હરીફ જાહેર થયા છે.

જયારે પાંચ વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણીઓ-૨૦૨૪ માટે કુલ ૩૭ ઉમેદવારોએ નામાંકનપત્રો ભર્યા હતાં. જે પૈકી ચકાસણી દરમિયાન કુલ ૧૦ નામાંકનપત્રો રદ્દ કરવામાં આવ્યા હતા. તેમજ ૩ ઉમેદવારો દ્વારા ઉમેદવારી પરત ખેંચવામાં આવી હતી. આમ, હવે વિધાનસભા પેટા ચૂંટણી માટે હરીફ ઉમેદવારની કુલ સંખ્યા ૨૪ થઈ છે.

કુલ ૨૫ સંસદીય મતવિભાગોમાં કુલ ૪૯,૧૪૦ મતદાન મથકો ખાતે મતદાન થનાર છે. આ પૈકી ૭-અમદાવાદ પૂર્વ સંસદીય મતવિભાગના ૧,૮૨૦ મતદાન મથકોમાં 2 BUનો વપરાશ થશે. આમ કુલ 50,960-BU, 49,140-CU અને 49,140-VVPATનો



ઉપયોગ થશે. તે ઉપરાંત પાંચ વિધાનસભા મતવિભાગોની પેટા ચૂંટણીઓમાં ૧,૨૮૨ મતદાન મથકોમાં મતદાન થશે, જેમાં કુલ 1,282- BU, 1,282-CU અને 1,282-VVPATનો ઉપયોગ થનાર છે.

તા.૧૧ સુધીમાં Absentee Voters Categorydp મા 85 વર્ષ કે તેથી વધુ વય ધરાવતા ૧૮,૪૯૦ વરિષ્ઠ મતદારો તેમજ ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા ૪,૨૧૧ દિવ્યાંગ મતદારો મળી કુલ ૨૨,૭૦૧ મતદારોએ હોમ વોટીંગ માટે અરજી કરી છે. મતપત્રો તૈયાર થતાંની સાથે આવતીકાલથી હોમ વોટીંગની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે.જો મતદાર યાદીમાં નામ નોંધાયેલ હોય તો EPIC કાર્ડ અથવા e-EPIC ની પ્રિન્ટ દ્વારા મતદાન કરી શકાશે. જો તે પણ પ્રાપ્ય ન હોય તો અન્ય વૈકલ્પિક ૧૨ પૈકીના કોઈ પણ પુરાવાથી મતદાન કરી શકાશે,મતદાનનો સમય, સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીનો રહેશે. મતદાનના દિવસે, મતદાન માટે સવેતન રજા મળે છે. જો ન મળે તો ૧૯૫૦ પર ફરીયાદ કરી શકાય છે.

**મતદાનના દિવસે કામદારોને સવેતન રજા ન મળે તો ૧૯૫૦ પર ફરિયાદ કરી શકાશે**

મતદાન મથકે મોબાઈલ લઈ જઈ શકાશે નહીં, Voter Information Slip કે જે BLO દ્વારા આપવામાં આવે છે તે માત્ર જાણકારી માટે છે. તે મતદાન માટેનો માન્ય પુરાવો નથી.

મતદાનના દિવસે હિટ વેવથી બચવા માટે કાળજી રાખવા સહિતની બાબતોનો સમાવેશ કરવામાં આવશે.

મતદાન મથકનું સ્થળ ખબર ન હોવાના કારણે, મતદાન માટેના આવશ્યક દસ્તાવેજો વિષે જાણ ન હોવાના કારણે અથવા તો એક કરતા વધુ પોલિંગ સ્ટેશન ધરાવતા પોલિંગ સ્ટેશન લોકેશન પર ક્યાં મતદાન મથકમાં મતદાન માટે જવાનું છે તે અંગે મતદારો મુંઝવણ અનુભવતા હોય છે. આથી તા.૨૮ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ સમગ્ર રાજ્યમાં Know Your Polling Station અભિયાનનું આયોજન કરવામાં આવશે. જેમાં બૂથ લેવલ ઓફિસર સવારે ૯ થી ૧૨:૩૦ સુધી મતદાર યાદી સાથે મતદાન મથક પર હાજર રહેશે અને મતદારોને મતદાન મથકે પ્રાપ્ય સુવિધા અને વ્યવસ્થા વિષે માહિતગાર કરશે. આ અભિયાનની સાથોસાથ ચુનાવ પાઠશાલાનું પણ આયોજન કરવામાં આવશે; જેમાં તમામ ગ્રાસ રૂટ લેવલના કર્મચારીઓ ઘરે ઘરે જઈને લોકોને સહપરિવાર મતદાન માટે આમંત્રણ આપશે.

આ ઉપરાંત ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં કાર્યરત ૭૫૬ ફ્લાઈંગ સ્કવોડ્ર્સ તથા ૧,૨૦૩ સ્ટેટીક સર્વેલન્સ ટીમ્સ દ્વારા અત્યાર સુધીમાં રૂ. ૭.૮૯ કરોડ રોકડ, રૂ. ૧૪.૬૯ કરોડની કિંમતનો ૫.૦૪ લાખ લીટર જેટલો દારૂ, રૂ. ૩૬.૬૩ કરોડની કિંમતનું ૬૯.૮૦ કિલો સોનું અને ચાંદી, રૂ. ૩.૫૭ કરોડની કિંમતના ૭૭૭.૪૧ કિલો પ્રતિબંધિત નશાકારક પદાર્થો તથા મોટરકાર, મોટર સાઈકલ, સીગારેટ, લાઈટર અને અખાદ્ય ગોળ સહિતની રૂ. ૫૮.૮૫ કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રૂ. ૧૨૧.૬૫ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

c-VIGIL (સી-વીજીલ) મોબાઈલ એપ પર તા.૧૬/૦૩/૨૦૨૪ થી તા.૨૧/૦૪/૨૦૨૪ સુધી આદર્શ આચારસંહિતાના ભંગ અંગે કુલ ૨,૮૩૮ ફરિયાદો મળી છે. ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર આ તમામ ફરિયાદોનો તાત્કાલિક યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે.

## રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં ૮૫ વર્ષથી વધુના ૧૮૯૪૧ અને સતાયુ મતદારો ૩૯૦

રાજકોટ,તા.૨૪

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી માટે ૭મી મેના રોજ મતદાન થવા જઈ રહ્યું છે, ત્યારે રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્રના જણાવ્યા પ્રમાણે રાજકોટ લોકસભા મત વિસ્તારમાં ૨૧,૧૨,૨૭૩ મતદારો છે.

રાજકોટ લોકસભા બેઠકમાં કુલ ૧૦,૯૩,૬૨૬ પુરુષ મતદારો નોંધાયા છે, જ્યારે ૧૦,૧૮,૬૧૧ મહિલા મતદારો છે. જ્યારે થર્ડ જેન્ડર મતદારોની સંખ્યા ૩૬ છે.

આ ઉપરાંત ૪૫૩ સર્વિસ વોટર્સ છે, જ્યારે દિવ્યાંગ મતદારોની સંખ્યા ૧૨,૬૭૪ અને ઓવરસીઝ મતદારો ૧૫ જેટલા છે.

બુઝુર્ગ મતદારની વાત કરીએ, તો ૮૫થી વધુની વયના ૧૮,૯૪૧ છે, જ્યારે આયુની શતાબ્દિ પૂરી કરી હોય તેવા મતદારોની સંખ્યા ૩૯૦ જેટલી છે.

વયજૂથ પ્રમાણે મતદારો જોઈએ તો, રાજકોટ લોકસભા બેઠક પર પહેલીવાર મતદાન કરનારા યુવા મતદારો એટલે કે ૧૮થી ૧૯ વયના મતદારોની સંખ્યા ૪૨,૭૭૭ જેટલી છે. જ્યારે ૨૦થી ૨૯ વયના મતદારો ૪,૦૭,૦૮૦ જેટલા છે.

૩૦થી ૩૯ વય જૂથના મતદારો ૫,૦૧,૬૩૦ જેટલી છે, જે તમામ વયજૂથમાં સૌથી વધુ છે. જ્યારે ૪૦થી ૪૯ વયના મતદારો ૪,૪૯,૫૨૯ જેટલા છે. ૫૦થી ૫૯ વયના મતદારોની સંખ્યા ૩,૩૨,૪૬૭ જેટલી છે. ૬૦થી ૬૯ વયના મતદારો ૨,૨૪,૪૭૫ જેટલા છે. ૭૦થી ૭૯ વયના મતદારો ૧,૧૦,૧૦૪ જેટલા છે. જ્યારે ૮૦થી વધુ વયના મતદારો ૪૪,૨૧૧ જેટલા છે.

# જામનગરમાં પોલીસની ઓસરતી ધાક: ભીમવાસમાં ફોજદાર અને પોલીસમેન ઉપર સરાજાહેર કરાયો હુમલો

### દારૂના કેસમાં અગાઉ પકડાયેલ શખ્સ સામે ચૂંટણી સંદર્ભે અટકાયતી પગલા માટે ગયેલ પોલીસ સ્ટાફ સાથે માથાકુટ: ફીનાઈલ પી પોલીસના નામ લખશે તેવી ધમકી આપી કરી ઝપાઝપી: મહિલા સહિત ત્રણ સામે ફરિયાદ

જામનગર તા.૨૪:

જામનગરમાં આરોપીઓમાંથી પોલીસનો ખૌફ ઓસરી ગયો હોવાના બોલતા પુરાવારૂપ બનાવ સામે આવ્યો છે. વાત એમ છે કે, જામનગરના ભીમવાસ વિસ્તારમાં દારૂના કેસમાં સંડોવાયેલ આરોપીના અટકાયત કરવા સ્થાનિક પોલીસ સ્ટાફ ગયો હતો. આ દરમિયાન એએસઆઈ અને પોલીસકર્મી સાથે એક મહિલા સહિત ત્રણ શખ્સોએ ઝપાઝપી કરી ફડાકો ઝીંકી દીધાનું સામે આવ્યું છે. આ મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. જેને લઈને ફરજમાં રૂકાવટ કર્યાની મહિલા સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાઈ છે. આ અંગે જાણવા મળતી વિગત અનુસાર જામનગર સિટી બી ડિવિઝન પોલીસ મથક હેઠળના ભીમવાસ શેરી નં.૨માં મેલડી માતાજીના મંદિરવાળી ગલીમાં બબાલ થઈ હતી. હનુમાન ગેઈટ પોલીસચોકીના એએસઆઈ સરમણભાઈ રામાભાઈ ચાવડા અને હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈ સોચા પોતાની ફરજ અન્વયે ભીમવાસમાં ગયા હતાં. આ દરમિયાન પ્રોહિબીશનના ગુન્હામાં સંડોવાયેલ સુનિલ ઉર્ફે ધમો વિપુલભાઈ ધવલની અટકાયતી પગલાં લેવાની કાર્યવાહી દરમિયાન સુનિલને અનેક વખત બોલાવવા છતાં તે આવ્યો ન હતો. જેની સામે કાયદેસરની કાર્યવાહી કરી અને જામીન લેવડાવવાની જરૂર હતી આથી એએસઆઈ સહિતનો પોલીસ સ્ટાફ તેને સમજાવવા ગયો હતો. ત્યારે આરોપી સુનિલ ઉર્ફે ધમો વિપુલભાઈ ધવલે ઉશ્કેરાઈ જઈ જામીન આપવાની ચોખ્ખી મનાઈ કરી હતી ઉપરાંત ઝપાઝપી કરી હતી આ વેળાએ આકાશ વિપુલભાઈ ધવલ નામનો શખ્સ ત્યાં આવ્યો હતો અને કહ્યું હતું કે જો તમે સુનિલ લઈ જાશો તો હું ફિનાઈલ પી લઈશ અને નામ લખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં બ કટકે વાણીવિલાશ પણ કર્યો હતો. આ દરમિયાન આરોપી સુનિલે પોતાના હાથમાં પથ્થર રાખી ડરાવવાનો પ્રયાસ કર્યો હતો અને ઝપાઝપી કરી હતી તથા આરોપી આકાશે સરમણભાઈને ગાળો આપી હતી અને ઝપાઝપી કરી હતી. તેવામાં સુનિલ ઉર્ફે ધમાના ભાઈની પત્ની પણ ત્યાં આવી ગયા હતાં અને ગાળો આપીને કીધું જો તમે સુનિલને લઈ જશો તો અમે દવા પી લેશું અને તમારા વિરૂધ્ધ ફરિયાદ કરીશું તથા હેડ કોન્સ્ટેબલનો કાંઠલો પકડી ઝાપટ ઝીંકી લીધી હતી. આમ આ બનાવને લઈને અફરાતફરી મચી ગઈ હતી. બાદમાં સમગ્ર ઘટનાને લઈ સરમણભાઈ રામભાઈ ચાવડાએ સિટી બી ડિવિઝન પોલીસમાં આરોપી સુનિલ, આકાશ અને સુનિલના ભાઈના પત્ની સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી કલમ ૩૩૨, ૫૫૩, ૧૮૬, ૫૦૪, ૧૧૪ મુજબ ગુન્હો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પુર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પના નિવેદનથી બાયડન ભડકયા

## જો અમેરિકા વૈશ્વિક મંચથી હટી જાય, જેમ ટ્રમ્પ ઈચ્છે છે તો વિશ્વનું નેતૃત્વ કોણ કરશે: બાયડન

વોશિંગ્ટન (અમેરિકા) તા.૨૪

અમેરિકામાં રાષ્ટ્રપતિ ચૂંટણી થવામાં હવે સાત મહિના બાકી રહ્યા છે ત્યારે નેતાઓમાં જુબાની જંગ છેડાયો છે. હાલમાં જ પુર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અપાયેલા એક નિવેદન પર રાષ્ટ્રપતિ જો બાઈડન ભડકયા છે તેમાણે કહ્યું હતું કે જો અમેરિકા વૈશ્વિક મંચથી હટી જશે તો દુનિયાનું નેતૃત્વ કોણ કરશે.

ફ્લોરિડાના ધંધામાં એક પ્રચાર કાર્યક્રમમાં બાઈડને લોકોને પૂછયું હતું કે જો અમેરિકા વિશ્વ મંચમાંથી હટી જાય તો દુનિયાનું નેતૃત્વ કોણ કરશે? બાઈડને જાણાવ્યું હતું કે દરેક આંતરરાષ્ટ્રીય બેઠકમાં હું અન્ય રાષ્ટ્રાધ્યક્ષો સાથે ભાગ લઉં છું.



પછી તે જી-૭ હોય કે જી-૨૦. બધી આંતરરાષ્ટ્રીય બેઠકોમાં લગભગ દરેક મારી પાસે આવીને મને કહે છે કે આપે જ જીતવાનું છે. મને મારા કારણે કોઈ નથી કહેતું. જીતવા માટે બલ્કે વિકલ્પના કારણે તેઓ કહે છે.

# દેવભૂમિ દ્વારકામાં પ્રદુષણ ફેલાવનાર કંપની સામે કાર્યવાહી નહી કરવા બદલ પ્રદુષણ બોર્ડનો હાઈકોર્ટે ઉધડો લીધો

### કુરંગા ગામના અરજદારો-ખેડૂતોને નુકશાન પેટે જીપીસીબીને રૂા.૨૦ લાખનો દંડ ફટકાર્યો: બેદરકારી દાખવનાર અધિકારીઓનાં ખીસ્સામાંથી દંડની રકમ વસુલાશે

રાજકોટ,તા.૨૪

દેવભૂમિ દ્વારકામાં પ્રદૂષિત એફ્લુઅન્ટ છોડી હવા, જમીન અને પાણીમાં પ્રદૂષણ ફેલાવનાર RSPL કંપની વિરુદ્ધ કાર્યવાહી ન કરવા બદલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે ઉધડો લીધું હતું. ગંભીર બેદરકારી બદલ GPCBને ૨૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

ખંડપીઠે જે સ્થાનિક ખેડૂતોની જમીન અને ખેતી નષ્ટ થઇ ગઇ છે તેના નુકસાન પેટે અને માનસિક ત્રાસ અને કોર્ટ કાર્યવાહી કરવી પડી તેના ખર્ચ પેટે દંડની આ ૨૦ લાખની રકમ અરજદાર ખેડૂતોને ચૂકવવા GPCBને ફરમાન કરાવામાં આવ્યું છે. આ ઉપરાંત GPCBના ચેરમેનને આ સમગ્ર ઘટનાના કસૂરવાર અધિકારીની જવાબદારી નક્કી કરી તેમની વિરુદ્ધ ઈન્કવાયરી કરવાનો હુકમ કર્યો છે. જે અધિકારીઓએ બેદારકારી દાખવી છે તેમના ખિસ્સામાંથી દંડની આ રકમ વસૂલવામાં આવશે. ખેડૂતોની જમીન ફરીથી ખેતી લાયક બની શકે તે માટે ડીડીયુ, નડિયાદના રિપોર્ટ અને ભલામણોનું પણ પાલન કરવા પણ જીપીસીબીને હુકમ કર્યો હતો.



અરજદાર ખેડૂતો તરફથી કરાયેલી રિટ અરજીમાં એડવોકેટ અંશીન દેસાઈએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, કરુંગા ગામે અરજદારોના ખેતરો અને જમીનની નજીક RSPL LTD CO. દ્વારા સોડા-એશ માટેનો પ્લાન્ટ ઉભો કર્યો હતો. તેનું જોખમી અને કેમિકલયુકત એફ્લુઅન્ટ અને પ્રદૂષિત પાણી દરિયાઈ પટ્ટામાં અને આસપાસની જમીનોમાં છોડાતુ હતું. ખાસ કરીને એફ્લુઅન્ટ ના નિકાલ માટે જે કેનાલ બનાવાઈ હતી, તે પણ તૂટી જતાં તેની જાળવણી નહોતી કરતી અને તેના કારણે પ્રદૂષિત પાણી આસપાસ ના ખેતરો અને અરજદારોની જમીનમાં ભરાઇ જતા હતા. જેના કારણે તેમની જમીન બિન ફળદ્રુપ અને બિનઉપજાઉ બની ગઇ હતી. આ અંગે અરજદારો ૨૦૨૬- ૧૭ થી GPCB સહિતના સત્તાધીશોને રજૂઆત કરી તાત્કાલિક અસરકારક પગલા લેવા માંગણી કરી હતી પરંતુ GPCB દ્વારા માત્ર નોટિસ આપી, દંડ કરવા સિવાય કોઇ કાર્યવાહી કરાઇ નથી.

હાઇકોર્ટે જીપીસીબીને કહ્યું કે, અરજદારોની વારંવાર રજૂઆત અને પરિસ્થિતિ ની જાણ હોવા છતાં જીપીસીબીના અધિકારી કેમ વર્ષો સુધી કેમ શાંત રહ્યા. ત્યારે કેમ કોઇ કાર્યવાહી કરવામાં ન આવી? અરજદારો હાઇકોર્ટમાં આવ્યા અને તેમની ખેતીની જમીન બિન ફળદ્રુપ અને નષ્ટ થઇ ગઇ ત્યારબાદ અદાલતની દરમિયાનગીરી અને નિર્દેશો બાદ તમે જાગ્યા છો. તે સ્પષ્ટ દર્શાવે છે તે જીપીસીબીના અધિકારીઓએ ફરજમાં ગંભીર બેદરકારી બતાવી છે.

## ચિંતા અને ડિપ્રેશન પર યોગ દ્વારા નિરાકરણ શિબિરનું આયોજન

રાજકોટ,તા.૨૪

લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેકટ 'લાઈફ' દ્વારા ચિંતા અને ડિપ્રેશન પર યોગ દ્વારા નિરાકરણ શિબિરનું તા.૨૭ ને એપ્રિલ શનિવારના રોજ સવારે ૭.૦૦થી ૮.૩૦ અને સાંજે ૫.૦૦થી ૬.૩૦ ના રોજ આયોજન કરવામાં આવ્યું છે. જે લોકોને ભય, માનસિક તનાવ, ઉદાસીનતા, અનિદ્રા, થાક, શારીરિક શ્રમનો અભાવ, નકારાત્મક વિચાર, વજન અને ભૂખમાં ઘટાડો થવો, જીવન પ્રત્યે નિરાશાવાદી દ્રષ્ટિકોણ અને માનસિક કમજોરી જેવી અનેક તકલીફોમાં યોગના અભ્યાસ દ્વારા રાહત મેળવી શકાય છે. માટે આ માર્ગદર્શન શિબિરનું આયોજન કરેલ છે.

# 'નીટ'ની પરીક્ષામાં ઓછા ગુણ આવવાના ભયથી અમરેલીમાં વિદ્યાર્થીનો આપઘાત

### ગળાફાંસો ખાઈ લટકી જતા કરૂણાંતિકા

**(મિલાપ રૂપારેલ)** અમરેલી, તા.૨૪

અમરેલીની સિધ્ધિ વિનાયક સોસાયટીમાં યુવકે નીટની પરીક્ષાનાં ટેન્શનમાં પોતાની જાતે જ સુતરની દોરી વડે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડતા પરિવારજનોમાં આક્રંદ છવાયો હતો.

અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ સિદ્ધિ વિનાયક સોસાયટીમાં રહેતા કૌશલ મનોજભાઇ વાળા નામનાં ૧૯ વર્ષિય યુવક ધોરણ બાર સાયન્સની પરીક્ષામાં પાસ થયેલ હોય અને તેમણે અગાઉ નીટની પરીક્ષા આપેલ હોય તે પરીક્ષામાં ઓછા માર્ક આવેલ હોય. જેથી આગામી તા. ૫/૫ ના રોજ ફરી વખત નીટની પરીક્ષા આપવાની હોય અને તે નીટની પરીક્ષાની તૈયારી કરતો હતો. અગાઉ નીટની પરીક્ષામાં ઓછા માર્ક આવેલ હતા અને ફરીવાર તેમને પરીક્ષા હોય જેમાં પણ માર્ક ઓછા આવશે તે વાતનું ટેન્શન રાખી તા. ૨૨ ના રોજ સાંજે ૪/૩૦ કલાકે અમરેલીના ચિતલ રોડ સિદ્ધિ વિનાયક સોસાયટી પોતાના ઘરે રૂમમાં પોતાની મેળે છતના ભાગે આવેલ હુકમાં સુતરની દોરી બાંધી સુતરની દોરીનો બીજો છેડો પોતાના ગળામાં નાખી ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# આરોગ્ય વિમામાં નવો નિયમ : વૃદ્ધોને મોટી રાહત : 'ઈરડા'ના વિસ્તૃત દિશા નિર્દેશ

**પૂર્વ-અસ્તિત્વમાં રહેલી તબીબી પરિસ્થિતિઓ ધરાવતા લોકોને આરોગ્ય નીતિઓ પ્રદાન કરવાનો આદેશ**

**જો વરિષ્ઠ નાગરિકોને એક જ વારમાં પ્રીમિયમ ચૂકવવામાં પડી રહી છે મુશ્કેલી, તો તેઓને હપ્તામાં ચુકવણી કરવાની સુવિધા**

મુંબઈ : વરિષ્ઠ નાગરિકોને રાહત આપતા, ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI) એ ૧ એપ્રિલથી સ્વાસ્થ્ય વીમા પોલિસી ખરીદનારાઓ માટેની વય મર્યાદા દૂર કરી છે. અગાઉ નવી હેલ્થ પોલિસી ખરીદવાની છૂટ ૬૫ વર્ષની ઉંમર સુધી જ હતી.

૧ એપ્રિલ, ૨૦૨૪થી સ્વાસ્થ્ય વીમા પોલિસી માટે અમલમાં આવેલા આ નવા નિયમમાં, IRDAIએ વીમા કંપનીઓને કોઈપણ પ્રકારની પૂર્વ-અસ્તિત્વમાં રહેલી મેડીકલ કંડીશન ધરાવતા લોકોને સ્વાસ્થ્ય પોલિસી પ્રદાન કરવાનો આદેશ આપ્યો છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે જો વરિષ્ઠ નાગરિકોને એક જ વારમાં પ્રીમિયમ ચૂકવવામાં મુશ્કેલી પડી રહી છે, તો તેમને હપ્તામાં ચુકવણીની સુવિધા મળવી જોઈએ. સૂચના જણાવે છે કે આયુષ સારવાર કવરેજ પર કોઈ મર્યાદા નથી. આયુષ સારવારમાં કોઈપણ મર્યાદા વિના વીમા રકમ કવરેજ ઉપલબ્ધ થશે. પરિપત્ર મુજબ, IRDAI એ સ્વાસ્થ્ય વીમાનો વેઈટિંગ પિરિયડ પણ ઘટાડીને ૪૮ મહિનાને બદલે ૩૬ મહિના કરી દીધો છે. IRDAI એ વીમા કંપનીઓને કોઈપણ પૂર્વ-અસ્તિત્વમાં રહેલી તબીબી સ્થિતિ ધરાવતી વ્યક્તિઓને સ્વાસ્થ્ય વીમા પોલિસી ઑફર કરવાનો આદેશ પણ આપ્યો છે. તે વીમા કંપનીઓને હૃદય, કેન્સર અને એડ્સ જેવા ગંભીર રોગોથી પીડિત દર્દીઓને પોલિસી આપવાનો ઇનકાર કરવા પર પણ પ્રતિબંધ મૂકે છે.

### શું નવા પ્રોડકટસ ખૂબ મોંઘા હશે?

વીમા નિષ્ણાંતોનું કહેવું છે કે, IRDAના નવા નિયમો ઉદ્યોગમાં મોટા ફેરફારો લાવશે. કંપનીઓએ એવી પ્રોડક્ટ્સ લાવવાની રહેશે જેમાં પોલિસીના સમયગાળા માટે પ્રીમિયમ બદલાતું નથી. હપ્તામાં પ્રીમિયમ ચૂકવવાની સુવિધા આપી શકે છે. વીમા કંપનીઓ પોલિસીધારકોને વહેલા પ્રવેશ, વારંવાર નવીકરણ, સુખાકારીની આદતો અને રોગોની અગાઉથી જાહેરાત કરવા માટે પ્રોત્સાહન આપી શકે છે. તંદુરસ્ત વરિષ્ઠ નાગરિકોને ઓછું પ્રીમિયમ ચૂકવવું પડી શકે છે. ભાજપના ચૂંટણી ઢંઢેરામાં વરિષ્ઠ નાગરિકોને આયુષ્માન ભારત સ્વાસ્થ્ય વીમા યોજનામાં સામેલ કરવાનું વચન આપવામાં આવ્યું છે અને IRDAI એ તે જ તર્જ પર નિયમો જારી કર્યા છે. તો આવી સ્થિતિમાં તે કેવી રીતે આગળ વધે છે તે આગામી સમયમાં જોવાનું રહેશે.



### કલેમ ખારિજ નહીં કરી શકે વિમા કંપની

નવા નિયમો લાગુ થયા બાદ કંપનીઓ હવે ૬૫ વર્ષથી વધુ ઉંમરના લોકોને હેલ્થ પોલિસીનો ઇનકાર કરી શકશે નહીં. આરોગ્ય વીમા કવરેજ ૬૦ મહિના અથવા પાંચ વર્ષ સુધી ચાલુ રહે તે પછી, કંપની કોઈપણ બહાને વીમા દાવાને નકારી શકશે નહીં. સવાલ એ છે કે શું કંપનીઓ વરિષ્ઠ નાગરિકો માટે નવી પ્રોડક્ટ્સ લાવશે? ઈન્સ્યોરન્સ બ્રોકર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (IBAI)ના પ્રમુખ સુમિત બોહરા કહે છે, 'આ એક સારું પગલું છે, પરંતુ આ વયજૂથ માટે યોગ્ય પ્રોડક્ટ્સ ડિઝાઇન કરવાનું વીમા કંપનીઓ પર છોડી દેવામાં આવશે. નવા પ્રોડકસ ચોક્કસપણે પૂર્વ-રોગ માટે રાહ જોવાનો સમયગાળો ઘટાડવો જોઈએ. ગ્રેડેડ કલેમ પે-આઉટ પ્રથમ ત્રણ વર્ષમાં હોવો જોઈએ અને જ્યાં સુધી સતત રીન્યુલની વાત છે ત્યાં સુધી સંપૂર્ણ દાવો ૪ વર્ષ પછી હોવો જોઈએ. સીનીયર સીટીઝન હેલ્થ ઇન્સ્યુરન્સ બજાર વિશાળ છે. નાની રકમના વીમાના કિસ્સામાં કાં તો કોઈ કવરેજ નથી અથવા નબળું કવરેજ છે જે હાલના હોસ્પિટલના બીલ ચૂકવવા માટે પૂરતું નથી.

આવનારા સમયમાં કેટલું પરિવર્તન આવે છે તે જોવું રહ્યું. રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સના સીઈઓ રાકેશ જૈન કહે છે કે કંપનીને હવે એવા ઉત્પાદનોની ડીઝાઇન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે જે ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોની જરૂરિયાતોને પૂર્ણ કરે છે, જેમાં પહેલાથી અસ્તિત્વમાં રહેલા રોગોનો સમાવેશ થાય છે. જો કે, કંપનીઓએ વીમા પ્રદાન કરવા સાથે સંકળાયેલા જોખમોને અસરકારક રીતે સંચાલિત કરવા માટે કામ કરવું પડશે.

### કર્ણાટક કોંગ્રેસના બે ઉમેદવારોની સંપતિ ૫૦૦ કરોડથી વધુ, હેમામાલિનીની ૨૭૮ કરોડ

# બીજા તબકકામાં હેમામાલિની સહિત ૩ ઉમેદવારોની સંપતિ કરોડોમાં

## ૧૧૯૮માંથી ૩૯૦ ઉમેદવારો કરોડપતિ, ૨૭૬ની સંપતિ ૫૦ લાખથી બે કરોડની: ૬ ઉમેદવારો પાસે કોઈ મિલ્કત નથી

## સૌથી ધનિક ઉમેદવાર વેંકટરામ ગૌડા કરતા તેમના પત્નીએ વધુ ઈન્કમટેકસ ચુકવ્યો: રસપ્રદ વિશ્લેષણ

ન્યુ દિલ્હી : લોકસભા ચૂંટણીના બીજા તબક્કા (લોકસભા ચૂંટણી ૨૦૨૪) માટે ૨૬ એપ્રિલે મતદાન થશે. આ રાઉન્ડમાં ૧૨ રાજ્યોની ૮૭ સીટો પર મતદાન થશે. આ રાઉન્ડમાં ૧૧૯૮ ઉમેદવારો મેદાનમાં છે. પ્રથમ તબક્કામાં ૧૦૨ બેઠકો માટે ૧૯ એપ્રિલે મતદાન થયું હતું.

બીજા રાઉન્ડમાં કેરળની તમામ ૨૦, કર્ણાટકની ૧૪ અને રાજસ્થાનની ૧૩ બેઠકો પર મતદાન થશે. આ ઉપરાંત આ રાઉન્ડમાં ઉત્તર પ્રદેશની આઠ અને બિહારની પાંચ બેઠકો પર પણ ચૂંટણી યોજાશે.

**બીજા રાઉન્ડમાં કેટલા ઉમેદવારો કરોડપતિ છે?**

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ (ADR) એ ચૂંટણી સુધારણા માટે કામ કરતી સંસ્થા છે. ADR એ બીજા રાઉન્ડમાં ૧૧૯૮ ઉમેદવારોમાંથી ૧૧૯૨ ઉમેદવારોના નામાંકન પત્રો સાથે સબમિટ કરવાના સોગંદનામાનું વિશ્લેષણ કર્યું છે. છ ઉમેદવારોના સોગંદનામા સ્પષ્ટ ન હોવાથી તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું ન હતું.





આ સંગઠને બીજા તબક્કાના ઉમેદવારોના નામાંકન પત્રોનું વિશ્લેષણ કર્યું છે. આ વિશ્લેષણના આધારે ADRએ આ રાઉન્ડના સૌથી ધનિક ઉમેદવારોની યાદી બહાર પાડી છે.

આ રાઉન્ડના ૧૪૦ ઉમેદવારોની સંપત્તિ ૫ કરોડ રૂપિયાથી વધુ છે. તે જ સમયે, ૨ કરોડથી ૫ કરોડ રૂપિયાની વચ્ચેની સંપત્તિ જાહેર કરનારા ઉમેદવારોની સંખ્યા ૧૧૨ છે. ૫૦ લાખથી ૨ કરોડની વચ્ચેની સંપત્તિ સાથે ૨૭૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. ૧૦ લાખથી ૫૦ લાખ સુધીની સંપત્તિ ધરાવતા ૩૧૧ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ૧૦ લાખથી ઓછી સંપત્તિ ધરાવતા ૩૫૩ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આ રાઉન્ડના છ ઉમેદવારોએ તેમની સંપત્તિ શૂન્ય જાહેર કરી છે.

**સૌથી ધનાઢ્ય ઉમેદવાર કઈ બેઠક પરથી ચૂંટણી લડે છે?**

બીજા રાઉન્ડના સૌથી અમીર ઉમેદવારનું નામ વેંકટરામન ગૌડા છે. તેઓ કોંગ્રેસની ટિકિટ પર કર્ણાટકની મંડ્યા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. પોતાના સોગંદનામામાં તેણે પોતાની કુલ સંપત્તિ ૬૨૨ કરોડ રૂપિયાથી વધુ હોવાનું જાહેર કર્યું છે. તેની પાસે રૂ. ૨૧૨ કરોડથી વધુની જંગમ સંપત્તિ અને રૂ. ૪૧૦ કરોડથી વધુની સ્થાવર મિલકતો છે.

એફિડેવિટ અનુસાર, ગૌડાએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ૧૬ કરોડ ૨૮ લાખ રૂપિયાથી વધુનો આવકવેરો ચૂકવ્યો હતો. ગૌડાની પત્ની ક્રિષ્નાગૌડા કુસુમ આવકવેરો ભરવામાં આગળ છે, તેણે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ૩૮ કરોડ ૪૫ લાખ રૂપિયાથી વધુનો આવકવેરો ભર્યો હતો.

બીજા સૌથી ધનિક ઉમેદવાર પણ કર્ણાટકમાં ચૂંટણી લડી રહ્યા છે. બેંગ્લોર ગ્રામીણના કોંગ્રેસના ઉમેદવાર ડી.કે સુરેશે પોતાની કુલ સંપત્તિ ૫૯૩ કરોડ રૂપિયા જાહેર કરી છે. જેમાં ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની જંગમ અને ૪૮૬ કરોડ રૂપિયાથી વધુની સ્થાવર મિલકત છે. સુરેશ કર્ણાટકના ઉપમુખ્યમંત્રી ડીકે શિવકુમારના ભાઈ છે. સુરેશ ૨૦૦૯થી આ સીટ પરથી લોકસભા ચૂંટણી જીતી રહ્યા છે.

ફિલ્મ અભિનેત્રી અને બીજેપી નેતા હેમા માલિની બીજા તબક્કામાં ત્રીજા સૌથી અમીર ઉમેદવાર છે. ભાજપે તેમને ઉત્તર પ્રદેશની મથુરા સીટ પરથી મેદાનમાં ઉતાર્યા છે. હેમા માલિનીએ પોતાની કુલ સંપત્તિ ૨૭૮ કરોડ રૂપિયાથી વધુ હોવાનું જાહેર કર્યું છે. તેની પાસે રૂ. ૨૯ કરોડથી વધુની જંગમ સંપત્તિ અને રૂ. ૨૪૯ કરોડની સ્થાવર મિલકતો છે.

### ડાબેરી પક્ષના સમર્થક MLA એ કરી રાહુલ ગાંધી વિશે વિવાદિત ટિપ્પણી

# રાહુલ ગાંધીનું DNA ચકાસવું જોઈએ: નહેરૂ પરિવારમાં જન્મેલાને ગાંધી અટકનો અધિકાર નથી

કેરલ : કેરળના ઈન્ડિયા બ્લોકમાં બધુ બરાબર નથી. ડાબેરી પક્ષે વાયનાડથી રાહુલ ગાંધી સામે પોતાનો ઉમેદવાર ઉતાર્યો છે. હવે તેમના સમર્થક અપક્ષ ધારાસભ્ય પીવી અનવરે કહ્યું છે કે રાહુલ ગાંધીએ તેમનું ડીએનએ ચેક કરાવવું જોઈએ.



અનવરે કહ્યું કે તેઓ ખૂબ નીચા પડી ગયા છે. મને શંકા છે કે રાહુલ ગાંધીનો જન્મ નેહરૂ પરિવારમાં થયો હતો. મારા મતે, તેમણે તેમની અટકમાં ગાંધીનો ઉપયોગ પણ ન કરવો જોઈએ.

અનવરે આ વાત રાહુલ ગાંધીના તે નિવેદન સામે કહી હતી જેમાં તેમણે કેરળના સીએમ પર બે મુખ્યમંત્રી જેલમાં છે એમ કહીને આડે હાથ લીધા હતા. કેરળના મુખ્યમંત્રી સાથે આવું કઈ રીતે નથી થઈ રહ્યું? આ થોડું આશ્ચર્યજનક છે. આ નિવેદને ભારતીય બ્લોક ગઠબંધનના નેતાઓ, કોંગ્રેસ અને સીપીઆઈ-એમ વચ્ચે ચાલી રહેલા મતભેદોને વધુ વધાર્યા છે. અહીં ૨૩ એપ્રિલ મંગળવારના રોજ કેરળના સીએમ પિનરાઈ વિજયને અનવરનો બચાવ કર્યો અને કહ્યું- રાહુલ બોલતી વખતે સાવચેત રહે.

ગત સપ્તાહે કેરળમાં ચૂંટણી રેલી દરમિયાન રાહુલે સીએમ પર નિશાન સાધ્યું હતું, રાહુલે કહ્યું હતું - બે મુખ્યમંત્રી (અરવિંદ કેજરીવાલ અને હેમંત સોરેન) જેલમાં છે. કેરળના મુખ્યમંત્રી સાથે આવું કઈ રીતે નથી થઈ રહ્યું? સોમવારે, મલપ્પુરમના એદથનાટ્ટુકરામાં સીપીઆઈ-એમની ચૂંટણી રેલીમાં, અનવરે આ જ નિવેદન માટે રાહુલની ઝાટકણી કાઢી.

# રાહુલ ગાંધી, ઓમ બિરલા, ત્રણ કેન્દ્રીય મંત્રીઓ, બે પૂર્વ CMના પુત્રો, ૨૬ એપ્રિલના ૧૩ રાજ્યોની ૮૯ બેઠકો માટે થશે મતદાન

નવી દિલ્હી : બીજા તબક્કાના મતદાન પહેલાં તમામ પાર્ટીઓએ પૂરી તાકાત લગાવી છે. રાજકીય પક્ષો મતદારોને પોતાના પક્ષમાં કરવા માટે તમામ મરણિયા પ્રયાસો કરી રહ્યા છે. કેમ કે ૨૬ તારીખે બીજા તબક્કાની ૮૯ બેઠકો માટે મતદાન થશે. કેરળની ૨૦ બેઠક, કર્ણાટકની ૧૪ બેઠક, રાજસ્થાનની ૧૩ બેઠક, મહારાષ્ટ્રની ૮ બેઠક, ઉત્તર પ્રદેશની ૮ બેઠક, મધ્ય પ્રદેશની ૬ બેઠક, અસમ રાજ્યની ૫ બેઠક, બિહાર રાજ્યની ૫ બેઠક, છત્તીસગઢની ૩ બેઠક, પશ્ચિમ બંગાળની ૩ બેઠક, મણિપુરની ૧ બેઠક, ત્રિપુરાની ૧ બેઠક પર મતદાન થશે.



મથુરા બેઠક પરથી ભાજપે ફરી એકવાર વર્તમાન સાંસદ હેમા માલિનીને ટિકિટ આપી છે. બિહારની પૂર્ણિયા બેઠક પરથી પપ્પુ યાદવે પણ અપક્ષ ઉમેદવારી કરી છે જેના પગલે બેઠક પર ત્રિપાંખિયો જંગ જામશે તે નક્કી છે. જેણે કોંગ્રેસ-આરજેડીની મુશ્કેલી વધારી દીધી છે. રાજસ્થાનની જોધપુર બેઠક પરથી ભાજપના કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત ફરી ચૂંટણી લડી રહ્યા છે. તેમણે પોતાના વિસ્તારમાં પ્રચાર કર્યો અને પોતાની જીતનો મોટો દાવો કર્યો છે.

કેરળની વાયનાડ બેઠક પરથી કોંગ્રેસના રાહુલ ગાંધી ફરી ચૂંટણી લડી રહ્યા છે. કોંગ્રેસના સાંસદ શશિ થરૂર કેરળની તિરુવનંતપુરમ બેઠક પરથી ચૂંટણીના મેદાનમાં છે. ભાજપે તિરુવનંતપુરમ બેઠક પરથી કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરને મેદાનમાં ઉતાર્યા છે. મહારાષ્ટ્રની અમરાવતી બેઠક પરથી ભાજપના ઉમેદવાર નવનીત રાણા છે. રાજસ્થાનની કોટા બેઠક પરથી ભાજપના ઓમ બિરલા લડી રહ્યા છે. રાજસ્થાનની ઝાલોર બેઠક પરથી પૂર્વ સીએમ અશોક ગહલતના પુત્ર વૈભવ ગહલોત મેદાનમાં છે. રાજસ્થાનની ઝાલાવાડ બેઠક પરથી વસુંધરા રાજેના પુત્ર દુષ્યંત રાજે ચૂંટણી લડી રહ્યા છે. ઉત્તર પ્રદેશની મેરઠ બેઠક પરથી ભાજપના અરૂણ ગોવિલ ચૂંટણી લડી રહ્યા છે. કર્ણાટકની ધારવાડ બેઠક પર ભાજપે કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીને ઉતાર્યા છે.

# 'પરેશ ધાનાણી, ડાઉન ટુ અર્થ': ફ્રુટની લારીએ ટેટી સુધારી: ધાર્મિક કાર્યક્રમમાં ભાવિકો સાથે 'પંગત'માં બેઠા






લોકસભાની ચૂંટણી પ્રચારમાં લોકો-મતદારોનું ધ્યાન આકર્ષવા માટે નેતાઓ-ઉમેદવારો અનેકવિધ માર્ગો અપનાવતા જ હોય છે. રાજકોટની બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી 'ડાઉન-ટુ-અર્થ' તરીકે જાણીતા જ છે. હાલ પુરજોશમાં પ્રચાર કરી રહ્યા છે. જસદણ-વિંછીયા પંથકમાં પ્રચાર દરમ્યાન જુના બસસ્ટેશન પાસે ફ્રુટની લારી પર ઉભા રહી ગયા હતા અને સકકરટેટી સુધારીને સાથી કાર્યકરોને ખવડાવી હતી. આ સિવાય પારેવડા ગામે માતાજીના માંડવામાં દર્શન કરીને ઉપસ્થિત ભાવિકો સાથે 'પંગત'માં બેસીને ભોજન પ્રસાદ લીધો હતો. બજારોમાં ફરતી વેળાએ નાનીમોટી ચીજોની ખરીદી કરવાની સાથોસાથ રત્નકલાકારો સહિતના કારીગરો સાથે વાતચીત કરીને સમસ્યા જાણી હતી.

### બીજા તબકકાના મતદાન પૂર્વે રસપ્રદ ઘટના

# ગુજરાતમાં જ નહીં, પશ્ચિમ બંગાળમાં પણ ખેલ : કોંગ્રેસ નેતાએ ભાજપનો પ્રચાર કર્યો

દાર્જિલિંગ : લોકસભા ચૂંટણીમાં પણ ઘણી રસપ્રદ ઘટનાઓ જોવા મળી રહી છે. આ શ્રેણીમાં, પશ્ચિમ બંગાળથી એક રસપ્રદ ઘટના પ્રકાશમાં આવી છે જ્યાં કોંગ્રેસના પ્રદેશ મહાસચિવ અને ગોરખા નેતા વિનોય તમંગે ભાજપ માટે વોટ માંગ્યા હતા. આ પછી શું થયું તે દેશભરમાં ચર્ચાનો વિષય બન્યો હતો. વાસ્તવમાં એવું થયું કે કોંગ્રેસે મંગળવારે પાર્ટીના પશ્ચિમ બંગાળ એકમના જનરલ સેક્રેટરી વિનય તમંગને 'પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓ'ને કારણે છ વર્ષ માટે પાર્ટીમાંથી હાંકી કાઢ્યા. ગોરખા નેતાએ ભાજપના દાર્જિલિંગ લોકસભા સીટના ઉમેદવાર રાજુ બિસ્તાને સમર્થન આપ્યાના કલાકો બાદ કોંગ્રેસે આ પગલું ભર્યું હતું.

**પ્રદેશ મહામંત્રીને કોંગ્રેસે તત્કાલ પક્ષમાંથી હાંકી કાઢ્યા**

કોંગ્રેસના નેતા બિનોય તમંગે મંગળવારે કહ્યું હતું કે તેઓ ચૂંટણીમાં દાર્જિલિંગ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર રાજુ બિસ્તાને સમર્થન કરશે અને પહાડી વિસ્તારના લોકોને પણ ભાજપના ઉમેદવારને મત આપવા વિનંતી કરશે. પશ્ચિમ બંગાળ પ્રદેશ કોંગ્રેસના મહાસચિવ તમંગે કહ્યું કે તેમણે આ નિર્ણય 'તમામ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક વિચારણા અને સમજણ પછી' લીધો છે.

તેમણે કહ્યું કે હું હજુ પણ કોંગ્રેસ સાથે છું. પરંતુ અહીં ભાજપ જીતશે. અમે તેને અહીં અનુભવી શકીએ છીએ. અમે મુનીશ તમંગને સમર્થન આપતા નથી કારણ કે આ સંબંધમાં કોંગ્રેસના કોઈ નેતાની સલાહ લેવામાં આવી ન હતી. તમંગે કહ્યું કે કોંગ્રેસમાંથી તેમની હકાલપટ્ટી એ 'ગોરખાની જીત' છે અને તેઓ તેને વધારે મહત્વ આપતા નથી. કોંગ્રેસમાંથી મારી હકાલપટ્ટી એ ગોરખાની જીત અને સૌથી જૂની પાર્ટીની હાર છે.

દરમિયાન કોંગ્રેસના નેતા અને પૂર્વ ધારાસભ્ય મનોજ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે વિનય તમંગને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ માટે સંગઠનમાંથી છ વર્ષ માટે હાંકી કાઢવામાં આવ્યો છે અને આ તાત્કાલિક અસરથી અમલી બન્યો છે. દાર્જિલિંગમાં ૨૬ એપ્રિલે મતદાન થવાનું છે.

# ન્યાયાધીશોએ ગરિમા સાથે કામ કરવું જોઈએ, ન્યાયતંત્રની છબી ખરડાવી જોઈએ નહીં: બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ : બોમ્બે હાઈકોર્ટે મંગળવારે નશાની હાલતમાં કોર્ટમાં આવવાના આરોપમાં સિવિલ જજને પુનઃસ્થાપિત કરવાનો ઇનકાર કર્યો હતો, કહ્યું હતું કે ન્યાયાધીશોએ ગૌરવ સાથે કામ કરવું જોઈએ અને ન્યાયતંત્રની છબીને કલંકિત કરે તેવા વર્તન અથવા વર્તનમાં સામેલ ન થવું જોઈએ.



અનિરુદ્ધ પાઠકે (૫૨) હાઈકોર્ટમાં અરજી કરી હતી જેમાં કથિત અયોગ્ય વર્તન અને વારંવાર નશાની હાલતમાં કોર્ટમાં આવવા બદલ સિવિલ જજ જુનિયર ડિવિઝનના પદ પરથી હટાવવાને પડકારવામાં આવ્યો હતો. પાઠકે જાન્યુઆરી ૨૦૨૨માં તેમને ન્યાયિક સેવામાંથી દૂર કરવાના મહારાષ્ટ્ર સરકારના કાયદા અને ન્યાયતંત્ર વિભાગના આદેશને પડકાર્યો હતો. પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ, નંદુરબાર દ્વારા રિપોર્ટ રજૂ કરવામાં આવ્યા બાદ આ આદેશ આપવામાં આવ્યો હતો.

જસ્ટિસ એ એસ ચંદુરકર અને જેએસ જૈનની ડિવિઝન બેન્ચે અરજીને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે તેમને હોદ્દા પરથી દૂર કરવાના આદેશમાં વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું જણાયું નથી.

**સિવિલ જજ પર કોર્ટના સમય કરતા મોડું આવવું, કથિત રીતે દારૂના નાશમાં બેન્ચ પર બેસવાનો આરોપ હતો**

''ન્યાયાધીશો અને ન્યાયિક અધિકારીઓએ ગરિમા સાથે કામ કરવું જોઈએ અને ન્યાયતંત્રની છબીને અસર કરે તેવી શક્યતા હોય અથવા જે ન્યાયિક અધિકારી માટે અયોગ્ય હોય તેવી વર્તણૂક અથવા વર્તણૂકમાં પ્રવૃત્ત ન થવું જોઈએ તે સાર્વત્રિક રીતે સ્વીકૃત ધોરણ છે.'' એ.એસ.ચંદુરકરે મંગળવારે અવલોકન કર્યું હતું. તેમાં વધુમાં ઉમેર્યું હતું કે જો ન્યાયતંત્રના સભ્યો એવી વર્તણૂક કરે છે જે ન્યાયિક અધિકારી માટે દોષપાત્ર અથવા અયોગ્ય હોય તો અદાલતો કોઈ રાહત આપી શકે નહીં. પાઠકની માર્ચ ૨૦૧૦માં સિવિલ જજ જુનિયર ડિવિઝન તરીકે નિમણૂક કરવામાં આવી હતી અને તેમની હકાલપટ્ટી સુધી વિવિધ જિલ્લાઓમાં નિયુક્તિ કરવામાં આવી હતી. પાઠક સામેના આક્ષેપો કોર્ટમાં અધ્યક્ષતા દરમિયાન બેન્ચ પર અયોગ્ય વર્તન, કોર્ટના સમયનું પાલન ન કરવા અને કથિત રીતે દારૂના નશામાં કોર્ટમાં પહોંચવાના આરોપો હતા.

# મહિન્દ્રા ફાયનાન્સ કંપની સાથે થઈ ૧૫૦ કરોડની છેતરપિંડી, કંપનીએ ચોથા કવાર્ટરના પરિણામોની જાહેરાત મોકૂફ રાખી

ન્યુ દિલ્હી : મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાની ફાઇનાન્સ કંપની સાથે છેતરપિંડી કરવામાં આવી છે. મહિન્દ્રાને નાણાકીય સેવાઓ પૂરી પાડતી મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઇનાન્સ સાથે રૂ. ૧૫૦ કરોડની છેતરપિંડી કરવામાં આવી છે. છેતરપિંડીના આ ઘટસ્ફોટને કારણે, કંપનીએ તેના માર્ચ કવાર્ટરના પરિણામોની જાહેરાત મુલતવી રાખવી પડી હતી.

ઓટોમોબાઈલ ક્ષેત્રની દિગ્ગજ કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાની નાણાકીય સેવા કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઈનાન્સ સાથે રૂ. ૧૫૦ કરોડની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. મહિન્દ્રા ફાઇનાન્સની એક શાખામાં રિટેલ કાર લોન પોર્ટફોલિયોમાં લગભગ ૧૫૦ કરોડ રૂપિયાની છેતરપિંડીનો ખુલાસો થયો છે. આ ઘટસ્ફોટ બાદ મંગળવારે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સૂચિત બેઠક મોકૂફ રાખવામાં આવી હતી.

મહિન્દ્રા ફાઇનાન્સે કહ્યું કે સમાપ્ત થયેલા નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરના છેલ્લા દિવસોમાં ઉત્તર-પૂર્વમાં સ્થિત એક શાખામાં છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. કંપનીએ જણાવ્યું હતું કે રિટેલ વાહન લોન વિતરણ સંબંધિત છેતરપિંડીમાં, KYC દસ્તાવેજો બનાવટી બનાવવામાં આવ્યા હતા જેના કારણે કંપનીના ભંડોળની ઉચાપત કરવામાં આવી હતી. કેસની તપાસ અદ્યતન તબક્કામાં છે. એક અંદાજ મુજબ આ છેતરપિંડીથી ૧૫૦ કરોડ રૂપિયા સુધીની નાણાકીય અસર થવાની શક્યતા છે. મહિન્દ્રા ગ્રૂપ કંપનીએ જણાવ્યું હતું કે મામલો તપાસ હેઠળ છે અને જરૂરી સુધારાત્મક પગલાંની ઓળખ કરવામાં આવી છે અને તે અમલીકરણના વિવિધ તબક્કામાં છે. આ સંબંધમાં કેટલાક લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે.

# કેદારનાથધામ યાત્રા માર્ગ પર ઘોડા-ખચ્ચરના વિશ્રામ પર બાન: માત્ર ઘોડા પડાવ પર જ આરામ

દહેરાદૂન તા.૨૪

કેદારનાથ ધામ યાત્રાની તૈયારીઓની માહિતી મેળવવા રૂદ્રપ્રયાગના જિલ્લા અધિકારી સૌરભ ગહરવારે કેદારનાથ ધામથી ગૌરીકુંડ માર્ગનું પગપાળા નિરીક્ષણ કરી યાત્રાની વ્યવસ્થાઓ અને તૈયારીની વિગતો મેળવી હતી. યાત્રા માર્ગ પર સેન્ચુરી એરિયા તેમજ વન ક્ષેત્રમાં ઘોડા-ખચ્ચરોના છાણથી ઘાસના મેદાન તેમજ વન સંપદાને થઈ રહેલી ક્ષતિ પર ડીએમે ચિંતા જાહેર કરી હતી અને યાત્રા માર્ગ પર ઘોડા-ખચ્ચરોના રાત્રી વિશ્રામને પ્રતિબંધીત કરી દીધો હતો.



**રૂદ્રપ્રયાગના જિલ્લા અધિકારીએ કેદારનાથધામથી ગૌરીકુંડ સુધી પગપાળા નિરીક્ષણ કર્યું**

ડીએમે જણાવ્યું હતું કે ઘોડા-ખચ્ચરો માત્ર ઘોડા પડાવો પર જ વિશ્રામ કરી શકશે. આ નિયમનો ભંગ કરનાર ઘોડા-ખચ્ચર માલિકો અને ધંધાદારીઓ પર ભારે દંડ અને લાયસન્સ રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લાધિકારીએ ઘોડા-ખચ્ચરો તેમજ તેના માલિકોની સુવિધા માટે છોટી લિંચોલી સામે ઘોડા પડાવ બનાવવાનો પ્રસ્તાવ પણ તૈયાર કરવાનું કહ્યું છે, જેથી સુવિધાજનક સ્થળો પર ઘોડા-ખચ્ચરો રહી શકે. સંવેદનશીલ અને ડેન્જરસ ઝોનમાં પણ ડીએમે દુકાન ન લાગવા દેવાના નિર્દેશ પણ આપ્યા છે.

યાત્રા માર્ગમાં વિજળી, પાણી, સ્ટ્રીટલાઈટ, રેન શેડ, રેલીંગ તેમજ માર્ગ સાથે જોડાયેલા બધા કાર્ય શરૂ થતા પહેલાં પુરાં કરવાના નિર્દેશ પણ ડીએમે અધિકારીઓને આપ્યા છે.

# સીજેઆઈના પદે પહોંચેલા ચીફ જસ્ટિસ ચંદ્રચૂડે પહેલો કેસ કેટલામાં લડેલો?

## ખુદ ચીફ જસ્ટિસે બાર કાઉન્સીલની બેફામ ફી મુદેના કેસમાં સુનાવણી વખતે કર્યો રસપ્રદ ખુલાસો

નવી દિલ્હી તા.૨૪

દેશના જાણીતા વકીલો કોર્ટમાં કેસ લડવાની ફી લાખો રૂપિયામાં લેતા હોય છે. તેમાં ગરીબ અને મજબૂર વ્યક્તિઓની તો આખા જીવનની મૂડી દાવ પર લાગી જતી હોય છે.

ભારતના સીજેઆઈ ચંદ્રચૂડે એક કેસની સુનાવણી કરતા જણાવ્યું હતું કે તેણે પોતાના પહેલા કેસની ફી ૬૦ રૂપિયા લીધી હતી. ખરેખર તો



સીજેઆઈ ચંદ્રચૂડ સોમવારે જુદા જુદા રાજયોમાં બાર કાઉન્સીલમાં નામાંકન માટે ઉંચી ફી વસુલવાના કેસમાં સુનાવણી કરતા ઉપરોક્ત વિગત આપી હતી. તેમણે જણાવ્યું હતું કે દેશભરમાં કાયદાના સ્નાતકોને વકીલ તરીકે નામાંકન માટે ૬૦૦ રૂપિયાથી વધુ ફી વસુલી ન શકાય. સુપ્રીમ કોર્ટે રાજયની બાર કાઉન્સીલો વસુલવામાં આવતી ફીના કેસમાં સુનાવણી કરી હતી. મહારાષ્ટ્ર દિલ્હીમાં આ ફી ૧૫૦૦૦ તો ઓરિસ્સા જેવા રાજયોમાં ૪૧૦૦૦ વસુલાય છે.

### રિલ બનાવવાના ચકકરમાં મિત્રોએ જિંદગીથી હાથ ધોયા

# મોતનું રિલ બની ગયું! ચાર સવારી બાઈક વૃક્ષ સાથે અથડાતા ત્રણના મોત, એક ઘાયલ

**ઉત્તરપ્રદેશના બેંડુલી ગામ પાસેનો બનાવ**

લખનૌ,તા.૨૪

ઉત્તરપ્રદેશના ઇટીયાથોક-ખરગુપુર રોડ પર બેંડુલી ગામ પાસે બાઇક પર જઇ રહેલા ચાર મિત્રોને રીલ બનાવવાનું ભારે પડી ગયું. બાઈક કાબુ બહાર જઈને ઝાડ સાથે અથડાઈ હતી, જેમાં ત્રણ મિત્રોના મોત થયા હતા જ્યારે ચોથો ગંભીર રીતે ઘાયલ છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે બાઇક ચાલક અને સવારોએ હેલમેટ પહેરી ન હતી. પારસિયા બહોરીપુરના મજરા નૌશહરાના રહેવાસી બિલાલ તેના મિત્રો અહેમદ, રિઝવાન અને શાહિદ સાથે એક જ બાઇક પર ખરગુપુર માર્કેટ ગયા હતા. પરત ફરતી વખતે તેણે ચાલતી બાઇક પર પોતાના મોબાઇલથી રીલ બનાવવાનું શરૂ કર્યું હતું. ઇટીયાથોક-ખરગુપુર રોડ પર બેંડુલી ગામ પાસે, બાઇક પરથી કાબૂ ગુમાવતા રસ્તાની બાજુમાં આંબાના ઝાડ સાથે અથડાઈ હતી.

ચારેય મિત્રો બાઇક પરથી પડી જતાં ઘાયલ થયા હતા. તેઓને સામુદાયિક આરોગ્ય કેન્દ્ર ખરગુપુર લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરે બિલાલ અને અહેમદને મૃત જાહેર કર્યા. શાહિદ અને રિઝવાનને પ્રાથમિક સારવાર બાદ મેડિકલ કોલેજ, ગોંડામાં રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન શાહિદનું પણ મોત થયું હતું.

રિઝવાનની હાલત ગંભીર છે. ઈન્ચાર્જ ઈન્સપેક્ટર વિવેક ત્રિવેદીએ જણાવ્યું કે, બાઇક સવાર તેના મોબાઈલ પર રીલ બનાવી રહ્યો હતો, જેના કારણે બાઈક અનિયંત્રિત થઈને ઝાડ સાથે અથડાયું હતું, જેમાં ત્રણ યુવકોના મોત થયા છે.



# હવે OTP આધારિત ડિજિટલ ફ્રોડ રોકવાની તૈયારી



## નવી એલર્ટ સિસ્ટમ વિકસાવાતી હોવાનો નિર્દેશ: શંકાસ્પદ વ્યવહારમાં 'એલર્ટ' મેસેજ આવી જશે; કૌભાંડિયાની ઓળખ પણ શકય બનશે

નવી દિલ્હી તા.૨૪

સાઈબર છેતરપીંડી તથા ઓટીપી આધારિત કૌભાંડો રોકવા માટે હવે મહત્વપૂર્ણ પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો હતો. ગૃહમંત્રાલય, એસબીઆઈ કાર્ડ તથા ટેલીકોમ ઓપરેટરોના આ સંયુકત પ્રોજેકટ હેઠળ શંકાસ્પદ વ્યવહારમાં ગ્રાહકને તુર્ત ચેતવણી મળી જશે અને છેતરપીંડીથી નાણાં મેળવનાર વ્યક્તિની ઓળખ પણ મળી જશે.

ઓનલાઈન ટ્રાન્ઝેકશનમાં ઓટીપી (વનટાઈમ પાસવર્ડ) સિસ્ટમનો ઉપયોગ થાય છે પરંતુ સાઈબર માફીયાઓ તથા કૌભાંડીયાઓ યેનકેન પ્રકારે ઓટીપી હાંસલ કરીને છેતરપીંડી આચરતા હોવાના અનેક કિસ્સા બને છે. મોબાઈલ હેક કરીને પણ કૌભાંડ આચરી લ્યે છે. હવે સરકારે આ પ્રકારના કૌભાંડ રોકવા એલર્ટ સીસ્ટમ વિકસાવવાની યોજના તૈયાર કરી છે. આ સિસ્ટમ અંતર્ગત કોઈ વ્યક્તિ છેતરપીંડી મારફત ઓટીપી મેળવી લ્યે તો પણ ગ્રાહકને એલર્ટ મેસેજ મળી જશે અને સંભવિત છેતરપીંડી અટકાવી શકાશે.

નવી સીસ્ટમ અંતર્ગત ગ્રાહકના રજીસ્ટર્ડ લોકેશનની સાથોસાથ સીમકાર્ડના જીયો લોકેશનને પણ દર્શાવાશે. સાથોસાથ ઓટીપી કયા લોકેશન પરથી માંગવામાં આવ્યુ છે તેનુ મેચીંગ કરાશે. આ પ્રક્રિયામાં કોઈ શંકાસ્પદ તથ્ય માલુમ પડવાના સંજોગોમાં ગ્રાહકને એલર્ટ અપાશે કે તેઓ સાથે છેતરપીંડીનુ જોખમ છે. ટેલીકોમ કંપનીઓની મદદથી ગ્રાહકનો ડેટાબેઝ ચેક કરીને જ ઓટીપી મોકલાશે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં જ ડીજીટલ કૌભાંડો રોકવા માટે વધારાના વેરીફીકેશન પર ભાર મુકયો હતો. આ પાછળનુ કારણ એ હતુ કે કૌભાંડીયાઓ બેંક ગ્રાહકને જાળમાં સપડાવીને ઓટીપી મેળવી લ્યે છે અથવા મોબાઈલ હેક કરીને ઓટીપી તફડાવી લે છે.

સૂત્રોએ કહ્યું કે ડીજીટલ ફ્રોડ રોકવા માટે બે વિકલ્પો સાથે સીસ્ટમ વિકસાવવામાં આવી રહી છે એવો પ્રયાસ છે કે ઓટીપીના ડીલીવરી સ્થળ તથા ગ્રાહકના સિમ લોકેશન વચ્ચે અંતર માલુમ પડવાના સંજોગોમાં એલર્ટનો મેસેજ અપાય અથવા ઓટીપીને બ્લોક કરી દેવામાં આવે. હાલ બન્ને સિસ્ટમ પર કાર્યવાહી થઈ રહી છે.

મોબાઈલથી નાણાકીય ટ્રાન્ઝેકશનમાં ઓટીપીનો મુખ્ય રોલ હોય છે. કસ્ટમર કેર એજન્ટ કે મિત્રતા દાવે વિશ્વાસ મેળવીને ગ્રાહકને જાળમાં સપડાવવામાં આવે છે અને ઓનલાઈન ફ્રોડને અંજામ આપવામાં આવે છે. અનેક વખત સિમકાર્ડ બ્લોક કરવા કે બેંક ખાતા બંધ કરવા અથવા વિજજોડાણ કટ થઈ જવાની ધમકી આપીને કેવાયસી અપડેટના નામે ઓટીપી ફ્રોડ કરવામાં આવે છે. આ પ્રકારના મોટાભાગના કૌભાંડ ચીન, કંબોડીયા તથા મ્યાંમાર જેવા દેશોમાંથી અંજામ આપવામાં આવે છે.

### ડિજિટલ કૌભાંડ થાય તો શું કરવું?

ઓનલાઈન ઠગાઈ થવાના સંજોગોમાં ભોગ બનેલા ગ્રાહકે સૌપ્રથમ ફરિયાદ કરવી જોઈએ. બેંક અથવા સંબંધીત ક્રેડીટકાર્ડ કંપનીનું ધ્યાન દોરીને ફ્રોડની માહિતી આપવી જોઈએ અને બેંક ખાતુ અથવા ક્રેડીટકાર્ડ બ્લોક કરાવી દેવુ જોઈએ એટલે વધુ કોઈ નાણાકીય નુકશાન ન થાય. આ પછી નેશનલ સાઈબર ક્રાઈમના રિપોર્ટીંગ પોર્ટલ પર ઓનલાઈન ફરિયાદ થઈ શકે છે અથવા લોકલ સાઈબર પોલીસમાં પણ ફરિયાદ કરી શકાય છે.

### ૨૦૨૩માં ૧.૨૮ લાખ સાઈબર ફ્રોડ

ડીજીટલના વધતા ટ્રેન્ડ વચ્ચે કૌભાંડો પણ વધી જ રહ્યા છે. ૨૦૨૩માં ૧,૨૮,૨૬૫ ડીજીટલ ફ્રોડની ફરિયાદો થઈ હતી તેમાં લોકોએ ૭૪૮૯ કરોડ રૂપિયા ગુમાવ્યા હતા. અનેક કિસ્સામાં સાઈબર પોલીસ દ્વારા ગ્રાહકોને નાણાં પણ પરત કરાવવામાં આવતા હોય છે.

# ગ્લોબલ વોર્મિંગ: ૨૦૨૩ એશિયન દેશો માટે સૌથી વધુ વિનાશક: ૭૯ કુદરતી આફત સર્જાઈ



## વૈશ્વિક હવામાન સંગઠનનો રિપોર્ટ: અનેક દેશોમાં ઈતિહાસનુ સૌથી ઉંચુ તાપમાન નોંધાયુ: પુર, દુષ્કાળ, ભારે વરસાદ, હીટવેવ જેવા શ્રેણીબદ્ધ ઘટનાક્રમ

નવી દિલ્હી તા.૨૪

આખી દુનિયા ગ્લોબલ વોર્મિંગના ગંભીર પરિણામો ભોગવી જ રહી છે તેમાં એશિયન દેશો સૌથી વધુ પ્રભાવિત બન્યા છે. ૨૦૨૩માં એશિયન દેશોમાં કુદરતી આફતોની ૭૯ ઘટના બની હતી અને તેમાં ૯૦ લાખ લોકો પ્રભાવિત થયા હતા.

વર્લ્ડ મીટરોલોજીકલ ઓર્ગેનાઈઝેશનના રિપોર્ટ પ્રમાણે વિશ્વની ગરમ થવાની સરેરાશ રફતાર કરતા એશિયન દેશો ગરમ થવાની ગતિ વધુ રહી છે. ૧૯૬૧ થી ૧૯૯૦ના સમયગાળાની સરખામણીએ તાપમાન વૃદ્ધિનો દર પણ ડબલ થઈ ગયો છે. જેને પગલે એશિયામાં ૨૦૨૩નુ વર્ષ અત્યારસુધીનુ બીજા નંબરનું સૌથી ગરમ વર્ષ બની ગયુ હતું. એશિયામાં સૌથી વધુ કુદરતી આફતો નોંધાઈ હતી. બીજા ક્રમે અમેરિકા હતું ત્યારબાદ યુરોપ, આફ્રિકા તથા ઓસીયાનિયાના નંબર આવે છે. હવામાનના વૈશ્વિક સંગઠને કુદરતી આફતોની ગણતરીમાં માત્ર વાતાવરણ તથા દરિયાઈ આપતિઓને જ લક્ષ્યમાં લીધી હતી.

આ રિપોર્ટમાં કુદરતી આફતોથી જાનમાલને નુકશાની કે મૃત્યુઆંક દર્શાવવામાં આવ્યો નથી પરંતુ ભારતીય હવામાન વિભાગે ગત જાન્યુઆરીમાં જારી કરેલા રિપોર્ટમાં અસામાન્ય હવામાન ઘટનાક્રમોથી ભારતમાં ૨૩૭૬ લોકોએ જીવ ગુમાવ્યાનું જાહેર કર્યુ હતું. તેમાં વિજળી પડવાથી અને થંડરસ્ટોર્સમાં ૧૨૭૬ લોકોનો ભોગ લેવાયો હતો. ભારે વરસાદ તથા પુરથી ૮૬૨ અને હીટવેવથી ૧૬૬ લોકોના મોત થયા હતા.

વૈશ્વિક હવામાન સંગઠનના એશિયન કલાયમેટ ૨૦૨૩ના આ રિપોર્ટમાં એમ કહેવાયુ છે કે એશિયામાં પુર અને વાવાઝોડાથી જાનમાલને સૌથી મોટુ નુકશાન થયુ હતું જયારે હીટવેવને કારણે લોકોનુ આરોગ્ય ગંભીર રીતે પ્રભાવિત થયુ છે. ૨૦૨૩માં સપાટીનું તાપમાન ઈતિહાસમાં બીજા નંબરનું સૌથી વધુ હતું. ૧૯૬૧-૧૯૯૦ની સરેરાશ કરતા ૧.૮૭ ડીગ્રી તથા ૧૯૯૧-૨૦૨૦ની સરેરાશ કરતા ૦.૯૧ ડીગ્રી વધુ રહ્યું હતું.

રિપોર્ટમાં એમ કહેવાયુ છે કે એશિયાના અનેક દેશોમાં ૨૦૨૩નુ તાપમાન અત્યાર સુધીના ઈતિહાસનું સૌથી ઉંચુ રહ્યું હતું અને તેને કારણે પુર, વાવાઝોડા, હીટવેવ તથા દુષ્કાળ જેવા શ્રેણીબદ્ધ ઘટનાક્રમો સર્જાયા હતા.

### મલ્ટીનેશનલ કંપનીઓનું વર્ચસ્વ તોડવાનો ટાર્ગેટ

# મુકેશ અંબાણી હવે ધુમધડાકા સાથે હોમ એપ્લાયન્સીસ-ઈલેકટ્રોનિકસ માર્કેટમાં ઝંપલાવશે



## 'વિઝર'ના એરકુલર બાદ 'મેઈડ ઈન ઈન્ડીયા' ટીવી ફ્રીજ–વોશીંગ મશીન–એસી એલઈડી બલ્બ લોંચ કરશે

મુંબઈ તા.૨૪

પેટ્રો કેમીકલ્સથી માંડીને ટેલીકોમ સુધીના અનેક ક્ષેત્રોમાં દબદબો ધરાવતી મુકેશ અંબાણીની રીલાયન્સ હવે કન્ઝયુમર ઈલેકટ્રોનિકસ તથા હોમ એપ્લાયન્સીસ ક્ષેત્રમાં મલ્ટીનેશનલ કંપનીઓનું વર્ચસ્વ તોડવાના ટારગેટ સાથે આ ક્ષેત્રમાં ઝંપલાવશે. વિઝર નામની મેઈડ ઈન ઈન્ડીયા બ્રાંડ લોંચ કરવા માટે સ્વદેશી કંપનીઓ ડીક્ષોન ટેકનોલોજી તથા મીર્ક ઈલેકટ્રોનિકસ સાથે ઉત્પાદન કરાર કરવાની તૈયારીમાં છે.મધ્યમ ગાળામાં કંપની પોતાના જ ઉત્પાદન પ્લાંટ પણ ઉભા કરશે.

રીલાયન્સ રીટેઈલ દ્વારા વિઝર બ્રાન્ડ હેઠળ એરકુલર લોંચ ટર્મ જ છે અને હવે આવતા દિવસોમાં ટેલીવીઝન વોશીંગ મશીન, રેફ્રીજરેટર, એર કન્ડીશનર,એલઈડી બલ્બ જેવી પ્રોડકટો પણ માર્કેટમાં મૂકશે. આ તમામ પ્રોડકટોમાં વિદેશી કંપનીઓનું વર્ચસ્વ છે જયારે રીલાયન્સ પોતાની પ્રોડકટ લોકલ ડિઝાઈન સાથે જ મુકશે.

કંપની દ્વારા રીલાયન્સનાં જ ડીજીટલ સ્ટોર્સ ઉપરાંત ખાનગી વિક્રેતાઓ મારફત પણ પ્રોડકટ વેચાણમાં મુકાશે. ઉપરાંત રીટેઈલ ચેઈન તથા એમેઝોન ફલીપકાર્ડ જેવી ઈ-કોમર્સ કંપનીઓ મારફત પણ વેચાણ કરાશે.

સુત્રોના કહેવા પ્રમાણે એલજી, સેમસંગ, વર્લપુલ જેવી કંપનીઓની પ્રોડકટોની સરખામણીએ વિઝરની ટીવી, વોશીંગ મશીન, રેફ્રીજરેટર, સહીતની પ્રોડકટ કિંમતમાં સસ્તી હશે.રીલાયન્સે અગાઉ મોબાઈલ ફોનમાં સ્પર્ધા કરીને ડંકો વગાડયો જ હતો અને હવે તબકકાવાર મેક-ઈન-ઈન્ડીયાની થીમ પર ઈલેકટ્રોનિકસ ક્ષેત્રમાં પણ પગપેસારો કરશે.

૨૦૨૨ માં રીલાયન્સે ઈલેકટ્રોનિકસ ઉત્પાદન ક્ષેત્રની યોજના માટે અમેરીકા સ્થિત સેનમીનામાં ૧૬૭૦ કરોડમાં ૫૦.૧ ટકાનો શેર હિસ્સો હાંસલ કર્યો જ હતો.કંપની ચેન્નાઈમાં ૧૦૦ એકર જગ્યામાં ઉત્પાદન પ્લાન્ટ ધરાવે છે.જયાં વિઝરનું ઉત્પાદન શકય છે. જોકે આખરી નિર્ણય બાકી છે.હાલ તુર્ત પ્રોડકટ લોંચ કરવાને જ પ્રાથમીકતા આપવામાં આવી રહી છે.

રીલાયન્સ રીટેઈલ દ્વારા ભાગીદારો દ્વારા ઉત્પાદીત ટીવી જેવા ઉપકરણો મીકનેકટ બ્રાન્ડ હેઠળ લોંચ કરવામાં આવી હતી. પરંતુ ખાસ સફળતા મળી ન હતી. જોકે, આ પ્રોડકટ માત્ર રીલાયન્સનાં ડીજીટલ સ્ટોર્સમાં જ ઉપલબ્ધ બનાવવામાં આવી હતી અને માર્કેટીંગ વધારવાનાં પણ કોઈ મોટા પ્રયાસ કરાયા ન હતા. કંપનીએ અગાઉ બીપીએલ તથા કેલ્વીનેટર બ્રાંડ મેળવી હતી.

# એસી, રેફ્રિજરેટરની ડિમાન્ડમાં ૪૦ ટકાનો ઉછાળો: પ્રિમિયમ પ્રોડકટનો ક્રેઝ વધ્યો

## ઉનાળો વહેલો શરૂ થતા જ વેચાણ વધ્યુ: વાઈ-ફાઈ વાળા એસી અને સ્માર્ટ રેફ્રિજરેટરની માંગ વધી



રાજકોટ તા.૨૩

આ વર્ષે ઉનાળો સખત વધ્યો છે. ગરમીની શરૂઆતથી જ ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે હવે ગરમી ૪૪ ડિગ્રીએ પહોંચી છે આથી લોકો ઉકળાટથી ત્રાહીમામ થઈ ઉઠયા છે. બપોરના સમયે ઘરની બહાર નિકળવાનું બંધ કરી દીધું તેમજ ઠંડક વાળી વસ્તુઓનું સેવન વધ્યું છે. લોકો ગરમીથી બચવા અનેક પ્રયાસો; કરી રહ્યા છે. જેના કારણે આ વર્ષે એસી, પંખા, રેફ્રિજરેટરની ડિમાન્ડમાં મોટો ઉછાળો નોંધાયો છે.

આ વર્ષે એસીમાં ૪૦ ટકાનો, રેફ્રિજરેટરમાં ૨૫ ટકાનો વધારો થયો છે. ગત વર્ષે ઉનાળાની શરૂઆતમાં કમોસમી વરસાદ પડવાથી ઉનાળો મોડો જામ્યો હતો. અલનીનોની આગાહીને પગલે વાદળીયુ વાતાવરણ રહ્યું હતું. આથી ગરમીની સીઝન પણ મોડી શરૂ થઈ હતી જેને પગલે એસી, રેફ્રિજરેટર, પંખાની ખરીદી પર પણ અસર થઈ હતી. જયારે આ વર્ષે સુરજ દેવતા જાણે કોપાયમાન થયા હોય તેવું લાગી રહ્યું છે.

કિરણ ઈલેકટ્રોનિકના રાજુભાઈ પટેલ જણાવે છે કે ગત વર્ષ કરતા આ વર્ષ ખુબ સારૂ છે. ડિમાન્ડમાં ૩૦ ટકાનો વધારો નોંધાયો છે. હાલ એસીની માંગ કરી રહ્યા છે. ડયુલી ઈન્વર્ટર ટેકનોલોજી ધરાવે છે અને પાવર બચત પણ કરે છે. મોટા ઈન્ડોરમાં કુલીન વધુ આપે છે. આ ઉપરાંત આ ટેકનોલોજી વાળા એસીએ નવી પ્રિમીયમ બ્રાન્ડ બનાવી છે. જે વાઈ-ફાઈ ઉપલબ્ધ કરે છે. જેને તમે ફોનમાં એપ્લીકેશન ડાઉનલોડ કરી એસીને ચલાવી શકો છો. ઈલેકટ્રીસીટી બીલ કંટ્રોલ કરી શકાય તે માટે ઓટોમેટીક ફીચર આપવામાં આવ્યા છે. લોકો હવે પ્રાઈઝની સાથે નવા ફિચર અને કંપની બ્રાન્ડ પર ફોકસ કરી રહ્યા છે. જેમાં એલજીના ઓટો ઓફ ફિચર છે જે ૧૦૦ ટકા કન્વટીબલ છે. જેના કારણે ૪૦થી ૫૦ ટકા બીલમાં બચત થાય છે. આ ઉપરાંત આ વખતે મોર્ડન ઘરોમાં હાઈડ અવે ફોર વે કેસેટ, વન વે કેસેટ જેવા એસી બજારમાં ઉપલબ્ધ છે. જેની પ્રાઈઝ રૂા.૭૦,૦૦૦થી ૧.૫૦ લાખ સુધીની છે. રેફ્રિજરેટરમાં ડબલ ડોરના પાવર કંટ્રોલરની માંગ વધી છે. લોકો જુના રેફ્રિજરેટર વેચી નવા લેવાનો ક્રેઝ વધ્યો છે. ડબલ ડોરમાં પણ અનેક વસ્તુઓનો સમાવેશ કરી શકાય છે. અને વાઈ-ફાઈની સુવિધા અપાય છે. જેમાં રેફ્રિજરેટરમાં પણ એક સ્ક્રીન આપવામાં આવશે. સીંગલ ડોર રેફ્રિજરેટરની પ્રાઈઝ- ૧૧,૦૦૦થી ૨૦,૦૦૦, ડબલ ડોરની ૨૨થી ૫૫ હજાર અને સાઈડ બાય સાઈડના ૫૫ હજારથી ૧ લાખથી વધુની પ્રાઈઝમાં રેફ્રિજરેટર ઉપલબ્ધ છે. એસીની વાત કરીએ તો રૂા.૩૫ હજારથી ૬૦ હજાર સુધીના એસીનું વેચાણ થઈ રહ્યું છે.

હાલ એપ્રિલ મહિનો ચાલુ છે. આગામી મે-જુન માસમાં સૌથી વધુ આકરો તાપ પડી શકે છે. આથી એસી, ફ્રિજ અને પંખાની ડિમાન્ડ વધી શકે છે.

### મે માસ બાદ ૧૦ ટકા પ્રાઈઝ વધશે

આકરા ઉનાળામાં રાહત મેળવવા લોકો એસી, પંખાનો સહારો લે છે આ વર્ષે ઉનાળાની સિઝન વહેલી શરૂ થઈ ચૂકી હોવાથી વેચાણમાં મોટો વધારો નોંધાયો છે. જેને પગલે વેપારીઓએ અગાઉથી માલના મોટા ઓર્ડર મેળવી લીધા છે. હાલ કંપનીમાં રોમટીરીયલમાં ભાવ વધતા આગામી સમયમાં એસી, રેફ્રિજરેટરના પ્રાઈઝમાં વધારો થશે. જે મે માસમાં વધવાની શકયતા છે. હાલ વેપારીઓ પાસે જુની પ્રાઈઝ મુજબનો માલ છે. આથી જે લોકો અત્યારે ખરીદી કરશે તેમાં કોઈ નવો ભાવ વધારો લાગુ નહીં પડે. પરંતુ કંપની દ્વારા નવો ભાવ લાગુ કરાતા આગામી મે મહિનાનાં ઓર્ડર પર ભાવ વધારો લાગુ થશે. આથી લોકોને પણ ૧૦ ટકા નવા વધારા સાથે વસ્તુ ખરીદવી પડશે.

### ઓનલાઈન માર્કેટ ૨૫% તૂટયું

હાલના આધુનિક યુગમાં દરેક લોકો સમયની બચતને કારણે ઓનલાઈન શોપીંગ તરફ વળ્યા છે. હાલ જોવા જઈએ તો ખાદ્ય પદાર્થોથી લઈને મોટી ઈલેકટ્રોનિકસ આઈટમ ઓનલાઈન માર્કેટમાં ઉપલબ્ધ છે. સમયની સાથોસાથ ચીજવસ્તુઓની કિંમતમાં પણ રીટેલ માર્કેટ કરતા થોડાક અંશે ફેરફાર જોવા મળતા હોય છે. પરંતુ હાલ જોવા જઈએ તો ઈલેકટ્રોનિકસ આઈટમના ઓનલાઈન માર્કેટમાં ઘટાડો જોવા મળ્યો છે. 'સાંજ સમાચાર' સાથે વાતચીત કરતા શ્રીજી ઈલેકટ્રોનિકસના રવજીભાઈ રામોલીયાએ જણાવ્યું હતું કે ઉનાળાની સિઝનમાં એસીની માંગમાં દિન-પ્રતિદિન વધારો થતો જોવા મળેલ છે. લોકોમાં રેગ્યુલર એસીની સાથોસાથ પ્રિમીયમ એસીની પણ માંગ વધી છે. તેમજ હાલ લોકો સૌથી વધુ રીટેલ માર્કેટમાંથી ઈલેકટ્રોનિક વસ્તુની ખરીદી કરવાનું પસંદ કરે છે. જેમાં પણ ખાસ કરીને એસીની ખરીદી માટે લોકો સૌથી વધુ રીટેલ માર્કેટ પર વિશ્વાસ મુકતા હોય છે. જેને પરિણામે આ વર્ષે ઓનલાઈન માર્કેટમાં ૨૫ ટકાથી વધુનો ઘટાડો જોવા મળેલ છે. જે ગત વર્ષે ૨૦ ટકા હતો. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આ વર્ષે ગત વર્ષની સરખામણી લગભગ ૫ ટકા ઓનલાઈન માર્કેટ તૂટયું છે. આમ થવાનું કારણ એ છે કે ઓનલાઈન શોપીંગ કરતી વખતે જે તે પ્રોડકટ વિશેની સંપૂર્ણ માહિતી વિશ્વાસપાત્ર હોતી નથી. તદુપરાંત ખરીદી સમયે ઉદ્ભવતા પ્રશ્નોના યોગ્ય નિરાકરણ ઓનલાઈન શોપીંગમાં શકય બનતા નથી. સાથોસાથ રીટેલ માર્કેટમાં અને ઓનલાઈન માર્કેટમાં આપવામાં આવતી સુવિધાઓમાં પણ મોટા પ્રમાણમાં ફેરફાર જોવા મળે છે. આથી લોકો હાલ ઈલેકટ્રોનિક ચીજ વસ્તુઓ અને તેમાં પણ ખાસ કરીને એસીની ખરીદી ઓનલાઈન માર્કેટમાંથી કરવાનું ટાળે છે.

### પ્રાઈઝ નહીં, બ્રાન્ડ અને ટેકનોલોજી ગ્રાહકોની પ્રથમ સંદગી

પહેલા લોકો જયારે કોઈ પ્રોડકટ ખરીદતા હતા ત્યારે કૌટુંબીક આવકને ધ્યાને રાખી પ્રાઈજને વધુ ધ્યાનમાં લેતા હતા. પરંતુ હવે લોકો આધુનિક ટેકનોલોજીને ધ્યાનમાં રાખી ફીચર્સને મહત્વ આપે છે. આજે રોજ નવી ટેકનોલોજી લોન્ચ થાય છે. જે લોકોને વધુ સગવડતા આપે છે અને લોકોનું જીવન વધુ આરામદાયક બનાવે છે. જેમ કે એસી, વાઈ-ફાઈ વાળા લોન્ચ થયા છે. જે એક ફોનમાં એપના મારફત કંટ્રોલ કરી શકાય. ઉપરાંત બીલ બચાવતા ઓટો ઓફ ફિચર ઉમેરવામાં આવ્યા છે. જેના થકી ૪૦-૫૦ ટકા બીલ બચાવી શકાય છે. રેફ્રિજરેટરની વાત કરીએ તો ડબલ ડોરના રેફ્રિજરેટરમાં હવે ખાસ પ્રકારની સ્ક્રીન ઉમેરવામાં આવી છે. જેની મદદથી ફ્રિજનું સંચાલન સરળતાથી કરી શકાય છે. આથી હવે લોકો પ્રાઈઝ નહીં પરંતુ ટેકનોલોજીને પ્રથમ પસંદ બનાવી રહ્યા છે.

# બોલિવૂડ સેલેબ્સ ભાડાના કપડા પહેરે છે: આયુષ્માન ખુરાનાએ અનેક રહસ્યો ખુલ્લા કર્યા, કહ્યું- કોઈ મોંઘા કપડા ખરીદતું નથી



મુંબઈ : આ સવાલ લોકોના મનમાં વારંવાર આવે છે કે બોલિવૂડમાં મોટાભાગના લોકો આટલા મોંઘા અને સ્ટાઇલિશ કપડાં કેવી રીતે પહેરે છે. જ્યારે તેઓ તેમના કપડાં રીપિટ કરવા પડે તેવી સ્થિતિ ખૂબ જ દુર્લભ છે. આવી સ્થિતિમાં આયુષ્માન ખુરાનાએ બોલિવૂડનો પર્દાફાશ કર્યો છે. તેણે એક ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું હતું કે, આ ટ્રેન્ડને ચાલુ રાખવા માટે બોલિવૂડ સેલેબ્સ કપડા ખરીદતા નથી પરંતુ ભાડા પર લે છે. સાથે જ તેણે કહ્યું કે તેને દિલજીત દોસાંજની ડ્રેસિંગ સ્ટાઈલ ખૂબ જ પસંદ છે.

બોલિવૂડ સેલેબ્સ વિશે વાત કરતાં આયુષ્માને કહ્યું- આખું બોલિવૂડ ભાડા પર લે છે. તમને કેમ લાગે છે કે અમે આટલા કપડાં ખરીદીએ છીએ? અમે સ્ટાઈલિસ્ટ ભાડે રાખીએ છીએ, કપડાંનો ઓર્ડર આપીએ છીએ અને પછી તેમને પરત કરીએ છીએ. આટલા બધા કપડાં ક્યાંથી મળશે? દિલજીતના વખાણ કરતા આયુષ્માને કહ્યું- મને દિલજીતની સ્ટાઈલ ખૂબ જ પસંદ છે. આજે આખી દુનિયાના લોકો તેને ઓળખે છે. હું સમગ્ર પંજાબ માટે ખૂબ જ ખુશ છું. તેણે પંજાબને વૈશ્વિક મંચ પર પહોંચાડ્યું છે. તે ખૂબ જ સારો છે.

પોતાના ભાઈ અપારશક્તિ ખુરાનાની ફેશન સેન્સના વખાણ કરતા આયુષ્માને કહ્યું કે તેની ફેશન સેન્સ શરૂઆતથી જ ઘણી સારી છે. પણ મને ફેશનમાં આટલો રસ નહોતો. હા, મારા પ્રોફેશન પ્રમાણે મારે ફેશનને ફોલો કરવી છે, છતાં હું તેમાં બહુ રસ નથી લેતી. પણ મારો નાનો ભાઈ અપારશક્તિ ખૂબ જ સારી ફેશન સેન્સ ધરાવે છે. જ્યારે હું શરૂઆતમાં એન્કરિંગ કરતો હતો ત્યારે હું તેને મારી સ્ટાઈલિશ બનાવતો હતો. હું તેણીને મને સ્ટાઇલ કરવા માટે કહેતો હતો. તેનાથી ઘરના પૈસા ઘરમાં જ રહેશે.આયુષ્માન ખુરાનાના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો સૌરવ ગાંગુલીની બાયોપિક સિવાય તે જેપી દત્તાની ફિલ્મ 'બોર્ડર ૨'માં કામ કરશે તેવી ચર્ચા છે. હાલમાં આયુષ્માન ખુરાનાનું ધ્યાન તેની સંગીત કારકિર્દી પર છે. તેણે વોર્નર મ્યુઝિક ઈન્ડિયા સાથે હાથ મિલાવ્યા છે. હાલમાં જ તેનું ગીત 'અંખ દા તારા' રિલીઝ થયું હતું, જેને ઘણું પસંદ કરવામાં આવી રહ્યું છે.




# મથુરામાં ચૂંટણી જંગમાં અબજોપતિ હેમામાલિની સામે સૌથી ગરીબ અપક્ષ ઉમેદવાર !



## ભાજપના ઉમેદવાર હેમામાલિનીની ૨.૭૮ અબજની પ્રોપર્ટી સામે સંત પ્રવેશાનંદની સંપત્તિ માત્ર ૬ હજાર રૂપિયા !

મથુરા, તા. ૨૪


લોકસભા ચૂંટણીમાં જીત માટે ઉમેદવારો પાણીની જેમ પૈસા વહાવતા હોય છે. મોટા ભાગના ઉમેદવારો કરોડોપતિ- અબજોપતિ હોય છે ત્યારે લોકસભાની મથુરા સીટ પર ભાજપના અબજોપતિ ઉમેદવાર અને બોલિવુડની અબજોપતિ એકટ્રેસ હેમામાલિની સામે સૌથી ગરીબ ઉમેદવાર સંત પ્રવેશાનંદ પુરી ચૂંટણી જંગમાં ઉતર્યા છે.

સંત પ્રવેશાનંદ અપક્ષ ઉમેદવાર છે. જેની સંપત્તિ માત્ર ૬ હજારની છે ! જેની સામે ભાજપના સાંસદના ઉમેદવાર અને પૂર્વ ડ્રીમગર્લ હેમામાલિની પાસે અધધધ ૨.૭૮ અબજ રૂપિયાની સંપતિ છે.

અપક્ષ ઉમેદવાર સંત પ્રવેશાનંદનો આવકનો સ્ત્રોત છે મંદિરમાં સેવા પ્રવેશાનંદ પુરી મથુરાના બલદેવ પટલૌનીના નગલા મોહનમાં આવેલ પરમ જ્ઞાન આશ્રમના નિવાસી છે. તેમની આવકનો સોર્સ મંદિરમાં સેવા છે. ૬૩ વર્ષીય પ્રવેશાનંદ પુરીના પિતાનું નામ કેશવાનંદ પુરી છે.

### મહામારી બાદ વર્ષ ૨૦૨૩ ફિલ્મ ઉદ્યોગ માટે ફળદાયી

# વર્ષ ૨૦૨૩માં ૧૫.૭ કરોડ ભારતીયો ૯૪.૩ કરોડ ટિકિટ ખરીદીને ફિલ્મ જોવા ગયેલા



મુંબઈ તા.૨૪

કોરોના મહામારી બાદ વર્ષ ૨૦૨૩ ફિલ્મ ઉદ્યોગ માટે કમાણીનું વર્ષ રહ્યું હતું. એક અભ્યાસ મુજબ વર્ષ ૨૦૨૩માં ૧૫૭ મિલિયનથી વધુ લોકોએ ૯૪૨ મિલિયન ટિકિટ ખરીદીને સિનેમા હોલમાં ફિલ્મ જોવા ગયા હતા. ઓરમેકસના ડેટામાં આ માહિતી બહાર આવી છે.

વર્ષ ૨૦૨૨માં ૧૨૨ મિલિયન લોકો સિનેમા હોલમાં ફિલ્મ જોવા ગયા હતા. વર્ષ ૨૦૨૨ બાદ વર્ષ ૨૦૨૩માં ૨૯ ટકાનો વધારો થયો હતો. વર્ષ ૨૦૨૦માં જાન્યુઆરીથી માર્ચ દરમિયાનના સિનેમા હોલમાં ફિલ્મ જોવા ગયેલા પ્રેક્ષકો ૧૪૬ મિલિયનની તુલનામાં વર્ષ ૨૦૨૩માં ૮ ટકા પ્રેક્ષકોનો વધારો થયો હતો. વર્ષ ૨૦૨૩માં ૧૫૭ મિલિયન પ્રેક્ષકોએ ૯૪૩ મિલિયન ટિકિટ ખરીદી હતી. આ બતાવે છે કે પ્રેક્ષકો વર્ષમાં સરેરાશ ૬ ફિલ્મો જોતા હતા. અલબત, ભાષાના આધારે આ આંકડો બદલી શકે છે. તેલુગુ ભાષી ઓડિયન્સ વધુને વધુ સિનેમા હોલમાં ફિલ્મ જુએ છે, તે એ વર્ષમાં સરેરાશ ૯ ફિલ્મો જુએ છે. આ મામલે તમિલ ઓડિયન્સ વર્ષની સરેરાશ ૮ ફિલ્મો જોવાની સાથે બીજા ક્રમે આવે છે.

### કોરોના પૂર્વે વર્ષ ૨૦૨૦ કરતા પણ ૨૦૨૩ની સ્થિતિ સારી

ભારતની ચૂંટણી વિકાસ સહિતના મુદ્દાઓથી શરૂ થાય છે અને તુષ્ટિકરણ અને ધ્રુવીકરણથી તે પૂર્ણ થાય છે



# રાહુલ ગાંધીનો રોબીનહુડ આઇડીયા અને મોદીની ફ્રી હીટ



**લોકસભા ચૂંટણીનો બીજા તબકકાનું મતદાન પણ હવે કલાકોમાં શરૂ થશે તે સમયે જ પ્રથમ કરતા આ તબકકામાં મુદાઓ બદલાય ગયા છે, ભ્રષ્ટાચાર અને પરિવારવાદ પાછળ રહી ગયો છે કોંગ્રેસ અને ખાસ કરીને રાહુલ ગાંધીએ જે રીતે 'ડિસ્ટ્રીબ્યુશન ઓફ વેલ્થ'નો આઇડીયા આપ્યો તેને મોદીએ આબાદ ફ્રી હિટમાં ફેરવી નાખ્યો છે અને હવે તમારૂ સોનુ પણ સલામત નહીં રહે અને તમારા આવાસ પણ છીનવાઈ જશે અનામતમાં પણ મુસ્લિમોને ભાગ આપવો પડશે આ તમામ મુદાઓ છેલ્લા ૪૮ કલાકમાં જબરા ગાજયા અને કોંગ્રેસને ખુદના ચૂંટણી ઢંઢેરાનો બચાવ કરવાનું મુશ્કેલ બની ગયુ છે પણ તુષ્ટિકરણની વાત કરવી એ કોંગ્રેસ માટે મજબુરી બની ગઇ છે અને તેનો પાર્ટ-૨ જેવો ચૂંટણી ઢંઢેરો હોવાનો આભાસ થાય છે**

**રાહુલે જે રીતે અગાઉ જાતિ જનગણનાનો મુદો છેડયો હતો તે વિધાનસભા ચૂંટણીમાં ફલોપ ગયો તો હવે તેની સાથે સંપતિની પણ ગણનાનો ઉમેરો કરીને એવું જણાવ્યું કે અમારી સરકાર આવશે તો દેશના લોકોને જેટલી વસ્તી તેટલો હકક મળશે અને સાથોસાથ લઘુમતીઓ ઉપરાંત મુસ્લિમ પર્સનલ લો સહિતના મુદાઓ પણ ઘડીયાળના કાંટા પાછા ફેરવવા જેવી વાતો કરી અને આ રીતે જ ભાજપને સામેથી મુદાઓ આપી દીધા, રાહુલ જે વેલ્થ ડિસ્ટ્રીબ્યુશનની વાત કરે છે તે હવે તેના જનક સામ્યવાદી દેશોએ પણ આ વિચાર પડતો મુકી દીધો છે, વિશ્વમાં ક્રાંતિ સર્જવા માટે આમ સ્લોગન સારૂ છે પણ તે વાસ્તવિક નથી**

**જો તમે લોકોની સંપતિમાં નજર નાખવા જશો તો તેનો વિરોધ થશે, મહત્વનું એ છે કે સંપતિ સર્જનથી જ દેશ સમૃધ્ધ બને છે અમેરિકા તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે, લોકોને વધુ કમાવવા અને વધુ સંપતિનું પ્રોત્સાહન મળવું જોઇએ ભલે દેશના એક ટકા લોકો પાસે ૪૦ ટકા સંપતિ છે પણ તે એક ટકા દેશના કેટલા લોકોને રોજગારી આપે છે, કેટલા ઉદ્યોગો માટે ટેકો બને છે અને કેટલા નવા સાહસિકો માટે પ્રેરણા બને છે તે કદી બહાર આવતું નથી અને સૌથી મહત્વનું એ છે કે તમે વેલ્થ ટેકસ નાંખીને અમીરો પાસેથી લઇ ગરીબોને આપવાની વાત કરી શકો પણ તે ગરીબી ટકાવવા જેવું છે નિવારવા જેવું નહીં**

૨૦૨૪ની લોકસભા ચૂંટણીનો બીજો તબકકો શરૂ થતા જ પ્રચારના રંગ અને ઢંગ બંને બદલાય ગયા છે. પ્રથમ તબકકામાં જે રીતે તામિલનાડુ કેન્દ્ર સ્થાને હતું અને અન્ય રાજયોની બેઠકો સીંગલ ડિજીટ અથવા તો ૫૦ ટકા જેટલી પોલીંગમાં જોડાઇ હતી તે સમયે જે મુદાઓ ખાસ કરીને ભ્રષ્ટાચાર અને પરિવારવાદ પર પ્રહારો થયા પછી બીજો તબકકો આવતા જ કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો ભાજપના પ્રચારમાં કેન્દ્ર સ્થાને આવી ગયો અને તેમાં પણ રાહુલ ગાંધીએ જે રીતે રોબીનહુડ પોલીટીકસની વાત કરી તો તુર્ત જ ભાજપ અને ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જબરૂ હથિયાર મળી ગયું અને તે સાથે જ ચૂંટણીનો પ્રારંભ જે રીતે વિકાસ અને ૨૦૪૭માં દેશને વિકસીત રાષ્ટ્રની હરોળમાં મુકવા માટે આ ચૂંટણી છે તેવો પ્રચાર થયો તે તબકકાવાર તુષ્ટિકરણ અને ધ્રુવીકરણમાં પહોંચી ગયો છે અને અનામત પણ આવી ગઇ છે. હિન્દુ-મુસ્લિમ અને પાકિસ્તાન પણ આવી ગયું છે અને વાત છે કે મંગલસુત્ર સુધી પહોંચી ગઇ છે આમ રસપ્રદ રીતે ભાજપ પાસે દરેક તબકકા માટે પ્રચારના અલગ અલગ મુદાઓ છે અથવા તો કહો કે કોંગ્રેસ સામેથી ચાલીને આ મુદાઓને ભેટ આપે છે અને તેથી આ તબકકાનું મતદાન ભાજપ માટે તેની સરસાઇ જાળવવા એટલું જ નહીં વધુ બેઠક છીનવવા માટે મહત્વ છે. બાકીના પાંચ તબકકાનો ટોન પણ બેસાડવાનો છે તે માટે મહત્વપૂર્ણ છે અને હજુ પૂરી ચૂંટણીનો પ્રચાર પુરો થશે ત્યારે હજુ આનાથી પણ રસપ્રદ મુદાઓ જે જમીન ઉપર ભાગ્યે જ કોઇ વાસ્તવિકતા બનવાની હોય તે પણ ચગશે અને અંતે મતદારો માટે એ જ દ્વિધા રહેશે જે ૨૦૧૯માં હતી અને ૨૦૧૯માં પણ હશે એ ચોકકસ છે કે છેલ્લી બે ચૂંટણી કરતા આ ચૂંટણીમાં ભાજપ અને ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી કમાન્ડીંગ પોઝીશનમાં છે. પરંતુ ૨૦૦૪માં પણ વાજપેયી સરકાર આ જ રીતે વિશ્વાસ ધરાવતી હતી અને પરિણામમાં ઉલ્ટા પુલ્ટા થઇ ગયું.

સર્વપ્રથમ રાજસ્થાન સહિતના ચૂંટણી પ્રચારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાહુલ ગાંધી અને કોંગ્રેસને સીધા નિશાન પર લેતા ચેતવણી આપતા કહ્યું કે હવે બહેનોનું મંગલસુત્ર પણ સલામત નથી. તમારા ઘરમાં સોનુ કેટલું છે તેનો પણ હિસાબ કોંગ્રેસની સરકાર આવશે તો માંગશે જો તમારા બે ઘર હશે તો એક ઘર સરકાર લઇ લેશે એટલું જ નહીં ઓબીસી અને અન્ય વર્ગોને અનામત મળે છે તેમાં પણ મુસ્લિમોને ભાગ આપવો પડશે અને આવા અનેક મુદાઓ છેલ્લા એક અઠવાડિયાથી ચમકી રહ્યા છે તેના મુળમાં ચૂંટણી ઢંઢેરો છે ખાસ કરીને રાહુલ ગાંધીનો જે રોબીન હુડ આઇડીયા આ ઢંઢેરામાં છલકે છે તેને ભાજપે હવે લુઝ બોલ બનાવીને બાઉન્ડ્રી બહાર મોકલવાની ફટકાબાજી શરૂ કરી દીધી છે. વડાપ્રધાને કહ્યું કે તેમના ૯૦ સેકન્ડના ભાષણે કોંગ્રેસ અને તેની પૂરી ઇન્ડી જમાતને હચમચાવી દીધી છે રાહુલ ગાંધીએ વેલ્થ ડિસ્ટ્રીબ્યુશન એટલે કે સંપતિના સમાન વિતરણની વાત કરી અને એ પણ કહ્યું કે જેની જેટલી વસ્તી તેટલો તેનો હકક એટલે કે દેશના ધનવાનો અને અન્ય ખાતા પીતા સમૃધ્ધ લોકો છે તેની સંપતિનો સર્વે થશે અને જેની પાસે સંપતિ નથી તેને તે વહેંચી દેવાશે આ એક ખતરનાક સામ્યવાદી છે જે દુનિયામાં સામ્યવાદના જનક ચીન કે રશીયામાં પણ સફળ થયો નથી અને આ દેશોએ પણ તેને પડતો મુકયો છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો ત્યાં જ અટકયો નહીં પરંતુ તેને લઘુમતીને ખાસ ટાર્ગેટ કરવા માટે વાત કહી સીએએ નાબુદ કરવાની ખાતરી આપી. અને એ પણ કહ્યું કે પહેલા જ્ઞાતિ આધારીત જનગણના કરાવશુ અને પછી લોકોની સંપતિની ગણતરી કરાવશુ અને તેમાં અસમાનતા જે વર્ગની હશે તેને સંપતિની વહેંચણી થશે. જોબમાં પણ તેને આ સિધ્ધાંતનો લાભ મળશે અને અન્ય વેલફેર યોજનામાં તેનો હિસ્સો વધુ હશે. આમ પ્રથમ તબકકે જ ચૂંટણીના ઢંઢેરાને ભાજપે પાકિસ્તાનમાં ચૂંટણી જીતવા જેવો અને મુસ્લિમ લીગના એજન્ડા સમાન ચૂંટણી ઢંઢેરો ગણાવ્યો વાસ્તવિકતા તેની આસપાસની છે કોંગ્રેસને તેની મુસ્લિમ વોટ બેંક પરત મેળવવી છે. જે તેના સાથી પક્ષો ખાઇ ગયા છે અને થોડુ ઘણુ બચ્યુ છે તે મોદીના ટ્રીપલ તલાકથી લઇ મુસ્લિમ સમુદાયના અન્ય મુદાઓએ ખેંચી લીધી છે. કોંગ્રેસની ચિંતા એ જ છે કે જો મુસ્લિમ વોટ મળે તો તેની આબરૂ આ ચૂંટણીમાં રહી જશે અને તેથી જ ચૂંટણી ઢંઢેરામાં પણ અગાઉ જે ન્યાય યાત્રા સમયે વિધાનો કર્યા હતા તેનું પ્રતિબિંબ પણ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા અને પ્રચારમાં જોવા મળે છે. આમ કોંગ્રેસે સામે ચાલીને ભાજપને આ ચૂંટણી તેની સામે તુષ્ટિકરણના કાયમી લાગતા દાગ ભણી લઇ જવામાં સરળતા કરી દીધી છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેનો પુરેપુરો ફાયદો ઉઠાવી રહ્યા છે.

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

રાહુલ ગાંધીનો રોબીનહુડ આઇડીયા વાસ્તવિકતાની ભૂમિ પર છે પણ તેનો અમલ વાસ્તવિક રીતે શકય નથી. સાચી વાત છે કે ફકત ભારત જ નહીં દુનિયાભરમાં જયાં જયાં સમૃધ્ધિ આવી છે ત્યાં અસમાનતા આવી છે તેને મુડીવાદની એક સાઇડ ઈફેકટ ગણાવી શકાય તેની વિરૂધ્ધ સામ્યવાદી વિચારધારા જયાં સમાન માટે સંપતિ કે કોઇ ગરીબ નહીં, કોઇ અમીર નહીં આ પધ્ધતિ ભુતકાળમાં જે જે દેશ અપનાવવા ગયો તેને માર ખાધો છે ભુતકાળમાં ક્રાંતિ માટે સંપતિની સમાન વહેંચણી એ થીમ હતી. કોંગ્રેસે પણ તેના શાસન કાળના પ્રારંભમાં સમાજવાદી સમાજ રચના અને ગરીબી હટાવોના નારા આપ્યા પરંતુ તે સમયે પણ દેશ થોડી ઘણી રીતે મુડીવાદ ભણી હતો અને આજના વિશ્વમાં સંપતિનું સર્જન એ સૌથી મોટી જરૂરીયાત બની ગયું છે તમે જો લોકોને વધુ કમાતા, વધુ સંપતિ સર્જવા માટે પ્રોત્સાહન ન આપો અથવા તો તેમની સંપતિ છીનવાઇ જશે તેવો ડર બતાવો તો સંપતિનું સર્જન ઠપ્પ થઇ જશે. સંપતિથી જ સંપતિ સર્જી શકાય તે મુળભુત સિધ્ધાંત છે અને આજે ભારતમાં ચોકકસપણે દેશના ૧ ટકા લોકો પાસે ૪૦ ટકા સંપતિ છે. ૧ ટકા લોકો પોતાના વ્યાપાર ધંધાથી કેટલાકને રોજગારી આપે છે, કઇ રીતે નાના ઉદ્યોગો માટે તે મદદરૂપ સાબિત થાય છે કઇ રીતે તે અન્યને પણ ધનવાન બનવા પ્રેરણા આપે છે અને પોતાની સંપતિનો ખર્ચ કરીને તે કઇ રીતે અન્યને સંપતિ સર્જનમાં ભાગીદાર બનાવે છે તેની ભાગ્યે જ કોઇ ચિંતા કરે છે. રાહુલ ગાંધીએ જે રીતે વેલ્થ ડિસ્ટ્રીબ્યુશનની વાત કરી તે આજના સમયમાં શકય નથી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી જે રીતે મંગલસુત્ર છીનવાઇ જશે તે કહે છે તે પણ શકય નથી. પરંતુ ચૂંટણી છે એટલે બધુ ચાલે તે સિધ્ધાંત ભારતમાં અસરકારક બને છે પણ મહત્વનું એ છે કે જયાં પી.ચિદમ્બરમ જેવા અર્થશાસ્ત્રી કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો બનાવતા હોય તો તેમાં આ મુદો રાહુલના દબાણથી જ મુકયો હશે તે નિશ્ચિત છે. કોંગ્રેસ ત્યાંથી અટકી નથી મુસ્લિમ પસર્નલ લો સહિતના મુદે પણ જે વચનો આપ્યા છે તે દર્શાવે છે કે કોંગ્રેસ ફરી તુષ્ટિકરણ બાજુ છે.

## ફુલ ટોસ બોલ પર હાર્દિક પંડ્યા ફ્લોપ સાબિત : આ સિઝનમાં આવા ચાર બોલ રમ્યો જેમાંથી બે વખત આઉટ થયો



મુંબઈ : IPL 2024માં મુંબઈ ઈન્ડિયન્સનું પ્રદર્શન કંઈ ખાસ રહ્યું નથી. ટીમ અત્યાર સુધી આઠ મેચ રમી છે અને પાંચ મેચ હારી છે. મુંબઈના છ પોઈન્ટ છે અને ટીમ પ્લેઓફની રેસમાં સંઘર્ષ કરી રહી હોય તેવું લાગી રહ્યું છે. આ સિઝનમાં મુંબઈના ખરાબ પ્રદર્શનનું સૌથી મોટું કારણ બેટ્સમેનોનું ખરાબ પ્રદર્શન રહ્યું છે. મુંબઈના બેટ્સમેનોમાં અસંગતતાના કારણે ટીમને મહત્વના પ્રસંગોએ સંઘર્ષ કરવો પડ્યો છે. કેટલાક એવા પ્રસંગો હતા જ્યારે ટીમની શરૂઆત શાનદાર રહી હતી, પરંતુ ટીમ સારી રીતે સમાપ્ત કરી શકી નહોતી. ટીમના નવા કેપ્ટન હાર્દિક પંડ્યા માટે પણ આ સિઝન કંઈ ખાસ રહી નથી. પંડ્યાએ ગુજરાત ટાઇટન્સ સાથેની છેલ્લી બે સિઝનમાં તેના ઓલરાઉન્ડ પ્રદર્શનથી બધાને પ્રભાવિત કર્યા હતા, પરંતુ આ સિઝનમાં તે બેટિંગમાં કે બોલિંગમાં સારું પ્રદર્શન કરી શક્યો નથી. આવી સ્થિતિમાં ટીમ મોટો સ્કોર કરવામાં નિષ્ફળ રહી છે.

હાર્દિકના ફોર્મ નબળો રહ્યો છે. સૌથી પરેશાનીની વાત એ છે કે જે બોલ પર અન્ય બેટ્સમેનો સિક્સર ફટકારે છે તે બોલે હાર્દિકને ઘણો પરેશાન કર્યો છે. અમે ફુલ ટોસ બોલ વિશે વાત કરી રહ્યા છીએ. હાર્દિકે આ સિઝનમાં ત્રણ દાવમાં ફુલ ટોસ બોલનો સામનો કરવો પડ્યો છે. તેણે આવા ચાર બોલ રમીને ચાર રન બનાવ્યા છે. આ દરમિયાન તે બે વખત આઉટ પણ થયો હતો. આ સિઝનમાં, ફુલ ટોસ બોલ પર હાર્દિકની બેટિંગ એવરેજ બે હતી અને સ્ટ્રાઈક રેટ ૧૦૦ હતો. ભારતે જૂનમાં T20 વર્લ્ડ કપમાં ભાગ લેવાનો છે, જે વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકા દ્વારા સહ યજમાનપદે રમાશે. આવી સ્થિતિમાં હાર્દિક સામે ધીમી ફુલ ટોસનો ઉપયોગ કરી શકાય છે. ભારતીય ટીમના વાઇસ-કેપ્ટન હાર્દિકનું ફોર્મમાં હોવું માત્ર મુંબઈ ઈન્ડિયન્સ માટે જ નહીં પરંતુ ટીમ ઈન્ડિયા માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તે ટીમને સંતુલિત કરે છે અને જો તે ફોર્મમાં રહે છે, તો તે પોતાના દમ પર મેચ જીતવાની ક્ષમતા ધરાવે છે. ગયા વર્ષે ODI વર્લ્ડ કપમાં ઈજાગ્રસ્ત થયા બાદ હાર્દિકે ટીમ ઈન્ડિયા માટે કોઈ મેચ રમી નથી. T20 વર્લ્ડ કપ માટે ટીમની ટૂંક સમયમાં પસંદગી થવાની છે અને આવી સ્થિતિમાં હાર્દિક પર શંકા છે. જો તે ફોર્મમાં નહીં આવે તો ટીમ ઈન્ડિયા માટે તેની ભરપાઈ કરવી ખૂબ મુશ્કેલ થઈ જશે.

## લખનૌએ ચેન્નાઈને બીજી વખત હરાવ્યું, ટોપ ૪ સ્પોટમાં સામેલ: સ્ટોઈનિસની ઈનિંગે ગાયકવાડની સદીને ઢાંકી દીધી, ૬૩ બોલમાં અણનમ ૧૨૪ રન ફટકાર્યા

### સ્ટોઈનસે છેલ્લી ઓવરમાં સતત ત્રણ ચોગ્ગા ફટકાર્યા: CSK આ હાર સાથે ટોપ ૪ સ્પોટમાંથી બહાર





ચેન્નાઈ : ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૭મી સિઝનમાં આજે ૩૯માં મુકાબલામાં ચેન્નાઈ સુપર કિંગ્સનો સામનો લખનૌ સુપર જાયન્ટ્સ સામે છે. મેચ પહેલા બંને ટીમના કપ્તાનો વચ્ચે ટોસ યોજાયો હતો, જેમાં લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન કેએલ રાહુલે ટોસ જીતી બોલિંગ પસંદ કરી હતી અને ચેન્નાઈ સુપર કિંગ્સને પહેલા બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. માર્કસ સ્ટોઈનિસની સદીની મદદથી લખનૌ સુપર જાયન્ટ્સે IPL-૨૦૨૪માં ચેન્નાઈ સુપર કિંગ્સને ૬ વિકેટથી હરાવ્યું. LSGની આ સિઝનની પાંચમી જીત છે. ટીમ પોઈન્ટ ટેબલમાં ૧૦ પોઈન્ટ સાથે ચોથા સ્થાને આવી ગઈ છે.

મંગળવારે ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં લખનૌએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. પ્રથમ બેટિંગ કરતા ચેન્નાઈએ ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૨૧૦ રન બનાવ્યા હતા. લખનઉએ ૨૧૧ રનનો ટાર્ગેટ ૧૯.૩ ઓવરમાં ૪ વિકેટે મેળવી લીધો હતો.

માર્કસ સ્ટોઇનિસે ૬૩ બોલમાં અણનમ ૧૨૪ રનની સદી ફટકારી હતી. તેણે ૧૩ ચોગ્ગા અને ૬ છગ્ગા ફટકાર્યા હતા. નિકોલસ પુરને ૧૫ બોલમાં ૩૪ રનનું યોગદાન આપ્યું હતું. મતિશ પથિરાનાને બે વિકેટ મળી હતી.

CSK તરફથી ઋતુરાજ ગાયકવાડે ૬૦ બોલમાં ૧૦૮ રનની અણનમ ઈનિંગ રમી હતી. તેની ઈનિંગમાં ૧૨ ચોગ્ગા અને ૩ છગ્ગાનો સમાવેશ થાય છે. શિવમ દુબેએ ૨૭ બોલમાં ૬૬ રન બનાવ્યા હતા. તેણે ૩ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા હતા. મેટ હેનરી અને મોહસીન ખાનને એક-એક વિકેટ મળી હતી.

### રહેમાનની ઓવરમાં સ્ટોઈનિસે સતત ચાર બાઉન્ડ્રી ફટકારી, લખનૌ ચોગ્ગાથી જીત્યું


છેલ્લી ઓવરમાં માર્કસ સ્ટોઈનિસે મુસ્તાફિઝુર રહેમાનની ઓવરમાં સતત ચાર બાઉન્ડ્રી ફટકારી હતી. આ બાઉન્ડ્રીની મદદથી લખનૌએ ૬ વિકેટે વિજય હાંસલ કર્યો હતો. માર્કસ સ્ટોઈનિસ ૬૩ બોલમાં ૧૨૪ રન બનાવીને અણનમ પરત ફર્યો હતો, જ્યારે દીપક હુડ્ડાએ ૬ બોલમાં ૧૭ અણનમ રનનું યોગદાન આપ્યું હતું.

### ગાયકવાડની ૫૬ બોલમાં સદી, સિઝનની ૮મી સદી

ઋતુરાજ ગાયકવાડે ૧૮મી ઓવરમાં પોતાના IPL કરિયરની બીજી સદી ફટકારી હતી. તેણે ૫૬ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. આ સિઝનની ૮મો ખેલાડી છે જેને સદી કરી છે.

### DGCAએ ફ્લાઈટ સીટ સિલેક્શન અંગેના નિયમોમાં ફેરફાર કર્યા

## એરલાઇન્સને ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને માતા અથવા પિતા સાથે બેસે તેના માટે વધારાના ચાર્જ વગર સીટ આપવી પડશે



નવી દિલ્હી : એરલાઈન્સે હવે ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને માતા-પિતા અથવા વાલી સાથે ફ્લાઇટમાં સીટો ફાળવવી પડશે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) એ આ સંબંધમાં નવી મુસાફરી માર્ગદર્શિકા જારી કરી છે.


ડીજીસીએએ કહ્યું છે કે જો બાળકો અને માતા-પિતા એક જ પીએનઆર પર મુસાફરી કરી રહ્યાં છે, તો તેમણે સીટ પસંદગી માટે કોઈ વધારાનો ચાર્જ ચૂકવવો પડશે નહીં. આ સાથે DGCAએ એરલાઈન્સને પણ પોતાનો રેકોર્ડ જાળવવા કહ્યું છે.

નાગરિક ઉડ્ડયન નિયમનકારે આ પગલું ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના તેમના માતા-પિતા અથવા વાલીઓ સાથે ન બેસવાના ઘણા કિસ્સાઓ બાદ ઉઠાવ્યું છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં, ઘણા મુસાફરોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આવા અનુભવો શેર કર્યા છે.

DGCA એ નવા નિયમો માટે ૨૦૨૧ ના હવાઈ પરિવહન પરિપત્ર ૦૧ માં સુધારો કર્યો છે. આ સાથે ૨૦૨૪ના એર ટ્રાન્સપોર્ટ સર્ક્યુલર (ATC)-૦૧માં પણ સુધારો કરવામાં આવ્યો છે. તેનું શીર્ષક 'અનબંડલિંગ ઓફ સર્વિસીસ એન્ડ ફીસ બાય શેડ્યુલ્ડ એરલાઈન્સ' છે.

૨૦૨૪નો હવાઈ પરિવહન પરિપત્ર એરલાઈન્સને શૂન્ય સામાન, પ્રેફરન્શિયલ સીટીંગ, ભોજન/નાસ્તો/ડ્રિંક ચાર્જ, સંગીતનાં સાધનોની ગાડી વગેરે જેવી સેવાઓ માટે વધારાનો ચાર્જ લેવાની મંજૂરી આપે છે. મુસાફરો પસંદગીના આધારે આ સેવાઓનો લાભ લઈ શકે છે.

## ગુજરાતમાં વિજ વપરાશ ૨૩,૦૦૦ મેગાવોટના આંકને વટાવી ગઈ



અમદાવાદ: ઉનાળાની ગરમી વધવાની સાથે રાજ્યમાં વીજ માંગ પણ વધી રહી છે, જે ૨૪,૦૦૦ મેગાવોટની નજીક છે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરના જણાવ્યા અનુસાર, ૨૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ગુજરાતની પીક પાવર ડિમાન્ડ ૨૩,૯૧૬ MW હતી, જે ૪૯૧ મિલિયન યુનિટ વીજ વપરાશની ઉનાળાની ઊંચી સપાટી સાથે સુસંગત છે.

ઉનાળાના ટોચના મહિનાઓ હજુ આગળ છે, નિષ્ણાતો માને છે કે આ વર્ષે, વીજ માંગ સપ્ટેમ્બર ૨૦૨૩ માં નિર્ધારિત ૨૪,૫૪૦ મેગાવોટના અગાઉના રેકોર્ડને વટાવી જશે.

બીજી તરફ, રાજ્યમાં સૌર ઉર્જા ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, ખાસ કરીને આ એપ્રિલમાં સ્પષ્ટ છે, જયાં એકલા ગ્રાઉન્ડ-માઉન્ટેડ સોલાર પેનલ્સે 5,605MW જનરેટ કર્યું હતું, જે ૨૦ એપ્રિલના રોજ ૪૩.૬૨ મિલિયન યુનિટ્સ થયું હતું. આ આંકડો રૂફટોપ ઈન્સ્ટોલેશનને બાદ કરતાં દર્શાવે છે રાજ્યમાં સૌર ઉર્જા ક્ષમતામાં નોંધપાત્ર વૃદ્ધિ. નોંધનીય છે કે એપ્રિલ ૨૦૧૯માં રાજ્યની પીક પાવર ડિમાન્ડ ૧૭,૮૬૫ મેગાવોટ હતી

## ઈઝરાયેલ ભારત સંબંધો: '૧૯૯૨ સુધી ઈઝરાયેલમાં ભારતીય રાજદૂત અને દૂતાવાસ કેમ ન હતા' : એસ જયશંકરે પ્રશ્ન પૂછયો



### વિદેશ મંત્રીએ કહ્યું, 'આ વિશે વિચારો અને પછી મને કહો કે વિશ્વાસની અમારી નીતિ પર કોઈ અસર નથી.' આ શું છે? શું આ વોટ બેંક નથી?

હૈદરાબાદ : ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકરે મંગળવારે (૨૩ એપ્રિલ) ના રોજ ઇઝરાયેલ પાસે ૧૯૯૨ સુધી રાજદૂત અને દૂતાવાસ ન હોવા અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. એસ જયશંકરે કહ્યું કે ૧૯૯૨ સુધી યહૂદી દેશ ઇઝરાયેલમાં ભારતના કોઈ રાજદૂત અને દૂતાવાસ કેમ નહોતા? જયશંકરે હૈદરાબાદમાં આયોજિત ફોરેન પોલિસી ધ ઈન્ડિયા વે: ફ્રોમ અવિશ્વાસ સુધીના કાર્યક્રમમાં આ વાત કહી હતી.

એસ જયશંકરે કહ્યું કે ઈઝરાયેલ જેવા દેશ વિશે વિચારો, આજે લોકો કહે છે કે બધા એક સરખા છે અને આપણે ધર્મને ચર્ચામાં ન લાવવો જોઈએ. તેમણે કહ્યું કે ઈઝરાયેલ ૧૯૪૮માં આઝાદ થયું. ૧૯૪૮ થી ૧૯૯૨ સુધી, અમે (ભારતે) ઇઝરાયેલમાં ભારતીય રાજદૂત અને દૂતાવાસ ન રાખવાનું પસંદ કર્યું. શા માટે? અમારી પાસે ૧૯૯૨ થી એમ્બેસી હતી. ૧૯૯૨થી ૨૦૧૭ સુધી જ્યારે વડાપ્રધાન મોદી ઈઝરાયલ ગયા ત્યારે ભારતના કોઈ વડાપ્રધાન ત્યાં ગયા ન હતા.

''આ વિશે વિચારો અને પછી મને કહો કે વિશ્વાસની અમારી નીતિ પર કોઈ અસર નથી.'' આ શું છે? શું આ વોટ બેંક નથી? ભારતે ૧૯૫૦માં ઈઝરાયેલને સત્તાવાર રીતે માન્યતા આપી હતી, પરંતુ બંને દેશોએ ૨૯ જાન્યુઆરી ૧૯૯૨ના રોજ રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા હતા.

# ‘હિટવેવ’ સામે ટાસ્કફોર્સની રચના કરતા કલેકટર : માર્ગદર્શિકા જાહેર

## જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક, અધિક કલેકટર, વીજ કંપનીના અધિક્ષક ઈજનેર સહિતના ૩૦ સભ્યોને સોંપાતી જવાબદારી : તકેદારીના પગલા લેવા આદેશ



રાજકોટ, તા. ૨૪

ઉનાળાનો પ્રારંભ થતાની સાથે જ સુર્યનારાયણે આકાશમાંથી અગનગોળા વરસાવવાનું શરૂ કરી દીધુ છે. જેના પગલે તાપમાનનો પારો સતત ઉંચકાવા લાગેલ છે. આ દરમ્યાન આગામી સમયમાં હિટવેવની કરાયેલ આગાહીના પગલે વહીવટી તંત્ર બચાવ રાહતના પગલા લેવા માટે એલર્ટ બની જવા પામેલ છે. હિટવેવ સામે જિલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા ડિસ્ટ્રીકટ હિટ એકશન ટાસ્ક ફોર્સ કમીટીની તાકીદની અસરથી રચના કરી દેવામાં આવી છે.

જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને રચાયેલી આ ડિસ્ટ્રીકટ હિટ એકશન ટાસ્ક ફોર્સ કમીટીમાં સભ્ય સચિવ તરીકે જિલ્લા વિકાસ અધિકારી તેમજ સભ્યમાં જિલ્લા પોલીસ અધિક્ષક, અધિક કલેકટર, વિજ કંપનીના અધિક્ષક ઈજનેર, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પ્રાંત અધિકારીઓ, જિલ્લા પુરવઠા અધિકારી, આરોગ્ય અધિકારી, માર્ગ મકાન વિભાગના ઈજનેર, જિલ્લા શિક્ષણાધિકારી, વન સંરક્ષક સહિતના ૩૦ સભ્યોને જવાબદારી સોંપી દેવામાં આવેલ છે.

હિટવેવની આગાહીના પગલે રાજય સરકાર દ્વારા ખાસ ગુજરાત હિટવેવ એકશન પ્લાન ૨૦૨૪ તૈયાર કરવામાં આવેલ છે. હિટવેવને સાયલન્ટ ડિઝાસ્ટર તરીકે ગણવામાં આવતું હોય, રાજકોટ જિલ્લામાં આ હિટવેવ એકશન પ્લાનનો ચુસ્તપણે અમલ કરી તકેદારીના પગલા લેવા માટે જિલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આદેશ કરી દેવામાં આવેલ છે. આ માટે જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં હિટવેવ સંબંધી ટ્રીપેડનેસ અંગે કરવાની થતી કામગીરી અંગે માર્ગદર્શિકા પણ જાહેર કરી અને ચુસ્તપણે અમલ કરવા માટે અધિકારીઓને તાકીદ કરી દેવામાં આવી છે.

હિટવેવ એકશન પ્લાન અંતર્ગત

(અનુસંધાન છઠ્ઠા પાને)

# મવડી હેડ કવાર્ટરમાં દસમા માળેથી પડતું મૂકી કોન્સ્ટેબલ ભાર્ગવ બોરીસાગરનો આપઘાત

## રાજકોટ રૂરલ પોલીસમાં રીડર શાખામાં ફરજ બજાવતા ભાર્ગવના એક વર્ષ પહેલા જ લગ્ન થયા હતા : આત્મહત્યા શા માટે કરી ? પોલીસની તપાસ

## મૃતક કોન્સ્ટેબલ રાજકોટ શહેર એલસીબી ઝોન– ૨ના પીએસઆઇ બી.વી. બોરીસાગરના ભત્રીજા થાય, બનાવથી પરિવાર સ્તબ્ધ

રાજકોટ, તા.૨૪

મવડી હેડ કવાર્ટરમાં દસમા માળેથી પડતું મૂકી કોન્સ્ટેબલ ભાર્ગવ કમલેશભાઈ બોરીસાગર (ઉ.વ.૨૩)એ આપઘાત કરી લેતા પોલીસ બેડાંમાં ચકચાર મચી ગઇ છે. રાજકોટ રૂરલ પોલીસમાં રીડર શાખામાં ફરજ બજાવતા ભાર્ગવના એક વર્ષ પહેલા જ લગ્ન થયા હતા. આત્મહત્યા શા માટે કરી? પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. મૃતક કોન્સ્ટેબલ રાજકોટ શહેર એલસીબી ઝોન - ૨ના પીએસઆઇ બી.વી. બોરીસાગરના ભત્રીજા થાય છે. બનાવથી પરિવાર સ્તબ્ધ થઈ ગયો છે. આ પગલું કેમ ભરી લીધું તેની પરિવારને પણ જાણ નથી.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસનું હેડ કવાર્ટર રાજકોટના મવડી વિસ્તારમાં આવેલ છે. આજે સવારે ત્યાં એક યુવાને બહુમાળી ગિરનાર તરીકે ઓળખાતા કવાર્ટરના દસમા માળેથી પડતું મૂકી જીવન ટૂંકાવી લીધું હતું. પોલીસ પરિવારમાં જાણ થતાં કોઈએ જઈને જોયું તો આ યુવાન બીજું કોઈ નહીં પણ રાજકોટ એસપી કચેરી ખાતે રીડર શાખામાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવનાર ભાર્ગવ બોરીસાગર હતો. સૂત્રોએ જણાવ્યું કે, હાલ શહેરમાં

(અનુસંધાન છઠ્ઠા પાને)

## કલમ ૧૪૪ હેઠળના અમદાવાદના પોલીસ કમિશ્નરના પરિપત્રને પડકાર

# કાળા વાવટા- વિરોધ પ્રદર્શન પર પ્રતિબંધ મુદે ક્ષત્રિયો હાઈકોર્ટમાં

### શા કારણોથી પ્રતિબંધ મુકવો પડયો તે દર્શાવાયુ નથી, જીલ્લા કલેકટરનો અભિપ્રાય પણ નહી મેળવાયો હોવા સહિતની દલીલ



અમદાવાદ: ગુજરાતમાં લોકસભા ચૂંટણી સમયે અમદાવાદ પોલીસ કમિશ્નર દ્વારા ચુંટણી લડતા ઉમેદવારો કે તેમની પ્રચાર સભા કે રેલી સહિતના સ્થળો પર કાળા વાવટા ફરકાવવા સહિતના દેખાવો પર કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધ મુક્યો છે તેની સામે ક્ષત્રિય સમાજ હવે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને આ પ્રકારના શાંતિપૂર્ણ વિરોધનો લોકોનો અધિકાર છીનવાઈ રહ્યો હોવાની ફરિયાદ કરી છે. કરણી સેનાના પુર્વ કન્વીનર તથા ક્ષત્રિય અગ્રણી અર્જુનસિંહ ગોહિલે પોલીસ કમિશ્નરના આ પરિપત્રને પડકાર્યો છે. ગત સપ્તાહે આ જાહેરનામું બહાર પડયુ હતું. રાજયભરમાં ક્ષત્રિય આંદોલન ચાલી રહ્યો છે તેમાં હાલ આ પ્રકારનો પ્રતિબંધ ફક્ત અમદાવાદમાં જ મુકાયો છે તે સૂચક છે.

અરજીમાં જણાવ્યું છે કે આ પ્રકારના પ્રતિબંધો ફકત તાકીદની સ્થિતિને ધ્યાનમાં રાખીને મુકવામાં આવે છે અને પરિપત્રમાં આવી કોઈ પરીસ્થિતિ સર્જાઈ હોય તેવું દર્શાવાયુ નથી. આ ઉપરાંત પોલીસ કમિશ્નરે આ પ્રકારના કલમ ૧૪૪ હેઠળના પ્રતિબંધાત્મક આદેશો અંગે જીલ્લા કલેકટરનો અભિપ્રાય લેવાનો હોય છે અને આ કેસમાં આ પ્રકારનો અભિપ્રાય મેળવાયો નથી.

ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપના ચુંટણી પ્રચાર કાર્યક્રમો અને કાર્યાલયો તથા રેલીમાં વિરોધ પ્રદર્શન રૂપે આ પ્રકારે કાળા વાવટા દેખાડે છે અને આ રીતે વ્યાપક વિરોધ બનતા ભાજપે તેના ગ્રામીણ ક્ષેત્રોમાં તેના અનેક કાર્યક્રમો રદ કરવા પડી રહ્યા છે. ગઈકાલે હાઈકોર્ટમાં આ અરજી પર કઈ બેન્ચને વિચારણા માટે સુપ્રત કરવા સહિતના મુદે હવે નિર્ણય લેવા જણાવ્યુ હતું. જસ્ટીસ વી.ડી.નાણાવટી સમક્ષ અરજદારે હવે ચુંટણીમાં ૧૫ દિવસ જ બાકી રહ્યા છે તેથી અરજન્ટ હીયરીંગ માંગ્યુ હતું. પણ તેવો કોઈ સંકેત મળ્યો નથી.

# કુપોષણથી પીડિત છ વર્ષિય બાળકનો બીમારીએ ભોગ લીધો

## જંગલેશ્વરનો મોઈનુદ્દીન શેખ જન્મથી જ બિમાર રહેતોઃ આજે સવારે બેભાન થઈ જતાં બાળકે સારવારમાં દમ તોડયો

રાજકોટ, તા.૨૪

કુપોષણથી પીડિત છ વર્ષિય બાળકનો બીમારીએ ભોગ લઈ લીધો છે.જંગલેશ્વરમાં રહેતો મોઈનુદ્દીન શેખ જન્મથી જ બિમાર રહેતો હોય જેની

(અનુસંધાન છઠ્ઠા પાને)


ફ્રી ઝોન પ્લોટ મોકાની જગ્યા વેચવાની છે
ભાવનગર હાઈવે ટચ ૪૦૦૦ વાર આસપાસ
સરધારથી ૨ કીમી રોડ ટચ, હોટલ તેમજ પેટ્રોલ પંપ માટે બેસ્ટ લોકેશન
જયેશ: ૯૮૨૪૫ ૦૮૫૨૧

Godrej Europa
અલ્ટ્રા લોક ચાવી ૫ મિનિટમાં
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૨૩૩૦૧૨, ૨૨૩૯૭૬૪

Edible Oil Broking Co., Rajkot
REQUIRE
Female (Graduates)
• Telephonic Sales Executive
• Exp. 2 - 5 Yrs. in Marketing & Share Market
• Computer Basic Course knowledge
Send your CV on : aasthabroker@gmail.com
Mob. 98252 22436
MANISH ADS










## રાજયની ૨૫ લોકસભા બેઠક પર આજથી ૧૨ દિવસ જાહેર પ્રચારનો માહોલ

# હવે પ્રચારનો રંગ જામશેઃ મોદી-અમીત શાહ-પ્રિયંકા ગાંધીની રેલી-રોડ શો



**વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૧-૨ના બે દિવસ ગુજરાતમાં પ્રચાર કરશેઃ તા.૨ના સૌરાષ્ટ્રમાં જુનાગઢ અને સુરેન્દ્રનગરમાં રેલીની તૈયારીઃ અમીત શાહ કાલે ઉપરાંત તા.૨૭ ગુજરાતમાંઃ જામકંડોરણામાં શનિવારે મનસુખ માંડવીયાના સમર્થનમાં જબરી સભાનું આયોજનઃ ત્રણ બેઠકોને આવરી લેશે**

**પ્રિયંકા ગાંધી તા.૨૭ના ધરમપુરમાંઃ વલસાડ બેઠક લડી રહેલા કોંગ્રેસના યુવા ઉમેદવાર અનંત પટેલના ટેકામાં સભાઃ 'આપ'માં કેજરીવાલની ગેરહાજરીમાં ભગવંત માન સ્ટાર પ્રચારકઃ પ્રથમ રાઉન્ડમાં ભાવનગર-ભરૂચમાં પ્રચાર કર્યા બાદ હજું એક પ્રવાસ શકય**

રાજકોટઃ લોકસભા ચુંટણીના ત્રીજા તબકકાના તા.૭ મે ના રોજ યોજાનારા મતદાન માટે ગુજરાતમાં ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થતા જ હવે પ્રચારનો રંગ જામશે અને રાજયમાં આ ચુંટણીમાં ભાજપ વિરુદ્ધ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના મુકાબલામાં જે રીતે ક્ષત્રિય સમાજે મોરચો માંડયો છે તેથી સૌરાષ્ટ્ર ઉપરાંત ગુજરાતની અનેક બેઠકો પર પણ રસપ્રદ સમીકરણો બનશે તે સાથે રાજયની પાંચ ધારાસભા બેઠકો પર પણ કોંગ્રેસમાંથી કેસરીયા કરનાર પુર્વ ધારાસભ્યો હવે 'કમળ' ના નિશાન પર ચુંટણી લડી રહ્યા છે અને તેમાં પણ જે રીતે ભાજપમાં ભરતીમેળા સહિતના મુદે અસંતોષ છે તે ફેકટર કેટલું અસર કરે છે તે જોવું મહત્વનું બની જશે. પ્રારંભમાં બે બેઠકોના ઉમેદવાર બદલવા પડયા અને અનેક બેઠકો પર જાહેર થયેલા ઉમેદવારો સામે સ્થાનિક વિરોધ થયો તે બાદ પક્ષમાં આંતરિક રીતે ઘણું ગ્રાઉન્ડ કવર કરી લીધુ છે. જો કે ક્ષત્રિય સમાજના આંદોલનમાં કેટલું ડેમેજ થશે અને કેટલું કંટ્રોલ થઈ શકશે તે અંગે હજું ખુદ ભાજપ જ દ્વીધામાં છે તે વચ્ચે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે તેમના હોમ સેટ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે અને ભાજપના અન્ય સ્ટાર પ્રચારકો પણ હવે ગુજરાતમાં ચુંટણીસભામાં ગજવશે તો બીજી તરફ કોંગ્રેસ પક્ષનો મુખ્યત્વે તેના ઉમેદવારોના જોરે જ ચુંટણી લડે છે અને ચાર-પાંચ બેઠકો પર સ્થાનિક લોકપ્રિયતાના કારણે ભાજપ સામે પડકાર સર્જી રહ્યા છે તેમાં તેઓને રાજય કે કેન્દ્રીય મોવડી કક્ષાનો સપોર્ટ પણ નહીવત છે અને કોંગ્રેસના સ્ટાર પ્રચારક સોનિયા-રાહુલ ગુજરાતમાં ચુંટણી પ્રચારમાં આવશે કે કેમ તે પણ પ્રશ્ન છે પરંતુ પ્રિયંકા ગાંધી તા.૨૭ના રોજ ગુજરાત અને દીવ-દમણ-દાદરાનગર હવેલી પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે. તા.૨૭ના તેઓ વલસાડ બેઠક પર ચુંટણી લડી રહેલા કોંગ્રેસના મજબૂત ગણાતા ઉમેદવાર અનંત પટેલ માટે ધરમપુર ખાતે એક જબરી સભાને સંબોધન કરશે અને આ માટે તૈયારીઓ થઈ રહી છે. આ ઉપરાંત પ્રિયંકાના અન્ય કાર્યક્રમો પણ ગોઠવવાની તૈયારી છે. બીજી તરફ બે બેઠક લડી રહેલા આમ આદમી પાર્ટીને તેના એકમાત્ર સ્ટાર પ્રચારક અરવિંદ કેજરીવાલની ખોટ પડશે જેઓ હાલ જેલમાં છે. જો કે પંજાબના મુખ્યમંત્રી શ્રી ભગવંત માન ભાવનગર અને ભરૂચમાં પક્ષના ઉમેદવાર માટે રોડ-શો રેલી સભા કરી ગયા અને તે રીતે જુવાળ સર્જવા પ્રયત્ન કર્યા છે અને છતા પણ 'આપ' એ પણ મોટાભાગે તેના ઉમેદવારની તાકાત પર જ ચુંટણી લડે છે.

### મોદી-શાહ આવે છે

દિલ્હી અને ગાંધીનગર બન્ને સતાના કેન્દ્રો પરથી ભરપુર મદદ સાથે રાજયભરના ભાજપના ઉમેદવારો ચુંટણી લડી રહ્યા છે અને હવે છેલ્લા ૧૨ દિવસના પ્રચારમાં (તા.૫ના સાંજથી પડધમ શાંત થશે) વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૧ અને ૨ મે ના રોજ ગુજરાતમાં પ્રચારમાં આવી રહ્યા છે અને બાદમાં તેઓ તા.૭ના મતદાન માટે અમદાવાદ આવશે તે પણ ભાજપ માટે એક મહત્વનો પ્રચાર બની જશે.

શ્રી મોદી ગુજરાતના સ્થાપના દિને જ આવી રહ્યા છે અને તા.૧-૨ મેના પ્રવાસમાં સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાં છ રેલીઓને સંબોધન કરશે તથા વડોદરા જયાં ભાજપને ઉમેદવાર બદલવા પડયા હતા તે મહાનગરની સંસદીય બેઠક પર રોડ શો કરશે. વડાપ્રધાન મોદી ૨૦૧૪માં વડોદરાની બેઠક પરથી તેમની પ્રથમ લોકસભા ચૂંટણી લડયા હતા અને આ મહાનગર સાથે તેમનો જબરો લગાવ છે. તા.૧ મેના રોજ મોદી બનાસકાંઠા, આણંદમાં પણ સભાઓને સંબોધીત કરશે. આ બેઠકો પર ઉમેદવાર સામે અસંતોષ ઉપરાંત કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો મજબૂત છે તેથી વડાપ્રધાને તે ક્ષેત્રમાં વધુ ધ્યાન આપવાનું નકકી કર્યુ છે. તા.૨ના રોજ વડાપ્રધાન સૌરાષ્ટ્રમાં જુનાગઢ અને સુરેન્દ્રનગરમાં સભાને સંબોધે તેવો કાર્યક્રમ તૈયાર થઈ રહ્યો છે. આ ઉપરાંત ભરૂચ અને સાબરકાંઠામાં પણ તેઓ સભાને સંબોધશે. આમ બે દિવસ તેઓ ગુજરાતમાં ભાજપનો પ્રચાર કરશે. બાદમાં તેઓ તા.૭ના રોજ સીધા મતદાન કરવા જ ગુજરાત આવે તેવા સંકેત છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આવતીકાલે તા.૨૫ના ગુજરાત આવી રહ્યા છે અને તા.૨૭ના રોજ સૌરાષ્ટ્રમાં કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવીયા જે પોરબંદર લોકસભા બેઠક લડી રહ્યા છે તેમને માટે પ્રચારમાં જામકંડોરણામાં જબરી સભાને સંબોધશે. આ વિસ્તારમાં ખેડુત મતદારો વધુ છે અને પોરબંદર ઉપરાંત જામકંડોરણા અને રાજકોટ લોકસભા બેઠક પર ત્યાં પ્રચારની અસર થશે. ઉપરાંત તેઓ ઉ.ગુજરાતમાં બારડોલીમાં સભા સંબોધશે. ભાજપે જયાં ક્ષત્રિય આંદોલનની અસર છે અને જયાં ઉમેદવાર બદલવા પડયા અને આંતરિક અસંતોષ છે તે મતવિસ્તારોમાં વધુ ધ્યાન આપવાનો નિર્ણય લીધો છે. જો કે રાજયની સુરત બેઠક બિનહરીફ જીત્યા પુર્વે અનેક બેઠક પર ભાજપે નાના-મોટા ઈશ્યુઓ જેમાં પક્ષમાં આંતરિક અસંતોષ મુખ્યત્વે હતો તેને લગભગ કવર કરી લીધો છે પણ હજું ક્ષત્રિય આંદોલન અંગે પક્ષ કોઈ આખરી વ્યુહ બનાવી શકયો નથી.

# કોંગ્રેસ તમારી સંપત્તિ છીનવી લેશે, તમારૂ મંગળસૂત્ર પણ સુરક્ષિત નહિ રહે : અલીગઢ રેલીમાં પીએમ મોદીએ કર્યા કોંગ્રેસ પર પ્રહાર

લખનઉ : કોંગ્રેસ દેશની સંપત્તિ મુસ્લિમોમાં વહેંચી દેશે તેવી તેમની કથિત ટિપ્પણીથી ઉદભવેલા વિવાદ. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું કે કોંગ્રેસ હવે 'મંગલસૂત્ર' સહિત લોકોની પાસેનું સોનું છીનવી લેવા માંગે છે અને અન્ય મિલકતોનું પણ વિતરણ કરો.



અલીગઢ ખાતે ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ કોંગ્રેસને 'રામ-વિરોધી' તરીકે પણ ગણાવ્યું હતું અને કહ્યું હતું કે મોટી જૂની પાર્ટી વિચારે છે કે દેશને ''લૂંટ'' કરવાનો તેનો ''જન્મસિદ્ધ અધિકાર'' છે.

અલીગઢ ખાતે ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ કોંગ્રેસને 'રામ-વિરોધી' તરીકે પણ ગણાવ્યું હતું અને કહ્યું હતું કે મોટી જૂની પાર્ટી વિચારે છે કે દેશને ''લૂંટ'' કરવાનો તેનો ''જન્મસિદ્ધ અધિકાર'' છે.

''કોંગ્રેસ કે શહેઝાદે (રાહુલ ગાંધી) કા કહેના હૈ કી અગર ઉનકી સરકાર આયી તો લોગોં કી સંપત્તી કી જાંચ કરેંગે... અબ ઉનકી નજર હમાર માતા બેહનો કી સંપત્તી ચિન્ને પર હૈ... ઉનકી નજર આપકે મંગલસૂત્ર પર હૈ , કોંગ્રેસના રાજકુમાર કહે છે કે જો તેમની પાર્ટી સરકાર બનાવશે તો તે લોકોની સંપત્તિની તપાસ શરૂ કરશે... હવે તેઓ અમારી માતાઓ અને બહેનોની મિલકતો છીનવી લેવા માંગે છે... હવે તેઓ તમારા મંગળસૂત્રો પર નજર રાખે છે.'' વડા પ્રધાને જણાવ્યું હતું.

''તેઓ (કોંગ્રેસ) કોણે કમાણી કરી છે અને કેટલી કમાણી કરી છે તે જાણવા માટે સર્વે કરવા માંગે છે ... જો તમારી પાસે બે ઘર છે તો તેઓ એક લેશે,'' તેમણે ઉમેર્યું.

મોદીએ એમ પણ કહ્યું કે કોંગ્રેસ 'માઓવાદ'ના પ્રભાવમાં છે. ''આ વિચારધારાએ ઘણા દેશોને બરબાદ કર્યા છે અને હવે કોંગ્રેસ આ વિચારધારાને દેશમાં લાગુ કરવા માંગે છે,''તેમણે ઉમેર્યું.

વડા પ્રધાને કહ્યું હતું કે કોંગ્રેસ વિચારે છે કે દેશને ''લૂંટવુ''તેનો ''જન્મસિદ્ધ અધિકાર'' છે. ''તેઓએ (કોંગ્રેસ) ગરીબોને કંઈ આપ્યું નથી અને તેમના પરિવારો માટે માત્ર સંપત્તિ એકઠી કરી છે,'' તેમણે કહ્યું.

મોદીએ ઉમેર્યું હતું કે કોંગ્રેસે રામ મંદિર અભિષેક સમારોહ માટેના આમંત્રણને નકારી કાઢ્યું હતું

'રાધે-રાધે' (ભગવાન કૃષ્ણની પત્ની) ના નારા સાથે તેમના ભાષણની શરૂઆત કરનારા મોદીએ એમ પણ કહ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં જે સંરક્ષણ કોરિડોર બનાવવામાં આવ્યો હતો તે કોંગ્રેસ સરકારના શાસનમાં ક્યારેય બનાવવામાં આવ્યો ન હોત કારણ કે તેના હેઠળ જે સંરક્ષણ કરાર કરવામાં આવ્યા હતા તે શાસન ભ્રષ્ટાચારમાં ડૂબી ગયા.

દેખીતી રીતે મતવિસ્તારમાં મોટા મુસ્લિમ મતદારો પર નજર રાખીને, મોદીએ ટ્રિપલ તલાકને નાબૂદ કરવાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે નવા કાયદાથી મુસ્લિમ મહિલાઓને ઘણો ફાયદો થયો છે. મોદીએ લોકોને મોટી સંખ્યામાં મતદાન કરવાની અપીલ પણ કરી હતી.

**દેશની આઝાદી બાદ ૫૫ વર્ષ કોંગ્રેસ શાસનમાં હતું, શું ક્યારેય કોઈનું સોનું - મંગળસૂત્ર લેવાયું છે ?**

# યુદ્ધ વખતે ઈન્દિરાજીએ દેશને સોનું આપ્યું હતું, મારી માતાનું મંગળસૂત્ર આ દેશ માટે કુરબાન થયું છે : પ્રિયંકાનો મોદી પર પલટવાર

નવી દિલ્હી :

કોંગ્રેસ વતી પ્રિયંકા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર વળતો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે કેવા પ્રકારની વાતોથી ગેરમાર્ગે દોરવામાં આવી રહી છે. છેલ્લા બે દિવસથી એવું કહેવામાં આવે છે કે કોંગ્રેસ પાર્ટી તમારું મંગળસૂત્ર અને સોનું છીનવી લેવા માંગે છે. ચૂંટણી રેલીમાં પ્રિયંકાએ કહ્યું કે આ દેશ ૭૦ વર્ષથી આઝાદ છે. ૫૫ વર્ષથી કોંગ્રેસની સરકાર છે, તમારી પાસેથી કોઈએ સોનું છીનવ્યું? શું તમારું મંગળસૂત્ર છીનવી લેવામાં આવ્યું હતું? પીએમ મોદીને જવાબ આપતાં પ્રિયંકાએ કહ્યું કે તેની માતાનું મંગળસૂત્ર આ દેશ માટે બલિદાન આપ્યું છે. જો મોદીજીને મંગલસૂત્રનું મહત્વ સમજાયું હોત તો તેમણે આવી અનૈતિક વાતો ન કરી હોત. ભાજપ પર પ્રહાર કરતા





પ્રિયંકાએ કહ્યું કે, ઈન્દિરા ગાંધીએ યુદ્ધ દરમિયાન પોતાનું સોનું દેશને આપ્યું હતું. જો લોકસભાની ચૂંટણીની ચર્ચા હોય તો એ જાણવું જરૂરી છે કે એવું શું થયું કે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને પોતાનું સોનું દેશને આપવું પડ્યું.

તે સમયે ઈન્દિરા ગાંધી વડાપ્રધાન ન હતા. પંડિત નેહરુ વડાપ્રધાન હતા. ચીને ૧૯૬૨માં યુદ્ધ શરૂ કર્યું હતું. દેશ સંકટમાં હતો. આવી સ્થિતિમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધીના લોકો મદદ માટે આગળ આવ્યા. તે સમયે, ફિલ્મ સ્ટાર એમજી રામચંદ્રને નેશનલ ડિફેન્સ ફંડમાં ૭૫,૦૦૦ રૂપિયાનું દાન આપ્યું હતું. લોકોમાં દેશભક્તિની લાગણી પ્રબળ હતી.

**ઈન્દિરાએ ૩૩૬ ગ્રામ સોનું આપ્યું હતું**

ચીનીઓને પાઠ ભણાવવા માટે સ્વયંસેવકોની સેનામાં જોડાવા માટેની સ્પર્ધા હતી. મહિલાઓએ રાઈફલ વાપરવાની તાલીમ પણ લીધી હતી. બોલિવૂડ પણ પાછળ નથી. અભિનેતા દિલીપ કુમાર, રાજ કપૂર અને મીના કુમારીએ પણ ૫૦,૦૦૦ રૂપિયાનું દાન આપ્યું હતું. પછી ઈન્દિરા ગાંધીએ મહિલાઓના પૈસા દાનમાં આપવાનું શરૂ કર્યું. તે વર્ષે ૨ નવેમ્બરે અખબારોમાં અહેવાલ પ્રકાશિત થયો હતો. ઈન્દિરાએ નેશનલ ડિફેન્સ ફંડમાં ૩૩૬ ગ્રામ સોનું આપ્યું હતું. તે સમયની એક તસવીર પણ ખૂબ ચર્ચામાં આવી હતી જેમાં ઈન્દિરા પોતાના ઘરેણાં જમા કરતી જોવા મળે છે. ટેબલ પર સાંકળો અને બંગડીઓ દેખાય છે.

# માર્કેટિંગ યાર્ડના વેપારી સાથે ૧૭ લાખની છેતરપીંડી આચરનાર કનુ પટેલ ઝડપાયો

## છ વર્ષથી ફરાર મૂળ પાટણના શખ્સને ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચી લીધો

રાજકોટ.તા.૨૪

માર્કેટિંગ યાર્ડના વેપારી સાથે ૧૭ લાખની છેતરપીંડી આચરનાર છ વર્ષથી ફરાર મૂળ પાટણના કનુ પટેલને ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



શહેરમાં શરીર સબંધી તેમજ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા માટે અને અનડીટેકટ ગુનાઓ ડિટેકટ કરી આગામી લોકસભા ચૂંટણી અન્વયે નાસતા ફરતા આરોપીને પકડી પાડવા પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની સૂચનાના પગલે ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ ડી.સી. સાકરીયા અને ટિમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એએસઆઈ રણજીતસિંહ પઢીયાર, પો.હેડ.કોન્સ.હરદેવસિંહ રાઠોડ, સંજયભાઈ દાફડા, વિજયરાજસિંહ જાડેજાને ખાનગી રાહે હકીકત મળી હતી કે, કુવાડવા પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૮ માં જીરા અને ચણાની રૂ.૧૭.૬૬ લાખની ખરીદી કરી માલ બરોબર વેંચી નાંખી પૈસા ન ચૂકવી છેતરપીંડી કરનાર કનુ ડાયાભાઈ પટેલ (ઉ.વ.૫૪,રહે-મોરબી પીપળી રોડ, કારખાનામા)ને ઝડપી પાડી કુવાડવા પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# આઈટીઆઈ કોલેજ પાસેથી તમંચા સાથે કુખ્યાત સલીમ જુણેજા ઝડપાયો

## દારૂ, મનીલેન્ડ, ઘરફોડ ચોરી સહિતના ગુનામાં સંડોવાયેલ શખ્સને એસઓજીની ટીમે દબોચી પુછપરછ હાથ ધરી

રાજકોટ, તા. ૨૪

અમુલ સર્કલ નજીક આઈટીઆઈ કોલેજ પાસેથી દેશી તમંચા સાથે કુખ્યાત સલીમ જુણેજાને એસઓજીની ટીમે દબોચી પુછતાછ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ એસઓજી પી.આઈ. જે.એમ.કૈલાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સાથેના કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ ઝાલાને અમુલ સર્કલથી આજી ડેમ ચોકડી તરફ આઈટીઆઈ કોલેજની સામે આનંદ નાસ્તા હાઉસ લારી પાસે ગેરકાયદેસર હથિયાર સાથે એક શખ્સ ઉભો હોવાની મળેલ ચોકકસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી સમીર ઉર્ફે સલીમ ઉર્ફે સલીયો આમદ જુણેજા (ઉ.વ.૨૩, રહે. આનંદનગર મેઈન રોડ, બ્લોક નં. એલ-૬, નિલકંઠ સિનેમા સામે, કોઠારીયા રોડ)ને પકડી તેની તપાસ કરતા તેની પાસેથી એક દેશી બનાવટનો તમંચો મળી આવતા સમીર ઉર્ફે સલીમની એસઓજીની ટીમે ધરપકડ કરી રૂા. પાંચ હજારનો તમંચો કબ્જે કર્યો હતો.

એસઓજીની ટીમે સમીર તમંચો કયાંથી લાવ્યો અને કોઇ ઉપયોગમાં લેવાનો હતો કે કોઇને સપ્લાય કરવાનો હતો. તે અંગેની પુછતાછ કરવા રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે આરોપી સમીર ઉર્ફે સલીમ વિરૂધ્ધ શહેરના અલગ અલગ પોલીસ મથકમાં દારૂ, ઘરફોડ ચોરી, મનીલેન્ડ સહિતના ૯ ગુના નોંધાયેલ છે.

# કો-ઓપરેટીવ બેન્ક કૌભાંડમાં અજીત પવાર, પત્ની સુનેત્રા, ભત્રીજા રોહિતને કલીનચીટ

## ૨૫ હજાર કરોડના કૌભાંડમાં આર્થિક અપરાધ શાખાની વિંગે કહ્યું, અજીત સહિત કોઇ સામે પુરાવા નથી મળ્યા

મુંબઈ, તા. ૨૪

મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી અજીત પવાર અને તેમના પત્ની સુનેત્રા પવારને કો-ઓપરેટીવ બેન્કના આર્થિક કૌભાંડ કેસમાં રાહત મળી છે. આર્થિક અપરાધ શાખા અર્થાત ઈઓડબલ્યુ તરફથી તેમને ૨૫ હજાર કરોડના મહારાષ્ટ્ર સ્ટેટ કો-ઓપરેટીવ બેન્ક કૌભાંડમાં કલીનચીટ મળી ગઈ છે. અજીત પવાર, પત્ની સુનેત્રા ઉપરાંત ભત્રીજા રોહિત પવાર સાથે જોડાયેલી કંપનીઓને પણ કલીનચીટ મળી ગઈ છે. જોકે ઈડી તરફથી દાખલ ચાર્જશીટમાં જણાવ્યું છે કે ગુરૂ કમોડીટી અને જરાંદેશ્વર શુગર



મિલ્સને લીઝને વાસ્તવિક દર્શાવવા કાગળ પર લેવડ દેવડ કરી હતી.

ઈઓડબલ્યુ તરફથી દાખલ કલોઝર રીપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જરાંદેશ્વર કો-ઓપરેટીવ સુગર મિલને ગુરૂ કમોડીટીથી જરાંદેશ્વર શુગર મિલ્કત પ્રાઈવેટ લિમિટેડને રેન્ટ પર લેવામાં કોઈપણ ગેરકાયદે ગતિવિધિ સામેલ નથી.

ખાસ બાબત એ છે કે આ મામલાની તપાસ કરી રહેલી ઈઓડબલ્યુએ વર્ષ ૨૦૨૦માં કલોઝર રીપોર્ટ દાખલ કર્યો હતો પણ બાદમાં અજીત પવાર અને ભત્રીજા રોહિત પવારની તપાસ માટે કોર્ટમાં પહોંચી હતી અને ફાઈલ બીજીવાર ખોલવાની માંગ કરી હતી. જાન્યુઆરીમાં ઈઓડબલ્યુએ બીજો રીપોર્ટ દાખલ કર્યો હતો અને કેસને બંધ કરવાની માંગ કરી હતી. વિંગનું કહેવું હતું કે અજીત સહિત કોઈની વિરૂધ્ધ કોઈ પુરાવા નથી મળ્યા.

# મેકિસકોની બોર્ડર પર ડંકી વેથી ઘુસણખોરી કરાવતા માફિયા ડોન્કર્સ વચ્ચે ગેંગવોરઃ આઠના મોત

## મેકિસકોના ચિવાવ સિટી પાસે આઠના મૃતદેહો મળી આવ્યાઃડોન્કર્સ ગેંગ બોર્ડર ક્રોસ કરાવવા ૨૦ હજાર ડોલર લેતી હોય છે

અમદાવાદ,તા.૨૪

મેક્સિકો કેટલો ખતરનાક દેશ છે તેનો અનુભવ ઈલીગલી અમેરિકા ગયેલા ઘણા ગુજરાતીઓને થયો હશે. આખી દુનિયા જાણે છે કે મેક્સિકોમાં ડ્રગ્સ સિવાય બીજો સૌથી મોટો બેનંબરી ધંધો અલગ-અલગ દેશોમાંથી આવતા લોકોને ઈલીગલી બોર્ડર ક્રોસ કરીને અમેરિકામાં ઘૂસાડવાનો છે અને આ ધંધા પર અમુક માફિયા ગેંગ્સનું જબરજસ્ત વર્ચસ્વ છે. જોકે, મેક્સિકોની માફિયા ગેંગ્સ વચ્ચે પણ ઘણીવાર ગેંગવોર થતું રહે છે અને તેનો અંજામ ખૂબ જ ભયાનક આવતો હોય છે.




આવી જ એક ઘટનામાં માઈગ્રન્ટ્સના સ્મગલિંગના ધંધા પર પોતાનું વર્ચસ્વ જમાવવાની લડાઈમાં આઠ ડોન્કર્સના મોત થયા છે. મેક્સિકન મીડિયાના રિપોર્ટ અનુસાર ચિવાવ સિટીમાં થયેલી ગેંગવોરમાં મોતને ભેટેલા આઠેય ડોન્કર્સની બોડી અમેરિકાની બોર્ડર તરફ જતાં એક હાઈવે પરથી મળી આવી હતી. મેક્સિકોમાં ઈમિગ્રન્ટ્સનું સ્મગ્લિંગ કરતી મોટાભાગની કાર્ટેલ્સ ડ્રગ્સના ધંધામાં પણ સંડોવાયેલા હોય છે. તેમાંય સિનાલોઆ કાર્ટેલ અને લા લિનિયા સાથે સંકળાયેલી ગેંગ્સ વચ્ચે સૌથી વધુ અથડામણ ચિવાવામાં જ થાય છે.

રવિવારે ચિવાવા સિટીથી ૨૦ કિલોમીટર દૂર આવેલા ચિવાવા-જુઆરેઝ હાઈવે પર આઠ લોકોની બોડી હોવાના મેસેજ મળતાં પોલીસને આ ઘટનાની જાણ થઈ હતી, જેની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે તમામ મૃતકો માઈગ્રન્ટ્સના સ્મગ્લિંગનું કામ કરતી ગેંગ સાથે જોડાયેલા હતા. આ તમામ લોકોની કોઈપણ ફફડી જાય તેવી ભયાનક રીતે હત્યા કરવામાં આવી હતી, તેમના શરીર પર ઈજાના સંખ્યાબંધ ઘા હતા અને તેમની બોડીને નિર્વસ્ત્ર કરીને હાઈવે પર ફેંકી દેવાઈ હતી.

આ હત્યાકાંડ પાછળ સોનોરા સ્ટેટની કુખ્યાત સિનાલોઆ કાર્ટેલનો હાથ હોવાની પોલીસને શંકા છે. પોલીસને આઠ ડોન્કર્સની બોડી જે જગ્યાએથી મળી તેનાથી થોડે દૂર એક સળગાવી દેવાયેલી વાન પણ મળી આવી હતી. પોલીસનો દાવો છે કે આ જ વાનમાં તમામ મૃતકોને લાવવામાં આવ્યા હતા. મેક્સિકન બોર્ડર સ્ટેટ ચિવાવાની બોર્ડર ન્યૂ મેક્સિકો તેમજ ટેક્સાસને સ્પર્શે છે, જે લોકો એરિઝોના બોર્ડર ક્રોસ કરે છે તેમને પણ ચિવાવાથી સોનોરા લઈ જવામાં આવતા હોય છે.


મેક્સિકોમાં માઈગ્રન્ટ્સને બોર્ડર ક્રોસ કરાવવાના બેનંબરી ધંધાનું ટર્નઓવર અબજો ડોલરમાં થાય છે. લેટિન અમેરિકન દેશમાંથી મેક્સિકોમાં પ્રવેશેલા કે પછી સીધા ફ્લાઈટમાં ન્યૂ મેક્સિકો લેન્ડ થયેલા એક પેસેન્જરને બોર્ડર ક્રોસ કરાવવાના ડોન્કર્સ ૧૦-૨૦ હજાર ડોલર લેતા હોય છે. જોકે, ડોન્કર્સ સિવાય માઈગ્રન્ટ્સને મેક્સિકોમાં ડગલેને પગલે ઉઘરાણા કરતા લોકલ માફિયા, પોલીસ તેમજ આર્મીને પણ સારી એવી રકમ ચૂકવવી પડે છે, અને જો કોઈ તેમને પૈસા આપવાની ના પાડે તો તેમને ન માત્ર ટોર્ચર કરવામાં આવે છે પરંતુ તે સિવાય પણ તેમની સાથે કલ્પના ના થઈ શકે તેવા કૃત્યો કરાય છે.

# અંતરિક્ષમાં પરમાણુ શસ્ત્રોની હોડ મામલે યુનોમાં આજે અમેરિકા-રશિયા ટકરાશે

## રશિયા એન્ટી સેટેલાઈટ પરમાણુ શસ્ત્ર બનાવતું હોવાનો અમેરિકાનો આરોપ

ન્યુયોર્ક (અમેરિકા) તા.૨૪

આજે સંયુકત રાષ્ટ્રમાં અંતરિક્ષમાં પરમાણુ હથિયાર મુદ્દે રશિયા અને અમેરિકા વચ્ચે ટકરાવ થઈ શકે છે. અંતરિક્ષમાં પરમાણુ હથિયાર સહિતના હથિયારોને લઈને સંયુકત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં મતદાન થશે. જો કે બાહરી અંતરિક્ષમાં હથિયારોની હોડને રોકવા માટે દેશોને સહમતીનો અમેરિકાએ પ્રસ્તાવ તૈયાર કર્યો છે.



ઉલ્લેખનીય છે કે કેટલાક સમય પહેલા અમેરિકાએ રશિયા પર આરોપ લગાવ્યો હતો કે તે એન્ટી સેટેલાઈટ પરમાણુ હથિયાર વિકસીત કરી રહ્યું છે, જો કે રશિયાના રક્ષામંત્રીએ અમેરિકાના આ આરોપને ફગાવી દીધો હતો.

બીજી બાજુ કેટલાક રાજનીતિજ્ઞોનું માનીએ તો બાહરી અંતરિક્ષમાં હથિયારોની હોડને રોકવા દેશોની સહમતીનો અમેરિકાનો પ્રસ્તાવ રશિયા રોકી શકે છે. જયારે અમેરિકાએ પણ આ પગલુ મોસ્કો પર અંતરિક્ષમાં એન્ટી સેટેલાઈટ પરમાણુ હથિયાર વિકસીત કરવાનો આરોપ લગાવ્યા બાદ જ ઉઠાવ્યું.

ખરેખર તો સંયુકત રાષ્ટ્રમાં શુક્રવારે અમેરિકી રાજદૂત લિંડા થોમસ ગ્રીન ફિલ્ડ અને જાપાનના સંયુકત રાષ્ટ્ર રાજદૂત યામાજાકી કાજુયુકીએ નિવેદન આપ્યું હતું કે તેઓ ૬ સપ્તાહથી પ્રસ્તાવ પર સુરક્ષા પરિષદના સભ્યો સાથે વાતચીત કરી રહ્યા છે.

**મુખ્યમંત્રીની તબિયત સાથે ચેડાનો આરોપ**

# ૨૩ દિ સુધી ઈન્સ્યુલીન કેમ ન અપાયું! આપના ડોકટર સેલ વિંગનાં દેખાવો

## જેલનો જવાબ લોકો વોટથી આપશેઃ 'આપ'

નવી દિલ્હી તા.૨૪

તિહાર જેલમાં બંધ દિલ્હીનાં સીએમ કેજરીવાલની ધરપકડ અને જેલમાં તેમને ઈસ્યુલીન ન આપવાના વિરોધમાં આમ આદમી પાર્ટીની ડોકટર વિંગ અને નેતાઓએ દેખાવો કર્યા હતા અને પ્રશ્નો કર્યા હતા કે ૨૩ દિવસ સુધી ઈસ્યુલીન કેમ ન આપ્યું!

ભાજપ વિરૂદ્ધ નારાબાજી કરી હતી




અને જેલનો જવાબ વોટથી આપવા લોકોને જાગૃત કર્યા હતા. આપના નેતાઓએ જણાવ્યું હતું કે ભાજપ જેલમાં કેજરીવાલની હત્યાની કોશીશ કરી રહી છે. દિલ્હીની જનતા તેનો જવાબ વોટથી આપવા લોકોને જાગૃત કર્યા હતા. આપનાં નેતાઓએ જણાવ્યું હતું કે ભાજપ જેલમાં કેજરીવાલની હત્યાની કોશીશ કરી રહી છે. દિલ્હીની જનતા તેનો જવાબ વોટથી આપશે.

# પરીણિત દીકરાને ફોન કરતી યુવતીને સમજાવવા જતા બે શખ્સોએ લાલજીભાઈ સોલંકીને છરી ઝીંકી દીધી

## બંને શખ્સ યુવતીના ભાઈ હોય, તેની સાથે બોલાચાલી થતા મામલો બીચકયો હતો, પોલીસે ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી

રાજકોટ, તા.૨૪

પરણિત દીકરાને ફોન કરતી યુવતીને સમજાવવા જતા બે શખ્સોએ લાલજીભાઈ સોલંકીને છરી ઝીંકી દીધી હતી. આ શખ્સો યુવતીના ભાઈ હોય, તેની સાથે બોલાચાલી થતા મામલો બીચકયો હતો અને પોલીસે ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે.

બનાવની વિગત અનુસાર પી.ડી. માલવિયા ફાટક પાસે ઝૂંપપટ્ટીમાં રહેતાં લાલજીભાઈ તુલસીભાઈ સોલંકી (ઉ.વ.૫૦) નામનાં પ્રૌઢ ગઈ કાલ બપોરના લક્ષ્મીનગર પાસે હતાં ત્યારે બે શખ્સોએ છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડી નાસી ગયા હતા. બાદ પ્રૌઢને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. લાલજીભાઈને સંતાનમાં ત્રણ પુત્ર અને એક દિકરી છે. જેમાંથી તેનો પુત્ર ભાવેશ પરણિત છે. જેની સાથે લક્ષ્મીનગર પાસે ઝૂંપડપટ્ટીમાં રહેતી યુવતી ભાવેશને ફોન કરતી હતી. જેથી લાલજીભાઈ યુવતીના પરિવારજનો પાસે જઈને તેના પુત્રને ફોન ન કરવા કહ્યું ત્યારે યુવતીના બંને ભાઈ ઉશ્કેરાઈ જઈને પ્રૌઢને છરી વડે માર માર્યો હતો. બાદ પ્રૌઢને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.